# સમાધિતંત્ર પ્રવચન ભાગ-૧

(શ્રી સમાધિતંત્ર શાસ્ત્ર પર પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૯૭૪-૭૫ના સમાધિભાવપ્રેરક અક્ષરશઃ પ્રવચન)



શ્રી મહાવીરસ્વામી



શ્રી સીમંધરસ્વામી




શ્રી સમાધિતંત્ર



શ્રી પૂજ્યપાદ આચાર્ય



શ્રી પ્રભાચંદ્ર આચાર્ય

પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી



પ્રકાશકઃ-શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# સમાધિતંત્ર પ્રવચન

(ભાગ–૧)

(શ્રીમદ્ દેવનંદી અપરનામ પૂજ્યપાદસ્વામી વિરચિત
શ્રી સમાધિતંત્ર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શબ્દશઃ પ્રવચનો)
(ગાથા-૧ થી ૭, પ્રવચન-૧ થી ૧૫)

પ્રકાશક
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક
**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
મુંબઈ

વિક્રમ સંવત
૨૦૭૬

વીર સંવત
૨૫૪૬

ઈ. સન
૨૦૧૯

પ્રકાશન
તા. ૧૯-૧૨-૨૦૧૯, માગશર વદ ૮
શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યપદારોહણ દિવસ

પ્રાપ્તિ સ્થાન
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

ટાઈપ સેટિંગ
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

મહાવીર ભગવાન, ગૌતમ ગણધર ત્યારબાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહમાં જઈ સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરીને ભરતમાં આવેલ, શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે એ જગતવિદિત છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે. એવા શ્રી કુંદકુંદાચાર્યદેવના આચાર્ય પદારોહણ દિવસે ‘સમાધિતંત્ર પ્રવચન’ (ભાગ-૧) પાઠકવર્ગના હસ્તકમળમાં મૂકતાં અત્યંત હર્ષ થઈ રહ્યો છે.

વર્તમાન શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિમાં જે કહેવાઈ રહ્યું છે, તેને પ્રત્યક્ષ ઝીલનારા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ અને તેમના અનન્ય ભક્ત, કે જેમની વિદ્યમાનતા શ્રી કુંદકુંદાચાર્યદેવના વિદેહગમન વખતે સાક્ષાત્ હતી, એવા વ્હાલા પૂજ્ય કહાન ગુરુદેવશ્રીના અધ્યાત્મરસસભર પ્રવચનો, એનું શું કહેવું? જે વિષય વચનગોચર નથી, વિકલ્પગોચર નથી તેને કથંચિત્ વક્તવ્ય કરવો એ કહાન ગુરુદેવશ્રીની સમર્થ પ્રચંડ શક્તિના દર્શન કરાવે છે અને ભાવિમાં ૐકાર ધ્વનિ છૂટવાની છે તેનું સૂચક છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રસ્તુત પ્રવચનો અધ્યાત્મના અનેકવિધ રહસ્યોને વ્યક્ત કરી રહ્યા છે. આચાર્ય પૂજ્યપાદસ્વામીના હૃદયમાં પેસીને તેમના ભાવોને સ્પષ્ટ કરવાનું સામર્થ્ય પ્રસ્તુત પ્રવચનોમાં વ્યક્ત થાય છે. અનંત કાળથી મિથ્યાત્વદશામાં ભ્રમણ કરતો અજ્ઞાની જીવ બહિરાત્મદશાને નષ્ટ કરી, અંતરાત્મપણું પ્રગટ કરી પરમાત્મદશાને કઈ રીતે પ્રાપ્ત કરે છે તેનું રોચક વિવેચન પૂજ્યપાદસ્વામીએ સમાધિતંત્રમાં તો કર્યું છે પરંતુ સાંપ્રત મુમુક્ષુ સમાજને સાદી તથા સરળ ભાષામાં પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્પષ્ટ કર્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક પ્રવચનોમાં ભાવભાસનપૂર્વકની સમજણને અધિક મહત્તા આપી છે એવી શૈલી પણ વ્યક્ત થઈ રહી છે. પ્રત્યેક પ્રવચન ભેદજ્ઞાનપૂર્ણ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય જ્ઞાતાધારાના દર્શન પણ પ્રત્યેક પ્રવચનોમાં થઈ રહ્યા છે. અખંડ એકરૂપ સ્વરૂપાશ્રિત પરિણતિપૂર્વક સમજાવવાનું સામર્થ્ય પ્રવચનોમાં ઉભરાઈને બહાર આવી રહ્યું છે. જેમના એક પ્રવચનશ્રવણમાત્રથી જેમના ભવનો અંત આવ્યો એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીનો ઉલ્લેખ અનેક પ્રવચનોમાં આવે

છે. અત્રે એ વાતનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય દેશનાનું સામર્થ્ય તો મહાપવિત્ર છે જ, પરંતુ પ્રવચન સંબંધિત વિકલ્પના નિમિત્તે મુમુક્ષુજીવના ભવનો અંત આવી શકે છે એ આ વાતનો પુરાવો છે. જેમના વિભાવઅંશમાં આટલું સામર્થ્ય છે તો તેઓશ્રીની પવિત્ર જ્ઞાનધારાના દર્શનથી મુમુક્ષુજીવનું આત્મકલ્યાણ ન થાય એ વાત અસ્થાનીય છે. આવા વ્હાલસોયા પૂજ્ય ગુરુદેવશ્રીનું જેટલું ગુણ સંકીર્તન કરવામાં આવે તેટલું ઓછું જ છે. માટે આ પ્રસંગે તેમના ચરણોમાં ભક્તિભાવપૂર્વક શત શત વંદન હો, વંદન હો!

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ (www.vitragvani.com) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલે પાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે સમાધિતંત્ર ગ્રંથ ઉપરના પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ<br>
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,<br>
વિલે પાર્લા, મુંબઈ



શ્રીમદ્ દેવનંદી અપરનામ પૂજ્યપાદસ્વામી

ૐ સચ્ચિદાનંદ સહજ સ્વરૂપાય નમઃ

## પ્રસ્તાવના

સમાધિતંત્ર ગ્રંથના રચયિતા શ્રીમદ્ પૂજ્યપાદસ્વામી આચાર્ય, મૂલસંઘ અંતર્ગત નંદિસંઘના પ્રધાન આચાર્ય હતા. તેઓ સુપ્રસિદ્ધ, બહુ પ્રતિભાશાલી, પ્રખર તાર્કિક વિદ્વાન અને મહાન તપસ્વી હતા. શ્રવણબેલગોલાના શિલાલેખ અનુસાર પૂજ્યપાદસ્વામી શ્રી સમંતભદ્રાચાર્યની પછી થયા અને તેઓ તેમના મતાનુયાયી હતા. શિલાલેખો અને ઉપલબ્ધ જૈન સાહિત્ય ઉપરથી વિદ્વાનોએ નક્કી કર્યું છે કે આ સુપ્રસિદ્ધ આચાર્ય ઈ.સ. પાંચમી શતાબ્દિમાં અને વિક્રમની છઠ્ઠી શતાબ્દિમાં થઈ ગયા.

તેઓ કર્ણાટક દેશના નિવાસી હતા. કન્નડ ભાષામાં લખેલા 'પૂજ્યપાદચરિતે' તથા 'રાજાવલીકથે' નામના ગ્રંથોમાં તેમના પિતાનું નામ 'માધવભટ્ટ' અને માતાનું નામ 'શ્રીદેવી' આપ્યું છે અને લખ્યું છે કે તેઓ બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયા હતા. ઉપલબ્ધ શિલાલેખોથી એ વાત પ્રસિદ્ધ છે કે તેઓશ્રી દેવનંદી, જિનેન્દ્રબુદ્ધિ અને પૂજ્યપાદસ્વામી નામથી પ્રસિદ્ધ છે. 'દેવનંદી'-એ તેમના ગુરુએ આપેલું દીક્ષાનામ છે, બુદ્ધિની પ્રકર્ષતા—વિપુલતાના કારણે તેઓએ પાછળથી 'જિનેન્દ્રબુદ્ધિ' એ નામ પ્રાપ્ત કર્યું અને તેમના ચરણયુગલની દેવતાઓએ પૂજા કરી તેથી બુધજનોએ તેમને 'પૂજ્યપાદ' નામથી વિભૂષિત કર્યા.

ઉપલબ્ધ શિલાલેખો ઉપરથી તેમના જીવનકાળ દરમ્યાન ઘટિત અનેક અદ્ભુત ઘટનાઓ દૃષ્ટવ્ય છે. શ્રી પૂજ્યપાદે ધર્મરાજ્યનો ઉદ્ધાર કર્યો, દેવોના અધિપતિઓએ તેમનું પાદપૂજન કર્યું તેથી તેઓ પૂજ્યપાદ કહેવાયા, તેમના દ્વારા ઉદ્ધાર પામેલા શાસ્ત્રો આજે પણ તેમના વિદ્યાવિશારદ ગુણોનું કીર્તિગાન કરે છે. તેમણે કામદેવને જીત્યો હતો તેથી કૃતકૃત્યભાવધારી ઉચ્ચ કોટિના યોગીઓએ તેમને 'જિનેન્દ્રબુદ્ધિ' નામે વર્ણવ્યા છે.

વળી, તેઓ ઔષધઋદ્ધિના ધારક હતા. વિદેહક્ષેત્રસ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થયું હતું. તેમના પાદોદક (ચરણ-જલ)ના સ્પર્શથી એક વખત લોઢું પણ સોનું થઈ ગયું હતું. તદ્ઉપરાંત ઘોર તપશ્ચર્યાદિથી તેમની આંખનું તેજ નષ્ટ થયું હતું. પરંતુ 'શાન્ત્યષ્ટક'ના એકાગ્રતાપૂર્વક પાઠથી નેત્ર-તેજ પુનઃ પ્રાપ્ત થયું હતું. મહા યોગીઓને માટે આવી ઘટનાઓ અસંભવિત નથી.

તેઓશ્રીએ અનેક ગ્રંથોની રચના પણ કરી છે. જેમકે 'જૈનેન્દ્ર વ્યાકરણ', 'સર્વાર્થસિદ્ધિ', 'જૈનાભિષેક', 'છંદશાસ્ત્ર', 'સમાધિતંત્ર—સમાધિશતક', 'ઈષ્ટોપદેશ'. આમાં ઈષ્ટોપદેશ તથા સમાધિતંત્ર આધ્યાત્મિક ગ્રંથો છે, જે મુમુક્ષુજીવોને આત્મકલ્યાણ થવામાં મહાનિમિત્તભૂત છે. સમાધિતંત્ર ગ્રંથના

અંતમાં આપેલી પ્રશસ્તિ અનુસાર ગ્રંથના ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર (પ્રભેન્દુ) આ ગ્રંથના સંસ્કૃત ટીકાકાર છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે તેઓ શ્રી સમંતભદ્રાચાર્ય દ્વારા રચિત રત્નકરંડ શ્રાવકાચારના પણ સંસ્કૃત ટીકાકાર છે.

પ્રસ્તુત પ્રવચનોમાં સમાધિતંત્ર ગ્રંથના મૂળ શ્લોકો, ગુજરાતી અન્વયાર્થ, ભાવાર્થ આદિ તથા શ્રી પ્રભાચંદ્ર વિનિર્મિત સંસ્કૃત ટીકા ગુજરાતી અનુવાદ સહિત પાઠકવર્ગની સુવિધા અર્થે લેવામાં આવેલ છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના સાતિશય દિવ્ય પ્રવચનોનો ભાવપૂર્વક સ્વાધ્યાય કરી પાઠકવર્ગ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સહિત વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ

કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે, શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦03ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૦૧ | ૧૧.૧૨.૧૯૭૪ | ૧ | ૦૧ |
| ૦૨ | ૧૨.૧૨.૧૯૭૪ | ૧ | ૧૮ |
| ૦૩ | ૧૩.૧૨.૧૯૭૪ | ૧ | ૨૯ |
| ૦૪ | ૧૪.૧૨.૧૯૭૪ | ૨ | ૪૦ |
| ૦૫ | ૧૫.૧૨.૧૯૭૪ | ૨ | ૫૪ |
| ૦૬ | ૧૬.૧૨.૧૯૭૪ | ૨, ૩ | ૬૬ |
| ૦૭ | ૧૭.૧૨.૧૯૭૪ | ૩ | ૮૧ |
| ૦૮ | ૧૮.૧૨.૧૯૭૪ | ૩, ૪ | ૯૨ |
| ૦૯ | ૧૯.૧૨.૧૯૭૪ | ૪ | ૧૦૯ |
| ૧૦ | ૨૦.૧૨.૧૯૭૪ | ૪, ૫ | ૧૨૩ |
| ૧૧ | ૨૧.૧૨.૧૯૭૪ | ૫ | ૧૪૦ |
| ૧૨ | ૨૨.૧૨.૧૯૭૪ | ૫, ૬ | ૧૫૨ |
| ૧૩ | ૨૩.૧૨.૧૯૭૪ | ૬ | ૧૬૪ |
| ૧૪ | ૨૪.૧૨.૧૯૭૪ | ૬, ૭ | ૧૭૭ |
| ૧૫ | ૨૫.૧૨.૧૯૭૪ | ૭ | ૧૯૧ |

શ્રીમદ્ દેવનન્દી અપરનામ પૂજ્યપાદસ્વામી વિરચિત

# સમાધિતંત્ર પ્રવચન

(ભાગ-૧)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમાધિતંત્ર ઉપરના સળંગ પ્રવચનો)

## श्री प्रभाचन्द्रविनिर्मित संस्कृत टीका

### મંગલાચરણ

सिद्धं जिनेन्द्रमलमप्रतिमप्रबोधम्
निर्वाणमार्गममलं विबुधेन्द्रवन्द्यम्
संसारसागरसमुत्तरणप्रपोतं
वक्ष्ये समाधिशतकं प्रणिपत्य वीरम्।।

श्री पूज्यपादस्वामी मुमुक्षूणां मोक्षोपायं मोक्षस्वरूपं चोपदर्शयितुकामो निर्विघ्नतः शास्त्रतपरिसमशाप्त्यादिकं फलमभिलषन्निष्टदेवताविशेषं नमस्कुर्वन्नाह –

येनात्माऽबुद्धयतात्मैव परत्वेनैव चापरम्।
अक्षयानन्तबोधाय तस्मै सिद्धात्मने नमः।।१।।

टीका :- अत्र पूर्वार्द्धेन मोक्षोपाय उत्तरार्द्धेन च मोक्षस्वरूपमुपदर्शितम्। सिद्धात्मने सिद्धपरमेष्ठिने सिद्धः सकलकर्मविप्रमुक्तः स चासावात्मा च तस्मै नमः येन किं कृतं? अबुद्धयत ज्ञातः। कौऽसौ? आत्मा। कथं? आत्मैव। अयमर्थः येन सिद्धात्मनाऽत्रात्मैवाध्यात्मैवाध्यात्मत्वेनाबुद्धयत न शरीरादिकं क र्मापादितसुरनरनारकतिर्यगादिजीवपर्यायादिकं वा। तथा परत्वेनैव चापरम्। अपरं च शरीरादिकं कर्मजनितमनुष्यादिजीवपर्यायादिकं वा परत्वेनैवात्मनो भेदेनैवा-बुद्धयत। तस्मै कथंभूताय? अक्षयानन्तबोधाय अक्षयोऽविनश्वरोऽनन्तोदेशकालानवच्छिन्नस्समस्ता-र्थपरिच्छेदको वा बोधो यस्य तस्मै। एवंबिधबोधस्य चानन्तदर्शनसुखवीर्यैरविनाभावित्वसामर्थ्यादनंत-चतुष्टयरूपायेति गम्यते।

ननु चेष्टदेवताविशेषस्य पञ्चपरमेष्ठिरूपत्वात्तदत्र सिद्धात्मन एव कस्माद् ग्रन्थकृता नमस्कारः कृत इति चेत्, ग्रन्थस्य कर्तुर्व्याख्यातुः श्रोतुरनुष्ठातुश्च सिद्धस्वरूपप्राप्त्यर्थत्वात्। यो हि यत्प्राप्त्यर्थी स तं नमस्करोति यथा धनुर्वेदप्राप्त्यर्थी धनुर्वेदविदं नमस्करोति। सिद्धस्वरूपप्राप्त्यर्थी च समाधिशतकशास्त्रस्यकर्ता व्याख्याता श्रोता तदर्थानुष्ठाता चात्मविशेषस्तस्मात्सिद्धात्मानं नमस्करोतीति। सिद्धशब्देनैव चार्हदादीनामपि ग्रहणम्। तेषामपि देशतः सिद्धस्वरूपोपेतत्त्वात्।।१।।

## મૂળ શ્લોક અને સંસ્કૃત ટીકાનો
## ગુજરાતી અનુવાદ
### મંગલાચરણ

અર્થ :- સિદ્ધ, અનુપમજ્ઞાનવાન્ (અનંતજ્ઞાની), નિર્વાણમાર્ગરૂપ, નિર્મળ (વીતરાગ), દેવેન્દ્રોથી વંદનીય તથા સંસાર-સાગરને પાર કરવા માટે ઉત્કૃષ્ટ નાવરૂપ-એવા વીર જિનેન્દ્ર ભગવાનને પ્રણિપાત કરીને, હું (શ્રીપ્રભાચંદ્ર) સમાધિશતક કહીશ.

શ્રી પૂજ્યપાદસ્વામી (આ સમાધિતંત્રના રચયિતા) મુમુક્ષુઓને મોક્ષનો ઉપાય અને મોક્ષનું સ્વરૂપ બતાવવાની કામનાથી તથા નિર્વિઘ્ને શાસ્ત્રની પરિસમાપ્તિ-આદિરૂપ ફલની અભિલાષાથી ઈષ્ટદેવતાવિશેષને નમસ્કાર કરીને કહે છે :-

શ્લોક - ૧

અન્વયાર્થ :- (येन) જેનાથી (आत्मा आत्मा एव) આત્મા આત્મા રૂપે જ (अबुध्यत) જણાયો (च) અને (अपरं परत्वेन एव) પર પરરૂપે જ જણાયું (तस्मै) તે (अक्षयानन्तबोधाय) અવિનાશી અનંત જ્ઞાનસ્વરૂપ (सिद्धात्मने) સિદ્ધાત્માને (नमः) નમસ્કાર હો!

ટીકા :- અહીં પૂર્વાર્ધથી મોક્ષનો ઉફાય અને ઉત્તરાર્ધથી મોક્ષનું સ્વરૂપ દર્શાવ્યું છે.

સિદ્ધાત્માને એટલે સિદ્ધપરમેષ્ઠીને-સિદ્ધ એટલે સર્વ કર્મથી સંપૂર્ણપણે (અત્યંત) મૂક્ત એવા આત્માને-નમસ્કાર હો!

જેણે શું કર્યું? જાણ્યો. કોને? આત્માને. કેવી રીતે (જાણ્યો)? આત્મારૂપે જ અર્થ એ છે કે સિદ્ધાત્માએ અહીં આત્માને આત્મારૂપે જ અર્થાત્ અધ્યાત્મરૂપે જ જાણ્યો, તેને શરીરાદિક કે કર્મોપાદિત સુર-નર-નારક-તિર્યંચાદિ જીવપર્યાયાદિકરૂપે જ જાણ્યો તથા (જેણે) અન્યને એટલે શરીરાદિક વા કર્મજનિત મનુષ્યાદિ જીવપર્યાયાદિને

---

૧. અનંત-ક્ષેત્રની અંતરહિત અને કાલથી અંતરહિત (જુઓ-પંચાસ્તિકાય ગાથા ૧ની સં.ટીકા)

પરરૂપે અર્થાત્ આત્માથી ભિન્નરૂપે જ જાણ્યા.

કેવા તેમને (નમસ્કાર)? અક્ષય અનંત[1] બોધવાળા-અક્ષય એટલે અવિનશ્વર અને અનંતર એટલે દેશકાલથી અનવચ્છિન્ન એવા સમસ્ત પદાર્થોના પરિચ્છેદક અર્થાત્ જ્ઞાનવાળા-તેમને (નમસ્કાર). આવા પ્રકારના જ્ઞાન અનંત દર્શન-સુખ-વીર્ય સાથેના અવિનાભાવીપણાના સામાર્થ્યને લીધે તેઓ અનંતચતુષ્ટયરૂપ છે એમ બોધ થાય છે.

શંકા :- ઈષ્ટદેવતા વિશેષ પંચપરમેષ્ઠી હોવા છતાં અહીં ગ્રન્થકર્તાએ સિદ્ધાત્મને જ કેમ નમસ્કાર કર્યા?

સમાધાન :- ગ્રન્થકર્તા, વ્યાખ્યાતા, શ્રોતા અને અનુષ્ઠાતાને સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિનું પ્રયોજન હોવાથી (તેમણે તેમ કર્યું છે) જે જેની પ્રાપ્તિનો અર્થી હોય તે તેને નમસ્કાર કરે છે; જેમ ધનુર્વિદ્યા- પ્રાપ્તિનો અર્થી ધનુર્વેદીને નમસ્કાર કરે છે તેમ. તેથી સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિના અર્થી-સમાધિશતક શાસ્ત્રના કર્તા, વ્યાખ્યાતા, શ્રોતા અને તેના અર્થના અનુષ્ઠાતા આત્મવિશેષ-(એ સર્વે) સિદ્ધાત્માને નમસ્કાર કરે છે.

'સિદ્ધ' શબ્દથી અર્હંતાદિનું પણ ગ્રહણ સમજવું કારણ કે તેમણે પણ દેશતઃ (અંશે) સિદ્ધસ્વરૂપ પ્રાપ્ત કર્યું છે. (૧)

ભાવાર્થ :- ગ્રન્થકારે શ્લોકના પૂર્વાર્ધમાં સ્વ-પરનું ભેદવિજ્ઞાન તે જ મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે એમ સૂચવ્યું છે અને તેના ઉત્તરાર્ધમાં ફળસ્વરૂપ પરિપૂર્ણ જ્ઞાન આનંદરૂપ એવી સિદ્ધદશા તે મોક્ષસ્વરૂપ છે એમ દર્શાવ્યું છે; અર્થાત્ પ્રસ્તુત શ્લોકમાં મોક્ષનો ઉપાય અને મોક્ષનું સ્વરૂપ બતાવ્યું છે.

જેમણે આત્માને આત્મારૂપે જ યથાર્થ જાણ્યો છે શરીરાદિ અને સુર નર-નારકાદિ પર્યાયરૂપે જાણ્યો નથી અને પરને પરરૂપે જાણ્યા છે-અર્થાત્ શરીરાદિ અને નર-નારકાદિ પર્યાયને આત્માથી પર જાણ્યા છે, તેવા અવિનાશી અનંતજ્ઞાનસ્વરૂપ સિદ્ધાત્માને અહીં નમસ્કાર કર્યા છે.

### વિશેષ

આત્મા આત્મારૂપે છે અને શરીરાદિ પર પદાર્થોરૂપ નથી તથાત શરીરાદિ પર પદાર્થો પરરૂપે છે અને આત્મારૂપે નથી-એવું નિર્ણયપૂર્વક સ્વ-પરનું ભેદ વિજ્ઞાન સિદ્ધપદ પામવાનો મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે.

શ્રી સમયસાર ગાથા ૨ની ટીકામાં પણ લખ્યું છે કે -

'........સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ઉદય પામે છે......'

એ પ્રમાણે ભેદજ્ઞાનજ્યોતિ જ કેવળજ્ઞાન પ્રગટ કરવાનું સાધન (ઉપાય) છે.

### સ્વ-પરનું-જીવ-અજીવનું ભેદજ્ઞાન

"પ્રથમ તો દુઃખ દૂર કરવા માટે સ્વ-પરનું જ્ઞાન અવશ્ય જોઈએ કારણ કે સ્વ-પરનું જ્ઞાન જો ન હોય તો પોતાને ઓળખ્યા વિના પોતાનું દુઃખ કેવી રીતે દૂર કરે?

અથવા સ્વ-પરને એકરૂપ જાણી પોતાનું દુઃખ દૂર કરવા અર્થે પરનો ઉપચાર કરે તો તેથી પોતાનું દુઃખ કેવી રીતે દૂર થાય? અથવા પોતાથી ભિન્ન એવા પરમાં આ જીવ અહંકાર-મમકાર કરે તો તેથી દુઃખ જ થાય. માટે સ્વ-પરનું જ્ઞાન થતાં દુઃખ દૂર થાય છે.

હવે સ્વ-પરનું જ્ઞાન જીવ-અજીવનું જ્ઞાન થતાં જ થાય છે કારણ કે પોતે જીવ છે તથા શરીરાદિક અજીવ છે. જો લક્ષણાદિ વડે જીવ-અજીવની ઓળખાણ થાય તો જ સ્વ-પરનું ભિન્નપણું ભાસે; માટે જીવ-અજીવ જાણવા જોઈએ....."

### ભેદજ્ઞાનની આવશ્યકતા

"....સર્વે દુઃખોનું મૂળ કારણ મિથ્યાદર્શનજ્ઞાનચારિત્ર છે. એ સર્વે દુઃખોનો અભાવ કરવા માટે તેને બે પ્રકારનું ભેદજ્ઞાન કરવામાં આવે છે."

### પહેલા પ્રકારનું ભેદજ્ઞાન

જીવ પોતાના ગુણો અને પર્યાયોથી એક છે-અભિન્ન છે તથા પર દ્રવ્યો, તેના ગુણો અને પર્યાયોથી અત્યંત જુદો છે અર્થાત્ જીવ સ્વદ્રવ્યે સ્વક્ષેત્રે સ્વકાળે અને સ્વભાવે, પર દ્રવ્યનાં દ્રવ્યક્ષેત્રકાળભાવતી અત્યંત જુદો છે. તેથી તે અપેક્ષાએ પર દ્રવ્યો, તેના ગુણો અને તેના પર્યાયો સાથેનો સંબંધ માત્ર વ્યવહારનયે સંયોગરૂપ કે નિમિત્તરૂપ છે એવું જ્ઞાન કરાવવામાં આવે છે.

આ દષ્ટિએ પર દ્રવ્યો સાથેનો સંબંધ અસદ્ભૂત-અસત્ય હોવાથી તે સંબંધીનું જ્ઞાન કરાવનારા નયને 'વ્યવહારનય' કહેવામાં આવે છે અને જીવના દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાના હોવાથી તે સદ્ભૂત-સત્ય હોવાથી તે સંબંધીનું જ્ઞાન કરાવનારા નયને 'નિશ્ચયનય' કહેવામાં આવે છે.

### બીજા પ્રકારનું ભેદજ્ઞાન

પણ પહેલાં પ્રકારનું ભેદજ્ઞાન કરવા માત્રથી જ સમ્યગ્દર્શનજ્ઞાન થતું નથી. અનાદિથી જીવનો પર્યાય અશુદ્ધ છે. તેને પોતામાં થતો હોવાની અપેક્ષાએ 'નિશ્ચયનય'નો વિષય

---

૨. મોક્ષમાર્ગ પ્રકાશક-ગુ. આવૃત્તિ-પૃ.૮૨

૩. જુઓ : શ્રી સમયસાર - શ્રી રાયચંદ્ર ગ્રન્થમાળા - શ્રી જયસેનાચાર્ય ટીકા-ગાથા ૫૭; પૃ.૧૦૧; ગાથા ૧૦૨, પૃ.૧૬૭; ગાથા ૧૧૧ થી ૧૧૫, પૃ.૧૭૯; ગાથા ૧૩૭-૧૩૮, પૃ. ૧૯૮ (ગુ. દ્રવ્યસંગ્ર હ.૮,૯).

કહે છે, તો પણ તે પરના આશ્રયે થતો હોવાથી તેને વ્યવહારનયનો પણ વિષય કહેવાય છે. વળી શુદ્ધ પર્યાયો પણ જીવનું ત્રિકાલી સ્વરૂપ નથી, તેમ જ તેના આશ્રયે તથા ગુણભેદના આશ્રયે વિકલ્પ ઉત્પન્ન થાય છે તેથી તેનો આશ્રય છોડાવવા માટે તેને પણ વ્યવહાર કહેવામાં આવે છે અને જીવ દ્રવ્યનું ત્રિકાલી શુદ્ધસ્વરૂપ કે જે ધ્રુવ છે તેને 'નિશ્ચય' કહેવામાં આવે છે કેમ કે તેને આશ્રયે જ ધર્મની શરૂઆત-તેનું ટકવું-તેની વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.[3]

સિદ્ધાત્માને નમસ્કાર શા માટે?

''...સિદ્ધ ભગવંતો સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના (પ્રતિબિંબના) સ્થાને છે-જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને, તેમના જેવા થઈ જાય છે...''

''સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે અને સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે તેથી તેમને નમસ્કાર કરવા ઉચિત છે...''

વળી શ્રી મોક્ષમાર્ગપ્રકાશક-ગુ. આવૃત્તિ પૃ.૩માં સિદ્ધ[૪] ભગવાનનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે-

''....જેના ધ્યાન વડે ભવ્ય જીવોને સ્વદ્રવ્ય-પરદ્રવ્યનું ઉપાધિક ભાવ તથા સ્વાભાવિક ભાવનું વિજ્ઞાન થાય છે, જે વડે પોતાને સિદ્ધ સમાન થવાનું સાધન થાય છે. તેથી સાધવા યોગ્ય પોતાનું શુદ્ધ સ્વરૂપ, તેને દર્શાવવા માટે જે પ્રતિબિંબ સમાન છે તથા જે કૃતકૃત્ય થયા છે તેથી એ જ પ્રમાણે અનંતકાળ પર્યંત રહે છે એવી નિષ્પન્નતાને પામેલા શ્રી સિદ્ધ ભગવાનને અમારા નમસ્કાર હો...''

---

**કારતક વદ ૧૩, બુધવાર તા. ૧૧-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૧, પ્રવચન - ૧**

આ એક સમાધિશતક નહિતર સમાધિતંત્ર શાસ્ત્ર છે. જેમાં આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સમાધિ કેમ પ્રગટ થાય અને એના ફળરૂપે મોક્ષ કેમ થાય એની આમાં વ્યાખ્યા છે. સમાધિ શબ્દ આવે છે. લોગ્ગસમાં નથી આવતું? 'સમાહિવરમુત્તમં દિંતુ.' એ સમાધિ ઝીણી વાત છે, ભાઈ! આત્મા આનંદ, જ્ઞાન સ્વરૂપ છે એનું અંદરમાં જ્ઞાનમાં વેદનમાં રાગ ને પુણ્ય-પાપના વેદનના વિકલ્પથી ભિન્ન પડી અને સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જે વસ્તુનું સ્વરૂપ આત્માનું કહ્યું તેવું અંતરમાં જાણીને અંદરમાં ઠરે એનું નામ મોક્ષનો માર્ગ

૪. શ્રી સમયસાર - નવી ગુ. આવૃત્તિ પૃ.૬, ૭.

છે, એનું નામ સમાધિતંત્ર છે. આહાહા..! ભારે વાત!

એ સમાધિતંત્ર. પૂજ્યપાદસ્વામી થયા છે. લગભગ ૫૦૦-૬૦૦ વર્ષ (થયા). વિક્રમ સંવત્. દિગંબર મુનિ હતા, સંત હતા. એમણે આ જગતના કલ્યાણ માટે આ એક સમાધિશતક બનાવ્યું છે. એની ટીકા કરનાર પ્રભાચંદ્ર છે. એમણે એમની ટીકા કરી. એનો મંગલાચરણનો શ્લોક પહેલો છે. સમાધિનો અર્થ આ બાવા ચડાવી દે છે સમાધિ એ સમાધિ નથી આ. લોગ્ગસમાં નથી આવતું? 'સમાહિવરમુત્તમં દિંતુ.' પણ એને અર્થની ખબર ન મળે. સમાધિ શું કહેવાય. ગડિયા હાંકે જાય. પોપટભાઈ!

મુમુક્ષુ :- અમે ગડિયા જ હાંક્યા હતા.

ઉત્તર :- ગડિયા હાંક્યા હતા? આહાહા..!

આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એ તો જાણનાર-દેખનાર એનો સ્વભાવ છે. સવારે જે આવ્યું હતું ને કે ભાઈ! દરેક વસ્તુની સમયની જે-તે કાળની પર્યાય જે કાળે ઊપજે, તે કાળમાં પૂર્વની પર્યાયનો વ્યય થાય અને ધ્રુવ એટલે વસ્તુ કાયમ રહે. એને જાણનારો જે છે આત્મા...આહાહા..! થાય તેને જાણે, વ્યય થાય તેને જાણે, ધ્રુવ રહે એને જાણે. આહાહા..! એવો એનો જ્ઞાનનો સ્વભાવ છે. અનંત કાળમાં સમ્યગ્દર્શન શું છે એને એણે જાણ્યું નથી, જોયું નથી, પ્રગટ કર્યું નથી. સમજાણું કાંઈ? એ વિના કરવું... કરવું... કરવું... કાંઈક વ્રત કરવા ને કાંઈક તપ કરવા અને કાંઈક તપસ્યા કરવી એ બધો વિકલ્પ છે, રાગ છે. આહાહા..!

મુમુક્ષુ :- કાંઈ ન કરવું એ તો અશુભભાવ છે. એના કરતાં શુભભાવ કરે તો?

ઉત્તર :- શુભભાવ છે એ વિકાર છે, દુઃખ છે.

અહીં તો શુભભાવને થવા કાળે જ્ઞાન એને જાણે એવી પર્યાય પણ સ્વતંત્ર ઉત્પન્ન થાય. આહાહા..! માર્ગ વીતરાગનો બહુ સૂક્ષ્મ છે. જગતને મળ્યો નથી. જૈનના નામે અજૈન પીરસાણું છે. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ એમ કહે છે કે સમાધિ એટલે કે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એટલે કે જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એને દૃષ્ટિમાં લઈને તેની અનુભવ કરીને પ્રતીતિ કરવી અને એ સ્વરૂપમાં સ્થિર થવું તે ચારિત્ર. એ ત્રણ થઈને સમાધિ કહેવામાં આવે છે. બાવા ચડાવી દે સમાધિ એ નથી આ વાત. આહાહા..!

આત્મા ચૈતન્યઘન જે આનંદનો નાથ છે, એ અનાકુળ આનંદ અને શાંતિનો સ્વભાવ એનો-આત્માનો છે. એને પર્યાયમાં-એની દશામાં... એ વસ્તુ એવી છે ધ્રુવ, એની દશામાં એનું વેદન કરવું. આહાહા..! હું જ્ઞાન જ છું, આનંદ છું. એ ક્રિયાકાંડના જે વિકલ્પો ઊઠે છે એ પણ હું નહિ. આહાહા..! એવી આત્મ ચીજની અંદર સહજાનંદ સ્વરૂપ પ્રભુ આત્મા,

એની સન્મુખની દૃષ્ટિ, એના સન્મુખનું જ્ઞાન અને એના સન્મુખની સ્થિરતા (થવી), એને અહીંયાં મોક્ષનો માર્ગ કહે છે, એને અહીંયાં સમાધિ કહે છે. સમજાણું કાંઈ?

આચાર્ય તો કહે છે કે મોક્ષના અભિલાષી જીવને માટે હું આ એક મોક્ષનો માર્ગ સમાધિ કહીશ. જે અનંત કાળમાં એણે એક સમયમાત્ર પણ કરી નથી. જે કર્યું એણે પુણ્ય અને પાપના વિકલ્પોના દયા, દાન, વ્રત, ભક્તિ, કામ ક્રોધાદિના ભાવ એ અશુભ. દયા, દાન, વ્રત, ભક્તિ, તપના ભાવ તે શુભ. બેય વિકલ્પ છે, બેય રાગ છે. આહાહા..! બેય અસમાધિ છે. એને એણે અનંત વાર કર્યું અને દુઃખી થઈને ચાર ગતિમાં રખડે છે. પણ એ પ્રભુ પોતે જે મૂળ સ્વભાવ એનો છે, જ્ઞાન ને આનંદ ને શાંત અકષાય સ્વભાવ (છે), એની અંતરમાં જઈને ઠરવું. સ્થિતપ્રજ્ઞ. આહાહા..! એ જ્ઞાનસ્વભાવ ચૈતન્ય વસ્તુમાં દૃષ્ટિ કરીને ઠરવું, એમાં આનંદની દશાનો અનુભવ થાય એને અહીંયાં મોક્ષનો માર્ગ કહે છે. એને અહીંયાં સમાધિ કહે છે. સમજાણું કાંઈ?

'સમાહિવરમુત્તમં દિંતુ.' હે સિદ્ધ ભગવાન! આપતા નથી કાંઈ પરમાત્મા કોઈને. પણ એને પોતાની માગણીમાં 'સમાહિવરમુત્તમં દિંતુ.' મારી આનંદ-શાંતિ, મારા સ્વરૂપમાં ઠરવું એવી જે સમાધિ એનું વરદાન હે પ્રભુ! મને આપો. આહાહા..! એ તો એક ભક્તિમાં માગણી છે. એ કંઈ આપતા નથી. પરમેશ્વર પાસે એની મુક્તિ નથી કે પરમેશ્વર એને આપે. તીર્થંકર સર્વજ્ઞદેવ પરમાત્મા, એની પાસે તો એની સમાધિ અને શાંતિ એની પાસે છે. એ કાંઈ બીજાને આપતા નથી. પણ વિનયવંતની એવી એક માગણીમાં ભાવ એવો આવે. હે પ્રભુ! મારો આનંદસ્વભાવ આપે જે વર્ણવ્યો અને કહ્યો એ મને સમાધિ આપો. આહાહા..! મને શાંતિ આપો શાંતિ. પુણ્ય-પાપના રાગ વિનાની દશા મને પ્રાપ્ત થાઓ. એમ કહેતા પ્રભુને કહે છે કે, મને આપો. એ આપતો નથી. ઈશ્વર કોઈ એવો નથી કે તને આપી દે કાંઈ. સમજાણું કાંઈ? આહાહા..!

આ પોતે જ ઈશ્વર છે. સચ્ચિદાનંદ સ્વરૂપ સર્વજ્ઞ તીર્થંકરે જોયું એવું. સત્ નામ શાશ્વત કાયમ અને જેનો જ્ઞાન અને આનંદ, શાંતિ જેનો સ્વભાવ છે, એનું એ સ્વરૂપ છે. શાંતિ અને આનંદની એ આત્મા ખાણ છે. આહાહા..! એ ખાણમાં નજર દેતાં, બીજેથી નજર ઉઠાવી દઈ અને જ્યાં પૂર્ણ આનંદ પડ્યો છે પ્રભુ આત્મામાં, ભગવાને પ્રગટ કર્યો, એ અંદર હતો એમાંથી પ્રગટ કર્યો... આહાહા..! એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ અંતરમાં આવવો એને અહીં સમાધિ અને એને મોક્ષનો માર્ગ કહે છે. ચંદુભાઈ! આવી વાત છે. આહાહા..! એણે અનંત કાળમાં એક સમયમાત્ર પણ પોતાની જાતને જાણી નહિ, જાતમાં ભાત પાડી નહિ, જાત શું એની ચીજ છે પ્રભુ આત્મા એને એણે ઓળખ્યો નહિ. એને એના વિશ્વાસમાં

એણે લીધો નહિ તો એમાં ઠરે તો ક્યાંથી? આવું વસ્તુનું સ્વરૂપ છે. એ કહે છે, જુઓ!

'**મૂળ શ્લોક અને સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ મંગલાચરણ**' કરે છે.

**सिद्धं जिनेन्द्रमलमप्रतिमप्रबोधम्**
**निर्वाणमार्गममलं विबुधेन्द्रवन्द्यम्**
**संसारसागरसमुत्तरणप्रपोतं**
**वक्ष्ये समाधिशतकं प्रणिपत्य वीरम्।।**

વીર પરમાત્મા તીર્થંકરદેવ પૂર્ણ આનંદને પ્રાપ્ત થયેલા પ્રભુ એને હું વંદન કરું છું કહે છે. એ '**સિદ્ધ,...**' થયા વીર. પોતાની દશા પૂર્ણ હતી તે પ્રગટ કરી પરમાત્માએ. '**અનુપમ જ્ઞાનવાન્,...**' વીર પરમાત્મા અનુપમ જ્ઞાનવાન્ (છે). જેના જ્ઞાનને કોઈ ઉપમા નથી. ઓહો..! સર્વજ્ઞ કેવળજ્ઞાની એટલે? આહાહા..! જેની એક સમયની જ્ઞાનની દશામાં ત્રણ કાળ ત્રણ લોકને જાણવારૂપે જ્ઞાનની પર્યાય પરિણમે. આહાહા..! એવા અનુપમ જ્ઞાનના ધરનારા પરમાત્મા, એને મંગલાચરણમાં વંદન કરું છું. સમજાણું કાંઈ?

'**(અનંતજ્ઞાની),...**' અનુપમજ્ઞાનનો અર્થ કર્યો છે. જેની જ્ઞાનની પર્યાય તીર્થંકરદેવની કેવળજ્ઞાનની અનુપમ જ્ઞાનપર્યાય! એને ઉપમા શું દેવી? ઓહોહો..! નમો અરિહંતાણં એવા જેણે રાગ ને દ્વેષ ને અજ્ઞાનરૂપી અરિને નાશ કર્યા અને જેણે કેવળજ્ઞાન અને આનંદ જેણે પ્રગટ કર્યા. આહાહા..! એવા અનંતજ્ઞાનવંત અનુપમજ્ઞાનધારી પ્રભુ અને '**નિર્વાણમાર્ગરૂપ, નિર્મળ...**' એ મોક્ષનો માર્ગ છે. વીર પોતે મોક્ષનો માર્ગ કહે છે અથવા એ પોતે મોક્ષના માર્ગ સ્વરૂપ છે. નિર્મળ મોક્ષનો માર્ગ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત કરીને જેણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

'**દેવેન્દ્રોથી વંદનીય...**' જે દેવના ઈન્દ્રો પણ જેને વંદન કરે છે. સો ઈન્દ્રો વંદન કરે છે. આહાહા..! આ તો વીરશાસન ચાલે છે ને. ભગવાન મહાવીર પરમાત્માનું એટલે વીરશાસનમાં વીરને વંદન કર્યું પહેલું. આમ તો ભગવાન બિરાજે છે સીમંધર સ્વામી. મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાનીપણે સીમંધર સ્વામી મહાવિદેહમાં અત્યારે બિરાજે છે. કરોડ પૂર્વનું જેનું આયુષ્ય છે. પાંચસો ધનુષનો જેનો દેહ છે. બે હજાર હાથ ઊંચો જેનો દેહ. અત્યારે સામાયિકમાં નથી પ્રતિજ્ઞા લેતા આજ્ઞા? સીમંધર સ્વામી..

મુમુક્ષુ :- પડિક્કમણા વખતે લ્યે છે.

ઉત્તર :- પડિક્કમણા વખતે લે. પણ કોને ખબર શું છે? જય ભગવાન! એ સર્વજ્ઞ ભગવાન પરમાત્મા વર્તમાનમાં મનુષ્યદેહે બિરાજમાન છે. આ પૃથ્વી ઉપર મહાવિદેહમાં છે. એને વંદન ન કરતાં આમને કર્યું કેમ? કે એમનું વીરશાસન ચાલે છે. સમજાણું કાંઈ? અને

એકને વંદન કરતાં અનંતને વંદન એમાં આવી જાય છે. આહાહા..!

કહે છે કે જે **'દેવેન્દ્રોથી વંદનીય...'** દેવના ઈન્દ્રોથી પણ જે પૂજનીક છે. આહાહા..! **'તથા સંસાર-સાગરને પાર કરવા માટે ઉત્કૃષ્ટ નાવરૂપ-'** છે. નિમિત્તથી વાત છે ને. સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ વીર પ્રભુ, એમને જે કેવળજ્ઞાન થયું અને પછી માર્ગ જે કહ્યો એ માર્ગ તો સંસાર સાગરને પાર ઉતરવા માટે નાવરૂપ છે. એમણે જે માર્ગ કહ્યો એમાં જે બેસે, એ નાવથી જેમ પાર પડે, એમ સંસારથી પાર પડે અને કાંઠે-મોક્ષ ચાલ્યો જાય. આહાહા..! પૂર્ણ શાંતિ અને આનંદનો સ્વભાવ પ્રભુનો, એમાં જે જાય, ઠરે.. ભગવાને એ જ નાવ કહી છે. સમજાણું કાંઈ? માર્ગ નિશ્ચય—સત્ય માર્ગ એવો ઝીણો છે કે લોકોને હાથ આવ્યો નથી અને સાંભળ્યો નથી. બહારની કડાકૂટમાં પડ્યા અને તત્ત્વ આખી વાત જે સત્ય છે એ આખી રહી ગઈ. અને જીવન એના ચાલ્યા જાય છે, ભાઈ! આવું જીવન દેહના અંતની સ્થિતિની સમીપ જાય છે. આહાહા..! એમાં જો આ કામ ન કર્યું... આહાહા..!

ભગવાન નાવ સમાન છે કહે છે. આહા..! ત્રણ લોકના નાથ વીર પરમાત્માએ કેવળજ્ઞાનની વ્યાખ્યાનું સ્વરૂપ કહ્યું, એ પામ્યા એની વાત કરી. અને એ કેમ પમાય એની એણે વાત કરી. આહાહા..! એ માર્ગ કાંઈ બહારથી આવતો નથી. અંદરમાં છે.

ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા પૂર્ણ (સ્વરૂપ છે). દાખલો આમાં આપ્યો છે, જુઓ! આપણે લીંડીપીપરનો આપીએ છીએને એ આમાં આપ્યો છે અહીં. લીંડીપીપર નહિ? એણે સાંભળ્યું હતુંને આ સમાધિશતક? આમાં આવ્યું છે ક્યાંક લીંડીપીપરનો દાખલો. આત્મધર્મમાં છે .. ક્યાંક છે ખરું. લીંડીપીપરનો દાખલો છે ક્યાંક, હોં! લીંડીપીપર સમજાણી? આ પીપર નથી થાતી આ? ચોસઠ પહોર ઘૂંટે અને ચોસઠ પહોરી તિખાશ આવે. આ પીપર-પીપર. પીપરનો દાણો થાય છે ને. એય..! એ ક્યાંક આવ્યું છે ખરું. એણે સાંભળેલું ખરું ને. લીંડીપીપર. જુઓ! ૧૬મે પાને છે.

**'જેમ લીંડીપીપરના દાણે દાણે ચોસઠ પહોરી તીખાશની તાકાત ભરી છે...'** આ તો ઘણીવાર વ્યાખ્યાનમાં આપીએ છીએ ને. લીંડીપીપરનો દાણો નાનો, રંગે કાળો પણ એનામાં ચોસઠ પહોરી તીખાશ. એ તો હવે સો પૈસાનો રૂપિયો થયો ને? બાકી ચોસઠ પૈસે રૂપિયો હતો ને? એટલે ચોસઠ પૈસા એટલે રૂપિયે રૂપિયો ચોસઠ પહોરી તીખાશ અંદર ભરી છે. ઘૂંટવાથી આવે છે એ કાંઈ પીપરમાં બહારથી નથી આવતી. આહાહા..! એમાં ચોસઠ પહોરી તીખો રસ, તીખો રસ સોળ આના-રૂપિયે રૂપિયો-ચોસઠ પૈસા-ચોસઠ પહોરી પડ્યો છે. છે ને? **'તીખાશની તાકાત ભરી છે તેમ પ્રત્યેક આત્માનો સ્વભાવ પરિપૂર્ણ જ્ઞાન-આનંદથી ભરેલો છે,...'** આહાહા..! એ વાત એને બેસે. આ આત્મા દેહ પ્રમાણે

હોવા છતાં દેહના રજકણથી તો ભિન્ન તત્ત્વ છે પ્રભુ. આ તો માટી છે. વાણી માટી છે. એનાથી ભિન્ન ભગવાન ચૈતન્યસ્વરૂપ જે છે એ લીંડીપીપરની પેઠે, એમાં જેમ રૂપિયે રૂપિયો તીખાશ અને લીલો રંગ પડ્યો છે એમાં. બહારમાં કાળો છે અને અલ્પ તીખાશ છે એ રહેતી નથી પછી. અંદરમાં લીલો રંગ અને તીખાશ જે પૂરી છે એ પ્રગટ થાય છે. એમ ભગવાન આત્મામાં.. આહાહા..! શરીર પ્રમાણે એનું કદ હોવા છતાં અને પુણ્ય-પાપના મેલની કાળપ દેખાવા છતાં એના સ્વરૂપમાં તો પૂર્ણ પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ પડ્યો છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'પણ તેનો વિશ્વાસ કરી અંતર્મુખ થઈને તેમાં એકાગ્ર થાય તો તે જ્ઞાન-આનંદનો સ્વાદ અનુભવવામાં આવે.'** આહાહા..! જેમ એ પીપરના દાણામાં ચોસઠ પહોર એટલે રૂપિયે રૂપિયો રસ તીખો અને રંગ લીલો પડ્યો છે, પણ પ્રગટ થાય ત્યારે એમાંથી બહાર આવે છે. એમ ભગવાન આત્મામાં જ્ઞાન અને આનંદની પૂર્ણ શક્તિ, પૂર્ણ શક્તિ અસ્તિ અત્યારે અહીં પડી છે અંદર. આહાહા..! એનો જ્યારે સ્વીકાર અંતર સન્મુખ થઈને જેવી રીતે છે પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન, એનો સમ્યક્ શ્રદ્ધામાં, સમ્યગ્જ્ઞાનમાં સ્વીકાર થાય ત્યારે એને આનંદની દશાનું વેદન આવે. આહાહા..! એ આનંદની દશાનું વેદન આવે એને ધર્મ કહીએ. આવો વીતરાગ ધર્મ છે, બાપુ! આહાહા..! સમજાણું કાંઈ? બાકી બધી વાતું છે. આ કરો ને તે કરો ને અપવાસ કર્યા, આ કર્યા એ બધા વિકલ્પની જાત છે રાગની છે. આહાહા..! એની જાતમાં જઈને ભગવાન જાત એની ચોસઠ પહોરી જ્ઞાન અને આનંદથી પરિપૂર્ણ ભરેલો પ્રભુ છે. આ કેમ બેસે? અલ્પજ્ઞ દશામાં રહેલી રમતુંમાં એને આ પૂર્ણ છે એ કેમ બેસે અંદરમાં?

મુમુક્ષુ :- લીંડીપીપરનું બેસે છે.

ઉત્તર :- ઓલાનું બેસે. ઈ તો એણે ગાંધી પાસે સાંભળ્યું હોય.

વઢવાણમાં કરતાં. ડાહ્યા જેઠા હતા ને? ડાહ્યા જેઠા હતા વઢવાણમાં નહિ? રાયચંદ ગાંધીના વેવાઈ હતા. ઈ ઘરે કરી રાખતા. ૨૦૦, ૪૦૦, ૫૦૦ આ પીપર ચોસઠ પહોરી. ભૈયા બોલાવીને. ઘણાં વર્ષની વાત છે. (સંવત) ૧૯૭૬માં તો ગુજરી ગયા એ. ત્યારે હું ત્યાં હતો. ૭૬ની સાલમાં વઢવાણ ગુજરી ગયા. ડાહ્યા જેઠા. બીજા શું એના નાના ભાઈ? નાગર જેઠા. નાગર જેઠા. નાનો ભાઈ નાગરભાઈ. બધાને ઓળખું ને. કાપડની દુકાન (હતી). એ ઘરે ભૈયા પાસે ઘૂંટાવતા ચોસઠ પહોરી. ગૃહસ્થ માણસ ને. કોઈ ગરીબ માણસ આવે એને મફત આપે. અડધા ભાગ, પા ભાગ જેટલી હોય એટલી મફત. ૨૦૦, ૪૦૦, ૫૦૦ કરી રાખતા. એ ડાહ્યા જેઠા.

એમ સર્વજ્ઞે કરી રાખેલી વાત છે કહે છે. ડાહ્યો જેઠો. ડાહ્યો એ થયો જેઠો. આહાહા..! જેને અંતર અનંત જ્ઞાન અને આનંદ જે પડ્યું છે એને અંતર ઘૂંટીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા જેણે જ્યેષ્ઠપદ ડાહ્યાએ પ્રગટ કર્યું. એય..! એ અહીંયાં ભગવાન બીજાને આપે છે- કહે છે કે ભાઈ! તારું સ્વરૂપ આવું છે ને ભાઈ! આહાહા..! તારે ક્યાંય બહારથી લેવા જેવું એવું છે નહિ. આહાહા..! તને એ બેસતું નથી, ભાઈ! તારી નજરમાં એ આવ્યું નથી. એવું જ્ઞાન અને આનંદનું પૂર્ણ રૂપ એવું જે જીવ સ્વરૂપ, એવો જે આત્મભાવ.. આહાહા..! એને પ્રતીતમાં અને જ્ઞાનમાં જ્ઞેય તરીકે લેવો અને એમાં ઠરવું ત્યારે એને આનંદ અને જ્ઞાન જે શક્તિરૂપે હતા એ પર્યાયમાં જેમ ઓલી ચોસઠપહોરી તીખાશ બહાર આવે છે. પહેલા એક પહોર, બે પહોર, ચાર પહોર એમ આવે. એમ સાધક સ્વભાવમાં પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં એ પૂરી પ્રગટતા પર્યાયમાં ન આવે. સમજાણું કાંઈ?

ઘૂંટતા તો પહેલું કાંઈ ચોસઠ પહોરી તરત થઈ જાય? પહેલી એક પહોરી, બે પહોરી, ચાર પહોરી એમ થાય. એમ ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલો પ્રભુ, એનું જે સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું ત્યાં એને અમુક પહોરી જેમ તીખાશ પ્રગટી, એમ અમુક દશા પ્રગટી. અને એ દશા પ્રગટ થતાં અંદરમાં એકાગ્રતા કરતા... કરતા... કરતા... પૂર્ણ કેવળજ્ઞાન દશા પ્રગટ થઈ જાય. એ માર્ગને લઈને. આહાહા..! સમજાણું કાંઈ? એ ચૈતન્યના સ્વભાવમાં ઘૂંટવાથી, એકાગ્ર થવાથી એ કેવળજ્ઞાનરૂપી ચોસઠ પહોરી તીખાશ જેમ પ્રગટે એમ કેવળજ્ઞાન પરમાત્માને પ્રગટ્યું. એ જ વિધિએ પરમાત્માએ જગતને પ્રગટ કરવાની વિધિ કહી. અપૂર્વ વાત છે, બાપુ! લોકો માને છે કે આમ સામાયિક કરી, પડિક્કમણા કર્યા, આ પોષા કર્યા અને ધર્મ (થઈ ગયો). અરે..! ભાઈ! તને હજી ખબર નથી, બાપુ! સામાયિક કોને કહેવી? આહાહા..! અને પ્રતિક્રમણ કોને કહેવા? પૌષધ કોને કહેવા? આહાહા..! એ તો ભગવાન પૂર્ણ આનંદ અને જ્ઞાન સ્વરૂપે પૂર્ણ છે એની એકાગ્રતાથી જે પર્યાયમાં શુદ્ધિ, શાંતિ, વીતરાગતા, અતીન્દ્રિય આનંદ આવે એને પૌષધ અને એને સામાયિક કહે છે. પોપટભાઈ! આવી સામાયિક તો ઘણી કરી બીજી. દરિયાપરીના અપાસરે કરતા? વઢવાણ.

મુમુક્ષુ :- એક તો ..

ઉત્તર :- બેય. એ તો બધા અમેય કરતા, બાપુ! પહેલા અમારી દુકાનમાં. વસ્તુ શું હતી ખબર કોને હતી? દુકાન પાલેજમાં બધું અમે કરતા. સામાયિક કરતા, અપવાસ કરતા. ચાર ચાર (સામાયિક) એવું તો નહોતા કરતા. કારણ કે નાની ઉંમરને તે દિ'. આહાહા..! એનું ફળ મિથ્યાત્વ (છે). (એને) ધર્મ માન્યો. પોપટભાઈ! આહાહા..!

પ્રભુ કહે છે, એ તો નિર્વાણનો માર્ગ કહેનારા અથવા નિર્વાણનો માર્ગ જ પરમાત્મા

છે. એને જેણે ઓળખ્યા સર્વજ્ઞ પરમાત્માને, એની સમ્યક્ દૃષ્ટિ થઈ એ એની નાવ છે. એ ભગવાને કહેલી આ માર્ગની નાવમાં બેસે એને સંસારનો અંત આવ્યા રહે નહિ. આહાહા..! પણ બાપુ! માર્ગ બહુ ઝીણો હોં! માર્ગ કોઈ અપૂર્વ છે! દુનિયા માની બેસે છે કે અમે સાધુ થઈ ગયા, આ બાયડી-છોકરા છોડ્યા માટે સાધુ થયા. બાપુ! સાધુ(દશા) ઝીણી વાતું છે ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! હજી સમ્યગ્દર્શન કોને કહેવા એની ખબરું ન મળે અને એને સાધુપણા આવી જાય. આહાહા..!

કહે છે કે પ્રભુ પરમાત્મા પોતે નાવ છે કહે છે. આહાહા..! કીધું ને? '**સંસાર સાગરને પાર કરવા માટે ઉત્કૃષ્ટ નાવરૂપ-એવા વીર જિનેન્દ્ર...**' એમણે કહેલા ભાવને જે અંદર પ્રગટ કરે એ નાવ દ્વારા સંસારનો પાર આવે. સમજાણું કાંઈ? આહાહા..! '**એવા વીર જિનેન્દ્ર ભગવાનને પ્રણિપાત કરીને,...**' નમન કરીને '**હું સમાધિશતક કહીશ.**' ટીકાકાર કહે છે કે હું આ સમાધિશતકની ટીકા કરીશ.

હવે પોતે ગ્રંથકર્તા જે સિદ્ધાંત સમાધિશતક કર્તાપુરુષ મહામુનિ હતા. દિગંબર મુનિ. જૈનમાં જૈનપણે દિગંબર (રહેલા) મુનિને જ મુનિ કહેવામાં આવે છે. એવો અનાદિનો માર્ગ હતો. પછી લોકોએ ફેરવી નાખ્યો. સમજાણું કાંઈ? અનાદિ તીર્થંકરો સર્વજ્ઞો પરમેશ્વરો એમણે જે મુનિ માર્ગ કહ્યો એ તો અંતરમાં ત્રણ કષાયનો અભાવ થઈ અને વીતરાગતા અંદરમાં પ્રગટ થાય એની દશા નગ્ન થઈ જાય. એને વસ્ત્રનો કટકો પણ ન રહે. આહાહા..! એવા મુનિવર તે જંગલમાં વસે, એ ગામમાં હોય નહિ. સમજાણું કાંઈ? એવા સમાધિશતકના કરનારા મુનિ પૂજ્યપાદ એવા હતા. એ મુનિ પોતે. પરમ..., એમ કહેવામાં આવે છે કે ભગવાન પાસે ગયા હતા.

જેમ કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં પરમાત્મા સીમંધર પરમાત્મા પાસે ગયા હતા. હજી સીમંધર ભગવાન તો બિરાજે છે. એમનું તો આયુષ્ય મોટું કરોડ પૂર્વનું. બિરાજે છે. મનુષ્યપણે સમવસરણમાં દિવ્યધ્વનિનો ઉપદેશ થાય છે. ઈચ્છા વિના ૐ ધ્વનિ નીકળે છે. ઈન્દ્રો અને ગણધરો સાંભળે છે, વાઘ અને સિંહ જંગલમાંથી આવીને પણ સાંભળે છે. મહાવિદેહ ક્ષેત્ર છે જમીન ઉપર. સમજાણું કાંઈ? ત્યાં આગળ આ પૂજ્યપાદ સ્વામી ગયા હતા એમ આવે છે. પહેલા લખ્યું છે એણે ઘણું બધું. પ્રસ્તાવનામાં. અને દેવો જેના પગ પૂજતા-પાદ પૂજ્ય-એવી તો જેની લબ્ધિ હતી. એવી એક લબ્ધિ હતી કે પગે ચોપડે તો અદ્ધર આકાશમાં ચાલ્યા જાય. મહાબ્રહ્મચારી બ્રાહ્મણ હતા. બ્રાહ્મણ. બ્રહ્મ ચિન્હે સો બ્રાહ્મણા. આત્મા બ્રહ્માનંદ ભગવાન સર્વજ્ઞે કહ્યો એવો આત્માને જાણીને અનુભવે તેને બ્રાહ્મણ કહીએ. સમજાણું કાંઈ? એ બ્રાહ્મણ થયા, બ્રાહ્મણ થયા સાચા. બ્રાહ્મણની નાતમાં જન્મેલા પણ પછી વીતરાગ

સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ મળ્યો અંદરમાં.. આહાહા..! બાળ બ્રહ્મચારી હતા. સંવત્ ૫૦૦-૬૦૦ની લગભગ સાલમાં. સમંતભદ્રાચાર્યની પછી. સમંતભદ્રાચાર્ય દિગંબર મુનિ થયા એ ભગવાન પછી ૨૦૦ વર્ષે થયા. ભગવાન પછી ઘણા વર્ષે પણ સંવત ૨૦૦. વિક્રમ સંવત્ ૨૦૦. ભગવાન પછી ૪૦૦ વર્ષે. એના પછી આ થયા પૂજ્યપાદ સ્વામી. ઓહોહો..! ધર્મના થાંભલા. નગ્ન મુનિ દિંગબર. જેને એક વસ્ત્રનો કટકો ન હોય. સમજાણું કાંઈ? જેને એક મોરપીંછી અને કમંડળ બે ઉપકરણ હોય. અને અંતરની ઝુલતી દશા. જેમ હીંડોળે હીંચકે અને ઝુલે. એમ અંદરમાં અતીન્દ્રિય આનંદમાં ઘડીકમાં આવે, ઘડીકમાં વિકલ્પ ઉઠે જરી પંચ મહાવ્રતાદિનો. એ વિકલ્પ છે, રાગ છે. એવી દશામાં ઝુલતા. સમાધિશતકના કરનારા મુનિ એવા હતા. આહાહા..! અને જે મુનિ હોય એ બધા આવા જ હોય. સમજાણું કાંઈ? અત્યારે તો ઊંધું પડી ગયું. ગોટો થઈ ગયો છે બધો. વસ્ત્ર-પાત્ર રાખે. હજી તો શ્રદ્ધાની ખબર ન મળે. અમે આ મુનિ છીએ એને માને અને મનાવે છે. બધી દશાઓ ઊલટી છે, બાપુ! આહાહા..! સમજાણું કાંઈ? ગિરધરભાઈ! આ બધા શેઠિયાઓ વઢવાણના.

કહે છે, '**પૂજ્યપાદસ્વામી**...' આ એનો અર્થ કર્યો પહેલો. પૂજ્યપાદસ્વામી આવા હતા. આહાહા..! બ્રાહ્મણ હતા પછી મુનિ થયા. આત્મજ્ઞાન થઈ, સ્વરૂપનું વેદન થઈ... આહાહા..! અને સમ્યગ્દર્શન (થયું). સમ્યગ્દર્શન એટલે આત્માના આનંદનું વેદન છે. આહાહા..! અને એમાં સ્વરૂપની રમણતામાં જામી ગયા. એવા જે '**પૂજ્યપાદસ્વામી (આ સમાધિતંત્રના રચયિતા)**...' વ્યવહારથી તો એમ કહેવાય ને? બાકી સવારમાં ના પાડી છે. કાલે. કાલે ને? શાસ્ત્રની રચના આત્મા કરી શકે નહિ. આહાહા..! એક અક્ષર જે છે એ અનંત રજકણથી બનેલો છે. એને આત્મા કરી ન શકે. આહાહા..! પણ નિમિત્ત કોણ હતું એમ જાણીને સમાધિશતક એમણે કર્યું એમ કહેવામાં આવે છે. આહાહા..!

એક અક્ષર જે આ બોલાય છે એ આત્માથી નથી બોલાતો. એ અક્ષર અનંતા રજકણથી બનેલી એક સ્કંધની દશા છે. આહાહા..! એને આત્મા અક્ષરને બનાવે એ ત્રણ કાળમાં બનતું નથી. પણ નિમિત્ત કોણ હતું એમ જણાવવા '**(સમાધિતંત્રના રચયિતા)**...' એમ કહ્યું. સમજાણું કાંઈ? આહાહા..! પર્યાયના સ્વકાળે પર્યાય થાય એમ જે કહ્યું છેને અને સ્વકાળે એ પૂર્વની પર્યાયનો વ્યય થાય એ પણ એ જ સમયે. અને ધ્રુવ (રહે). એમ કહીને એમ કહ્યું છે કે આત્મા તો જાણનાર જ છે, બસ. એ કોઈ પર્યાયને કરું એમ પણ નથી. આહાહા..! પર્યાયને કાળે પર્યાય થાય છે. પૂર્વની પર્યાયનો મિથ્યાત્વનો વ્યય થાય છે, સમકિતની ઉત્પત્તિ થાય છે, ધ્રુવપણે રહે છે એમ જ્ઞાન જાણે છે. આનું નામ જ્ઞાતા અને દૃષ્ટા વર્ણવ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..!

એના જાણવા-દેખવાના સ્વભાવ સિવાય જો આઘે જઈને કંઈપણ માને કે મેં આ દયાનો ભાવ કર્યો, મેં પરની દયા પાળી, તદ્દ્ન મિથ્યાત્વભાવ છે. મિથ્યાદૃષ્ટિ એની દૃષ્ટિમાં મિથ્યાત્વ છે. આહાહા..! પોપટભાઈ! કહો. આ લાદીનો ધંધો કર્યો મેં. વઢવાણથી ત્યાં ગયા તો કાંઈ ધંધો અને મહેનત કરી હશે તો પૈસા થયા હશે કે નહિ? એમ ને એમ થયા હશે? કો'ક કહે છે કે બે કરોડ થયા. કો'ક વળી કહે છે, પાંચ કરોડ થયા. કો'ક વળી એવું કહેતા હતા. એ રજકણો છે જડના, બાપુ! એ તો જડના કારણે આવ્યા છે. આત્માએ રાગ કર્યો રળવાનો માટે આવ્યા છે (એમ ત્રણ કાળમાં નથી).

મુમુક્ષુ :- અમારી પાસે શું કરવા આવ્યા?

ઉત્તર :- એની ક્ષેત્રાંતર થવાની એની શક્તિ છે તો એને કારણે આવે છે. ક્ષેત્રાંતર થવું (એવી) ક્રિયાવર્તી શક્તિ છે રજકણમાં. રજકણમાં ક્રિયાવર્તી એટલે ક્ષેત્રાંતર થવું એ એનો સ્વભાવ છે. એને કારણે એ અહીંયાં આવ્યા છે. એ પોપટભાઈને કારણે ત્યાં પૈસા નથી આવ્યા.

મુમુક્ષુ :- નિમિત્તપણું તો રાખવું ને?

ઉત્તર :- નિમિત્તની વ્યાખ્યા શું? એક હતો પુરુષાર્થ કરનારો રાગનો એટલું નિમિત્ત. પણ એથી પૈસા આવ્યા એને કારણે એ વાતમાં કાંઈ માલ નથી. મિથ્યાદૃષ્ટિ એમ માને કે હું આ રળ્યો માટે પૈસા આવ્યા. લ્યો! ઈ પણ લેતા ને (એક) દિવસના? કોર્ટમાં જતા. ૩૦ વર્ષ પહેલાંની વાત છે. ૨૦૦ રૂપિયા લેતા. આ રામજીભાઈ. કોર્ટમાં (જતા) તો હુશિયારીથી લેતા હતા ને?

મુમુક્ષુ :- મફત કોઈ દે?

ઉત્તર :- ધૂળેય નથી. એય..! આને આ જુઓને, પંદરસોનો પગાર છોડ્યો ને. પંદરસોનો પગાર મહિને. બ્રહ્મચારી છે. આ કાંતિભાઈ. એ પંદરસોનો પગાર માસિક છોડી દીધો. નોકરી છોડી દીધી. છોડી દીધી સાચી વાત? કોણ નોકરી કરતું હતું? ત્યાં રાગ કરતો હતો, રાગ. પ્લેનમાં આમ છે, આમ થાય ને આમ થાય. પ્લેનમાં હતા ને? મુંબઈ. પંદરસોનો (પગાર). ગયા વર્ષે છોડી દીધી નોકરી. અઢાર હજાર બાર મહિને. હવે એમાં ધૂળમાં શું છે?

ત્રણ લોકનો નાથ હાથ આવે ત્યાં લક્ષ્મીનો પાર નથી જેમાં. આહાહા..! ચૈતન્ય ભગવાન જેમાં અનંતી જ્ઞાન અને આનંદની લક્ષ્મી પડી છે. અરે..! તને કેમ બેસે? ભાઈ! આહાહા..! એક બીડી પીવે ત્યાં એને આમ થઈ જાય જાણે.. આહાહા..! મગજ તેજ થઈ ગયું જાણે. અને ચા પીવે સવારમાં પા શેર, દોઢ પા શેરનો ઉકાળો. ત્યારે એને મગજ સારું ઠીક થઈ જાય. આહાહા..! આવા વ્યસનના માનનારા. તારી ભ્રમણા છે પ્રભુ! તને, કહે છે. ભાઈ!

તું તો આનંદનો નાથ છો, જ્ઞાનનો સાગર છો. એ જ્ઞાનની ઉત્પત્તિ તારા સ્વભાવમાંથી આવેલી છે. આહાહા..! એ વાણી સાંભળવાથી પણ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આમ વીતરાગ સર્વજ્ઞનો માર્ગ તો આ છે. વાણીથી ત્યાં જ્ઞાન થતું નથી. આહાહા..!

એનો ભગવાન અંદર જે જ્ઞાનસ્વભાવે છે એનો પર્યાયમાં વિકાસ થાય છે, એ પર્યાયની ઉત્પત્તિ એને કારણે થાય છે. આહાહા..! એ સાંભળવાના લક્ષે જે જ્ઞાનની પર્યાય લક્ષમાં આવી, થઈ એ પણ કાંઈ સમ્યગ્જ્ઞાન નથી. આહાહા..! કેમ કે એ પરલક્ષમાં રહેતા પર્યાયનો વિકાસ થયો. એ આત્મજ્ઞાન નહિ, એ જ્ઞાનની દશા નહિ. આહાહા..! એ ઉપયોગ અચેતન જડ છે. આહાહા..! જેમાં ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપે બિરાજમાન અંદર છે. એ કળી ખીલે અંદરથી. એના સ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં એ શક્તિમાંથી વ્યક્તતા જ્ઞાનની અંશે શાંતિ અને આનંદ લેતી દશા જે પ્રગટ થાય તેને જ્ઞાન કહે છે. વીતરાગના માર્ગમાં જ્ઞાનની વાતું જુદી, બાપુ! આખી દુનિયાથી જુદી છે. અને આવું સ્વરૂપ વીતરાગ સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ, કોઈએ કહ્યું નથી, કોઈએ જાણ્યું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

આવા સમાધિતંત્રના રચનારા મુનિ, વીતરાગી સંત આનંદકંદમાં ઝુલનારા. આહાહા..! જેને વસ્ત્રનો કટકો પણ ન હોય. અને આચાર્ય તો કહે છે કે વસ્ત્રનો કટકો રાખીને પણ અમે મુનિ છીએ એમ માને, મનાવે, નિગોદમાં જશે. એય..! પોપટભાઈ! બાપા! માર્ગ એવો ઝીણો છે, ભાઈ! આહાહા..! વીતરાગ સર્વજ્ઞનો માર્ગ એવો છે કે એવું ક્યાંય બીજે મળે એવું છે નહિ. સમજાણું કાંઈ? એવા આ મુનિ હતા. બાળ બ્રહ્મચારી અતીન્દ્રિય આનંદમાં ઝુલનારા. ઝુલતા ઝુલતા વિકલ્પ એક આવ્યો વૃત્તિ ઉઠી શુભરાગ, એના એ કર્તા નહોતા. અને આ શાસ્ત્રના શબ્દોની રચના શબ્દોથી થઈ છે. આહાહા..! ભારે! એ તો સવારમાં જ કહ્યું ને? .. કાલે કહ્યું હતું ને?

આ વાણી જડ એ ધ્વનિ જડનો છે. એ આત્મા કરે? આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે એમાંથી વાણીનું ઉઠવું ક્યાંથી થાય? વાણીનું ઉઠવું થાય છે એ જડમાંથી, પરમાણુમાંથી, રજકણમાંથી, પુદ્ગલમાંથી થાય છે. આહાહા..! અરે..! કેમ બેસે એને વાત? એ અજીવની પર્યાય થાય એને એમ માને કે મારાથી થઈ. એણે જીવને અજીવ માન્યો. આહાહા..! એણે જીવને અજીવ માન્યો એને મિથ્યાત્વનું પાપ લાગે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**મુમુક્ષુઓને મોક્ષનો ઉપાય...**' હવે આ રચીને શું એમાં બતાવ્યું છે? '**મુમુક્ષુઓને...**' ભાષા એમ છે ને? આહાહા..! જેને અંતરમાં પૂર્ણાનંદ સ્વરૂપ પ્રગટ કરવાની જિજ્ઞાસા છે એને મુમુક્ષુ કહેવામાં આવે છે. જેને આત્મા પૂર્ણ આનંદરૂપી મુક્તિ-અનંત કેવળજ્ઞાનરૂપી દશારૂપી મુક્તિ એની જેને જિજ્ઞાસા છે. એને અહીંયાં મુમુક્ષુ-ધર્મના ઇચ્છકો એને કહેવામાં આવે છે.

આહાહા..! સમજાણું કાંઈ? પુણ્યને કરવું ને આ છોડવું ને આ મૂકવું એ એ નહિ. આહાહા..! જેવું એનું મુક્ત સ્વરૂપ છે, પ્રભુનું મુક્ત સ્વરૂપ જ છે અંદર. આત્મા મુક્ત છે. વસ્તુ મુક્ત છે. રાગથી ભિન્ન વસ્તુ છે. આહાહા..! એવી જ ભિન્નતાની જેની દશા પ્રગટ કરવાની ભાવના છે એને ધર્મી જીવની જિજ્ઞાસાવાળા એને કહીએ. આહાહા..! એને ધર્મની જિજ્ઞાસાવાળા કહીએ.

એને '**મોક્ષનો ઉપાય...**' પૂર્ણાનંદની પ્રાપ્તિ અનંત સિદ્ધપદ જે છે, સિદ્ધપદ જે છે મોક્ષપદ એ પર્યાય છે. સિદ્ધપદ-મોક્ષપદ એ પર્યાય છે-અવસ્થા છે. એવા '**મોક્ષનો ઉપાય...**' એની પર્યાયની પ્રાપ્તિનો ઉપાય '**અને મોક્ષનું સ્વરૂપ...**' આત્માના મોક્ષમાર્ગથી અંતર સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાના નિર્વિકલ્પભાવથી જે પૂર્ણ મોક્ષદશા પ્રગટે એની વાત કહેશું, કહે છે. મુમુક્ષુઓને મોક્ષનો ઉપાય અને મોક્ષની વાતું કહેશું. આહાહા..! એને પુણ્ય આમ થાય અને પછી એના ફળમાં આમ થાય અને એના ફળમાં આ થાય. એ વાત અમે નહિ કરીએ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ વાત આવે પણ એ વાત વીતરાગતા માટે આવે. સમજાણું કાંઈ? પુણ્યના પરિણામ રાગ છે અને રાગથી બંધન છે. એ વાત વીતરાગતા બતાવવા માટે આવે. ઉપાય બતાવવા માટે આવે એમ કહે છે. પણ એ રાખવા લાયક છે અને કરવાલાયક છે એમ ન આવે. આહાહા..! ચંદુભાઈ! આવી વાતું છે, બાપુ! દુનિયાથી વીતરાગનો માર્ગ કોઈ જુદો છે.

એ '**સ્વરૂપ બતાવવાની કામનાથી...**' એટલે ઈચ્છા-વૃત્તિ ઉઠી છે. '**તથા નિર્વિઘ્ને શાસ્ત્રની પરિસમાપ્તિ-**' મંગળિક છે ને. શાસ્ત્ર પૂર્ણ થાય, ભાવ પૂરા થાય. એ '**આદિરૂપ ફળની અભિલાષાથી ઈષ્ટદેવતાવિશેષને નમસ્કાર કરીને કહે છે :-**' લ્યો! હવે પોતે સમાધિશતકના કર્તા જે પૂજ્યપાદસ્વામી સંત મુનિ દિગંબર મુનિ. જૈનદર્શનમાં અનાદિનો દિગંબર મુનિનો જ ધર્મ હતો. અનાદિનો એ માર્ગ છે. મહાવિદેહમાં એ માર્ગ છે. પછી તો આ વચમાં દુકાળ પડ્યા બહાર, એમાંથી આ શ્વેતાંબર પંથ નીકળ્યો. એ વસ્તુની દૃષ્ટિથી વિપરીતથી નીકળ્યો છે. બાપુ! આકરું પડે, ભાઈ! સમજાણું?

ભગવાન પછી ૬૦૦ વર્ષે શ્વેતાંબર પંથ નીકળ્યો જૈનમાંથી. સનાતન જૈનમાંથી વિપરીત દૃષ્ટિ થઈને એ પંથ નીકળ્યો. અને એનાથી આ સ્થાનકવાસી પંથ તો પછી, પંદરસો વર્ષ પછી નીકળ્યો. એમાંથી-શ્વેતાંબરમાંથી (નીકળ્યો છે). આહાહા..! અરેરે..! એ પણ વિપરીત દૃષ્ટિ થઈને એમાંથી નીકળ્યો. એને જૈનધર્મ કહેતા નથી. ચંદુભાઈ! આવું બાપુ છે આકરું બહુ છે. ગળે ઉતરવું કઠણ બહુ માણસને. એય..! પોપટભાઈ! જેમાં પડ્યા એને માનીને બેઠા હોય છે, એમાંથી એને કહેવું કે આ માર્ગ નહિ. આહાહા..! સ્વરૂપચંદભાઈ! સત્ય તો

આ છે, પ્રભુ! આહાહા..! આવા જે દિગંબર સંત જે અનાદિની ચીજ છે, એ ચીજ એ દિગંબર સંત કહે છે કે હું મોક્ષની કામના, મોક્ષનું સ્વરૂપ બતાવવાની ઇચ્છા, વૃત્તિ, કલ્પના થઈ છે વિકલ્પ, તેથી આ શાસ્ત્ર થાય છે, શાસ્ત્ર થાય છે એને રચાય છે એમ કહેવામાં આવે છે.

પહેલો શ્લોક. મુનિઓ તો જંગલમાં રહેતા. ભગવાન વખતમાં અને ભગવાન પછી ૬૦૦ વર્ષ સુધી. સંતો જંગલમાં રહેતા. ગામમાં મુનિ આવે નહિ. ગામમાં ભીક્ષા માટે આવે. પછી ભીક્ષા લઈને ચાલ્યા જાય. સમજાય છે કાંઈ? એમાં ભીક્ષા માટે આવ્યા હોય અને કોઈ માણસ ભેગા થયા હોય તો કંઈક પ્રરૂપણા આવે તો આવી જાય. આહાહા..! આવું અનાદિ સનાતન વીતરાગ માર્ગનું સ્વરૂપ હતું. એ વીતરાગ માર્ગના સ્વરૂપવાન પોતે સમાધિશતક કરનારા, એ કહે છે હું મંગળિક કરું છું. ટીકાકારે મંગળિક કર્યું પહેલું.

**येनात्माऽबुद्ध्यतात्मैव परत्वेनैव चापरम्।**
**अक्षयानन्तबोधाय तस्मै सिद्धात्मने नमः।।१।।**

એનો '**અર્થ :- જેનાથી આત્મા આત્મા રૂપે જ જણાયો...**' છે. આહાહા..! પોતે પોતાની વાત કરે છે. મને મારો આત્મા મારા ભાનથી-જ્ઞાનથી જણાયો છે. આહાહા..! '**અને...**' '(अपरं परत्वेन एव)' '**પર પરરૂપે જ જણાયું...**' છે. આહાહા..! હું એક જ્ઞાનસ્વરૂપી ભગવાન છું એમ મને જણાણું છે અને આ દયા-દાન વિકલ્પાદિ વૃત્તિ ઊઠે છે એ પર છે એમ મને જણાયું છે. સમજાણું કાંઈ? સ્વ છે તે સ્વપણે જણાયું છે. જ્ઞાન અને આનંદનો નાથ પ્રભુ હું સ્વ છું તે જણાયું છે. અને રાગાદિ શરીરાદિ, વાણી, આદિ, કર્મ આદિ એ બધા પર છે તેમ પરપણે જણાયા છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આનું નામ ભેદજ્ઞાન. આનું નામ સમ્યગ્દર્શનની જ્ઞાનની કળા. આહાહા..!

'**જેનાથી...**' '**आत्मा आत्मा एव**' '**एव**' છે ને? ... આહાહા..! '**અને...**' '**अपरं परत्वेन एव**' '**પર પરરૂપે જ જણાયું તે...**' '**अक्षयानन्तबोधाय**' આહાહા..! '**અવિનાશી અનંત જ્ઞાનસ્વરૂપ સિદ્ધાત્માને નમસ્કાર હો!**' જેને આવું જણાણું એને નમસ્કાર. મને પણ આમ જણાયું એને હું મને નમસ્કાર કરું છું. આહાહા..! ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપે બિરાજમાન છે. એમ અંતરમાં ભાનમાં જણાયું છે. રાગાદિ પર છે તેમ જણાયું છે. એવો જે સિદ્ધ ભગવાન અથવા સિદ્ધ સ્વરૂપ મારું એને હું નમસ્કાર કરું છું. સમજાણું કાંઈ? એમ કરીને આ મંગલાચરણ-મંગલિક કર્યું છે. સિદ્ધાત્માને '**અવિનાશી અનંત જ્ઞાનસ્વરૂપ...**' સિદ્ધ ભગવાન, જેને પૂર્ણ જ્ઞાન અને આનંદ થયો, એણે પરને પર જાણ્યું, સ્વને સ્વ જાણ્યું એવું કેવળજ્ઞાન પ્રગટ થયું. એવો જ તે હું પણ એવો જ છું. આહાહા..! એને નમસ્કાર કરું છું. હવે એની ટીકા આવશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧૪, ગુરુવાર તા. ૧૨-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૧, પ્રવચન - ૨**

પહેલો શ્લોક. સિદ્ધને નમસ્કાર કરે છે. કાલે ચાલ્યું છે. આજે ફરીને લઈએ. જેને આત્મા આત્મારૂપે જણાયો છે. પહેલું આ ભેદજ્ઞાન બતાવે છે. સિદ્ધને આત્મા આત્મારૂપે જણાયો છે. શુદ્ધ આનંદ અને જ્ઞાનસ્વરૂપ આત્મા એને એ જ્ઞાનસ્વરૂપે જણાયો છે. અને '**अपरं परत्वेन एव**' '**પર પરરૂપે જ જણાયું...**' એ પહેલો મોક્ષનો ઉપાય બતાવ્યો. સમજાણું કાંઈ? સ્વસ્વરૂપ ચૈતન્ય આનંદ અને જ્ઞાનસ્વભાવ, એને સ્વપણે જાણવો એટલે કે વસ્તુના સ્વભાવથી એ વસ્તુ અભિન્ન છે. અને પરવસ્તુ પરવસ્તુના સ્વભાવથી અભિન્ન છે. સ્વથી ભિન્ન છે. એમ પહેલું જેણે જાણ્યું, કહે છે, એ પહેલું ભેદજ્ઞાન કર્યું. એ મોક્ષનો ઉપાય કહ્યો. પોતે પોતાનું સ્વરૂપ જેવું છે એવું ચૈતન્ય સ્વભાવમાં જ્ઞાનની પર્યાયમાં લક્ષમાં લઈને સ્વસન્મુખથી એકત્વ, પરથી ભિન્ન, પોતાના સ્વભાવથી અભિન્ન. અને પરથી ભિન્ન. એ પરવસ્તુ હું નથી. '**પર પરરૂપે જ જણાયું...**' આહાહા..! દયા, દાન અને રાગાદિનો વિકલ્પ છે એ પર વસ્તુ છે. એને અહીંયાં પરવસ્તુ કીધી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ પણ એક વિકલ્પ છે, એ પરવસ્તુ છે. પરને પર તરીકે જાણ્યું, સ્વને સ્વ તરીકે જાણ્યું એવા સિદ્ધાત્મા. પણ એમ કહીને મોક્ષનો ઉપાય પણ સાથે કહ્યો.

મુમુક્ષુ :- મોક્ષ ઉપાય અને મોક્ષ બેય કહ્યા.

ઉત્તર :- એ પછી કહેશે હવે મોક્ષ તો.

'**તે...**' તે. મોક્ષ ઉપાય આ કહ્યો. હવે '**તે...**' '**अक्षयानन्तबोधाय**' '**અવિનાશી અનંત જ્ઞાનસ્વરૂપ...**' પર્યાયમાં-અવસ્થામાં અવિનાશી અક્ષય, જેની જ્ઞાનદશા અક્ષય થઈ. આહાહા..! અને જે અનંત જ્ઞાનસ્વરૂપ. અક્ષય તો છે પણ સ્વરૂપ જેનું અનંત છે જ્ઞાનનું. એ મોક્ષસ્વરૂપ કહ્યું, એ સિદ્ધસ્વરૂપ કહ્યું. એવા '**સિદ્ધાત્માને...**' આ રીતે ઓળખીને હું સિદ્ધાત્માને નમસ્કાર કરું છું. એમ કહે છે. સમજાણું કાંઈ? છે વિકલ્પ સિદ્ધાત્માને નમસ્કાર કરવો એ. પણ અંતરમાં સ્વસંવેદનમાં આવીને નમસ્કાર થાય જીવને એ ભાવનમસ્કાર છે. પોતાના સ્વભાવની પરિપૂર્ણતા તરફ ઢળી ગયો, નમી ગયો, વિનય થઈ ગયો એનો. એનું નામ અંતર સ્વસંવેદન ભાવ નમસ્કાર છે. આહાહા..! વિકલ્પ ઉઠ્યો છે એ જાતનો એ દ્રવ્યનમસ્કાર કહેવાય છે. પણ એમાં બે વાત એક ગાથામાં બતાવી. સિદ્ધપણે થયા એ કઈ રીતે થયા? કે સ્વપરના ભેદજ્ઞાન દ્વારા થયા. એ ઉપાય કહ્યો. આહાહા..! સમજાણું કાંઈ? જેને સિદ્ધપદ પ્રાપ્ત કરવું છે એને

ક્યા ઉપાયે થાય? કે સ્વ-પરની ભિન્નતાના ભાનથી થાય. આહાહા..! સવાર કરતા અત્યારે બહુ જાડું કંતાય છે, સવાર જેવું ઝીણું નથી. સમજાણું કાંઈ?

પોતાના પૂર્ણ સ્વરૂપનું ભાન અને રાગાદિ અજીવ પરરૂપે છે એ આમાં નથી એવું બેય પ્રકારનું જ્ઞાન એને હોવું જોઈએ. એક તો સ્વ સ્વરૂપનું અને પર અશુદ્ધતા પર્યાયમાં છે એનું એને જ્ઞાન થવું જોઈએ. એ સ્વપરનું જ્ઞાન. ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ છે એનું જ્ઞાન અને પર્યાયમાં અશુદ્ધતા છે એનું પણ જ્ઞાન. બે પ્રકાર એ કહેશે અર્થમાં. પહેલું પોતાનો સ્વભાવ શુદ્ધ છે એવી દૃષ્ટિમાં અભિન્નતા સ્વભાવ સાથે કરીને સ્વને જાણ્યો. ત્યારે એની પર્યાયમાં અશુદ્ધતા છે, વ્યવહાર છે. નિશ્ચયથી એની પર્યાયમાં અશુદ્ધતા છે. પણ ત્રિકાળની અપેક્ષાએ એ અશુદ્ધતાને વ્યવહાર કહેવાય છે. સમજાણું કાંઈ?

છે તો એનો નિશ્ચય અશુદ્ધતા સંસાર દશા. જે પ્રકારનો રાગ ઉત્પન્ન થાય, છે એ અશુદ્ધ દશા. છે એ પોતાની પર્યાયમાં નિશ્ચયથી અસ્તિત્વ છે. પરમાં છે અને પોતામાં નથી એમ નથી. એ બેનું જ્ઞાન થતાં-દ્રવ્યનું આ રીતે અને પર્યાયનું આ રીતે... આહાહા..! સમજાણું કાંઈ? એ જ્ઞાન થતાં એને મોક્ષના ઉપાયનું પણ ભાન થયું અને એના ફળ તરીકે અનંતજ્ઞાન જેને પ્રાપ્ત થયું એવી મુક્ત દશા એનું પણ એને ભાન થયું. સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં.. આ મહામુનિ હતા ને.. આહાહા..! લબ્ધિ ઘણી, ચમત્કાર ઘણો, પુણ્યનો ચમત્કાર પણ બહુ હતો એવું લખે છે શાસ્ત્રમાં. પવિત્રતાની તો વાત શું કરવી! આત્માના આનંદમાં લીન લીન હતા. લબ્ધિ પણ ઘણી હતી. પહેલામાં લખાયેલું છે. ભગવાન પાસે ગયા હતા. જેમ કુંદકુંદાચાર્ય ગયા હતા, એમ એ પણ સાક્ષાત્ ભગવાન બિરાજે છે ત્યાં ગયા હતા. એવી એને લબ્ધિ હતી. આહાહા..! એ પોતે આ શાસ્ત્ર રચે છે. નિમિત્તથી તો એમ કહેવાય ને. રચનામાં તો એનું નિમિત્ત છે. રચાય છે શાસ્ત્રની ભાષા જડથી. આહાહા..! પણ જ્યારે કથન કહેવું હોય ત્યારે એમ ચાલે ને.

મુમુક્ષુ :- બોલવાની રીત.

ઉત્તર :- બોલવાની રીત એમ હોય.

પૂજ્યપાદસ્વામી, જેના પાદ નામ પગ ઇન્દ્રો પૂજતા. કહો, એ પંચમઆરાના સાધુ. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય પછી થયેલા. છતાં જેને દેવો પૂજતા. જંગલમાં ધ્યાનમાં આત્માના અતીન્દ્રિય આનંદમાં મસ્ત હતા. એને મુનિપણું કહીએ. સમજાણું કાંઈ? એને પંચ મહાવ્રત આદિના વિકલ્પ હો, પણ એ તો અશુદ્ધ છે, વિકાર છે, પર છે એમ જ્ઞાનમાં હતું એને. સમજાણું કાંઈ? એ આચાર્ય કહે છે કે સિદ્ધાત્માને હું નમસ્કાર કરું છું. નિશ્ચયથી તો જેવા સિદ્ધ ભગવાન છે એવો જ અહીંયાં આત્મા છે. અહીંયાં પર્યાયમાં ફેર છે એ જુદી રાખો વાત.

પણ જેવા સિદ્ધ ભગવાનને અનંત ગુણો છે અને એની પર્યાય નિર્મળ અનંત થઈ છે, અહીંયાં પર્યાય ભલે અનંત નિર્મળ ન હો, પણ વસ્તુ જે છે એ તો સિદ્ધ સમાન અનંત ગુણોથી નિર્મળ પૂર્ણાનંદ સ્વરૂપ જીવનું છે, એ સિદ્ધ જ છે. એને અહીંયાં ભાવથી નમસ્કાર કર્યો છે. દ્રવ્યથી સિદ્ધ ભગવાનને પણ નમસ્કાર કર્યો છે.

'**ટીકા :- અહીં પૂર્વાર્ધથી મોક્ષનો ઉપાય...**' પહેલા બે પદમાં મોક્ષનો ઉપાય. આહાહા..! વાતું બાપુ અંદરની છે આ તો. આહાહા..! '**અને ઉત્તરાર્ધથી મોક્ષનું સ્વરૂપ દર્શાવ્યું છે.**' બીજા બે પદે મોક્ષ બતાવ્યો છે. '**સિદ્ધાત્માને એટલે સિદ્ધપરમેષ્ઠીને-...**' સિદ્ધ આત્માને એટલે સિદ્ધ પરમેશ્વરને. આહાહા..! પ્રવચનસારમાં કહે છે ને? મારી દીક્ષામાં હું સિદ્ધોને અને અરિહંતોને સાક્ષી તરીકે રાખું છું. આહાહા..! મારી જે ચારિત્ર દશા શુદ્ધ ઉપયોગરૂપી રમણતા એવી ચારિત્રની દીક્ષાનો મહોત્સવ.. શું કહેવાય એ? સ્વયંવર.. સ્વયંવર. આહાહા..! હું સ્વયં મારી નિર્મળ પર્યાયને વરું છું. આહાહા..! એ મારો સ્વયંવર છે.

હું આત્મામાં પૂર્ણાનંદ અને પૂર્ણ વીતરાગતા જે પડી છે એમાંથી મેં પૂર્ણ આનંદનું સાધન એવું જે ચારિત્ર દર્શન-જ્ઞાન-ચારિત્ર દશા એ મારા સ્વયંવર મંડપની એ મહોત્સવની દશા છે. આહાહા..! હું સ્વયં પોતે એ જ્ઞાન-દર્શન અને આનંદની દશાને હું વર્યો છું. મેં પ્રસન્ન કરીને એને હું વર્યો છું. આહાહા..! સમજાણું કાંઈ? પણ એમાં સાક્ષી અરિહંતો અને સિદ્ધોને રાખ્યા છે. અહીં સાક્ષીમાં નમસ્કાર સિદ્ધને કરે છે. સમજાણું કાંઈ?

મોટા લગન હોય તો એમાં ગૃહસ્થને સાથે લઈ જાય. ગૃહસ્થ નવનીતભાઈ જેવા હોય, ભગવાનદાસ શેઠ જેવા હોય, પોપટભાઈ જેવા હોય તો લઈ જાય સાથે. સાધારણ માણસ હોય અને ઓળખીતા હોય. એની કન્યા જે ટાઈમ હોય એ ન ફરે એને. કદાચિત એનો બાપ ચૂક્યો હોય ટાઈમે. કે આટલા પૈસા આપો ખાનગી પછી કન્યા આવશે. આહાહા..! વાર લાગી એક સેકન્ડની તો ઓલો શેઠિયો બેઠો હોય સાંભળે. કેમ થયું? કે અંદર કાંઈક ગડબડ છે. સમય વરતે સાવધાન. એમ આવે છે ને?

મુમુક્ષુ :- બ્રાહ્મણ બોલે.

ઉત્તર :- બ્રાહ્મણ બોલે પણ અહીં સમય વરતે-એનો સમય છે ત્યાં સાવધાન. આહાહા..! પોતાનો કાળ છે આનંદની દશાનો એમાં સાવધાન. ત્યાં એને લગનનો કાળ છે. એ મોટા પુરુષો ત્યાં જાય અંદર. કેમ વાર લાગી? પચાસ હજાર રૂપિયા પહેલા મૂકો. અત્યારે તો કાંઈ નથી. ન્હોતુંને લેવા-દેવાની વાત કાંઈ? ગમે તે હોય, પણ અત્યારે આમ છે. સ્વરૂપચંદભાઈ! એ ડોકમાંથી હાર ઉતારીને કહે, લે આ, કર ટાઈમસર, સાથે હું ને કન્યા ફરે, ત્રણ કાળમાં નહિ.

એમ કહે છે કે પ્રભુ! મારી ચારિત્રની દશાની દીક્ષામાં પ્રભુ આપની સાક્ષી અને આપની

હાજરી કરી છે મેં તો. આહાહા..! એ મારી દશા ન ફરે હવે. આહાહા..! મેં સર્વજ્ઞ પરમાત્મા સિદ્ધોને સાક્ષીમાં રાખ્યા છે. એ કહેશે અહીં, જુઓ! **'સિદ્ધ એટલે સર્વ કર્મથી સંપૂર્ણપણે...'** સર્વ કર્મથી સંપૂર્ણપણે **'(અત્યંત) મુક્ત એવા આત્માને નમસ્કાર હો!'** આહા..! એ ભાષાની વાત નથી હોં! અહીંયાં ભાવની વાત છે.

**'જેણે શું કર્યું?'** સિદ્ધ પરમાત્માએ શું કર્યું? **'જાણ્યો.'** શું કર્યું એણે? ભેદજ્ઞાન પહેલા પદમાં બતાવ્યું. જાણ્યો. **'કોને? આત્માને.'** આહાહા..! ભગવાન આત્મા જે પર્યાયની અંશબુદ્ધિમાં જે હતો એણે દ્રવ્યબુદ્ધિમાં આવીને એણે દ્રવ્યને જાણ્યું. આહાહા..! હું એક પૂર્ણાનંદ પરમાત્મસ્વરૂપ છું એમ એણે જાણ્યું. **'કેવી રીતે (જાણ્યો)? આત્મારૂપે જ...'** આત્માને આત્મારૂપે જાણ્યો. એ રાગરૂપ નહિ, પુણ્યરૂપ નહિ, ગતિરૂપ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એને આત્મારૂપે (જાણ્યો).

**'અર્થ એ છે કે સિદ્ધાત્માએ અહીં આત્માને આત્મારૂપે જ અર્થાત્ અધ્યાત્મરૂપે જ જાણ્યો,...'** આહાહા..! અંતરના સ્વસંવેદનથી આત્માને જાણ્યો. **'શરીરાદિક કે કર્મોપાદિત...'** શરીર આદિ કે કર્મથી ઉપાદિત-પ્રાપ્ત થયેલ **'સુર-નર-નારક-તિર્યંચાદિ જીવપર્યાયાદિકરૂપે ન જાણ્યો...'** એ જીવની પર્યાય છે એમ ન જાણ્યું. આહાહા..! સમજાણું કાંઈ? એવી જીવની પર્યાયરૂપે જીવને ન જાણ્યો. આહાહા..! એ તો પર છે. છકાયમાં નથી આવતું, પ્રવચનસારમાં? છકાયના જીવ. છકાયના જીવ એ જીવ નથી. જીવનું સ્વરૂપ તો છ કાયના શરીરથી ભિન્ન છે. આવે છે ને? પ્રવચનસારમાં આવે છે. એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, ત્રણ ઇન્દ્રિયા. ના. ના. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય જીવનું સ્વરૂપ છે?

મુમુક્ષુ :- એ તો પુદ્ગલની પર્યાય છે.

ઉત્તર :- એ તો પુદ્ગલની પર્યાય છે. ત્યાં જ્ઞાનની અલ્પ જ્ઞાનની અવસ્થા (છે). એ કાંઈ જીવનું સ્વરૂપ નથી. વાસ્તવિક જીવનું સ્વરૂપ નથી. આહાહા..!

કહે છે કે એકેન્દ્રિય, બે ઇન્દ્રિય શરીરાદિ અને સુર-નર આદિ ગતિ એવી પર્યાયરૂપે જીવને ન જાણ્યો. આહાહા..! **'તથા (જેણે) અન્યને એટલે શરીરાદિક વા કર્મજનિત...'** એ કર્મઉપાદિત કહ્યું તે. **'મનુષ્યાદિ જીવપર્યાયાદિને પરરૂપે...'** આહાહા..! આ મનુષ્યની ગતિ રાગાદિ થાવ એને પરરૂપે જાણ્યા જેણે. આહાહા..! એ હું નહિ. હું એમાં નહિ, એ મારામાં નહિ. આવું જે પ્રથમ મોક્ષના ઉપાયરૂપ ભેદજ્ઞાન સિદ્ધે કરેલું અને એ કરવાનું જગતને કહે છે. આહાહા..!

**'આત્માથી ભિન્નરૂપે જ જાણ્યા.'** ગતિ, રાગ, પર્યાપ્તિ, અપર્યાપ્તિ આદિ એ તો પરરૂપે છે. મારું સ્વરૂપ તો જ્ઞાનઘન છે, ચૈતન્યબિંબ છે. એ સ્વરૂપને સ્વ રૂપે જાણ્યું અને પરને

પરરૂપે જાણ્યું. આહાહા..! જુઓ! આનું નામ ભેદજ્ઞાન.

**'કેવા તેમને...'** એ સિદ્ધ ભગવાન કેવા કે જેને નમસ્કાર કર્યો? **'અક્ષય અનંત બોધવાળા'** પાઠમાં એ છે ને? અક્ષય અનંત જ્ઞાન. અક્ષય અનંત જ્ઞાન. અક્ષય અનંત બોધ. એમ ત્રણ શબ્દ છે ને? આહાહા..! કેવું છે એમનું જ્ઞાન? અક્ષય. **'એટલે અવિનશ્વર...'** જ્ઞાન. લ્યો! એ તો કેવળજ્ઞાનની પર્યાય આમ તો નાશવાન છે. પણ તેવી ને તેવી રહેતા, તેમાં અપૂર્ણતા ન આવતા એ અવિનશ્વર દશા ફૂટસ્થ થઈ ગઈ. આહાહા..! અક્ષય અનંત જ્ઞાન જેની દશામાં પ્રાપ્ત થયું એવા સિદ્ધને હું નમસ્કાર કરું છું. તેને આવી લક્ષ્મી મળી. અનંત અક્ષય જ્ઞાન. ક્ષય ન થાય એવું અને અનંત.

એક બાજુ નિયમસારમાં કહે કે કેવળજ્ઞાન અને મોક્ષનો માર્ગ અને પુણ્ય-પાપના ભાવ એ બધી પર્યાયો નાશવાન છે. અવિનાશી કાયમ ટકનારો તો ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ છે. એ અવિનાશી ત્રિકાળ સત્યની અપેક્ષાએ એને નાશવાન કહી. અને અહીં અક્ષય અનંત કહ્યું, એવી ને એવી દશા એમ ને એમ રહેશે સાદિઅનંત. આહાહા..! ચૈતન્યસૂર્ય ઝળહળ જ્યોતિએ પ્રકાશ્યો, મોક્ષના ઉપાય વડે. સમજાય છે?

હવે અહીં કહે કે મોક્ષનો ઉપાય જુદી ચીજ છે અને મોક્ષની પર્યાય જુદી ચીજ છે. એ ઉપાય વડે કરીને પર્યાય પ્રગટે એમ નહિ. એ બીજી અપેક્ષા. આહાહા..! એ તો સ્વતંત્ર કેવળજ્ઞાનની દશા પોતાને કારણે ત્યાં ઉત્પન્ન થઈ. પણ પૂર્વે શું હતું? એ બતાવવા એને ઉપાય અને કારણ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! એટલી અપેક્ષાઓ ન સમજે તો એને એકાંત થઈ જાય. એ કેવળજ્ઞાન અક્ષય બોધવાળાને... આહાહા..!

**'અક્ષય એટલે અવિનશ્વર અને અનંતર એટલે દેશકાલથી અનવચ્છિન્ન...'** દેશકાળનો કોઈ પાર નહિ. બધા દેશકાળનો પાર આવી ગયો. આહાહા..! દેશ નામ લોકાલોક ક્ષેત્ર અને કાળ ત્રિકાળ જેની જ્ઞાનપર્યાયમાં જણાઈ ગયું છે. ઓહોહો..! આવી સિદ્ધની દશા એ મોક્ષના ઉપાયથી મોક્ષ થયો છે. સમજાણું કાંઈ? એમાં એમ ન કહ્યું કે ભઈ, વ્યવહાર મોક્ષમાર્ગ જે છે એનાથી આ મોક્ષ થયો. અહીંયાં તો વ્યવહારને તો અશુદ્ધતામાં જાણ્યો, પરરૂપે જાણ્યો. અને સ્વની શુદ્ધતાને પોતાની પરિપૂર્ણતાને શુદ્ધતા (રૂપે) જાણી. આહાહા..! સમજાણું કાંઈ? આવા ધીરાના માર્ગ છે આ તો, ભાઈ!

વેપારમાં તો આમ જાણે ગાંડા થઈને મશગુલ થાય છે ને, જુઓને! નહોતું કીધું એક ફેરી? તે દિ ઓલા શું કહેવાય? કોલાબા. કોલાબા-કોલાબા. પહેલા ગયેલાને જ્યારે માલ લેવા દુકાનેથી. કીધું, ચાલો કોલાબા જોવા જઈએ. તે દિ' (સંવત) ૧૯૬૪ની સાલ હશે. ૬૪-૬૫. સંવત્ ૬૪-૬૫. મુંબઈ. કોલાબા જોવા ગયા ત્યાં. તાર ત્યાં આવે ઓલા તાર

ત્યાં હતાને શું કહેવાય એને? અમેરિકાની તાર ત્યાં આવે. તાર ત્યાં આવતા. મેં જોયું. એક મારવાડી હતો આમ ..બંધ, ઢીચકું શરીર. લીધું-દીધું એ તો જુઓ તમારે ગાંડા. કીધું, આ શું છે?

મુમુક્ષુ :- સાહેબ! એ કરોડો રૂપિયા કમાય છે.

ઉત્તર :- ધૂળમાંય કમાતા નથી. એય..! કોલાબા મુંબઈમાં દરિયાના કાંઠે છે ને. ત્યાંથી આવતા હતા તાર સમાચાર. આવે ને પછી આ લીધું, આ ભાવે દીધું, આટલું દીધું, આટલું લીધું. ગાંડા છે, તે દિ' એમ લાગતુ, હોં! શું કરે છે આ? આહાહા..!

આ તો ધીરાના કામ છે. જેણે પોતાના સ્વરૂપને જાણીને પોતાનું સ્વરૂપ પૂર્ણ લીધું... આહાહા..! અને અશુદ્ધતાને જાણીને અશુદ્ધતાનો નાશ કર્યો. એવો જે મોક્ષનો ઉપાય, એનાથી અવિનશ્વર અનંત જ્ઞાનની દશાને પામ્યા છે. આહાહા..!

'**સમસ્ત પદાર્થોના પરિચ્છેદક...**' પરિ એટલે સમસ્ત પ્રકારે એના જાણનારા. પરિ-સમસ્ત પ્રકારે છેદક. '**सर्वभावान्तरच्छिदे**' આવે છે ને? '**च्छिदे**' ત્યાં આવે છે '**सर्वभावान्तर**'. '**જ્ઞાનવાળા-તેમને (નમસ્કાર).**' ઓહોહો..! જેને અક્ષય અનંત પર્યાયમાં જ્ઞાન પ્રગટ થયું આવા અસ્તિત્વને મારો નમસ્કાર! સમજાણું કાંઈ? તેમને નમસ્કાર. '**આવા પ્રકારના જ્ઞાન અનંત દર્શન-સુખ-વીર્ય સાથેના...**' આવા પ્રકારનું જે જ્ઞાન-અક્ષય જ્ઞાન એક સમયની દશામાં પરમાત્માનું મોક્ષદશામાં થઈ ગયું. આહાહા..! એ જ્ઞાનનું અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય સાથે '**અવિનાભાવીપણાના સામર્થ્યને લીધે...**' આહા..! તે સાથે હોય છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ અને અનંતવીર્ય-પુરુષાર્થ એ એક સમયે સાથે હોય છે. તેથી '**તેઓ અનંતચતુષ્ટયરૂપ છે એમ બોધ થાય છે.**' આહાહા..!

સિદ્ધ પરમાત્મા. આ તો નમો સિદ્ધાણં... નમો સિદ્ધાણં કરે, પણ શું સિદ્ધ? શું પર્યાય? સિદ્ધ પણ એક પર્યાય છે, કાંઈ ગુણ-દ્રવ્ય નથી. ગુણ-દ્રવ્ય તો ત્રિકાળ છે. સિદ્ધ ભગવાનની પણ એક દશા છે, એ પર્યાય છે. અનંત... અનંત... અનંત... જેની પર્યાયનું પરિમિતપણું-મર્યાદિતપણું નથી. અનંત અનંત જ્ઞાન જેને પ્રગટ થયું છે. એની સાથે અનંત દર્શન, વીર્ય અને આનંદ પ્રગટ થયો છે. એવું એનું અનંત ચતુષ્ટય સ્વરૂપ છે. બીજા અનંતા સાથે છે. મુખ્ય આ ચાર (કહ્યા). એવા '**સામર્થ્યને લીધે તેઓ અનંતચતુષ્ટયરૂપ છે એમ બોધ થાય છે.**' એમ જ્ઞાનમાં જણાય છે. અનંત જ્ઞાનની સાથે એક સમયની અંદર અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય હોય છે એમ બોધ થાય છે-એમ જ્ઞાનમાં જણાય છે, કહે છે.

'**શંકા :- ઈષ્ટદેવતા વિશેષ પંચપરમેષ્ઠી હોવા છતાં...**' ઈષ્ટદેવ તો પાંચ પરમેશ્વર છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. '**અહીં ગ્રન્થકર્તાએ સિદ્ધાત્માને જ કેમ**

**નમસ્કાર કર્યા?'** પંચ પરમેષ્ઠીને **નમસ્કાર** ન કરતાં સિદ્ધ પરમાત્માને કેમ **નમસ્કાર** કર્યો?

**'સમાધાન :- ગ્રન્થકર્તા, વ્યાખ્યાતા,...'** એની વ્યાખ્યા કરનાર, એને સાંભળનારા **'શ્રોતા, અને...'** તેના અર્થના અનુષ્ઠાનને જાણનારા. અર્થ-જે વસ્તુ કહે છે તેનો ભાવ-અર્થ, એના અનુષ્ઠાતા-આત્મા. વિશેષ દશા એને જાણનારા. એવા **'અનુષ્ઠાતાને સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિનું પ્રયોજન હોવાથી...'** આ ચારેયને. ગ્રન્થકર્તાને, ગ્રંથકર્તાના વ્યાખ્યાતાને, એના સાંભળનારાને અને એના અર્થને સમજનારાને. બધાને **'સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિનું પ્રયોજન હોવાથી...'** સિદ્ધપણું પ્રાપ્ત કરવું એ જ એની અભિલાષા છે. આહાહા..! સમજાણું? શ્રોતા પણ એવા હોવા જોઈએ કહે છે, કે જેને પરમાત્મપદની પ્રાપ્તિનું જ એક કામ છે. સમજાણું કાંઈ? વ્યાખ્યાતાને પણ એ પ્રયોજન છે, ગ્રંથકર્તાને પણ એ પ્રયોજન છે અને એના અર્થના વિશેષપણે જાણનારાઓ, એનું પણ પ્રયોજન તો આ છે. આહાહા..! એ કહેશે, દાખલો આપશે. પંડિતો ...

**'જે જેની પ્રાપ્તિનો અર્થી હોય...'** કેમ **નમસ્કાર** કર્યો કહે છે એને? **'જે જેની પ્રાપ્તિનો અર્થી હોય...'** જેને જે જોઈતું હોય **'તેને તે નમસ્કાર કરે છે;...'** તેમાં તે **નમન** અને વલણ કરે છે. **'જેમ ધનુર્વિદ્યા પ્રાપ્તિનો અર્થી...'** ધનુર્વિદ્યા થાય છે ને આ? **'ધનુર્વેદીને નમસ્કાર કરે છે તેમ.'** સિદ્ધના અનુષ્ઠાનના, સિદ્ધના ભાવના અભિલાષી એ સિદ્ધને નમસ્કાર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'તેથી સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિના અર્થી-'** આ આવે છે ને? 'કામ એક મોક્ષ..' શું આવે છે? 'કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ.' એક આત્માર્થ પ્રયોજન, મોક્ષ તેનું જેને પ્રયોજન છે. એવા જીવોએ **'સમાધિશતક શાસ્ત્રના કર્તા, વ્યાખ્યાતા, શ્રોતા અને તેના અર્થના અનુષ્ઠાતા આત્મવિશેષ-(એ સર્વે) સિદ્ધાત્માને નમસ્કાર કરે છે.'** આહાહા..!

તીર્થંકર પણ જ્યારે દીક્ષા લે છે ને? **નમો** સિદ્ધાણં (બોલે). પંચપરમેષ્ઠીને ન કરે. ત્રણ જ્ઞાન સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપાચરણની સ્થિરતા છે. **નમો** સિદ્ધાણં. બસ આટલું. તીર્થંકર ભગવાન જ્યારે ચારિત્ર-અંદરના આનંદની દશા એ ચારિત્ર હોં! આ બધા અત્યારે જે કહે છે કે આ વ્રત ને તપ ને એ બધું વ્રત પણ નથી અને ચારિત્ર પણ નથી. હજી સમ્યગ્દર્શન કોને કહેવું? બાપા! એ ચીજની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એક એક દ્રવ્યની એક એક સમયની પર્યાય પોતાથી થાય, પરથી થાય નહિ. પરથી થાય નહિ પણ એના પૂર્વની અવસ્થાના વ્યયથી ન થાય. આહાહા..! અને તે તે સમ્યગ્દર્શનની પર્યાય, ધર્મની પહેલી (શરૂઆત) ધ્રુવને લઈને ન થાય. આહાહા..! એને એમ માનવું કે જે આ રાગ કરીએ અને આ ક્રિયા કરીએ તેનાથી થાય. તદ્દન દૃષ્ટિ વિપરીત મિથ્યાત્વ છે. કહો,

મહેન્દ્રભાઈ! શેઠિયાઓ ઓલો બહાર પોતે ત્યાગ કરી શકે નહિ તો બીજાનો ત્યાગ એવો ભાળે તો જય મહારાજ.. જય મહારાજ..!

મુમુક્ષુ :- નગ્ન તો છે.

ઉત્તર :- નગ્ન (હોય) તો શું થયું? હમણાં ક્યાંક આવ્યું હતું. નગ્ન એટલે શું થયું? એ શબ્દકોષમાં આવ્યું હતું. જેને સમ્યગ્દર્શનનું ભાન નથી એ બધા નગ્નો...આહાહા..! .. એમાં શબ્દ ચોખ્ખો નાખ્યો ભાઈએ. વળી બીજામાં કાંઈક નાખ્યો. બીજામાં. અષ્ટપાહુડમાં તો છે. બીજામાં ક્યાંક છે. એવા નગ્નપણા શું અને એના પંચ મહાવ્રતના પરિણામ પણ શું? આહાહા..! જેને (પોતા) માટે આહાર બનેલો લે, ચોકા કરીને લે. ખબર છે કે આ મારે માટે બનેલા છે. ત્યાં વ્યવહારનું વ્રત પણ ક્યાં છે? નવનીતભાઈ! એય..! સ્વરૂપચંદભાઈ! તમે તો શ્વેતાંબર હતા. મહેન્દ્રભાઈ દિગંબર. નહિ?

મુમુક્ષુ :- ...દિગંબર, આ શ્વેતાંબર

ઉત્તર :- એ જ કહું છું ને. તમે શ્વેતાંબર હતા ને. આહાહા..! મુનિ માર્ગ બાપુ! એવો ઝીણો છે. .. ઝીણી વાત છે. આહાહા..!

ચૈતન્યસ્વરૂપ આનંદનો નાથ પોતાના અનુભવમાં (આવ્યો), જેને રાગની અને નિમિત્તની પણ અપેક્ષા નથી, જેને ભગવાન દેવ, ગુરુ અને શાસ્ત્રની અપેક્ષા નથી. એવી જે અંતરની દશા સમ્યગ્દર્શન-નિર્વિકલ્પ પ્રતીતિ અને નિર્વિકલ્પ પ્રતીતિમાં અતીન્દ્રિય આનંદના સ્વાદનું વેદન ભેગું (આવે)... આહાહા..! એને તો હજી સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! એ સમ્યગ્દર્શન વિના વ્રત ને તપ ને ચારિત્ર બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? આહાહા..! કોઈ વ્યક્તિના સ્વરૂપ માટે (નહિ), વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહાહા..! ભાઈ! જેમાં ચારિત્ર એટલે ચરવું. ચરવું એટલે ઠરવું. જે ચીજમાં ઠરવું (છે) એ ચીજનો જ જ્યાં અનુભવ નથી. સમજ્યા? તો ઠરવું આવે ક્યાંથી એમાં? રાગની ક્રિયા છે એકલી. આહાહા..! અને તે પણ એક જ સર્વજ્ઞદેવ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથે કહેલો માર્ગ એક. એ સિવાય કોઈ માર્ગ બીજો છે નહિ.

બીજાનો સમન્વય કરે છે ને? બધાને અત્યારે સરખા માનો. કોઈ સાથે વિરોધ નહિ. કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ નહિ, વેર નહિ, તિરસ્કાર નહિ, દ્વેષ નહિ. પણ વસ્તુનું સ્વરૂપ હોય એવું તો જાણવું જોઈએને. મહેન્દ્રભાઈ! આહાહા..! બધા ભગવાન આત્મા છે. તત્વૈષુ મૈત્રી. તત્ત્વ જીવ તરીકે તો મૈત્રી હોય છે. પણ એની ભૂલ જે છે પર્યાયમાં એને તો મોટી જેમ છે એમ જાણવી જોઈએ. આહાહા..!

અહીં તો કહે છે કે પ્રથમ જ્યાં દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ તો શુભરાગ એને

હું કરું અને એ કરવા લાયક છે. શાસ્ત્ર ચરણાનુયોગમાં એમ આવે. વ્યવહારનયના ગ્રંથમાં એ પાળે છે, અતિચાર પાળે છે, એ નિર્મળ વ્રતને.. એમ આવે. પણ એનો પરમાર્થ (શું)? વસ્તુના સ્વરૂપમાં ઠરતાં પૂર્ણ ઠરી શક્યો નથી, તેથી એવા વિકલ્પો આવે. એ આવે એને કરે એમ પણ નથી. આહાહા..! અને એ કરે ને એનાથી આત્માને કલ્યાણ થાય એમ નથી. આહાહા..! એવી વસ્તુની હજી સમ્યગ્દષ્ટિ...

અહીં કહ્યુંને પહેલું? પરથી ભેદજ્ઞાન જ જ્યાં પહેલું નથી, ત્યાં ઠરે શેમાં? અને ઠરે શેમાંથી? સમજાણું કાંઈ? રાગાદિની ક્રિયાથી ખસવું છે, હઠવું છે અને સ્વભાવમાં ઠરવું છે. પરથી ખસ, સ્વમાં વસ, એ ટૂંકું ટચ. આહાહા..! એ વ્રતની ક્રિયામાંથી પણ ખસ. એ રાગ છે, આસ્રવ છે, ભાઈ! એ ચારિત્ર નહિ, એ વ્રત નહિ, એ સંવર નહિ. આહાહા..! એવા રાગને પરરૂપે જાણી, મને લાભદાયક નથી. આહાહા..! મને લાભદાયક તો સ્વરૂપની દૃષ્ટિ અને સ્થિરતા એ જ મને લાભદાયક છે. ભગવાન ત્રણ લોકના નાથ એને હું માનું એવો જે વિકલ્પ એ પણ આત્માને લાભદાયક નથી. આહાહા..!

અહીંયાં તો કહ્યું કે ધર્મની પ્રાપ્તિ, સ્વરૂપની દૃષ્ટિ.. આહાહા..! એને લાભને માટે પૂર્વની મિથ્યાત્વ દશાનો વ્યય એ પણ આ લાભને માટે મદદગાર નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવું જે એનું સ્વરૂપ જ એની જાતમાં એવી જાત જ એની છે. એ કાંઈ ભગવાને કર્યું નથી એવું બંધારણ કે આવું તમે કર્યું, આવો આ હું તેનો કર્તા છું. વસ્તુનું સ્વરૂપ એવું છે. આહાહા..! આ ભાષાની દશા થાય એ પણ આત્માથી થતી નથી.

એક જણાને કહ્યું હતું. અહીં સાંભળવા આવ્યો હતો. અમદાવાદના શ્વેતાંબર હતા. પછી આવ્યા નથી. અહીં આવ્યા હતા, પંદર દિ' રહ્યા હતા. ... સાંભળ્યું. ત્યાં જઈને કહે કે મહારાજ! આ બોલે છે કોણ? અહીંનું સાંભળેલું ખરું ને? કે બોલે એ આત્મા નહિ. બોલે એ જડની ભાષા. આહાહા..! ત્યાં સામે જવાબ આપ્યો, મહારાજ! આ બોલે છે કોણ? કે તારો બાપ બોલે છે? કોણ બોલે છે? તું બોલે છો. એ.. સ્વરૂપચંદભાઈ! અરે..! ભગવાન! આ તારો બાપ બોલે છે? કોણ બોલે છે? તું બોલતો નથી? ઓલો તો બિચારો અહીંથી સાંભળીને ગયેલો. ઘણા વર્ષની વાત છે હોં! ૨૦-૨૫ વર્ષ થઈ ગયા. બે જણા આવ્યા હતા. શ્વેતાંબર બે આવ્યા હતા. આહાહા..!

અરેરે..! એવી ભાષા આવે એ સાંભળવી તને રુચે નહિ? અને અમે બોલીએ છીએ અને અમે ભાષા કરીએ છીએ. અરેરે..! એ તો મિથ્યાત્વભાવ છે. મિથ્યાદૃષ્ટિપણાની દશા છે એ તો. આહાહા..! એને અહીં કહે છે કે જેને સિદ્ધપણાની જિજ્ઞાસા છે, જેની જેને રુચિ તેના તેને નમસ્કાર હોય એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? સિદ્ધપદની પ્રાપ્તિ

જે મારી પૂર્ણ દશા, જે મારી પૂર્ણ પદવી, જે મારી પર્યાયની પૂર્ણ સ્થિતિ એ છે. એવી દશાનો જિજ્ઞાસુ, એવી દશાના પ્રાપ્તને નમસ્કાર કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! '(એ સર્વે) **સિદ્ધઆત્માને નમસ્કાર કરે છે.**'

'**સિદ્ધ શબ્દથી અર્હંતાદિનું પણ ગ્રહણ સમજવું...**' એ એકદેશ અરિહંત ને એ બધા સિદ્ધ જ છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. આદિ શબ્દ છે ને? '**અર્હંતાદિનું પણ ગ્રહણ સમજવું કારણ કે તેમણે પણ દેશતઃ (અંશે) સિદ્ધસ્વરૂપ પ્રાપ્ત કર્યું છે.**' આહાહા..! આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને અરિહંત એમણે પણ.. અરિહંતને હજી પૂરી સિદ્ધદશા થઈ નથી. હજી એને અસિદ્ધભાવ ઊભો છે. ચાર અઘાતિ કર્મનો ભાવ (છે). તો એક દેશ સિદ્ધ થયા છે એમ કહે છે. આહાહા..! છે? '**અર્હંતાદિનું પણ ગ્રહણ સમજવું કારણ કે તેમણે પણ દેશતઃ (અંશે) સિદ્ધસ્વરૂપ પ્રાપ્ત કર્યું છે.**' આહાહા..! એમ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ વીતરાગપણાની દશાથી ઉત્પન્ન થયા છે એ બધા એકદેશ, એકભાગ શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? એ સિદ્ધને નમસ્કાર કરતા એમાં પાંચેય આવી જાય છે.

'**ભાવાર્થ :- ગ્રંથકારે શ્લોકના પૂર્વાર્ધમાં સ્વ-પરનું ભેદવિજ્ઞાન...**' છે ને? કીધું ને પહેલું સ્વપરનું ભેદજ્ઞાન '**તે જ મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે એમ સૂચવ્યું છે...**' '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन**'. અત્યાર સુધી જે કોઈ મોક્ષને પામ્યા એ બધા દયા, દાન, વ્રત, ભક્તિના રાગથી ભિન્ન પાડીને, પોતાના સ્વરૂપમાં ઠરીને ભેદજ્ઞાન કરીને પામ્યા છે. સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ તો રાગ અશુદ્ધ છે. આહાહા..! એ મલિનભાવથી સિદ્ધપદ પામ્યા છે એમ છે નહિ. એનાથી તો ભિન્ન પાડીને પોતાના શુદ્ધ સ્વભાવની નિર્મળ દશા પ્રગટ કરીને, પવિત્રતા પ્રગટ કરીને મોક્ષને પામ્યા છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- ગ્રંથકારે શ્લોકના પૂર્વાર્ધમાં સ્વ-પરનું ભેદવિજ્ઞાન તે જ મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે એમ સૂચવ્યું છે અને તેના ઉત્તરાર્ધમાં...**' બીજા બે પદમાં. '**ફળસ્વરૂપ પરિપૂર્ણ જ્ઞાન આનંદરૂપ એવી સિદ્ધદશા...**' એ બધું પહેલા નાખી ગયા છે. જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય. '**પરિપૂર્ણ જ્ઞાન આનંદરૂપ એવી સિદ્ધદશા તે મોક્ષસ્વરૂપ છે એમ દર્શાવ્યું છે;...**' તે ભેદજ્ઞાનથી પ્રાપ્ત થતી દશા એ મોક્ષસ્વરૂપ છે. એ એનું ફળ છે. એ ઉપેય છે. સિદ્ધદશા તે ઉપેય છે અને ભેદજ્ઞાન તે ઉપાય છે. ઉપાય અને ઉપેય આવે છે ને? સમયસારમાં પાછળ આવે છે. આહાહા..!

અહીંયાં તો કહે છે, આત્મામાં જે મોક્ષદશાની જિજ્ઞાસાવાળા, એણે જે ઉપાય કહ્યો એ શુદ્ધ કર્યો. આહાહા..! વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિના ભાવ પણ અશુદ્ધ છે. આહાહા..!

રાગ છે. એનાથી ભિન્ન પાડીને મોક્ષનો ઉપાય કર્યો. એને આદરીને-રહીને મોક્ષનો ઉપાય કર્યો, એમ નથી. આહાહા..! પહેલે જ હજી વાંધા. જરી રાગની મંદતા કરે શુભભાવ, તો એટલી તો શાંતિ તો આવે. એમ કહે છે. અરે..! ભગવાન! એ શુભરાગ પોતે જ અશાંતિ છે. ભગવાનનું સ્મરણ કરવું, ભક્તિ ને પૂજા ને જાત્રાનો ભાવ પોતે જ અશાંતિ છે. એને ખબર ક્યાં છે. આહાહા..! આવે. પૂર્ણ વીતરાગ ન હોય એને આ આવે. પણ આવે એ હેય છે. સાધકપણામાં મદદગાર એ નથી. આહાહા..! અરે..! ક્યાં આ વાતને..

કહે છે કે સમ્યગ્દર્શનની પર્યાયની પ્રાપ્તિ એને દેવ-ગુરુની અપેક્ષા નથી અને દેવ-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ પણ સમ્યગ્દર્શન પામવાને કારણ નથી. આહાહા..! અરે..! એ તો નથી પણ મિથ્યાત્વનો વ્યય એ છે માટે સમ્યક્ પર્યાય ઉત્પન્ન થઈ એમ પણ નથી. આહાહા..! અને એ સમ્યક્ પર્યાય ઉત્પન્ન થઈ, ભેદજ્ઞાનની દશા, એ વસ્તુ ધ્રુવ છે ત્રિકાળ ધ્રુવ છે માટે તે પર્યાય ધ્રુવને આશ્રયે થઈ એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..!

'**भूदत्थमस्सिदो खलु**' ૧૧મી ગાથામાં આવ્યું ને? ભૂતાર્થને આશ્રયે સમકિત (થાય છે). આહાહા..! એ પણ વ્યવહાર છે. સમકિતની પર્યાય સમકિતની પર્યાયથી થાય છે, એ ધ્રુવથી પણ છે નહિ. આહાહા..! આવો વીતરાગનો માર્ગ. એવી વસ્તુની સ્થિતિ છે, એવી વસ્તુની મર્યાદા છે. સમજાણું કાંઈ? એ મર્યાદા જ્ઞાનમાં આવે નહિ અને એને ધર્મ થઈ જાય.. આહાહા..! એવા તો પંચ મહાવ્રત પાળ્યા, પાંચ સમિતિ ને ગુપ્તિ ને, જૈનનો દિગંબર સાધુ અનંતવાર થયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, મુનિવ્રત ધાર...' મુનિવ્રત સાચા હોં! વ્યવહારે. પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ, અચેલ નગ્ન દશા, નિર્દોષ આહાર-પાણી લેવાની વૃત્તિ, એને માટે બનાવેલું પ્રાણ જાય તોપણ ન લે. એવું 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' એવી મુનિપણાની ક્રિયાથી સ્વર્ગમાં ગયો અંતિમ ગ્રૈવેયકે. 'પણ આતમ જ્ઞાન બિના લેશ સુખ ન પાયો.' પણ ભગવાન આત્માના સ્પર્શ વિના... આહાહા..! ચિદાનંદ સ્વરૂપનો સ્પર્શ નહિ, વેદન નહિ. તો કહે છે કે એ પંચ મહાવ્રતના પરિણામ અને મુનિ વ્રત એ બધું દુઃખરૂપ હતું. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ સુખ નહોતું. એ તો દુઃખ હતું. આહાહા..! ગજબ વાત છે.

અહીં તો કહે છે કે જેટલો ત્યાગ કરો એટલો ધર્મ. કોનો પણ? મિથ્યાત્વનો કે પરનો? પરનો તો ગ્રહણ-ત્યાગ છે જ નહિ આત્મામાં. આહાહા..! પરને હું છોડું છું અને આ હું અંગીકાર કરું છું શુભરાગને. એ વસ્તુમાં ક્યાં છે? આહાહા..! એવી ચીજની અંતર દૃષ્ટિ થનારને, કહે છે, તે મોક્ષસ્વરૂપ બતાવ્યું એને. અંતર દૃષ્ટિનું સ્વરૂપ બતાવ્યું અને એના ફળ તરીકે મોક્ષ બતાવ્યો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૦)), શુક્રવાર તા. ૧૩-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૧, પ્રવચન - ૩**

સમાધિતંત્ર. એનું વિશેષ પહેલી ગાથાનું છે. '**આત્મા આત્મારૂપે છે અને શરીરાદિ પર પદાર્થોરૂપે નથી...**' જુઓ! એમાં કેટલું આવ્યું! '**આત્મા આત્મારૂપે છે...**' પરિપૂર્ણ. વીર શાસન-જૈન શાસનની વિશેષતા એ છે કે દરેક આત્મા પરમાત્મસ્વરૂપ છે અને પરમાત્મસ્વરૂપ થઈ શકે છે. સમજાણું કાંઈ? આત્મા આત્મા રૂપે છે. પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનસ્વભાવ સ્વરૂપે છે અને આ રાગાદિ પર સ્વરૂપે નથી. એ અનેકાંત છે. અત્યારે આ ચારે કોર ચાલે છે ને જુઓને! આ ૨૫૦૦ વર્ષનું. ભગવાનનો માર્ગ અનેકાંત છે, અપરિગ્રહવાદ છે અને અહિંસા છે. એટલે શું?

એ આત્મા આત્મારૂપે છે. ભેદવિજ્ઞાન બતાવ્યું છે ને પહેલું? આત્મા પોતાના સ્વરૂપે પૂર્ણ છે અને એ રાગાદિ કે એક સમયની પર્યાયથી નથી. એ અનેકાંત ખરું છે. સમજાણું કાંઈ? અને એ અહિંસા સ્વરૂપ છે. પૂર્ણ સ્વરૂપ જે છે, આત્મા આત્મારૂપે છે એવું જે પૂર્ણ સ્વરૂપ એનો સ્વીકાર સમ્યક્ થવો એ જ અહિંસા એટલે જેવું છે જીવન એનું તેને તે રીતે સ્વીકાર્યું, માન્યું એનું નામ અહિંસા છે. કહો, નવરંગભાઈ! આવી વાત છે. અને અપરિગ્રહવાદ પણ એ. એક વિકલ્પમાત્રની પણ પક્કડ સ્વરૂપમાં નથી. એ આત્મા આત્મારૂપે છે એમાં એ વાત આવી જાય છે. સમજાણું કાંઈ?

એ '**શરીરાદિ પર પદાર્થોરૂપે નથી...**' આહાહા..! એમાં એક દયા, દાન અને ભક્તિનો વિકલ્પ ઉઠે એ પણ આત્મામાં નથી. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! કેમ કે એ પરસ્વરૂપ વિભાવ છે. એ પૂર્ણ સ્વરૂપ ચૈતન્યમૂર્તિ ભગવાન એક જ આત્મા પોતે પરમાત્મા થવાની શક્તિવાળો છે. ક્યારે? પરમાત્મ સ્વરૂપે છું, પૂર્ણાનંદ સ્વરૂપે છું એમ સ્વીકાર થયે. મારી પરમાત્મસ્વરૂપ તાકાત છે કે હું પોતે પરમાત્મા થઈ શકું છું. મારે પરમાત્મા થવામાં કોઈ આ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ મને સહાયક-બહાયક નથી. આહાહા..! આવી વાત ઝીણી બહુ, બાપુ! સમજાણું કાંઈ? એ અનેકાંત છે. આહાહા..! લોકોને તો આમ બહારની પ્રવૃત્તિ દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા એ જાણે ધર્મ હોય, એમ અજ્ઞાનીએ માની લીધું છે અનાદિથી. જે ઈ કરવા માગે છે એવી ક્રિયાનો રાગ એ સ્વરૂપમાં નથી. પરસ્વરૂપે છે. સમજાણું કાંઈ?

એ કહે છે, '**આત્મા આત્મારૂપે છે અને શરીરાદિ પર પદાર્થોરૂપે નથી...**' આહાહા..!

જુઓ! આ અનેકાંત. આ અનેકાંત છે. એ આત્મા પોતાના સ્વભાવે પરિપૂર્ણ છે એવો અંતર સ્વીકાર સમ્યગ્દર્શનમાં થવો અને અપૂર્ણ અને રાગરૂપે હું નથી... આહાહા..! એમ જે અંતરમાં સ્વની, પૂર્ણની અસ્તિ-સત્તાના સ્વીકારમાં પૂર્ણ હોવાપણું અને અપૂર્ણ પર્યાય અને રાગાદિપણે નહિ હોવાપણું એમાં... આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહાહા..!

દુનિયાને તો એવું કઠણ પડે છે. બહારની વાતું માંડીને બેસાડવી છે. કાંઈક વ્રત પાળવા, દયા પાળવી, ક્યાંક અપવાસ કરવા એ ધર્મ છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! કહે છે કે એ વસ્તુ હું આમ કરું.. આમ કરું... એવો જે વિકલ્પ છે રાગ, એ પરવસ્તુ છે. ચંદુભાઈ! આહાહા..! એ વિકલ્પમાત્ર જે દયા, દાન કે વ્રત-ભક્તિનો છે એનું સ્વરૂપ મારામાં નથી એવી જે એની પક્કડ છૂટી જવી એનું નામ નિવૃત્તસ્વરૂપ ભગવાન આત્મા અપરિગ્રહસ્વરૂપ છે. આહાહા..! માર્ગ એવો છે. અને અત્યારે તો આ ૨૫૦૦ વર્ષને નામે હો હા.. હો હા.. કેટલા લખાણ આવે છે. એ એક શુભભાવ છે. ભગવાનનો .. પણ એ શુભભાવ પોતે ધર્મ નથી. સમજાણું કાંઈ? એ શુભભાવ સ્વરૂપે આત્મા નથી. આહાહા..! કેમ કે એ શુભભાવ તો આસ્રવ છે. એ આસ્રવ સ્વરૂપે આત્મા નથી. એ તો જ્ઞાન ને આનંદ ને શાંતિ સ્વરૂપે છે. એવું જે સ્વપરનું ભેદજ્ઞાન એ જ આત્માને મોક્ષનો ઉપાય છે. સમજાણું કાંઈ?

'**તથા શરીરાદિ પર પદાર્થો પરરૂપે છે...**' આહાહા..! ખરેખર તો એક સમયની પર્યાય જે છે એ પણ પરદ્રવ્ય સ્વરૂપે છે, સ્વદ્રવ્ય સ્વરૂપ નથી. આહાહા..! હોય છે જ્ઞાનીને રાગ. સમજાય છે? પણ એ રાગની એને પક્કડ નથી. એ રાગ હું છું અને એ રાગથી મને લાભ થશે એવું મિથ્યાદષ્ટિપણું જેને છૂટી જાય છે. સમજાણું કાંઈ? એ શરીરાદિ વિકલ્પાદિ પર પદાર્થો પરરૂપે છે. '**અને તે આત્મારૂપે નથી-**' સમજાય છે કાંઈ? ભગવાનની ભક્તિનો વિકલ્પ ઉઠે નામ સ્મરણ, અરિહંતનું નામ સ્મરણ થાય એ પણ એક વિકલ્પ રાગ છે. એ આત્મા નથી. આહાહા..! આ તે કાંઈ ગળે ઉતરવું! એ પરપદાર્થ પરરૂપે છે. છે ખરા. અને તે આત્મારૂપે નથી. આહાહા..! ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ જ્ઞાન ને શાંતિ ને આનંદથી પરિપૂર્ણ ભરેલો પદાર્થ તે રૂપે એ રાગાદિ નથી. સમજાણું કાંઈ?

'**એવું નિર્ણયપૂર્વક...**' એવું નિર્ણયપૂર્વક. એટલે કે આત્મા પૂર્ણ શુદ્ધ છે એવો અંતર્મુખ થઈને અનુભૂતિમાં નિર્ણય કરવો. આહાહા..! '**સ્વ-પરનું ભેદવિજ્ઞાન...**' એવું જે સ્વપરનું ભેદ નામ જુદાઈનું જ્ઞાન. રાગાદિ વ્રતનો વિકલ્પ ઉઠે દયા-દાન, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એવા પંચ મહાવ્રત એનો જે વિકલ્પ ઉઠે એ પણ રાગ છે, એ આસ્રવ છે, એ બંધમાં જાય છે, એ પરપદાર્થમાં જાય છે. સમજાય છે કાંઈ? એમ અંતરમાં સ્વભાવની પરિપૂર્ણતાનો સ્વસન્મુખમાં નિર્ણય, પરવસ્તુ એમાં નથી એવો નિર્ણય એમાં નાસ્તિનો આવી

જાય છે. આહાહા..! એને અહીંયાં ભેદવિજ્ઞાન કહે છે.

અરે..! વીતરાગને બહાને કાંઈક ચાલ્યું છે જગતમાં. આહાહા..! અજૈનને જૈનપણું મનાવ્યું છે અને માને છે કે અમે જૈન છીએ. આહાહા..! સમજાણું કાંઈ? અને અમે અનેકાંતવાદી છીએ. રાગથી પણ થાય અને સ્વભાવથી પણ થાય એમ અનેકાંતવાદી છીએ. વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય. અહીં તો કહે છે કે વ્યવહાર વ્યવહાર પરપદાર્થ રૂપે છે. એ સ્વપદાર્થ રૂપે નથી. એવું પરથી ભેદજ્ઞાન અંતર અનુભવમાં નિર્ણય થવો, અનુભૂતિ થઈને નિર્ણય થવો એમ કહે છે. ભેદજ્ઞાન થયું ને? એ '**સિદ્ધપદ પામવાનો મોક્ષપ્રાપ્તિનો** ઉપાય છે.' લ્યો! આ મોક્ષનો માર્ગ છે. બાકી બીજો માર્ગ માને તે બધા મિથ્યાદૃષ્ટિ છે. એ જૈન નથી, એને જૈનની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**શ્રી સમયસાર** ગાથા **૨ની ટીકામાં પણ** લખ્યું છે કે–' આહાહા..! આવે છે ને બીજી ગાથામાં? '...**સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને...**' બધા પદાર્થોને જાણવામાં, પ્રકાશવામાં સમર્થ એવી જે કેવળજ્ઞાન દશા, કેવળજ્ઞાન દશા, અરિહંત દશા એને '**ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ઉદય પામે છે...**' આહાહા..! એ કેવળજ્ઞાન જે મોક્ષપદ, એને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ. ચૈતન્ય પૂર્ણ સ્વરૂપમાં એકાગ્રતા અને અપૂર્ણતા અને રાગનો નકાર–નિષેધ અંદર નાસ્તિનું પરિણમન આહાહા..! એવી ભેદજ્ઞાનજ્યોતિ ઉદય થાય છે. તે મોક્ષનું કારણ થાય છે. તે કેવળજ્ઞાનને ઉત્પન્ન કરવાનું કારણ છે. આહાહા..! કહો, આવો વાદવિવાદ કરે તો ક્યાંય મેળ ખાય એવું નથી, ભાઈ! આહાહા..! એવો માર્ગ છે અંદરનો. કેટલાકને તો એ સાંભળવા મળ્યો નથી, હજી કાને પડ્યો નથી. જૈન ધર્મ એટલે શું? જીતવું કહો કે ભેદજ્ઞાન કરવું કહો. સમજાણું?

'**સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ...**' સ્વ અને પરની ભિન્નતા એવી જ્ઞાનજ્યોતિ ચૈતન્ય સમ્યગ્દર્શનમાં પ્રગટ થાય છે. આહાહા..! એ કેવળજ્ઞાન એટલે મોક્ષ એની પ્રાપ્તિનો ઉપાય છે. સમજાણું કાંઈ? '**એ પ્રમાણે ભેદજ્ઞાનજ્યોતિ જ...**' ભાઈએ ખુલાસો કર્યો. છોટાભાઈને? છોટાલાલ ગુલાબચંદ. ગુલાબચંદને? અર્થ એણે ભર્યા છે. '**એ પ્રમાણે ભેદજ્ઞાનજ્યોતિ જ...**' આ તો એકાંત કરી નાખ્યું, લ્યો. જે વ્યવહાર કહે છેને દયા, દાન ને વ્રત ને ભક્તિ ને તપ ને તપસ્યા ને એ તો બધો વિકલ્પ છે, રાગ છે. એ માને છે કે આ મારી તપસ્યા છે અને મારો .. એ વિકલ્પ છે. એનાથી ભિન્ન પડેલું જ્ઞાન. એને રાખીને કેવળજ્ઞાન થાય કે એનાથી થાય (એમ નથી). એનાથી જુદો પડીને (થાય). આહાહા..! અપૂર્વ વાત છે, બાપુ! અચિંત્ય અને અપૂર્વ સ્વરૂપ છે એનું. પરથી ભિન્ન પડીને સ્વમાં એકાગ્ર થવું, સ્વ જેને કહીએ

આત્મા, આનંદ અને જ્ઞાન, એમાં એકાગ્ર થવું અને રાગથી અભાવ રૂપે પરિણમવું એવી ભેદજ્ઞાન જ્યોતિ, કેવળજ્ઞાન પ્રગટ કરવાનો એક ઉપાય છે. આ માર્ગ છે વીતરાગનો. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ આમ ફરમાવે છે. આહાહા..! એને નામે અત્યારે એટલા ગોટા ચાલ્યા છે. બિચારાને ખબર ન મળે. વાડામાં પડ્યા મુંઝાઈને. પ્રેમચંદભાઈ! પ્રેમચંદભાઈ કહેતા હતા બિચારા આ ૭૦ વર્ષ-૭૧ વર્ષ પાણીમાં ગયા તમારા, આ ભાન વિના. ત્યાં તો શેઠિયામાં ગણાતા. બાપ કાકા ને. એના કાકાને ઘરે આવ્યા છે ને એ? ..ભાઈના. આહાહા..!

અરે..! ભાઈ! વીતરાગ માર્ગ બાપુ! પોતામાંથી પ્રગટ થાય કે પરથી થાય? પોતે કોણ છે એને જાણ્યા વિના શેમાંથી આવે એ વાત? પોતે ભગવાનસ્વરૂપે ચૈતન્ય પરમાત્મા પોતે જ આત્મા પરમાત્મા છે. પરમ આત્મા એટલે પરમ સ્વરૂપે બિરાજમાન પ્રભુ છે. આહાહા..! એની અંતરમાં રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાનની જ્યોતિ પ્રગટ થવી, એ ભેદજ્ઞાનજ્યોતિ જ મોક્ષનો ઉપાય છે. અહીં તો ઉપાયથી ઉપેય મળે એમ કહેવું છે ને? સમજાણું કાંઈ?

પ્રવચનાસારમાં ૧૦૧ ગાથામાં કહ્યું એ બીજી રીત છે. ત્યાં તો મોક્ષની પર્યાય જે ઉત્પન્ન થાય કેવળજ્ઞાનની એ પોતાથી થાય છે. એ પૂર્વના ભેદજ્ઞાનથી પણ નહિ. આહાહા..! ભેદજ્ઞાનની દશા જે મોક્ષમાર્ગની પર્યાય એનો વ્યય થાય છે. એ વ્યયને કારણે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે એમ પણ નથી. આહાહા..! આવો માર્ગ વીતરાગનો ક્યાંય છે નહિ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ પરમાત્માનું આ કથન અને આ પ્રવચનનો આ સાર છે. આ સિદ્ધાંતનો આ સાર છે.

અમારે હીરાજી મહારાજ કહેતા બિચારા, '**अहिंसा समयं चेव एयावत्त वियाणिया एवं खु णाणिणो सारं जं न हिंसइ किंचणम**' બહુ કષાય મંદ હતો. સ્થાનકવાસીમાં એવી ક્રિયા નહોતી એવી એની ક્રિયા હતી. હતા ગરીબ માણસમાંથી થયેલા પણ પછી થોરે કેળુ થયું. બહુ શાંત. જોયેલા તમે? નહિ જોયા. (સંવત) ૧૯૭૪માં તો ગુજરી ગયા. મનુભાઈએ તો ક્યાંથી જોયા હોય? બાબુભાઈએ જોયા નથી તો. ૭૪માં ગુજરી ગયા. એ તો આમ કહેતા હતા, હોં! હજારો માણસ એનું વ્યાખ્યાન સાંભળે મોરલીની જેમ. ભાઈએ તો જોયા હતા, નહિ? ૭૧માં.

મુમુક્ષુ :- રાજકોટ આવ્યા હતા.

ઉત્તર :- રાજકોટ આવ્યા હતા ૭૧માં. ઠાકરશીભાઈએ વિનંતી કરી. ૭૧ની સાલમાં ચોમાસાની. શાંત. પણ આ એની શ્રદ્ધા. '**एवं खु णाणिणो सारं**'-જ્ઞાનીનો એ સાર છે કે '**जं न हिंसइ किंचणम**' કોઈ પણ પ્રાણીને ન હણવો એ જ્ઞાનીનો સાર છે. આ એમ કહેતા. '**अहिंसा समयं चेव**' કોઈ પણ પ્રાણીને ન મારવો એ સિદ્ધાંતનો સાર છે. '**एयावत्त**

वियाणिया' એ જાણ્યું એણે બધું જાણ્યું. શાંતિથી કહેતા, ધીમેથી. પણ ખબર નહિ વસ્તુની. શું કરે? આહાહા..! પોપટભાઈ! જોયા હતા? તમે નહિ જોયા હોય. ઘણાં વર્ષ થઈ ગયા. ૭૪માં ગુજરી ગયા. ૭૪. ૨૬ અને ૩૦. આ તો હવે ૩૧ થયા ને? ૫૭ વર્ષ થઈ ગયા ગુજરી ગયા. આહાહા..!

અહીં કહે છે કે સર્વજ્ઞના સિદ્ધાંતનો એ સાર છે કે... આહાહા..! એય..! મલૂકચંદભાઈ! તમે તો સાંભળ્યા હતા. તમે પણ જોયા હશે. અહીં તો કહે છે કે વસ્તુ સ્વભાવ જે પૂર્ણાનંદ જ્ઞાનસ્વરૂપ છે, એને રાગના વિકલ્પથી ભિન્ન પાડીને જે ભેદજ્ઞાન અથવા સ્વરૂપનું અભેદજ્ઞાન (અને) રાગથી ભેદજ્ઞાન... આહાહા..! એ સિદ્ધાંતનો સાર અને એ મોક્ષમાર્ગ છે. પરને મારવા ન મારવાની ક્રિયા આત્મા કરી શકતો નથી. આહાહા..! પરને મારવું એમ માની શકે એ પણ મિથ્યાદૃષ્ટિ છે. જૈનની એને ખબર નથી. પરની દયા પાળી શકું છું એ પણ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની (છે), જૈન નથી. આહાહા..! કારણ કે પરપદાર્થની અવસ્થાનું થવું, એ આત્માથી થાય એમ માનતા, જેમ ઈશ્વર જગતનો કર્તા માને છે એમ આણે પરની દયા પાળી શકું માન્યું, બેની શ્રદ્ધા એક જ સરખી છે. આવે છે ને ભાઈ? ત્યાં છ કાયનું ફળ સર્વવિશુદ્ધમાં આવે છે ને. ઈશ્વર કર્તા માને છે અને આ છ કાયના જીવની હું રક્ષા કરી શકું એમ માને એ બેય એકસરખા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**એ પ્રમાણે ભેદજ્ઞાનજ્યોતિ જ કેવળજ્ઞાન પ્રગટ કરવાનું સાધન (ઉપાય) છે.**'

'**સ્વ-પરનું-જીવ-અજીવનું ભેદજ્ઞાન**' એટલે શું કહે છે હવે? '**પ્રથમ તો દુઃખ દૂર કરવા માટે સ્વ-પરનું જ્ઞાન અવશ્ય જોઈએ. કારણ કે સ્વ-પરનું જ્ઞાન જો ન હોય તો પોતાને ઓળખ્યા વિના પોતાનું દુઃખ તે કેવી રીતે દૂર કરે?**' આહાહા..! પોતે જે દુઃખસ્વરૂપ છે એમ માને એ દુઃખને કેમ ટાળી શખે? પણ આત્મા દુઃખના ભાવરહિત આત્મા છે, દુઃખની દશા એટલે રાગની દશા, વિકલ્પની દશા, એ દુઃખદશા એનાથી ભગવાન રહિત છે. એવા જો સ્વને જાણે તો પરને ટાળવાનો ઉપાય ત્યાં રહે. દુઃખને નાશ કરવાનો ઉપાય રહે. પણ દુઃખ રાગ અને પોતે-બે (એકપણે) પોતાને માને તો તો પરને ટાળવાનું રહ્યું નહિ ત્યાં. એ તો પોતે છે એમ માન્યું એણે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પોતાનું દુઃખ દૂર કરવા અર્થે પરનો ઉપચાર કરે...**' લ્યો! પોતાને ઓળખ્યા વિના '**પોતાનું દુઃખ કેવી રીતે દૂર થાય?**' '**અથવા સ્વ-પરને એકરૂપ જાણી...**' જોયું! રાગ અને આત્મા બેને એક જાણ્યા. '**પોતાનું દુઃખ દૂર કરવા અર્થે પરનો ઉપચાર કરે...**' આહાહા..! રાગની સંભાળ કરે. એ વૃત્તિનું ઉત્થાન થાય છે આ કરવું... આ કરવું.. દયા પાળું... વ્રત પાળું... અપવાસ કરું એ તો બધું વૃત્તિનું ઉત્થાન છે, રાગ છે, એ તો

પર છે. આહાહા..!

**'સ્વ-પરને એકરૂપ જાણી પોતાનું દુઃખ દૂર કરવા અર્થે પરનો ઉપચાર કરે...'** કેમ કે પરથી જુદો જાણે નહિ અને પરને અને પોતાને એક માને તો પરનો ઉપચાર કરે. **'તેથી પોતાનું દુઃખ કેવી રીતે દૂર થાય?'** બહુ સાદી ભાષામાં **'અથવા પોતાથી ભિન્ન એવા પરમાં આ જીવ અહંકાર-મમકાર કરે...'** પોતાનો આનંદ અને જ્ઞાનસ્વભાવ છે એમ ન જાણે અને રાગમાં અહંકાર કરે, રાગ વિકલ્પ ઉઠે એ પણ હું છું. આહાહા..! એ હું છું અને એ મારા છે. એમ અહંકાર-મમકાર. દયાનો, દાનનો, વ્રતનો, વિકલ્પ અપવાસનો એ તો વિકલ્પ છે. આમ કરું, અપવાસ કરું, આમ કરું, તેમ કરું. એ વિકલ્પને પોતાના જાણે, જુદા ન માને તો એને જ રાખવા મથે. આહાહા..! કહો, જેઠાભાઈ! આવી વસ્તુ બહુ ઝીણું. આમાં કોઈની સાથે ચર્ચા કરે તો પાર આવે એવું નથી. આહાહા..!

**'અથવા પોતાથી ભિન્ન એવા પરમાં આ જીવ અહંકાર-મમકાર કરે તો તેથી દુઃખ જ થાય.'** રાગનો વિકલ્પ, પુણ્યનો વિકલ્પ, દયા-દાનનો વિકલ્પ એ પોતાનો માને અને હું એનો અને એ મારા, એ તો દુઃખ જ થાય, મિથ્યાત્વ થાય. મિથ્યાત્વ થાય એટલે દુઃખ જ થાય. આહાહા..! **'માટે સ્વ-પરનું જ્ઞાન થતાં દુઃખ દૂર થાય છે.'** સ્વ એટલે ચૈતન્યમૂર્તિ ભગવાન, પર એટલે વિકલ્પ અને રાગાદિ, શરીરાદિ, કર્માદિ બધું પર. બેનું ભેદજ્ઞાન થતાં દુઃખ દૂર થાય છે. આહાહા..!

**'હવે સ્વ-પરનું જ્ઞાન જીવ-અજીવનું જ્ઞાન થતાં જ થાય છે. કારણ કે પોતે જીવ છે તથા શરીરાદિક અજીવ છે.'** જડ છે. આની ક્રિયા આમ હાલ-ચાલ થાય, આમ થાય એ તો બધી જડની ક્રિયા છે. એને એમ માને કે મેં આમ શરીરને હલવ્યું, મેં બીજાની દયા પાળી, મેં જીવને બચાવ્યો. એ બધી ક્રિયા તો જડની છે. એને પોતાનું માન્યું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! માર્ગ વીતરાગનો કંઈક રહી ગયો અને લોકો બિચારા કંઈક રસ્તે ચડી ગયા. એમ જિંદગી વઈ ગઈ. આહાહા..!

**'જો લક્ષણાદિ વડે જીવ-અજીવની ઓળખાણ થાય...'** જીવનું લક્ષણ જાણવું-દેખવું, આનંદ, રાગનું લક્ષણ આકુળતા અને દુઃખ, શરીરાદિનું લક્ષણ અજીવ અને જડ. આહાહા..! એમ **'જો લક્ષણાદિ વડે જીવ-અજીવની ઓળખાણ થાય તો જ સ્વ-પરનું ભિન્નપણું ભાસે; માટે જીવ-અજીવ જાણવા જોઈએ...'** માટે જીવ અને અજીવ (જાણવા જોઈએ). મોક્ષમાર્ગ પ્રકાશક, ગુજરાતી આવૃત્તિ, પૃષ્ઠ-૮૨. એમાંથી નાખ્યું છે. હેઠે લખ્યું છે ને.

હવે **'ભેદજ્ઞાનની આવશ્યકતા'** અજીવ અને જીવની જુદાપણાની જરૂરિયાત. **'સર્વે**

દુઃખોનું મૂળ કારણ મિથ્યાદર્શન...' સર્વ દુઃખનું મૂળ કારણ મિથ્યા શ્રદ્ધા, મિથ્યા જ્ઞાન, મિથ્યા આચરણ. આહાહા..! 'એ સર્વે દુઃખોનો અભાવ કરવા માટે તેને બે પ્રકારનું ભેદજ્ઞાન કરાવવામાં આવે છે. '

'પહેલા પ્રકારનું ભેદજ્ઞાન'. 'જીવ પોતાના ગુણો અને પર્યાયોથી એક છે-' ભગવાન આત્મા જ્ઞાન-આનંદ ગુણો અને એની નિર્મળ પર્યાય, એનાથી એક છે. 'અભિન્ન છે...' એકત્વ-વિભક્ત કહ્યું છે ને? 'તથા પર દ્રવ્યો, તેના ગુણો અને પર્યાયોથી અત્યંત જુદો છે...' આહાહા..! રાગાદિ અને શરીરાદિની ક્રિયા અને પર્યાય એનાથી તદ્દન જુદો છે. 'અર્થાત્ જીવ...' અહીં પોતાને ચતુષ્ટયપણે સિદ્ધ કરવો છે ને? 'સ્વદ્રવ્યે...' ગુણ-પર્યાયનો પિંડ એ સ્વદ્રવ્ય. 'સ્વક્ષેત્રે...' અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્ર. 'સ્વકાળે...' એની સમયની પર્યાય 'સ્વભાવે,...' એના ત્રિકાળી શક્તિના ગુણો. આહાહા..! એવા 'સ્વદ્રવ્યે સ્વક્ષેત્રે સ્વકાળે અને સ્વભાવે, પર દ્રવ્યનાં દ્રવ્યક્ષેત્રકાળભાવથી અત્યંત જુદો છે.' આહાહા..! આ સપ્તભંગી પહેલી કરી. પોતાના દ્રવ્યક્ષેત્રકાળભાવથી અસ્તિ છે, પરના દ્રવ્યક્ષેત્રકાળભાવથી નાસ્તિ છે. પોતે ચૈતન્ય સ્વરૂપ છે એનું એ દ્રવ્યપણું ગુણ અને પર્યાયનો પિંડ. એનું ક્ષેત્રપણું અસંખ્ય પ્રદેશી, એનું કાળપણું વર્તમાન અવસ્થા, એનું ભાવપણું ત્રિકાળી શક્તિ. હવે આ પણ સાંભળ્યું ન હોય હવે એને જીવનું જ્ઞાન, અજીવનું જ્ઞાન. આહાહા..! સ્વક્ષેત્રપણે, સ્વવસ્તુપણે, સ્વકાળપણે, સ્વભાવપણે છે. અને પરકાળ શરીર, વાણી, મન, કર્મ અને રાગાદિ એના દ્રવ્યક્ષેત્રકાળભાવથી એ છે નહિ.

'તેથી તે અપેક્ષાએ પર દ્રવ્યો, તેના ગુણો...' તેની શક્તિ 'અને તેના પર્યાયો સાથેનો સંબંધ માત્ર વ્યવહારનયે સંયોગરૂપ કે નિમિત્તરૂપ છે...' લ્યો! 'એવું જ્ઞાન કરાવવામાં આવે છે.' આ પહેલું ભેદજ્ઞાન. 'આ દૃષ્ટિએ પર દ્રવ્યો સાથેનો સંબંધ અસદ્ભૂત-અસત્ય હોવાથી તે સંબંધીનું જ્ઞાન કરાવનારા નયને વ્યવહારનય કહેવામાં આવે છે...' આહાહા..! 'અને જીવના દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાના હોવાથી તે સદ્ભૂત-સત્ય હોવાથી તે સંબંધીનું જ્ઞાન કરાવનારા નયને નિશ્ચયનય કહેવામાં આવે છે.' પરદ્રવ્યથી ભિન્ન બતાવવું છે ને. સમજાણું કાંઈ?

'બીજા પ્રકારનું ભેદજ્ઞાન.' .. પ્રકારનું કહ્યું. 'પણ પહેલાં પ્રકારનું ભેદજ્ઞાન કરવા માત્રથી જ સમ્યગ્દર્શનજ્ઞાન થતું નથી.' કારણ કે પર્યાયની અશુદ્ધતાનું જ્ઞાન કરવું જોઈશે ને એને? 'અનાદિથી જીવનો પર્યાય અશુદ્ધ છે.' અનાદિ કાળથી કર્મના નિમિત્તના સંબંધમાં એની દશામાં મલિનતા છે-અશુદ્ધતા છે. પુણ્ય-પાપના ભાવની મલિનતા એની પર્યાયમાં છે. આહાહા..! 'તેને પોતામાં થતી હોવાની અપેક્ષાએ નિશ્ચયનયનો વિષય કહે છે,...'

જોયું! પોતામાં થાય છેને એ અપેક્ષાએ. **'તો પણ તે પરના આશ્રયે થતો હોવાથી તેને વ્યવહારનયનો પણ વિષય કહેવાય છે.'** આહાહા..! પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ એવા જે વિકલ્પો મલિન દશા એ એનામાં છે, એની છે એ અપેક્ષાએ નિશ્ચય કહેવાય છે. પણ ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ એ મલિનતાને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'વળી શુદ્ધ પર્યાયો પણ જીવનું ત્રિકાલી સ્વરૂપ નથી,...'** જોયું! શુદ્ધ પર્યાય નિર્મળ થાય, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની સ્વભાવને આશ્રયે થતી નિર્મળ દશા, એ પણ ત્રિકાળી સ્વરૂપ નથી, એક સમયની દશા છે એ તો. આહાહા..! **'તેમજ તેના આશ્રયે તથા ગુણભેદના આશ્રયે વિકલ્પ ઉત્પન્ન થાય છે...'** એક તો એક કહ્યું કે નિર્મળ દશા સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર જે દ્રવ્યને આશ્રયે થાય તેથી તે ત્રિકાલી સ્વરૂપ નથી. એક સમયની દશા છે. **'તેમજ તેના આશ્રયે...'** નિર્મળ પર્યાયનો (આશ્રય) કરવા જાય તો રાગ ઉઠે છે. આહાહા..! સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર જે પર્યાય નિર્મળ પ્રગટી એનો આશ્રય કરવા જાય તો પર્યાય છે તો રાગ ઉઠે છે. આ તો બહુ સરળ સીધું છે.

**'તેથી તેનો આશ્રય છોડાવવા માટે તેને પણ વ્યવહાર કહેવામાં આવે છે...'** મલિન પર્યાય અશુદ્ધ છે એ પોતાની છે એ અપેક્ષાએ નિશ્ચય કહ્યો પણ ત્રિકાળની અપેક્ષાએ એને વ્યવહાર કહ્યો. ઓલા સ્વભાવની અપેક્ષાએ. હવે નિર્મળ દશા થાય... આહાહા..! મોક્ષનો માર્ગ પ્રગટ થાય, રાગથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન અને જ્ઞાન સ્વભાવના અભિન્નપણાથી પ્રગટ થાય તે પણ એક સમયની પર્યાય છે. માટે પણ વ્યવહાર. અને એને આશ્રયે ઉઠે છે વિકલ્પ, પર્યાયના આશ્રયે લક્ષ કરે તો. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રનું લક્ષ કરે તો તો વિકલ્પ ઉઠે (પણ) નિર્મળ પર્યાયનું લક્ષ કરવા જાય એનો આશ્રય તો વિકલ્પ.. આશ્રય કરવા જાય તો વિકલ્પ ઉઠે. સમજાણું કાંઈ?

**'તેથી તેનો આશ્રય છોડાવવા માટે...'** પર્યાયની નિર્મળ દશાને **'પણ વ્યવહાર કહેવામાં આવે છે...'** આહાહા..! આમાં તો સાદી ભાષા છે, ગુજરાતી છે. આમાં કોઈને લેખા લખવા જેવા નથી. પણ એને દરકાર નહિ, દરકાર નહિ. આહાહા..! મારું શું થશે? હું ક્યાં છું? અને શું થઈ રહ્યું છે? એના ફળમાં-થઈ રહ્યા એના ફળમાં શું આવશે? આહાહા..! અહીં તો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ નિત્યાનંદ પ્રભુ, એનો આશ્રય લેવાથી ધર્મ થાય. માટે દ્રવ્યનો આશ્રય કરવો અને પર્યાયનો આશ્રય છોડવો. અશુદ્ધતા તો છોડવી પણ શુદ્ધ નિર્મળ દશા થાય એનો પણ આશ્રય છોડવો. આહાહા..! ધર્મ કરનાર જીવે ધર્મની પર્યાયનો પણ આશ્રય છોડવો એમ કહે છે. કેમ કે ધર્મની પર્યાય એક સમયની દશા છે. સમજાણું કાંઈ? એ ત્રિકાળી

સ્વરૂપ નથી.

**'અને જીવ દ્રવ્યનું ત્રિકાલી શુદ્ધસ્વરૂપ** કે જે **ધ્રુવ** છે તેને **નિશ્ચય** કહેવામાં આવે છે...' ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ, તે જ સત્યાર્થ છે, તે જ ભૂતાર્થ છે, તે જ છતું સત્ય નિશ્ચય છે. આહાહા..! સમજાણું કાંઈ? **'કેમ કે તેને આશ્રયે જ ધર્મની શરૂઆત-...'** નિત્ય ધ્રુવ સ્વરૂપ ભગવાન આત્મા એને આશ્રયે ધર્મ પ્રગટ થાય, તેની શરૂઆત થાય **'તેનું ટકવું-તેની વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.'** પૂર્ણ શુદ્ધ ધ્રુવ વસ્તુ એનો આશ્રય કરવાથી ધર્મની શરૂઆત થાય, એની વૃદ્ધિ થાય, એ ધર્મ ટકી રહે ત્રિકાળીને આશ્રયે. આહાહા..! **'અને પૂર્ણતા થાય છે.'** ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય નિત્યાનંદ સ્વરૂપ પ્રભુ, એનો આશ્રય કરતા સમ્યગ્દર્શન થાય છે અને તે ધર્મ તેના આશ્રયે ટકી રહે છે અને તેને ધ્રુવના આશ્રયે ધર્મની વૃદ્ધિ થાય છે અને તે ધ્રુવના આશ્રયે ધર્મની પરિપૂર્ણતા થાય છે. આ તો સાદી વાત છે. બહુ સાદી ભાષા છે.

મુમુક્ષુ :- ભાવ ઊંચા છે.

ઉત્તર :- ભલે ભાવ ગમે તે હોય. આહાહા..!

હવે કહે છે, **'સિદ્ધાત્માને નમસ્કાર શા માટે?'** સિદ્ધને નમસ્કાર કર્યોને પહેલો? કે **'સિદ્ધ ભગવંતો...'** સમયસારનો (આધાર આપે છે). **'સિદ્ધપણાને લીધે,...'** સર્વજ્ઞ પરમેશ્વર સિદ્ધ નમો સિદ્ધાણં. જેને પૂર્ણ આનંદની દશા, જ્ઞાનની દશા પૂર્ણ પ્રગટ થઈ. એવા જે સિદ્ધ ભગવાન-નમો સિદ્ધાણં, એને નમસ્કાર કેમ? શા માટે? **'સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા...'** સાધવો છે તે આત્મા. પૂર્ણ કરવો છે તો આત્માને ને? **'સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના (પ્રતિબિંબના) સ્થાને છે-'** હે સિદ્ધ ભગવાન! આપ પૂર્ણ છો. એમ ધ્વનિ ઉઠે તો સામો (ધ્વનિ) થાય કે હે આત્મા! તું પૂર્ણ છો. પ્રતિચ્છંદ-અવાજ આવેને સામો? પડઘો પડે. પ્રતિઘાત. હે પરમાત્મા! સિદ્ધા સિદ્ધિમ મમ્ દિસંત્તુ. આવે છે ને? સિદ્ધ પરમાત્મા કેવળજ્ઞાની પ્રભુ તમે પૂર્ણ છો. મને સિદ્ધપદ દેખાડો. સામો ધ્વનિ આવે છે, તું પૂર્ણ છો, તું સિદ્ધપદને જો. આહાહા..! મૂળ તો સમ્યગ્જ્ઞાન અને દર્શન વિના આ બધા ગોટા ઉઠ્યા. મૂળ પાડ્યો ખોટો અને પછી બધા ઉઠ્યા માથેથી, આ કર્યા ને તે કર્યા ને ધૂળ કરી. એમ ને એમ રખડપટ્ટી અનાદિથી રહી. મૂળ હાથ ન આવ્યું.

**'સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના (પ્રતિબિંબના) સ્થાને છે-જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને,...'** સિદ્ધ સમાન સદા પદ મેરો. આવે છે ને એ? 'ચેતન રૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.' હું તો ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ જ છું. જો સિદ્ધસ્વરૂપ ન હોય તો સિદ્ધની પર્યાય આવશે ક્યાંથી? ક્યાંય બહારથી આવવાની

છે? આહાહા..! ચોસઠપહોરી, લીંડીપીપરમાં ચોસઠપહોરી તીખાશ અંદર ભરી છે. તો એની દશામાં ચોસઠપહોરી તીખાશ બહાર આવે છે. એમ પૂર્ણ પરમાત્મ દશા આત્મામાં પડી છે. આહાહા..! તો એ પરમાત્મ પૂર્ણ દશા પ્રગટ થાય છે. આહાહા..!

એ સંસારી જીવ સિદ્ધ સમાન પોતાના સ્વરૂપને વિચારી, **'ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને,...'** હું પૂર્ણ શુદ્ધ સિદ્ધ સમાન છું એવી અંતર દૃષ્ટિ કરીને, એના સ્વરૂપનું ધ્યાન કરીને **'તેમના જેવા થઈ જાય છે...'** સિદ્ધનું ધ્યાન કરીને સિદ્ધ જેવા થઈ જાય છે. આહાહા..! હું સિદ્ધ છું એમ ધ્યાન કરીને, હોં! સિદ્ધ ઉપર લક્ષ રાખીને એમ નહિ.

મુમુક્ષુ :- એ સમાન પોતાનું સ્વરૂપ.

ઉત્તર :- હા. એમ. સિદ્ધ ઉપર લક્ષ રાખે કે આ સિદ્ધ છે એ તો વિકલ્પ છે. આહાહા..! પણ ઈ કહે છે ને કે સાધ્ય જે આત્મા. સિદ્ધ કરવો છે પૂર્ણ આત્માને, એવું જે સાધ્ય આત્મા, એના સ્થાને સિદ્ધ પરમાત્મા પ્રતિચ્છંદના સ્થાને છે. આહાહા..! એ સમયસારની ભાષા છે.

**'સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે...'** જોયું! શુદ્ધ પૂર્ણ પવિત્ર આત્મા તે સાધ્ય છે. ઉપાય ઉપેય આવે છે ને? ઉપેય કહો કે સાધ્ય કહો. શુદ્ધ આત્મા તે સંસારીનું સાધ્ય છે. પૂર્ણ શુદ્ધ પૂર્ણ પવિત્ર, પૂર્ણ કેવળજ્ઞાનાદિથી પ્રાપ્ત એવો જે શુદ્ધ આત્મા તે આત્માને સાધ્ય-પ્રગટ કરવા લાયક એ છે. **'સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે...'** સિદ્ધને તો વર્તમાન દશામાં જ પૂર્ણતા પ્રગટ થઈ ગઈ છે. સાક્ષાત્ છે. **'તેથી તેમને નમસ્કાર કરવો ઉચિત છે...'** તેથી તે સિદ્ધ ભગવાનને નમસ્કાર કરવો એ વ્યાજબી છે.

**'વળી શ્રી મોક્ષમાર્ગપ્રકાશક-ગુ. આવૃત્તિ પૃ.૩માં સિદ્ધ ભગવાનનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે-'** મોક્ષમાર્ગનો આધાર આપ્યો. **'જેના ધ્યાન વડે ભવ્ય જીવોને સ્વદ્રવ્ય-પરદ્રવ્યનું ઉપાધિક ભાવ...'** સિદ્ધમાં જે નથી તે મારામાં નથી એમ ઉપાધિકભાવનો ખ્યાલ આવે છે. સિદ્ધમાં નથી રાગ નથી, દયા, દાન, વ્રત, ભક્તિનો કાંઈ વિકલ્પ છે નહિ. તો હું પણ એના જેવો છું. મારામાં પણ એ છે નહિ. આહાહા..!

**'જેના ધ્યાન વડે ભવ્ય જીવોને સ્વદ્રવ્ય-પરદ્રવ્યનું ઉપાધિક ભાવ...'** સ્વદ્રવ્ય-પરદ્રવ્ય ઉપાધિકભાવ **'તથા સ્વભાવિક ભાવનું વિજ્ઞાન થાય છે, જે વડે પોતાને સિદ્ધ સમાન થવાનું સાધન થાય છે.'** જોયું! એનામાં રાગ નથી, પુણ્ય નથી, દયા, દાનના વ્રતનો વિકલ્પ નથી એને. એ તો ઉપાધિભાવ છે. એનો વિચાર કરતા એ ઉપાધિભાવ છે તો મારામાં પણ એ નથી. આહાહા..! માર્ગ એવો ઝીણોને. અંતર માર્ગ છે એને બહારથી

પકડવો છે માણસને. આહાહા..! આ ક્રિયાકાંડ કરી, આ કર્યું, તે કર્યું, વ્રત પાળ્યા, દયા પાળી. હવે ઓલા નીકળે છે ને દયા પાળવા? વહોરવા જાય તો કંદોઈની દુકાને.. દયા પાળી. દયા પાળી. સ્થાનકવાસીમાં બહુ થાય છે એવું. ઓલા મારવાડીઓ બહુ કરાવે. બધી ભ્રમણા. આ નિર્દોષ આહાર લેવા. કો'કને દયા પાળી. અરે..! ધૂળેય નથી દયા. તને દયાની ખબર નથી. એ વિકલ્પ છે એ તો ઉપાધિ છે. અને લઉં છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. પરવસ્તુને લઉં છું, પરવસ્તુની મેં દયા પાળી, રાખી એ મિથ્યાત્વભાવ છે. એ તો મિથ્યાત્વનું પોષણ છે, અધર્મનું પોષણ છે. શું થાય? ધર્મને બહાને ધર્મ માનીને લૂંટાય છે જીવ. એની એને ખબર નથી. હોંશથી, હરખથી લૂંટાય છે પાછા.

અહીં કહે છે કે સિદ્ધનું ધ્યાન કરે અને એના અંતર્મુખમાં સ્વ તરફ વાળે તો એમાં એને ઉપાધિનો ભાવ નથી તો મારામાં પણ નથી. એ કહ્યું ને? **'સ્વભાવિક ભાવનું વિજ્ઞાન થાય છે,...'** એનો સ્વભાવભાવ તો તદ્દન શુદ્ધ રહ્યો કેવળજ્ઞાનમય. તો મારો પણ એવો જ શુદ્ધ સ્વભાવ છે કેવળજ્ઞાનમય. આહાહા..! આ પુસ્તકો થોડા છે. ૧૫૦૦ છપાણાને ખલાસ થઈ ગયા. ઘણાં પાસે નથી. છપાઈ ગયા અને અપાઈ ગયા.

**'તેથી સાધવા યોગ્ય પોતાનું શુદ્ધ સ્વરૂપ,...'** સાધવા યોગ્ય તો પોતાનું શુદ્ધ સ્વરૂપ છે. પરિપૂર્ણ કેવળજ્ઞાન ને આનંદને પ્રાપ્ત કરવા યોગ્ય તો આત્મા પોતે છે. **'તેને દર્શાવવા માટે જે પ્રતિબિંબ સમાન છે'** (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧, શનિવાર તા. ૧૪-૧૨-૧૯૭૪**
**શ્લોક-૨, પ્રવચન-૪**

'અરિહંતાદિને એકદેશ સિદ્ધપણું પ્રગટ થયું છે,...' અરિહંત આચાર્ય ઉપાધ્યાય અને સાધુ એને પણ એકદેશ સિદ્ધપણું-વીતરાગતા પ્રગટ થઈ છે. **'માટે સિદ્ધ ભગવાનને નમસ્કાર કરતાં પંચ પરમેષ્ઠી ભગવંતોને પણ તેમાં નમસ્કાર આવી જાય છે. આ કારણથી શાસ્ત્રકર્તાએ મંગલાચરણમાં પ્રથમ સિદ્ધ ભગવાનને નમસ્કાર કર્યા છે.'** 'હવે ઉક્ત પ્રકારના સિદ્ધસ્વરૂપના તથા...' **'હવે ઉક્ત પ્રકારના સિદ્ધસ્વરૂપના તથા તેની પ્રાપ્તિના ઉપાયના ઉપદેશદાતા ઈષ્ટદેવતા વિશેષ સકલાત્મની (અરહંત ભગવાનની) સ્તુતિ કરતા કહે છે :-'**

---

अथोक्तप्रकारसिद्धस्वरूपस्य तत्प्राप्त्युपायस्य चोपदेष्टारं सकलात्मानमिष्टदेवताविशेषं स्तोतुमाह-

जयन्ति यस्यावदतोऽपि भारतीविभूतयस्तीर्थकृतोप्यनीहितुः।
शिवाय धात्रे सुगताय विष्णवे जिनाय तस्मै सकलात्मने नमः।।२।।

टीका :- यस्य भगवतो जयन्ति सर्वोत्कर्षेण वर्तन्ते। काः? भारतीविभूतयः भारत्याः वाण्याः विभूतयो बोधितसर्वात्महितत्त्वादिसम्पदः। कथंभूतस्यापि जयन्ति? अवदतो ऽपि ताल्वोष्ठपुटव्यापारेण वचनमनुच्चारयतोऽपि। उक्तं च-

''यत्सर्वात्महितं न वर्णसहितं न स्पंदितोष्ठद्वयं,
नो वांछाकलितं न दोषमलिनं न श्वासरुद्धक्रमं।
शान्तामर्षविषैः समं पशुगणैराकर्णितं कर्णिभिः,
तन्नः सर्वविदः प्रणष्टविपदः पायादपूर्वं वचः''।।१।।

अथवा भारती च विभूतयश्च छत्रत्रयादयः पुनरपि कथम्भूतस्य? तीर्थकृतोऽप्यनीहितुः ईहा वाञ्छा मोहनीयकर्मकार्यं, भगवति च तत्कर्मणः प्रक्षयात्तस्याः सद्भावानुपपत्तिरतोऽनीहितुरपि तत्करणेच्छारहितस्यापि, तीर्थकृतः संसारोरत्णहेतुभूतत्वात्तीर्थमिव तीर्थमागमः तत्कृतवतः। किं नाम्ने तस्मै सकलात्मने? शिवाय शिवं परमसौख्यं परमकल्याणं निर्वाणं चोच्यते तत्प्राप्ताय। धात्रे असिमषिकृष्यादिभिः सन्मार्गोपदेशकत्वेन च सकललोकाभ्युद्धारकाय। सुगताय शोभनं गतं ज्ञानं सय्यासौ सुगतः, सुष्ठु वा अपुनरावर्त्यगतिं गतं सम्पूर्णं वा अनंतचतुष्टयं

શ્લોક - ૨

અન્વયાર્થ :- (यस्य अनीहितुः अपि) જેમને ઈચ્છા પણ નથી, (अवदतः अपि) જેમને તાલુ, ઓષ્ઠાદિદ્વારા શબ્દોચ્ચારણ પણ નથી, (तीर्थकृतः) જેઓ તીર્થના કરનાર છે અને જેમની (भारतीविभूतयः) વાણીની (સર્વ પ્રાણીઓને હિત ઉપદેશવારૂપ) વિભૂતિએ (जयन्ति) જયવંત વર્તે છે, (तस्मै) તે (शिवाय) શિવને (धात्रे) વિધાતાને-બ્રહ્માને, (सुगताय) સુગતને, (विष्णवे) વિષ્ણુને, (जिनाय) જિનને અને (सकलात्मने) સશરીર શુદ્ધાત્માને (અરહંત પરમાત્માને) (नमः) નમસ્કાર હો.

ટીકા :- જે ભગવાનની જયવંત વર્તે છે અર્થાત્ સર્વોત્કર્ષરૂપે વર્તે છે-શું (જયવંત વર્તે છે)? ભારતીની વિભૂતિઓ-ભારતીની એટલે વાણીની અને વિભૂતિઓ એટલે સર્વ આત્માઓને હિતનો ઉપદેશ દેવો ઈત્યાદિરૂપ સંપદાઓ-(જયવંત વર્તે છે).

કેવા હોવા છતાં (તેમની વાણીની વિભૂતિઓ) જયવંત વર્તે છે? નહિ બોલતા હોવા છતાં અર્થાત્ તાલુ-ઓષ્ઠના સંપુટરૂપ (સંયોગસમ) વ્યાપારદ્વારા વચનોચ્ચાર કર્યા વિના પણ (તેમની વાણી પ્રવર્તે છે).

વળી કહ્યું છે કે -

''જે સર્વ આત્માઓને હિતરૂપ છે, વર્ણરહિત નિરક્ષરી છે, બંને હોઠના પરિસ્પંદન (હલન-ચલનરૂપ વ્યાપારથી) રહિત છે, વાંચ્છારહિત છે, કોઈ દોષથી મલિન નથી, તેના (ઉચ્ચારણમાં) શ્વાસનું રૂંધન નહિ હોવાથી અક્રમ (એક સાથે) છે અને જેને શાન્ત તથતા ક્રોધરૂપી વિષથી રહિત (મુનિગણ) સાથે પશુગણે પણ કર્ણ દ્વારા (પોતાની ભાષામાં) સાંભળી છે તે દુઃખવિનાશક સર્વજ્ઞની અપૂર્વ વાણી અમારી રક્ષા કરો.''

અથવા ''भारतीविभूतयः'' નો અર્થ 'ભારતી એટલે વાણી અને વિભૂતિઓ એટલે ત્રણ છત્રાદિ' એમ પણ થાય.

વળી કેવા ભગવાનની? તીર્થના કર્તા હોવા છતાં ઈચ્છા રહિતની-ઈહા એટલે વાંચ્છા જે મોહનીયકર્મનું કાર્ય છે, તે કર્મનો ભગવાનને ક્ષય હોવાથી તેમનામાં તેનો (વાંચ્છાનો) અસદ્‌ભાવ (અભાવ) છે; તેથી તેઓ ઈચ્છારહિત હોવા છતાં-તે કરવાની ઈચ્છાર હિત હોવા છતાં 'તીર્થકૃત' છે અર્થાત્ સંસારથી તારવાના (પાર કરાવવાના) કારણભૂતપણાને લીધે તીર્થ સમાન અર્થાત્ તીર્થ એટલે આગમ-તેના કરનાર છે-તેમની (વાણી જયવંત વર્તે છે).

---

૧. शिवं परमकल्याणं निर्वाणं शान्तमक्षयं।
प्राप्तं मुक्तिपदं येन स शिवः परिकीर्तितः।।

કેવા નામવાળા તેમને (નમસ્કાર)? સકલાત્માને, શિવને[1]-શિવ એટલે પરમ સુખ, પરમ કલ્યાણ અને જે નિર્વાણ કહેવાય છે તે જેમણે પ્રાપ્ત કર્યું તેવાને, 'ધાતાને'- અસિ-મસિ-કૃષિ આદિ દ્વારા સન્માર્ગના ઉપદેશક હોવાને કારણે જેઓ સકલ લોકના અભ્યુદ્ધારક (તારણહાર) છે તેમને, 'સુગતને'-સારું છે ગત એટલે જ્ઞાન જેમનું અથવા જે સારી રીતે અપુનરાવર્ત્યગતિને (મોક્ષને) પામ્યા છે તેમને, અથવા સંપૂર્ણ કે અનંતચતુષ્ટયને જેમણે પ્રાપ્ત કર્યું છે તેવા સુગતને, 'વિષ્ણુને[2]' જેઓ કેવળજ્ઞાન દ્વારા અશેષ (સમસ્ત) વસ્તુઓમાં વ્યાપ છે એવાને, 'જિન'[3]- અનેક ભવરૂપી અરણ્યને (વનને) પ્રાપ્ત કરાવવાના કારણભૂત કર્મશત્રુઓને જેમણે જીત્યા છે તે જિનને-એવા સકલાત્માને-કલ એઠલે શરીર સહિત જે વર્તે છે તે સકલ; અને સકલ અર્થાત્ સશરીર આત્માને તે 'સકલાત્મા'-તેમને નમસ્કાર હો! (૨)

ભાવાર્થ :- જેઓ તીર્થંર છે, શિવ છે, વિધાતા છે, સુગત છે, વિષ્ણુ છે તથા સમવસરણાદિ વૈભવ સહિત છે અને ભવ્ય જીવોને કલ્યાણરૂપ જેમની દિવ્ય વાણી (દિવ્ય ધ્વનિ) મુખેથી નહિ પણ સર્વાંગેથી ઈચ્છા વગર છૂટે છે અને જયવંત વર્તે છે તે સશરીર શુદ્ધાત્માને અીથાત્ જીવનમુક્ત અરહંત પરમાત્માને અહીં નમસ્કાર કર્યા છે.

આ પણ માંગલિક શ્લોક છે. તેમાં ગ્રન્થકારે શ્રી અરહંત ભગવાનને અને તેમની દિવ્ય ધ્વનિને નમસ્કાર કર્યા છે.

### શ્રી અરહંત દેવ કેવા છે?

તાળુ-ઓષ્ઠ વગેરેની ક્રિયારહિત અને ઈચ્છારહિત તેમની વાણી જયવંત વર્તે છે, તેઓ તીર્થના કર્તા છે અર્થાત્ જીવોને મોક્ષનો માર્ગ બતાવનારા છે- 'હિતોપદેશી છે, તેમને મોહના અભાવને લીધે કોઈપણ પ્રકારની ઈચ્છા શેષ રહી નથી અર્થાત્ તેઓ વીતરાગ છે અને જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિયાં કર્મોનો નાશ થવાથી તેમને અનંતજ્ઞાનાદિ ગુણો પ્રગટ થયા છે અર્થાત્ તેઓ સર્વજ્ઞ છે.'

વળી તેઓ શિવ છે, ધાતા છે, સુગત છે, વિષ્ણુ છે, જિન છે અને સકલાત્મા છે. આ બધાં તેમનાં ગુણવાચક નામો છે.

---

૨. विश्वं हि द्रव्यपर्याये विश्वं त्रैलोक्यगोचरम्।
व्याप्तं ज्ञानत्विषा येन स विष्णुर्व्यापको जगत्।। (आप्तस्वरूपः)

३. रागद्वेषादयो येन जिताः कर्म-महाभटाः।
कालचक्रविनिर्मुक्तः स जिनः परिकीर्तितः।।२१।। (आप्तस्वरूपः)

## ભગવાનની વાણી કેવી છે?

તે દિવ્ય વાણી છે. તે ભગવાનના સર્વાંગેથી ઈચ્છા વિના છૂટે છે, સર્વ પ્રાણીઓને હિતરૂપ છે અને નિરક્ષરી છે.

વળી ભગવાનના દિવ્યધ્વનિને દેવ, મનુષ્ય, તિર્યંચાદિ સર્વ જીવો પોતપોતાની ભાષામાં પોતાના જ્ઞાનની યોગ્યતાનુસાર સમજે છે. તે નિરક્ષર ધ્વનિને 'ૐકાર ધ્વનિ' કહે છે. શ્રોતાઓના કર્ણપ્રદેશ સુધી તે ધ્વનિ ન પહોંચે ત્યાં સુધી તે અનક્ષર જ છે અને જ્યારે તે શ્રોતાઓના કર્ણો વિષે પ્રાપ્ત થાય છે ત્યારે તે અક્ષરરૂપ થાય છે.[૪]

''...જેમ સૂર્યને એવી ઈચ્છા નથી કે હું માર્ગ પ્રકાશું પરંતુ સ્વાભાવિક જ તેના કિરણો ફેલાય છે, જેથી માર્ગનું પ્રકાશન થાય છે, તે જ પ્રમાણે શ્રી વીતરાગ કેવલી ભગવાનને એવી ઈચ્છા નથી કે અમે મોક્ષમાર્ગને પ્રકાશિત કરીએ, પરંતુ સ્વાભાવિકપણે જ અઘાતિકર્મના ઉદયથી તેમના શરીરરૂપ પુદ્ગલો દિવ્યધ્વનિરૂપ પરિણમે છે, જેનાથી મોક્ષમાર્ગનું સહજ પ્રકાશન થાય છે...''[૫]

ભગવાનની દિવ્ય ધ્વનિ દ્રવ્યશ્રુત વચનરૂપ છે. તે સરસ્વતીની મૂર્તિ છે, કારણ કે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે પરોક્ષ બતાવે છે. કેવળજ્ઞાન અનંત ધર્મસહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે, તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે. આ રીતે સર્વ પદાર્થોનાં તત્ત્વને જણાવનારી જ્ઞાનરૂપ અને વચનરૂપ અનેકાન્તમયી સરસ્વતીની મૂર્તિ છે. સરસ્વતીનાં વાણી, ભારતી, શારદા, વાગ્દેવી, ઈત્યાદિ ઘણા નામ છે.[૬]

## શ્લોક-૨ ઉપર પ્રવચન

जयन्ति यस्यावदतोऽपि भारतीविभूतयस्तीर्थकृतोप्यनीहितुः।
शिवाय धात्रे सुगताय विष्णवे जिनाय तस्मै सकलात्मने नमः।।२।।

'અન્વયાર્થ :- જેમને ઈચ્છા પણ નથી,...' ભગવાન અરિહંતને ઈચ્છા નથી બોલવાની. ભગવાન બોલે છે એને ઈચ્છા હોતી નથી. 'જેમને તાલુ, ઓષ્ઠાદિ દ્વારા શબ્દોચ્ચારણ પણ નથી,...' અવાજ થાય આ તાલુને અડીને એવું ભગવાનને નથી. આહાહા..! 'तीर्थकृत' 'જેઓ તીર્થના કરનાર છે અને જેમની...' 'भारतीविभूतयः' ભારતી નામ 'વાણીની

૪. જુઓ : ગોમ્મટસાર-જીવકાંડ ગાથા ૨૨૭ની ટીકા.
૫. જુઓ : મોક્ષમાર્ગપ્રકાશક-ગુ. આવૃત્તિ પૃ.૨૦-૨૧.
૬. જુઓ : શ્રી સમયસાર-ગુ. આવૃત્તિ પૃ.૪.

**(સર્વ પ્રાણીઓને હિત ઉપદેશવારૂપ) વિભૂતિઓ જયવંત વર્તે છે, તે શિવને...'** આવા શિવને, હોં! **'વિધાતાને-બ્રહ્માને...'** પણ આ બ્રહ્માને. એનો અર્થ કરશે. જગતના કર્તા બ્રહ્મા ને વિધાતા ને શિવ એ નહિ. જેને વીતરાગતા પ્રગટ થઈ છે. પૂર્ણ આનંદની શાંતિ સમાધિ પ્રગટ થઈ છે, એને ભાષાની વિભૂતિઓ હોય છે. એ જીવને શિવ કહીએ, એ જીવને શિવ કહીએ. શંકર. એને વિધાતા-બ્રહ્મા કહીએ. એને **'સુગતને,...'** બૌદ્ધ. **'વિષ્ણુને, જિનને...'** **'सकलात्मन'** **'સશરીર શુદ્ધાત્માને (અરહંત પરમાત્મા)...'** વાત છે. સકલ આત્મા છે ને? સકલ એટલે શરીરસહિત. સકલ-શરીર સહિત અરિહંતદેવને **'સશરીર શુદ્ધાત્માને (અરહંત પરમાત્માને) નમસ્કાર હો.'** પણ આવાને. દુનિયા જે શિવ ને શંકર ને વિધાતા ને બુદ્ધ ને કહે છે એ નહિ. આમાં એ લગાડી દે છે કેટલાક કે જુઓ! આ બધા શિવ ને શંકર બધાને નમસ્કાર કર્યો છે.

**'ટીકા :- જે ભગવાનની જયવંત વર્તે છે અર્થાત્ સર્વોત્કર્ષરૂપે વર્તે છે-શું (જયવંત વર્તે છે)? ભારતીની વિભૂતિઓ-ભારતીની એટલે વાણીની વિભૂતિઓ એટલે સર્વ આત્માઓને હિત ઉપદેશ દેવો ઈત્યાદિરૂપ સંપદાઓ-'** જે સમજવા લાયક જીવ છે એ સર્વ જીવોને હિતપણાદિરૂપ સંપદાઓ **'(જયવંત વર્તે છે).'** આહાહા..! એ વાણી જયવંત વર્તે છે એમ કહે છે. ભગવાન આવા છે પરમાત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, એની વાણી સમજનાર પ્રાણી માટે જયવંત વર્તે છે, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- પુદ્‌ગલમાં પણ જયવંત?

ઉત્તર :- એ વાણી છેને, નિમિત્ત છેને એ. એ વાણીનો પ્રવાહ જયવંત છે. આહાહા..!

જે પોતે સમજે છે. એમ કહ્યું ને ત્યાં? બોધિત. વિભૂતિઓ એટલે બોધિત સર્વ જીવોને. સમજનાર સર્વ જીવોને હિતપણારૂપ તે વાણી છે એમ કહે છે. આહાહા..! નિમિત્તથી કથન આવે ત્યારે તો એ આવે ને. આમ તો સમજે છે એ આત્મા પોતાની જ્ઞાનપર્યાય, પોતાના ધ્રુવ પર્યાયના આશ્રયે સમજે છે. પણ બાહ્ય નિમિત્ત.. અંતરંગ સાધન તો એ છે. આવ્યું હતું ને સવારમાં? બાહ્ય નિમિત્ત પણ એક સાધન છે. ઈ છે એટલી હયાતી. આહાહા..!

મુમુક્ષુ :- સાધન કાંઈક કામ કરતું હશે ત્યારે ... કાંઈ કરે નહિ એને સાધન કહેવું?

ઉત્તર :- કરતું કાંઈ નથી એને સાધન કહે છે. એ જ વાત છેને ઝીણી. અનેકાંત વાણીની વિવિધતા.

**'સર્વ આત્માને હિતનો ઉપદેશ દેવો ઈત્યાદિરૂપ સંપદાઓ (જયવંત વર્તે છે).'** જીવોને હિતપણારૂપ સંપદા છે વિભૂતિ. આહાહા..! વાણી. એ જયવંત વર્તે છે. કથન શૈલી એવી હોય છે વ્યવહારની. એનો અર્થ ન સમજે તો ગોટો ઉઠે. અહીં તો પરમાત્મા તો

એમ કહે, તેથી જરી જોયું હતું પેલું, જરી આનું ધર્મલબ્ધિ કાળ. સવારની શૈલી છે ને એ. એને ધર્મની ઉત્પત્તિનો સ્વકાળ હોય છે. આહાહા..! જીવને-સમજનારને એને અંતરમાં દ્રવ્ય સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ધર્મ, એનો લબ્ધિનો કાળ હોય છે. તે તેને કાળે તે જન્મક્ષણ ધર્મની ઉત્પત્તિનો એ કાળ છે. આહાહા..! એનું અંતરંગ સાધન તો દ્રવ્ય સ્વભાવ છે. એટલું પણ એ ધર્મની લબ્ધિકાળ હોય ત્યારે. આહાહા..! બહુ ઝીણી વાત છે. બધા જીવોનો તે તે ધર્મ કે અધર્મ કે રાગ કે અજ્ઞાન એનો ઉત્પત્તિનો કાળ છે એનો. આહાહા..!

મુમુક્ષુ :- જન્મક્ષણ છે.

ઉત્તર :- જન્મક્ષણ છે. એનું અંતરંગ સાધન તો આત્મા છે. આહાહા..! રાગ થાય એ પણ ત્યાં આત્માને આશ્રયે થાય છે. એ કાંઈ પરને આશ્રયે થતો નથી. એ આવે છે. આહાહા..! અને ધર્મની દશા થાય એ પણ સ્વને આશ્રયે, સ્વના સાધનથી થાય છે. અને તે તેનો એ કાળ હોય છે. આહાહા..! સમજાણું કાંઈ?

છએ દ્રવ્યનો જે સમયે પર્યાય થવાનો તે તેનો લબ્ધિકાળ છે. આહાહા..! છએ દ્રવ્ય એની જે ક્ષણે વર્તમાન દશા ઉત્પન્ન થાય એનો એ સ્વકાળ છે. આહાહા..! અહીંયાં ધર્મલબ્ધિકાળ. જેને એ ક્ષણમાં ધર્મની ઉત્પત્તિ થવાની છે તે ક્ષણ એનો જન્મ-ઉત્પત્તિ કાળ છે અને એનું સાધન અંતરંગ પ્રભુ છે. આહાહા..! ત્યારે બહારની વાણી એને હિત ઉપદેશનું નિમિત્ત છે. એમ એને વ્યવહારે આરોપિત (સાધન કહેવાય છે). આરોપિત તો અંદરને પણ આરોપિત કહ્યું છે. અંતરંગ સાધન આરોપિત છે. ધર્મકાળની દશામાં અંતરંગ સાધનનો આરોપ છે કે આત્માથી એ થયું. અંતર સાધનથી. આહાહા..! સમજાણું કાંઈ? અને બાહ્યના નિમિત્તને આરોપિત સાધન કહેવામાં આવે છે. આમાં ઝઘડા બહુ. એનાથી થાય, એમ નથી. કેમ કે ધર્મકાળ સ્વકાળ પોતાનો છે એ પોતાથી થાય છે. પરને નિમિત્તને સાધન કહ્યું એનો સ્વકાળ છે એનામાં. એનો આમાં અભાવ છે. સમજાણું કાંઈ? છતાં એને આરોપિત બાહ્ય સાધન કહેવામાં આવે છે. આહાહા..! શાસ્ત્રના અર્થ કરવામાં પણ મોટો ગોટો ઉઠે છે.

અહીં કહે કે એની વાણી આ હિતોપદેશમાં નિમિત્ત સાધન છે બહારનું. સાધન અંતરનું જે સમયે કરે છે ત્યારે તે સમયે બાહ્ય સાધનને આરોપિત કહેવામાં આવે છે. આ સાધન છે એવો આરોપ કરવામાં આવે છે. કહો, મહેન્દ્રભાઈ! આવી વાતું બહુ ઝીણી.

'**કેવા હોવા છતાં (તેમની વાણીની વિભૂતિઓ) જયવંત વર્તે છે?**' છે? ઓલી કોર છે. '**કેવા હોવા છતાં (તેમની વાણીની વિભૂતિઓ)...**' આહાહા..! ૐ ધ્વનિ છૂટે. '**નહિ બોલતા હોવા છતાં...**' ભગવાન બોલતા નથી. આહાહા..! બોલે એ તો

જડની ભાષા છે. ભગવાન બોલતા નથી. આહાહા..! '**નહિ બોલતા હોવા છતાં અર્થાત્ તાલુ-ઓષ્ઠના સંપુટરૂપ (સંયોગસમ) વ્યાપાર દ્વારા...**' તાલુ અને હોઠનો સંયોગ, સંપુટ એટલે. '**વ્યાપાર દ્વારા વચનોચ્ચાર કર્યા વિના...**' આમ ભાષાના જ્યાં વચન કહેવાય એવા વચનોચ્ચાર કર્યા વિના. એ પંચાસ્તિકાયની ટીકામાં છે. એમાંથી લીધું છે. '**પણ (તેમની વાણી પ્રવર્તે છે).**'

'**વળી કહ્યું છે કે-જે સર્વ આત્માઓને હિતરૂપ છે,...**' દેખો! જે વાણી સર્વ આત્માઓને હિતરૂપ છે. નિમિત્તથી કથન છે. હિતરૂપ તો એનો ધર્મપર્યાય, સ્વભાવ તે હિતરૂપ છે. આહાહા..! '**વર્ણરહિત નિરક્ષરી છે,...**' એ વાણીમાં વર્ણાત્મક અક્ષર બોલાય એમ નથી. નિરક્ષરી હોય છે ૐ ધ્વનિ. હોઠ બંધ હોય છે. તાળવું કંપતું નથી છતાં નિરક્ષરી વાણી, અક્ષરોનો સમુદાય જેમાં છે એવી નહિ. નિરક્ષરી ૐ ધ્વનિ છૂટે છે. આહાહા..! '**બંને હોઠના પરિસ્પંદન (હલન-ચલનરૂપ વ્યાપારથી) રહિત છે,...**' આમ જે આ હલે છે હોઠ, એમ ભગવાનને હોઠ હલતા નથી. આ, ક, કા, ક એમ અહીં તો હોઠ હલે છે ને? અંદર કંઠ હલે. શું કહેવાય? પંચ હોઠસ્થ શું? કંઠસ્થાનીય. કંઠ સ્થાનીય, તાલુ સ્થાનીય, હોઠ સ્થાનીય આવે છે ને? ભણવામાં આવતું ઈ. ક, ખ, ગ, ઘ. ક, ખ, ગ એ અહીંથી. ત, થ એ તાલુમાંથી, પ, ફ, બ અહીંથી. પ, ફ, બ, ભ, ભુ, પા, ભુ, પા, ભુ, પા એટલે અહીંથી હોઠથી. એને કાંઈ કંઠનો ઓલો નથી. ભુ. ભુ, પા, ભુ, પા. એમ શીખવ્યું છે ને નિશાળમાં? એ બધી શૈલી છે એની. હોઠમાંથી બોલાય એ પહેલું એને શીખવે. પછી કંઠ, તાલુ એવા એના બોલો છે. આહાહા..!

કહે છે કે '**બંને હોઠના પરિસ્પંદન રહિત છે,...**' વીતરાગની સર્વજ્ઞની વાણી.. આહાહા..! ધ્વનિ ઉઠે છે-અવાજ, એ બે હોઠના કંપન્ન વિનાની વાણી છે. આહાહા..! હોઠ બંધ હોય છે છતાં આખા શરીરમાંથી અવાજ ઉઠે છે. વાત બધી જુદી જાત છે, ભાઈ! '**વાંછારહિત છે,...**' ઈચ્છા વિના એ વાણી નીકળે છે. ઈચ્છા નથી કે હું બોલું અને દુનિયાને સમજાવું. એવી ભગવાનને ઈચ્છા નથી. એ તો વીતરાગ છે, સર્વજ્ઞ છે. આહાહા..! ઓલા કહે છે ને કેટલાક? ચાલ્યું છે ને અત્યારે (સંવત) ૨૦૦૬ની સાલમાં. કેવળી પહેલા સમયે વર્ગણાને ગ્રહે છે, બીજે સમયે ભાષા નીકળે છે.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં એવું આવે છે.

ઉત્તર :- આવે એ શાસ્ત્ર સાચા નથી. એ ત્યાં બોલાણું હતું પાલીતાણા. ૨૦૦૬ સાલ. જુઓ! આ કહે છે એમ ન હોય. વચનવર્ગણા પહેલે સમયે ગ્રહે, બીજે સમયે બોલે એ ભાષા નીકળે. અરે..! ભાઈ! આહાહા..! એમ છે જ નહિ. એને વાણીની ઉત્પત્તિમાં હોઠનું

હલવું અને કંપન ને ઈચ્છા એ છે જ નહિ. આહાહા..! એને વાણીને કારણે વાણીની પર્યાય તે કાળે છૂટે છે. એ એનો વૈભવ છે. એ વાણીનો વૈભવ છે. આહાહા..! ચૈતન્યનો વૈભવ તો અંદરમાં જ્ઞાન-દર્શન અને આનંદ છે.

'**વાંછારહિત છે, કોઈ દોષથી મલિન નથી,...**' એ વાણીમાં કોઈ દોષ અને મલિનપણું છે નહિ. નિર્દોષ વાણી. વાણી નિર્દોષ! દેખો તો ખરા. નિર્દોષ પરમાત્માના મુખથી નીકળે એમ કહેવાય. પંચાસ્તિકાયમાં આવ્યું છે ને? મુખથી નીકળે છે. લોકો એમ સમજેને એ અપેક્ષાએ કહ્યું છે. પંચાસ્તિકાયમાં કહ્યું છે, મુખથી નીકળે. મૂળ તો આખા શરીરથી (નીકળે છે). આહાહા..! પૂર્વે ભાષા પર્યાપ્તિ બાંધી છે તેથી નીકળે એમ પણ કહેવું એ વ્યવહારની વાત છે. આહાહા..! તે સમયના ભાષાના રજકણો ભાષાપણે, શબ્દપણે પરિણમે છે. એમાં વીતરાગની ઈચ્છા નથી અને એ ભાષામાં સદોષતા નથી. અહીં દોષ નથી ઈચ્છાનો અને ત્યાં દોષ નથી, એમ કહે છે. નિર્દોષ વીતરાગની વાણી નીકળે અંદરથી. આહાહા..! સર્વ પ્રાણીને હિતરૂપ.

'**તેના (ઉચ્ચારણમાં) શ્વાસનું રૂંધન નહિ હોવાથી અક્રમ (એક સાથે)...**' અવાજ આવે છે. શ્વાસ રૂંધાય તો ક્રમ પડે. એ રૂંધાતો નથી. ભાષા ભલે ક્રમથી પણ આ રૂંધાતાને કારણે ક્રમ નથી. સમજાણું કાંઈ? શ્વાસ રૂંધાય. આમ ભાષા નીકળે તો શ્વાસ રૂંધાય છે કે નહિ? અહીં તો. એને એ નથી. આહાહા..! '**અક્રમ (એક સાથે) છે...**' આમ બહારથી ક્રમ હોય છે. પણ ઓલા હોઠનું હલવું અને શ્વાસનું રૂંધવું નથી એ અપેક્ષાએ એને એક સાથે વાણી નીકળે છે.

'**જેને શાંત તથા ક્રોધરૂપી વિષથી રહિત (મુનિગણ) સાથે પશુગણે પણ કર્ણ દ્વારા (પોતાની ભાષામાં) સાંભળી છે...**' આહાહા..! જેને અંદર સર્વજ્ઞપણું અને પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ છે. એની વાણી, વાણી એની નિર્દોષ છે અને શાંત છે. આહાહા..! અને ક્રોધરૂપી ઝેરથી રહિત છે. એવા મુનિગણ સાથે સાંભળનારા. મુનિઓ છે, સાથે પશુ પણ (છે). નાગ ને વાઘ. બબ્બે ગાઉ, પાંચ પાંચ ગાઉના લાંબા નાગ હોય, વાઘ હોય મોટા ઉંચા એ બધા ભગવાનની વાણી સાંભળે છે. વાણી સાંભળનારા એ પશુગણ પણ '**કર્ણ દ્વારા (પોતાની ભાષામાં) સાંભળી છે તે...**' આહાહા..! એ પોતાની ભાષામાં સાંભળે છે ઈ. આહાહા..! એને જે સમજવાની ભાષા છે ને તેવી ભાષાથી સમજે છે. આહાહા..! અહીં તો ૐ ધ્વનિ નીકળે પણ એ એની ભાષામાં સમજે કે મને આમ ભગવાન કહે છે. આહાહા..! એ વાણીને સમજવા માટે પણ એને કેટલા આગ્રહ છોડી દેવા જોઈએ. ભગવાન બોલે ત્યારે નીકળે. અરે..! બોલે કોણ? બાપુ! બોલે એ બીજો. ભાષાની જડની અવસ્થા છે. આહાહા..!

**'કર્ણ દ્વારા (પોતાની ભાષામાં) સાંભળી છે તે દુઃખવિનાશક સર્વજ્ઞની અપૂર્વ વાણી...'** ભાષા દેખો! એ દુઃખવિનાશક સર્વજ્ઞની વાણી છે. એની વાણીમાં તો દુઃખનો નાશ અને આનંદની ઉત્પત્તિ થાય એવી એ વાણી છે. આહાહા..! સમજાણું કાંઈ? નિમિત્તપણાની શક્તિ આવી છે કહે છે. એ સમજે છે પોતાના ઉપાદાનથી અને તે કાળે તેની પર્યાયની ઉત્પત્તિનો કાળ છે એમાં એ સમજે અને શ્રદ્ધા કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અપૂર્વ વાણી અમારી રક્ષા કરો.'** કહે છે. આવી જે વાણી દુઃખના નાશની કરનારી... એનો ભાવ બોલે છે ને અંદર. રાગ અને અજ્ઞાનની નાશ કરનારી અને વીતરાગતાની ઉત્પત્તિ કરનારી. નિમિત્તથી (કથન છે). આહાહા..! એવી **'અપૂર્વ વાણી અમારી રક્ષા કરો.'** કહો, સંતો મુનિઓ પણ એમ કહે છે. ભાષા વ્યવહારથી આવે ત્યારે શું કહે? રક્ષા એ વાણી કરે છે?

મુમુક્ષુ :- રક્ષાનું નિમિત્ત છે.

ઉત્તર :- નિમિત્ત છે. નિમિત્તનો અર્થ? એ રક્ષાનો કરનાર બીજી (પણ કોઈ) વાણી છે એમ નથી. સમજાણું કાંઈ?

ભાષા તો આવી છે, જુઓ! **'અમારી રક્ષા કરો.'** છે ને? મુનિઓ પણ એમ કહે. વાણી દ્વારા એવું આવે એને. આહાહા..! બહુ આકરું. માર્ગ એવો વીતરાગનો છે (કે) એને ઘણા પડખાથી અનેકાંતપણે એને સમજવું પડે. અહીં તો કહે છે કે એ સર્વજ્ઞની અપૂર્વ વાણી અમારી રક્ષા કરો. વાણી અમારી રક્ષા કરો. કહો, પોપટભાઈ! નવરંગભાઈ! આ શું વળી આ પાછું? એક કોર આવ્યું હતું કે ધર્મની ઉત્પત્તિનો એનો પોતાનો કાળ છે તે કાળે ધર્મ ઉત્પન્ન થાય છે-હિતરૂપ દશા. તે પૂર્વના અહિતના પરિણામના વ્યયથી પણ નહિ અને ધ્રુવથી પણ નહિ. પ્રત્યેક ત્રણ પર્યાય ભિન્ન ભિન્નના સ્વભાવે વર્તતી. આહાહા..! તેમાં બાહ્યનું નિમિત્ત આને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એવી દુઃખ વિનાશક સર્વજ્ઞની (વાણી છે). કેમ કે એની વાણીમાં વીતરાગતા તાત્પર્ય આવે છે. ગમે તે વાત આવે પણ વીતરાગતા આવે છે. એટલે કે સ્વભાવની સન્મુખ થા તો તને નિર્દોષ દશા વીતરાગતા પ્રગટ થશે. એમ વાણીમાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! આમાં બધા વાંધા ઉઠે ને. આ ૨૫૦૦ વર્ષનું (ચાલે છે તો) ચારે કોર અત્યારે પુસ્તકો એટલા છપાય એટલી ... ગોટેગોટા. જાણે કે બસ, બધા પ્રાણીઓનું કલ્યાણ કરી દો ભગવાન. એનો અર્થ એ છે, ભાઈ! જ્યારે તને એ વાણી સાંભળવાની લાયકાત હોય છે ત્યારે એ નિમિત્ત હોય છે અને ત્યારે ઉપાદાન તો તારી જાગૃત દશા (છે) એ તને હિતરૂપ અને રક્ષા કરનાર છે. સમજાણું કાંઈ? વાણીનો કાળ અને પર્યાયનો કાળ તો ભિન્ન છે. આહાહા..!

આવું બધું ક્યાં સમજવું? વ્યવહારવાળાને તો આ બધું મોઢા આગળ નાખે.

વાણીને હિતરૂપ કીધી એનો અર્થ કે હિતરૂપ તો દશા ભગવાન આત્મા પોતાના ધ્રુવ સ્વભાવના આશ્રયથી કરે છે અને તે પણ તે ધર્મની દશા હિતરૂપનો ઉત્પત્તિનો સ્વકાળ જ એનો એ છે. આહાહા..! ઓહોહો..! એ વખતે હિત કરનારી પોતાની દશા છે. વીતરાગ પરિણતિ સ્વરૂપને આશ્રયે, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના સાધન દ્વારા જે વીતરાગદશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દશા (પ્રગટ થઈ) એ હિત કરનારી છે. તે જીવની રક્ષા કરનારી છે. સમજાણું કાંઈ? કેમ કે વાણીમાં એમ આવ્યું હતું. ચંદુભાઈ! વાણીમાં એમ આવ્યું હતું કે તું તારી ચીજ જે ધ્રુવ આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ, એને તું પર્યાયમાં સમીપમાં લાવ અથવા પર્યાય ત્યાં સમીપમાં કર. આહાહા..! એમ આવ્યું હતું એટલે એ વાણીને નિમિત્ત તરીકે રક્ષા કરો એમ કહેવામાં આવ્યું. વ્યવહાર છે ખરો ને. વ્યવહાર છે ખરો પણ એનાથી થાય છે એ વાત નથી. આ વાંધા છે ને? વ્યવહાર નથી એમ નહિ. વ્યવહારનય છે તો એનો વિષય તો છે. સમજાણું કાંઈ? પણ એ વ્યવહારથી છે એ હયાતી એટલી છે. પણ એનાથી અહીં થાય છે એ મોટો ફેર પડી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એ અમારી રક્ષા કરો.

આ પણ આવ્યું નથી મોક્ષપાહુડમાં? દેવ કોને કહીએ ભાઈ એમાં. દેવ દે છે. ધર્મ દે, પુણ્ય દે, પૈસા દે, મોક્ષમાર્ગ દે, ધર્મ-અર્થ-કામ અને મોક્ષ-ચાર આપે ભગવાન. દદાતિ ઈતિ દેવ. આહાહા..! ધર્મ દેનાર દેવ દેવાધિદેવ ત્રિલોકનાથ દેવ. શું દે દેવ? કેમ દેવ કહ્યા? કે દે છે ઈ. શું દે છે? એને મોક્ષમાર્ગ દે છે, એને શુભભાવ દે છે અને પછી શુભભાવમાંથી પુણ્ય બંધાય તો એ લક્ષ્મી પણ એ ભગવાન આપે છે. એય..! અને એમાંથી ભોગ થાય તો એ ભોગ પણ આપે છે. સ્વરૂપચંદભાઈ!

મુમુક્ષુ :- ભગવાને આપ્યા તો ભોગવવા જોઈએ ને.

ઉત્તર :- એ તો નિમિત્તથી (કહ્યું છે). ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે એની વાણીમાં એવું જ આવે છે અને એથી એ નિમિત્તપણે એવા જ પરમાત્મા હોય છે એમ બતાવવા માટે એને દેનાર છે ભગવાન (એમ કહ્યું). અહીં એક કોર કહ્યું ૧૦૧ ગાથામાં કે સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાયની દાતા પણ આત્મા છે, સાધન પોતે છે. અને તે તેનો કાળ છે માટે થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- એક તો દે એમાં સાધન..

ઉત્તર :- ત્યાં સાધન નાખ્યું પાછું. એ ચોખ્ખું કરીને ‘છે’ એટલું બતાવ્યું.

મુમુક્ષુ :- વ્યવહાર સિદ્ધ કર્યો.

ઉત્તર :- વ્યવહાર છે. વ્યવહાર ન હોય તો બીજી ચીજ જ ન હોય. પણ એ વ્યવહારથી

અહીં થાય છે એ મોટી ભ્રમણા છે. આ તો શાંતિથી જેને વાસ્તવિક તત્ત્વની સમજણ કરવી હોય એની વાત છે. પક્ષ રાખીને અને પોતે કહ્યું એને સિદ્ધ કરવા માટે વાત શાસ્ત્રથી ગોતે એ વાત એમાં સિદ્ધ ન થાય. સમજાણું કાંઈ?

'**અથવા 'भारतीविभूतयः'નો અર્થ ભારતી એટલે વાણી અને વિભૂતિઓ એટલે ત્રણ છત્રાદિ એમ પણ થાય.**' ભગવાનને ત્રણ છત્ર હોય છે. હોય છે ને. ચોસઠ ચામર ઢાળે છે એ બધી વિભૂતિઓ છે બહારની, પુણ્યની. આહાહા..! '**વળી કેવા ભગવાનની? તીર્થના કર્તા હોવા છતાં...**' આહાહા..! એ સાધુ, અર્જિકા, શ્રાવિકા અને શ્રાવક ચાર છે. અથવા સાધુના ભેદ ચાર કીધા છે ને? સાધુ, મુનિ, યતિ, ઋષિ એ ચાર ભાગ છે. એ પણ ચાર છે. એવા '**તીર્થના કર્તા હોવા છતાં ઈચ્છા રહિતની-ઈહા એટલે વાંછા જે મોહનીયકર્મનું કાર્ય છે.**' લ્યો! અહીં મોહનીય કર્મનું કાર્ય છે ઈચ્છા. આહાહા..! ટૂંકામાં સમજાવવું હોય તો (શું કરે?) ઈચ્છા તો પોતામાં રાગની દશાની ઉત્પત્તિનો સ્વકાળ છે માટે ઈચ્છા થાય છે. અહીં તો થાય છે પણ એમાં નિમિત્તપણું કોણ? એ બતાવવું છે. આહાહા..!

આટલી બધી પણ કોને પડી હોય? .. ભગવાનથી થાય. પ્રભુ આપે, પ્રભુ આપે. હે નાથ! સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ. લ્યો, નથી આવતું? લોગ્ગસમાં નથી આવતું? હે સિદ્ધ ભગવાન અમને સિદ્ધિપણું દેખાડો. એમ કહ્યું છે એમાં.

મુમુક્ષુ :- મને આપો.

ઉત્તર :- '**સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.**' છે. આપો એમ નથી. '**સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.**' મને દેખાડો. એમ કહેતા મને કેવળજ્ઞાન થાવ મારા પ્રસારથી. આવી વાત છે. લોગ્ગસમાં આવે છે ને? પ્રેમચંદભાઈ! '**એવં મએ અભિથુઆ, વિહુયરયમલા...**' બધા શબ્દો બાપુ આ તો સંતોની વાણી મોક્ષમાર્ગની, બાપુ! એના અર્થો સમજવા માટે બહુ ધીરજ જોઈએ, શાંતિ જોઈએ. અમે માન્યું એમ એમાંથી નીકળે તો સાચું. એમ ન હોય. સમજાણું કાંઈ?

કહે છે, '**જે મોહનીયકર્મનું કાર્ય છે,...**' સ્વભાવનું કાર્ય નથી એટલું સમજાવવા રાગ અને ઈચ્છા એ મોહનીયનું કાર્ય છે એમ સમજાવે છે. '**તે કર્મનો ભગવાનને ક્ષય હોવાથી...**' જોયું? તે કર્મનો ક્ષય હોવાથી '**તેમનામાં તેનો (વાંછાનો) અભાવ છે;...**' અહીં કહે છે કે ઈચ્છાના અભાવનો કાળ હતો માટે ઈચ્છાનો અભાવ થયો છે. આહાહા..! મોહનીય કર્મના અભાવે રાગનો અભાવ-ઈચ્છાનો અભાવ થયો એ નિમિત્તના વ્યવહારના કથન છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ અને આવું આ બધું એવું લાગે કે આ શું છે? આ કોઈ બીજા જગતની વાત હશે? આપણે જે માનીએ છીએ અને જાણીએ છીએ એથી આ વળી

બીજા જગતની વાત હશે? બાપુ! તારા સત્યના જગતની વાત છે. સત્યરૂપી જગત પ્રભુ આત્મા. આહાહા..! એની પર્યાયમાં ઇચ્છાનો અભાવ થાય એ પણ પોતાને કાળે પોતાને કારણે થાય છે. કર્મનો અભાવ થયો મોહનો માટે ઇચ્છાનો અભાવ થયો એ પણ વ્યવહારના કથન છે. સમજાણું કાંઈ?

**'તેથી તેઓ ઇચ્છારહિત હોવા છતાં-તે કરવાની ઇચ્છા રહિત હોવા છતાં તીર્થકૃત છે અર્થાત્ સંસારથી તારવાના (પાર કરાવવાના) કારણભૂતપણાને લીધે...'** દેખો! સંસારના (પાર) ઉતારવાના.. ઉદયભાવનો નાશ કરવામાં, એ ઉદયભાવ એ સંસાર છે એને પાર કરવામાં, અભાવ કરવામાં **'કારણભૂતપણાને લીધે...'** એ તીર્થ તરવાનો ઉપાય તો તીર્થ તો પોતે જ છે. પોતે આત્મા જ તીર્થ છે. આહાહા..! કેમ કે તરવાના ઉપાયનો કરનારો એ ભગવાન પોતે છે. આહાહા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ તીર્થરૂપ સ્વરૂપ (છે). એનો કર્તા તો આત્મા છે. એ દશા કાંઈ ભગવાનથી થઈ છે (એમ નથી.) આહાહા..! સમજાણું કાંઈ? એમ વ્યવહાર છે ખરો, વ્યવહાર છે ખરો બોલવામાં. અસદ્ભુત વ્યવહારથી એમ કહેવામાં આવે છે. આહાહા..! એક વાતમાં સમજવા માટે કેટલા પડખાં એને અસત્યના છોડવા પડે. આહાહા..!

**'સંસારથી તારવાના (પાર કરાવવાના) કારણભૂતપણાને...'** અહીં કહે છે કે સંસારનો વ્યય થાય જીવમાં એને કાળે, એને કાળે એનું કારણ થાય છે. આહાહા..! અને મોક્ષની પર્યાયની ઉત્પત્તિ થાય એ સંસારના વ્યયને કારણે નહિ. એ પોતાની જ મોક્ષ દશાનો કાળ છે તો ઉત્પન્ન થાય છે. આહાહા..! આવી વાત એકાંત લાગે હોં માણસને. પ્રેમચંદભાઈ! એવું લાગે, લાગે હોં! આ તો એકાંત છે. બાપુ! એકાંત નથી, આ જ અનેકાંત છે. કહેવામાં આવ્યું માટે એનાથી થયું એમ નહિ એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ?

**'તીર્થ સમાન અર્થાત્ તીર્થ એટલે આગમ-તેના કરનાર છે-'** તીર્થને આગમ પણ કહેવામાં આવે છે. સમજાણું? પ્રવચનને આગમને પણ તીર્થ કહેવામાં આવે છે. એ વાણીના કરનારા **'તેમની (વાણી જયવંત વર્તે છે).'** આહાહા..! એમ કહીને એ સર્વજ્ઞ અને વીતરાગ દશા એમ ટકી રહી છે, જગતમાં છે તો એની નિમિત્તપણે વાણી પણ છે વ્યવહાર એમ અહીંયાં સિદ્ધ કરે છે. આહાહા..!

**'કેવા નામવાળા તેમને (નમસ્કાર)?'** કેવા છે એ ભગવાન (જેને) નમસ્કાર કરે છે એ? નમસ્કાર જેને કરે છે એ કેવા છે? કરનાર, નમસ્કાર કરનાર નહિ. **'સકલાત્માને,...'** સકલાત્મા એટલે શરીરસહિત છે આત્મા એ. આહાહા..! અરિહંત લેવા છે ને? વાણીવાળા લેવા છે ને. અહીં સિદ્ધ લેવા નથી. પહેલામાં સિદ્ધને નમસ્કાર કર્યા. ઓહોહો..! એ સકલ,

કલ એટલે શરીર, સ એટલે સહિત. જે શરીર સહિત આત્મા છે. સિદ્ધ ભગવાન તો શરીરરહિત આત્મા છે. એને વાણી હોતી નથી. એથી અરિહંત ભગવાન શરીરસહિત છે.

જેને બીજી રીતે 'શિવ...' આપ્ત સ્વરૂપને. નીચે શ્લોક છે ને?

शिवं परमकल्याणं निर्वाणं शान्तमक्षयं।
प्राप्तं मुक्तिपदं येन स शिवः परिकीर्तितः।।

આને શિવ કહીએ. આહાહા..! **'શિવ એટલે પરમ સુખ, પરમ કલ્યાણ અને જે નિર્વાણ કહેવાય છે તે જેમણે પ્રાપ્ત કર્યું તેવાને,...'** શિવ એને કહીએ. નમોત્થુણંમાં આવે છે. કર્યું છે નમોત્થુણં? કર્યું હશે. શિવમય મહ.. નથી આવતુ? શિવમય અય ... લોગ્ગસ છે. આપણે લોગ્ગસ છે દિગંબરમાં. આવા બધા શબ્દો છે. આહાહા..!

**'શિવ એટલે પરમ સુખ,...'** શંકર કીધું ને એને? **'પરમ સુખ, પરમ કલ્યાણ અને જે નિર્વાણ કહેવાય છે તે જેમણે પ્રાપ્ત કર્યું તેવાને,...'** અહીં શિવ કહીએ. એ અરિહંતને શિવ કહીએ. આહાહા..! સમજાય છે? જેમને સર્વજ્ઞ અને વીતરાગદશા પૂર્ણ પ્રગટી છે એ સુખને કલ્યાણના દેનારા અથવા કલ્યાણસ્વરૂપ છે માટે તેને-અરિહંતને શિવ કહેવામાં આવે છે. આહાહા..! નમોત્થુણંમાં આવે છે એ શિવમય.. અર્થ કોને આવડતા હોય? હિંમતભાઈ કર્યું હતું કે નહિ લોગ્ગસ-બોગ્ગસ?

મુમુક્ષુ :- સામાયિક કરી હતી.

ઉત્તર :- સામાયિક કરી હતી એમ કહે છે. એમાં આવે છે એ. શિવમય મહિ... શબ્દોના ભાવ શું છે એ જરી સમજે તો એને ખ્યાલ આવે. એમ ને એમ ગડિયા ગોખે જાય, બોલે જાય એ તો ભાષા છે. આહાહા..!

**'ધાતાને'** શિવને નમસ્કાર. આવા શિવને. એ અરિહંતપદને શિવપદ કહેવામાં આવે છે. આહાહા..! કેમ કે એ સુખને નિર્વાણ કહેવાય છે, જે તેમણે પ્રાપ્ત કર્યું. પૂર્ણ આનંદ અને પૂર્ણ મુક્તિ જેણે પ્રાપ્ત કરી છે. અરિહંતે નિર્વાણ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે ને? મોક્ષ જ પ્રાપ્ત છે. ભાવમોક્ષ પ્રાપ્ત છે. આહાહા..! **'અસિ-મસિ-કૃષિ આદિ દ્વારા સન્માર્ગના ઉપદેશક હોવાના કારણે જેઓ સકલ લોકના અભ્યુદ્ધારક (તારણહાર) છે તેમને,...'** એ ધાતા. એમ. **'અસિ-મસિ-કૃષિ આદિ દ્વારા સન્માર્ગના ઉપદેશક...'**

મુમુક્ષુ :- ખેતી કરવી ઈ સન્માર્ગ થયો ને?

ઉત્તર :- એ બધું પાપ છે. અને એ વસ્તુ છે એમ બતાવનારા છે. માટે ધાતા.

અસિ-તલવાર, મસિ-કલમ. અસિ-તલવાર, મસિ-કલમ, કૃષિ-ખેડી. એનું સ્વરૂપ બતાવે છે એ. સમજાણું કાંઈ? તલવારવાળા જીવો આવા હોય, મસિ નામ લખનારા જીવો વાણિયા

આ અક્ષરના લખનારા આવા હોય. મસિનો અર્થ એ છે. અને કૃષિ-ખેડુ જીવો આવા હોય એનું સ્વરૂપ બતાવે છે માટે એને ધાતા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સન્માર્ગ..?

ઉત્તર :- આ વસ્તુ છે એમ બતાવે છે અને એનો નિષેધ કરીને વસ્તુનું સ્વરૂપ તારું બીજું છે એમ બતાવે છે. સન્માર્ગ એ. અસિ-મસિ અને કૃષિનો જે ધંધો એ સંસાર છે, વિકાર છે, દુઃખરૂપ છે. એ દ્વારા એનો અભાવ બતાવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલું આવ્યું હતું ને? ઋષભદેવ ભગવાને અસિ-મસિ અને કૃષિનો ઉપદેશ આપ્યો. જુઓ! આપે, પણ એ તો વિકલ્પ એ જાતનો હતો. એ વાણી એ જાતની નીકળી. એના તો એ જ્ઞાતા-દૃષ્ટા હતા. સમજાય છે કાંઈ? એમ કે એ દુઃખી પ્રાણી હતા બિચારા. કૃષિ વિના શી રીતે અનાજ પકવવું, લખ્યા વિના શી રીતે આને યાદ રાખવું? અસિ વિના સંભાળ રાખવી. માથે ન હોય તો કોણ સંભાળ રાખશે? એના વિના એ દુઃખી હતા માટે એણે બતાવ્યું. બતાવ્યું હતું એ તો વિકલ્પ હતો અને વાણી હતી. પણ એનું સ્વરૂપ બતાવ્યું કે આવું આમ હોય ત્યાં આમ હોય છે. અને એમાં એનું તાત્પર્ય તો એમાંથી પાછી વીતરાગતા બતાવી છે. સમજાણું કાંઈ? એને અહીં સન્માર્ગ કહેવામાં આવે છે. અસિ-મસિ અને કૃષિનું કહેવું એ માર્ગ છે? આ તો બહુ ધીરા થઈને તત્ત્વ સમજવાની વાતું છે, ભાઈ! આહાહા..!

‘**ધાતાને-અસિ-મસિ-કૃષિ આદિ દ્વારા સન્માર્ગના ઉપદેશક હોવાના કારણે જેઓ સકલ લોકના અભ્યુદ્ધારક (તારણહાર) છે...**’ લ્યો! તરવાનો રસ્તો બતાવ્યો માટે એ ભગવાન તારણહારા, ધાતા, એના કર્તા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ‘**સુગતને-**’ સુગત બુદ્ધને કહે છે. અહીં સુગત આને કહીએ. આહાહા..! ‘**સુગત-સારું છે ગત એટલે જ્ઞાન જેમનું...**’ સુગત. આહાહા..! જેને કેવળજ્ઞાન સારું છે એને એ પામ્યા છે માટે એને સુગત કહીએ. બુદ્ધને સુગત કહે છે એ તો ક્ષણિકવાદી મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ‘**સુગત-સારું છે ગત એટલે જ્ઞાન જેમનું અથવા જે સારી રીતે અપુનરાવર્ત્યગતિને (મોક્ષને) પામ્યા છે...**’ સુગત. ભલી રીતે ગત નામ મોક્ષદશાની પર્યાયને પામ્યા છે. અરિહંત કેવળજ્ઞાનને પામ્યા છે એ મોક્ષદશા છે. સર્વજ્ઞપદ જે પામ્યા એ જ મોક્ષદશા છે. એને સુગત કહેવામાં આવે છે. આહાહા..!

**માગશર સુદ ૨, રવિવાર તા. ૧૫-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૨, પ્રવચન - ૫**

બીજી ગાથા. અહીંયાં અરિહંતને નમસ્કાર પહેલો કર્યો છે ને. બીજી ગાથામાં. પહેલી ગાથામાં સિદ્ધને કર્યો. એ અરિહંત તીર્થંકર છે. આમ સામાન્ય કેવળી પણ હોય છે. પણ અહીં તીર્થંકરની મુખ્યતાથી, વાણી નીકળે છે ને એમની, એ અપેક્ષાથી.

'**ભાવાર્થ :- જેઓ તીર્થંકર છે, શિવ છે,...**' પૂર્ણ કલ્યાણ સ્વરૂપ જેને પ્રગટ થયું છે, પરમાત્મદશા એને અહીંયાં શિવ કહીએ. વિધાતા છે. એ ધર્મના ધરનારા છે, રચનારા છે. તીર્થના પણ રચનારા છે એમ કહેવામાં આવે છે. નિમિત્તથી કહેવાય છે. એ અપેક્ષાએ '**વિધાતા છે, સુગત છે,...**' એ સુગત. પોતાની જે આનંદ અને જ્ઞાનની દશા પૂર્ણ જેને પ્રાપ્ત થઈ ગઈ છે તેથી તેને સુગત કહેવામાં આવે છે. '**વિષ્ણુ છે....**' લોકને-અલોકને જાણવાની શક્તિ ધરાવે છે. તેથી જાણે લોક-અલોકમાં વ્યાપક હો, જાણવાની અપેક્ષાએ. વ્યાપક તો પોતાના અસંખ્ય પ્રદેશમાં છે. પણ જાણવાનું ત્રણ કાળ ત્રણ લોક છે એ અપેક્ષાએ એને સર્વવ્યાપક વિષ્ણુ અરિહંતને જ કહેવામાં આવે છે. અને '**સમવસરણ વૈભવ આદિ સહિત છે.**' એને લેવા છે ને અહીંયાં? સામાન્ય કેવળી છે એની અહીં વાત નથી લેવી. તેથી અહીં તીર્થંકર છે એમ કીધું ને? '**સમવસરણાદિ વૈભવ સહિત છે.**' જેના પુણ્યની હદ છે, બેહદ છે. આહાહા..! એવી જેને વિભૂતિ છે સંયોગરૂપે એમ કહેવામાં આવે છે. એની વિભૂતિ તો અનંત જ્ઞાન અને દર્શન છે પણ પુણ્યનો સંયોગનો વૈભવ પણ અપાર સમવસરણ આદિ ઋદ્ધિ છે.

'**અને ભવ્ય જીવોને કલ્યાણરૂપ જેમની દિવ્ય વાણી...**' ભવ્ય જીવોને, લાયક જીવને કલ્યાણરૂપ જેમની દિવ્ય વાણી '**(દિવ્ય ધ્વનિ) મુખેથી નહિ પણ સર્વાંગેથી...**' મુખથી નથી નીકળતી ભગવાનની વાણી. સર્વાંગે-આખા શરીરમાંથી ૐ એવો ધ્વનિ ઊઠે છે. તાળવું, હોઠ હલ્યા વિના, ઈચ્છા વિના વાણીનો ધ્વનિ વાણીને કારણે નીકળે છે. '**અને જયવંત વર્તે છે. તે સશરીર શુદ્ધાત્માને...**' એ વાણી હોય છે એમ કહે છે. આહાહા..! જ્યારે જ્યારે તીર્થંકર હોય છે ત્યારે ત્યારે એને વાણી હોય છે, એ જયવંત વર્તે છે. '**સશરીર શુદ્ધાત્માને...**' એવા જે અરિહંત ભગવાન શરીર સહિત હોવા છતાં શુદ્ધાત્મા પવિત્ર પૂર્ણ આનંદ છે. '**અર્થાત્ જીવનમુક્ત...**' છે. આયુષ્ય હોવા છતાં તે મુક્ત છે. જીવન-આ અંતરમાં આનંદની દશા જે સ્વભાવ હતો, અનંત આનંદ અને અનંત જ્ઞાન, એ દશા પ્રગટ થઈ ગઈ

છે. એટલે આયુષ્યમાં જીવન હોવા છતાં એનાથી મુક્ત છે. આહાહા..! એ **'અરિહંત પરમાત્માને અહીં નમસ્કાર કર્યા છે.'** આવા ભગવાનને ઓળખીને નમસ્કાર કર્યા છે. **'આ પણ માંગલિક શ્લોક છે.'** પહેલો જેમ માંગલિક શ્લોક હતો ને પહેલો? એમ આ પણ માંગલિક શ્લોક છે. **'તેમાં ગ્રંથકારે શ્રી અરહંત ભગવાનને...'** અરહંત શબ્દ વાપર્યો છે. **'અને તેમની દિવ્ય ધ્વનિને નમસ્કાર કર્યા છે.'**

**'શ્રી અરહંત દેવ કેવા છે?'**

**'તાળુ-ઓષ્ઠ વગેરેની ક્રિયારહિત અને ઈચ્છારહિત તેમની વાણી જયવંત વર્તે છે,...'** એટલે કે એને વાણી હોય છે. ઈચ્છા નથી, તાળવું અને હોઠ હલતા નથી છતાં વાણી હોય છે. આહાહા..! **'તેઓ તીર્થના કર્તા છે...'** વિધાતા કહ્યું હતું ને? સાધુ, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા અથવા સાધુના જ ચાર પ્રકાર છે. એમના એ કર્તા છે. સાધુ, અણગાર, યતિ અને ઋષિ એવા મુનિના પણ ચાર પ્રકાર છે.

**'અર્થાત્ જીવોને મોક્ષનો માર્ગ બતાવનારા છે-હિતોપદેશી છે,...'** એ તો આત્માનો હિતનો જ ઉપદેશ કરનારા છે એમ કહે છે. જેની વાણીમાં ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ સ્વરૂપ તેના તરફ વળવું અને સંયોગી ચીજ, રાગ અને પર્યાયથી ખસી જવું, એવો જેનો ભગવાનનો હિતોપદેશ છે. આહાહા..! એમાં હિત છે. સ્વભાવ સન્મુખ થવું. નિમિત્ત, રાગ અને પર્યાયથી ખસીને ત્યાં જવું. એવો જ ભગવાનનો ઉપદેશ છે. એ હિતોપદેશ કહેવામાં આવે છે. આહાહા..! જેમાં આત્માનો મોક્ષ અને મોક્ષનો માર્ગ પ્રગટ થાય એ હિત છે. એ હિતનો જ ઉપદેશ કર્યો છે ભગવાને. આહાહા..! કેમ કે એની વાણીનો સાર વીતરાગતા છે. એટલે એમણે વીતરાગતા થવાનો જ ઉપદેશ કર્યો છે. આહાહા..! પૂર્ણ સ્વરૂપ આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપ આત્મા, એના તરફના એકાગ્રતાના વલણવાળી જ દશા કરી છે. આહાહા..! લાખ વાત કરી હોય તો પણ એ આત્મા તરફની સન્મુખ દશા અને સન્મુખ સ્થિરતા-આ ભગવાનનો ઉપદેશ છે. સમજાણું કાંઈ? એમાં જ હિત છે. ભગવાન આત્મા પૂર્ણ આનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એના તરફનું વલણ એ જ હિતનો માર્ગ છે. સમજાણું કાંઈ?

ભગવાનના ઉપદેશમાં તો એમ આવ્યું કે પરદ્રવ્ય તરફના વલણમાં તો રાગ થાય, દુર્ગતિ છે એમ કહે છે. વાણી એમ કહે, અમારા તરફના લક્ષવાળો રાગ છે એ ચૈતન્યની ગતિ નથી-એ ચૈતન્યની જાત નથી. આહાહા..! એવો વીતરાગનો ઉપદેશ છે. અંતર સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે. આહાહા..! એના તરફ જો, ત્યાં જા. ત્યાંથી તને હિતનો માર્ગ પ્રગટ થશે. એવો ભગવાનનો ઉપદેશ હિતોપદેશ છે. રત્નકરંડ શ્રાવકાચારમાં કહ્યું છે ને? સર્વજ્ઞ છે, હિતોપદેશી છે. સમજાણું? વીતરાગતાનો ઉપદેશ કરનારા છે. આહાહા..!

**'તેમને મોહના અભાવને લીધે કોઈપણ પ્રકારની ઈચ્છા શેષ રહી નથી...'** કોઈ ઈચ્છા માત્ર રહી નથી એમ કહે છે. આહાહા..! હું ધર્મને સમજાવું તો સમજે, તો ત્યાં કાંઈક એને લાભ થાય એવી ઈચ્છા માત્ર જેને નથી. આહાહા..! **'અર્થાત્ તેઓ વીતરાગ છે અને જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિયા કર્મોનો નાશ થવાથી તેમને અનંતજ્ઞાનાદિ ગુણો પ્રગટ થયા છે...'** આત્મા આવો છે એમ એ કહે છે. એવો એમને પ્રગટ થયો છે. આહાહા..! **'અર્થાત્ તેઓ સર્વજ્ઞ છે.'** જોયુંને! હિતોપદેશી કીધું અને સર્વજ્ઞ છે. એમ.

**'વળી તેઓ શિવ છે, ધાતા છે, સુગત છે, વિષ્ણુ છે, જિન છે અને સકલાત્મા...'** શરીર સહિત પરમાત્મા શુદ્ધ છે. **'આ બધાં તેમના ગુણવાચક નામો છે.'** આહાહા..! તેથી કહ્યું છે ને, જે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે કે આત્માની આવી દશા, આત્માનું સ્વરૂપ જ આવું છે. એ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે. એ જાણનાર પછી પોતા તરફ વળે. પરને જાણે ત્યાં સુધી તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं सो जाणदि अप्पाणं'**. એનો અર્થ-આવી આત્માની દશા પૂર્ણ એ સ્વરૂપમાં શક્તિરૂપ હતી, એનો શક્તિરૂપ સ્વભાવ જ પૂર્ણ વીતરાગ, પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ પ્રભુતા, પૂર્ણ સ્વચ્છતા—એવા દરેક ગુણથી તે પરિપૂર્ણ હતા. તો હતા એમાંથી પરિપૂર્ણ પર્યાય પ્રગટ કરી. સમજાણું કાંઈ? તેથી તેમના ગુણવાચક નામ (કહ્યા). ભગવાનની વાણી હવે કહેવી છે. એ ભગવાન વર્ણવ્યા. આહાહા..! મહેનત ઘણી કરી છે છોટાભાઈએ, મેળવીને.

**'તે દિવ્ય વાણી છે.'** દિવ્યવાણી છે. દિવ્યવચન છે ને. દિવ્યધ્વનિ. દિવ્યધ્વનિ કહો કે દિવ્ય વાણી કહો. દિવ્ય અલૌકિક અચિંત્ય જેની વાણી એવી છે, કહે છે. આહાહા..! **'તે ભગવાનના સર્વાંગેથી ઈચ્છા વિના છૂટે છે,...'** ઈચ્છા વિના આખા આત્માથી ૐનો ધ્વનિ ઉઠે છે. **'સર્વ પ્રાણીઓને હિતરૂપ છે...'** એ વાણી દરેક પ્રાણીને હિતરૂપ છે. એમ કહ્યું છેને કે હિતરૂપ છે તો અસંજ્ઞી પ્રાણીને હિતરૂપ શી રીતે? ત્યારે કહે, એમને ન હણવાનો ઉપદેશ આવ્યો છે એ હિતરૂપ છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું છે ભાઈએ. મોક્ષમાર્ગ પ્રકાશકમાં. સર્વને હિતરૂપ છે તો અસંજ્ઞી પ્રાણી આદિ જે છે, એ એકેન્દ્રિય છે એને ક્યાં હિતરૂપ એની વાણી થઈ? તો એનો અર્થ એટલો કે એને દુઃખ ન દેવું, એણે ન મારવા, એને સ્વભાવ સન્મુખ થવું એટલે પરને મારવાનો વિકલ્પ ન હોય, એવો ભગવાને ઉપદેશ આપ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! **'અને નિરક્ષરી છે.'** ૐ ધ્વનિ છેને એ ૐ ધ્વનિ એક અક્ષરી કહેવાય. નિરક્ષરી. એક અક્ષરી કહો કે બીજા શબ્દો નહિ માટે નિરક્ષરી.

**'વળી ભગવાનના દિવ્યધ્વનિને દેવ, મનુષ્ય, તિર્યંચાદિ સર્વ જીવો પોતપોતાની ભાષામાં પોતાના જ્ઞાનની યોગ્યતાનુસાર સમજે છે.'** આહાહા..! આવી હયાતી સર્વજ્ઞની

અને એની વાણીની આવી હયાતી જયવંત વર્તે છે એમ કહીને એમ કહ્યું. સમજાણું કાંઈ? એની જેને પ્રતીત થાય.. આહાહા..! એ પ્રતીત તો સ્વભાવ સન્મુખ થાય તો જ થાય. સમજાણું કાંઈ? જેમાં પૂર્ણતા પડી છે, પૂર્ણતાની પ્રતીતિ અને એની પૂર્ણ વાણીની પ્રતીતિ. વાત તો એ છે કે અંદર પૂર્ણ સ્વભાવ તરફ ઢળે ત્યારે એની પ્રતીતિ થાય. પોતાના પૂર્ણ સ્વભાવની પ્રતીતિ (થાય) એને બીજા પૂર્ણ સ્વભાવ અને એની પૂર્ણ વાણી દિવ્ય, એની પ્રતીતિ એને થાય. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે નિરક્ષર ધ્વનિને ૐકાર ધ્વનિ કહે છે.**' 'ૐકાર ધ્વનિ સુણિ અર્થ ગણધર...' શું કીધું પછી? 'ૐકાર ધ્વનિ સુણિ અર્થ ગણધર વિચારે...' આહાહા..! એ વાણી અને એ દરબાર ભગવાનનો, એ સમુદાય જ્યાં ... આહાહા..! કહે છે, '**નિરક્ષર ધ્વનિને ૐકાર ધ્વનિ કહે છે.**' આખા સર્વાંગે અસંખ્ય પ્રદેશેથી ઉઠતી ધ્વનિ છે. પ્રદેશમાંથી નહિ. અસંખ્ય પ્રદેશ ભગવાન આત્માના એમાંથી નહિ પણ એના સમીપમાંથી ધ્વનિ-વાણી ઉઠે છે. આહાહા..! એ નિરક્ષરીની વ્યાખ્યા કરી. ગોમ્મટસારનો આધાર આપ્યો છે. ગોમ્મટસારમાં છે.

'**શ્રોતાઓના કર્ણપ્રદેશ સુધી તે ધ્વનિ ન પહોંચે ત્યાં સુધી તે અનક્ષર જ છે...**' એ છે ગોમ્મટસારમાં. નીચે આપ્યું છે. '**જીવકાંડ ગાથા ૨૨૭ની ટીકા**'માં છે. શું? કે નિરક્ષરી વાણી ક્યાં સુધી? કે કાનમાં ન પહોંચે ત્યાં સુધી. છે, એ પાઠ છે. ગોમ્મટસારમાં પાઠ છે. '**અને જ્યારે તે શ્રોતાઓના કર્ણો વિષે પ્રાપ્ત થાય છે ત્યારે તે અક્ષરરૂપ થાય છે.**' કારણ કે એ અક્ષરરૂપે સમજે છે ને? એટલે વાણી અક્ષરરૂપ ત્યારે થાય છે એમ કહે છે. ગોમ્મટસારમાં પાઠ છે. એ ચર્ચા થઈ ગઈ છે પહેલી. સમજાણું કાંઈ?

ૐ એવો ધ્વનિ ઉઠ્યો એ ધ્વનિનું એકાક્ષરીપણું ક્યાં સુધી છે? તેથી કેટલાક આચાર્ય એમ કહે છે કે ભાઈ! એ એકાક્ષરી ધ્વનિ નહિ. અક્ષર સહિત ધ્વનિ હોય છે. કારણ કે સમજનારા અક્ષરસહિત સમજે છે. માટે ધ્વનિમાં પણ અક્ષરપણું આવે છે. એ પહોંચે કાને ત્યારે અક્ષરપણે થઈ જાય છે એમ કહે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! આહાહા..! એ ગોમ્મટસારની ગાથામાં આવે છે. ૨૨૭ની ટીકા.

'**...જેમ...**' પછી મોક્ષમાર્ગનો દાખલો આપ્યો છે. મોક્ષમાર્ગ પ્રકાશક છે ને? ગુજરાતી આવૃત્તિ પૃ. ૨૦-૨૧. એનો આધાર આપ્યો છે. '**...જેમ સૂર્યને એવી ઇચ્છા નથી...**' સૂર્યને એવી ઇચ્છા નથી '**કે હું માર્ગ પ્રકાશું...**' અંધકારનો નાશ થાય અને માર્ગ પ્રકાશું એવી સૂર્યને ઇચ્છા નથી. '**પરંતુ સ્વાભાવિક જ તેના કિરણો ફેલાય છે,...**' સૂર્યના સ્વભાવિક કિરણો વિસ્તરાય-ફેલાય છે. '**જેથી માર્ગનું પ્રકાશન થાય છે,...**' અંધકાર મટીને માર્ગમાં અજવાળું થાય છે. માર્ગમાં અજવાળું થાય છે. આહાહા..!

**'તે જ પ્રમાણે શ્રી વીતરાગ કેવલી ભગવાનને એવી ઈચ્છા નથી કે અમે મોક્ષમાર્ગને પ્રકાશિત કરીએ,...'** આહાહા..! ઓલામાં તો કહ્યું છે મોક્ષમાર્ગ (પ્રકાશક)માં આઠમા અધ્યાયમાં, તીર્થંકરો અને કેવળીઓએ પણ ઉપકાર કર્યો છે. નિમિત્તથી કથન આવે. ઉપકાર કર્યો છે. અમે પણ તે ઉપકારની વાત થોડી કરશું. આઠમા અધ્યયનમાં છે. એ કર્યો છે એ થઈ ગયો છે. એ કાંઈ ઈચ્છા નથી કે હું આને મોક્ષમાર્ગ પમાડું. સૂર્યને ઈચ્છા નથી કે હું પ્રકાશ કરું. છે ઈચ્છા? આહાહા..! એક એક તત્ત્વની સ્પષ્ટતા અને એની સ્થિતિની મર્યાદા છે એમ એણે જાણવી જોઈએ. આહાહા..! એમ ને એમ ગોટો માને, મિશ્ર માને તો એ તો વસ્તુની વિપરીતતા થઈ જાય. આહાહા..!

સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે... આખી દિવ્યધ્વનિનો અવાજ એકાક્ષરી છૂટ્યો પછી એને સમજવામાં અક્ષર આવી ગયા. પણ એને ઈચ્છા નથી કે હું માર્ગને પ્રકાશ કરું. આહાહા..! અઘાતિ કર્મના ઉદયથી તેમના શરીરરૂપ પુદ્ગલો દિવ્યધ્વનિરૂપ પરિણમે છે. એમ છે હોં એમાં-મોક્ષમાર્ગપ્રકાશકમાં. ત્યાં આમ લખ્યું છે. શરીરરૂપ પુદ્ગલો દિવ્યધ્વનિરૂપે (પરિણમે છે). સમજ્યા ને? ભાઈ! નહિતર દિવ્ય શરીરરૂપ પુદ્ગલો તો ઔદારિક છે. પણ એ શરીરની જાતના પુદ્ગલ એવા જે પુદ્ગલો ભાષાના ગણીને (વાત કરી છે). શબ્દ આ જ છે, આવો જ છે. મોક્ષમાર્ગ (પ્રકાશકમાં છે). અહીં તો એક એક વાતમાં એની સત્યતા શું છે એ જાણવી જોઈએ ને?

કહે છે કે એ શરીરરૂપ પુદ્ગલો. હવે શરીર જે છે એ તો ઔદારિક શરીર છે. સમજ્યાને? એના પુદ્ગલો જે કાંઈ નીકળે એ કાંઈ ઔદારિક શરીરના નથી. પણ એને પુદ્ગલની જાત બતાવીને **'શરીરરૂપ પુદ્ગલો દિવ્યધ્વનિરૂપ પરિણમે છે,...'** એ તો મોક્ષમાર્ગ(પ્રકાશક)માં આવ્યું ત્યારે ખ્યાલ હતો બધો. સમજાણું કાંઈ? કે આ રીતે અહીં કહેવા માગે છે. આહાહા..!

**'જેનાથી મોક્ષમાર્ગનું સહજ પ્રકાશન થાય છે...'** જેમ સૂર્યને ઈચ્છા નથી કે અંધારું દૂર કરું અને પ્રકાશ-અજવાળું કરું. છતાં સ્વભાવિક પ્રકાશ થાય એટલે અંધારું નાશ થઈને પ્રકાશ થાય. એમ ભગવાનની વાણી, એને ઈચ્છા નથી કે હું મોક્ષમાર્ગ પ્રકાશું. આહાહા..! ભારે વાતું પણ. વાણીની એની પોતાની યોગ્યતા જ એવી છે, કહે છે. ઓલામાં તો સૂર્યના કિરણો કહ્યા હતા. આ વાણી કાંઈ કિરણ નથી એના આત્માનું. દૃષ્ટાંતમાં તો સૂર્યનું કિરણ આપ્યું હતું ને? વાણી કાંઈ આત્માનું કિરણ છે? પણ સંયોગમાં વાણીની ધ્વનિને કિરણ ગણીને (વાત કરી છે). આહાહા..! કેમ કે જેવો એ ભાવ છે તેવો વાણીમાં કહેવાની તાકાત છે. તેથી એ વાણીને પણ કિરણ ગણીને.. આહાહા..! બીજાને ધર્મનો પ્રકાશ કરે છે. આહાહા..!

એક એક તત્ત્વમાં જે એની સ્થિતિ છે, જે રીતે એનું વાસ્તવિક તત્ત્વ છે તે રીતે એને જાણવું જોઈએ. ગોટો કરશે તો કાંઈકનું કાંઈક એક તત્ત્વ બીજા તત્ત્વમાં આવી જશે. આહાહા..!

પોતે ભગવાન ચૈતન્ય સ્વરૂપમાં, કહે છે કે એને પરદ્રવ્યસ્વરૂપ માનવો... આહાહા..! એ રાગરૂપ માનવો, કર્મરૂપ માનવો... આહાહા..! એને દિવ્યધ્વનિવાળો માનવો.. આહાહા..! એ પણ મહામિથ્યાત્વનું પાપ છે. ઓહોહો..! સ્વદ્રવ્ય ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એના સિવાયનો વિકલ્પ અને વાણી આદિ કે આ પૈસા સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ એ બધા મારા છે. અરે..! એણે પરદ્રવ્ય મારા માન્યા. એણે સ્વદ્રવ્ય ન માન્યું. એમ ભગવાનમાં ગોટો કરે કે આ વાણી ભગવાનની છે અને ભગવાને કરી છે.

મુમુક્ષુ :- એની એ છે.

ઉત્તર :- એ તો એ દશા છે. પોતાની માન્યતા એ રીતે ખતવે છે. આહાહા..!

પરમાત્મા પોતે ચૈતન્યસ્વરૂપ ભગવાન આ આત્મા, હોં! ઈ વાત ચાલે છે. એને કોઈ પણ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે એને વિકલ્પવાળો માનવો, એ વિકલ્પ છે આસ્રવતત્ત્વ છે, પરતત્ત્વ છે, એને એવો માનવો એ જ પરદ્રવ્યને પોતાનું માનીને સ્વદ્રવ્યને ચૂકી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ?

ઓલામાં આવે છે, નહિ? સમયસારમાં (કળશ ૧૩૭) આ વ્રત પાળે છે, આવું કરતા હોય એને પાપી કેમ કહ્યો? આવે છે ને? આમાં પણ આવ્યું છે. શબ્દકોષમાં પણ આવ્યું છે. એ શબ્દો બધા નાખ્યા છે. એમ કે વ્રત પાળે, અહિંસા, બ્રહ્મચર્ય શરીરથી પાળે અને એવા જીવને પાપી કેમ કહો છો? આવી ક્રિયા કરે દયાના, દાનની, વ્રતની, તપની, ભક્તિની, પૂજાની એવી ક્રિયા શુભભાવની અને એને તમે પાપી કહો. ભાઈ! પાપી કહેવાનું કારણ એ રાગ છે એ પરવસ્તુ છે એને પોતાની માની એ જ મિથ્યાત્વનું પાપ છે. આહાહા..! એ જ મહાન મિથ્યાત્વ પાપ છે. મહા પાપ એ છે. એવા પાપની નીચતા અને હલકાઈ એની એને ખબર ન મળે અને ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ રાગ અને પરની ચીજ વિનાના, અભાવસ્વભાવસ્વરૂપ, એની જે પ્રતીતનો અનુભવ એની શું કિંમત છે એની જેને ખબર નથી, એને સમ્યગ્દર્શનની ખબર નથી. સમજાણું કાંઈ? બાહ્ય ત્યાગ ઉપર એની મહિમા એણે માની. બાહ્ય ત્યાગ કર્યો, બાયડી છોડી, છોકરા છોડ્યા, દુકાન છોડી, ધંધા છોડ્યા. બાપુ! એ શું છોડ્યું? એ હતું કે દિ' એમાં? એમાં જે હતું-પરવસ્તુ મારી એવો જે મિથ્યાત્વભાવ એને તો એણે છોડ્યો નથી. સમજાણું કાંઈ? જે એમાં નથી એને એમાં છે એમ જે માન્યું અથવા એ મારા સ્વરૂપને જે એમાં નથી તે મને લાભ કરશે. આહાહા..! દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ છે એ રાગ છે, એ આસ્રવતત્ત્વ છે, પરતત્ત્વ છે. એ આવું પાળતા છતાં એ પરને પોતાનું માને છે... આહાહા..! એ જ મિથ્યાદષ્ટિ મોટો પાપી છે. ૨૦૦મી છે ને? ૨૦૦-ગાથા (પછીનો કળશ) સમયસાર. આહાહા..! સાવધાનપણે મહાવ્રત પાળે,

શરીરથી બ્રહ્મચર્ય પાળે.

મુમુક્ષુ :- આત્માને ક્યાં પાળે છે? રાગને પાળે છે.

ઉત્તર :- શરીરથી એટલે આ તો જડ છે. જડને વિષયમાં જવા ન દીધું એ કાંઈ તારું કર્તવ્ય નથી. એ તો જડનું કર્તવ્ય છે કે એ બાજુ ન ગયું. આહાહા..! એને મેં રોક્યું છે એ જ મિથ્યાત્વભાવ છે. આહાહા..! શરીરની મિથ્યા મૈથુનક્રિયા જોડાણની સંબંધની એ મેં ન કરી. એ જ જડ રૂપીનો સ્વામી થયો અને મેં બ્રહ્મચર્ય પાળ્યું એ જ મિથ્યાત્વભાવ છે. સ્વરૂપચંદભાઈ! આવી વાતું છે. સમજાણું કાંઈ? આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર એણે જે પ્રકાશથી મોક્ષમાર્ગને પ્રકાશ્યો એમાં આ વિધિ છે. આહાહા..!

એ વ્રતને પાળે અથવા કરે... આહાહા..! પણ મેં આજ આહાર ન કર્યો. નહિ કરવાની વૃત્તિ થઈ માટે આહાર ન આવ્યો, એ ભાવ જ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? આહાહા..! કેમ કે પરદ્રવ્ય સહિત હું છું (એમ હોય) તો પરદ્રવ્યને હું છોડું છું. આહાહા..! બહુ જ માર્ગ ઝીણો, ભાઈ! વીતરાગમાર્ગની દૃષ્ટિ... અત્યારે તો બહુ ગોટો ઉઠ્યો છે. બહુ ગોટો ઉઠ્યો છે. ચોર કોટવાળને દંડે એવું થઈ ગયું છે. પ્રભુ! માર્ગ તો આ છે, હોં! જેને, હું શરીરની ક્રિયા વિષયની કરતો હતો તેને હું હવે છોડું છું. આહાહા..! એનો અર્થ એ કે એ સ્વદ્રવ્યમાં, પરદ્રવ્યની ક્રિયા કરવાની તાકાત (માને છે). તેથી એ પરદ્રવ્યની ક્રિયા રોકવાની પણ એનામાં તાકાત (માને) છે. એય..! સ્વરૂપચંદભાઈ! આવો બાપા માર્ગ છે, ભાઈ! આહાહા..! એણે ભગવાન આત્માને પરદ્રવ્ય સહિત માન્યો. આહાહા..! ગજબ વાત છે ભાઈ! એ જ મહામિથ્યાત્વનું પાપ છે એની એને ખબર નથી.

ભગવાન આત્મા પોતાના અસ્તિત્વમાં તો શુદ્ધતા અને પરિપૂર્ણતાથી અસ્તિત્વ પડ્યું છે. એમાં અપૂર્ણતા પણ નથી, વિપરીતતા પણ નથી અને પરદ્રવ્યનો સંબંધ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કઠણ લાગે પણ વિચારવું, ભાઈ! આવા ટાણા નહિ મળે, બાપુ! આહાહા..! અરે..! મનુષ્યના ભવ ચાલ્યા જાય છે. સ્થિતિ પૂરી થઈ જાય છે. નાના નાના બાળકોનું સાંભળીએ છીએ ને. આહાહા..! દેહની સ્થિતિ પૂરી થઈ. આહાહા..! મનુષ્યના ભવને હારીને ચાલ્યા જાય છે. જે કરવાનું હતું એ કર્યું નહિ. અને નહિ કરવાના કર્યા એમ માન્યું. આહાહા..! એથી આ વધારે સ્પષ્ટ કરવું પડે છે, આ વાણીનું ને આ બધું. આહાહા..!

કહે છે કે, કેવળજ્ઞાની પરમાત્માને જે વાણી નીકળે છે એ એની ઇચ્છાથી નહિ, એનાથી નહિ. આહાહા..! કારણ કે વાણીની દશા તો જડરૂપ છે. જડરૂપનો આધાર આત્મા કેમ હોઈ શકે? આહાહા..! આવી વાત સમજવી ઝીણી, બાપુ! ભાઈ! એને રહી ગયા શલ્ય સૂક્ષ્મ આવા અંદરમાં. આહાહા..! તે વાણી નીકળી એ ભગવાનની વાણી છે એમ કહેવું એ વ્યવહારનું

વચન છે. એટલે કે નિમિત્તપણું ભગવાનનું હતું એટલું બતાવવા એ વાણી છે. પણ વાણી ભગવાનની છે અને ભગવાને કરી છે એમ નથી. આહાહા..! આ અવાજ ઉઠે છે એ જડ છે. ભગવાન આત્મા અરૂપી ચૈતન્યઘન છે. એમાંથી આ અવાજ ઉઠે એ જડ છે, રૂપી છે, મૂર્ત છે. એ આત્મામાંથી ક્યાંથી ઉઠે? આહા..! તે વાણી વાણીને કારણે સ્વતંત્ર નીકળે છે એમ દૃષ્ટાંત કીધો.

સૂર્ય પ્રકાશ કરે છે એ પ્રકાશ કરું એવી ઈચ્છા નથી. સ્વભાવિક રીતે નીકળે છે. એની વાણી સાથે જોડીને વાત કરી છે. ભાઈ! એ તો તે દિ' વાંચ્યું ત્યારે ખ્યાલ હતો કે વાત તો સૂર્યના કિરણની કહે છે અને વાણી એને કિરણ તરીકે ઠરાવે છે. પણ એને જ્ઞાનમાં એ જાતનો પ્રકાશ છેને એટલું જે નિમિત્ત છે એથી એમ કહ્યું, એ વાણી એને પ્રકાશે છે, એ એનું કિરણ છે એમ કહ્યું. એટલું. આહાહા..!

**'તેમનાં શરીરરૂપ પુદ્ગલો દિવ્યધ્વનિરૂપ પરિણમે છે, જેનાથી મોક્ષમાર્ગનું સહજ પ્રકાશન થાય છે...'** આહાહા..! સમજાણું કાંઈ? વાણીમાં એ જાતના ભાવો-પરથી ખસ અને અંતરમાં વસ, એવો વાણીમાં ધ્વનિ ઉઠતો હતો. સમજાણું કાંઈ? એથી એને ભગવાનના જ્ઞાનનું એ વાણી એક કિરણ ગણ્યું. વ્યવહારથી કહ્યું, ભાઈ! આહાહા..! કેમ કે એ વખતે એ વાણીની પર્યાય એવી જ સ્વતંત્ર પોતાથી ઉત્પન્ન થાય છે. ભગવાનને કારણે નહિ. ભગવાનના જ્ઞાનને કારણે નહિ. આહાહા..! આવું ભિન્ન-ભિન્ન સ્વરૂપનું સત્ છે. એને અતિશય (કરીને) વર્ણવ્યું કે ભગવાનની વાણીનું કિરણ નીકળ્યું તો મોક્ષમાર્ગ પ્રકાશ્યો. ભગવાનની પર્યાય બહાર નીકળી છે? પોપટભાઈ! આ બધું સમજવા જેવી વાત છે. એણે એમ ને એમ જ ગોટો વાળ્યો છે અનાદિથી. આહાહા..! આ તો શાંતિથી, ધીરજથી તત્ત્વની જે જે સ્થિતિ જ્યાં જ્યાં જેનાથી છે તેનાથી તેને જાણવી જોઈએ. એ વાણી ભગવાનથી છે એમ પણ નહિ, અહીં તો કહે છે. સમજાણું કાંઈ?

આ વાતને સાંભળતા જ કેટલાક માણસને તો એમ થાય આમાં ધર્મ ક્યાં આવ્યો? અરે..! બાપુ! તને ખબર નથી, ભાઈ! આહાહા..! ધર્મ ક્યાં થાય? એ વિકલ્પ છે, વાણી છે એનાથી ખસી જાય અને ચૈતન્ય સ્વરૂપ અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે પોતે, ત્યાં જાય તો ધર્મ થાય. વાણીમાં જાય,... વાણીમાં જઈ શકે? એક સત્ બીજા સત્માં પ્રવેશ કરી શકે? આહાહા..! ચૈતન્યનું સત્ ભગવાન જ્ઞાનસ્વરૂપી અરૂપી, એ વાણીના અસ્તિત્વના સત્માં પ્રવેશ કરેકે (જેથી) વાણી એને કારણે નીકળે? સમજાણું કાંઈ? આ ઓઘે ઓઘે એમ ને એમ બિચારા અનાદિથી પડ્યા છે. વાડામાં જન્મ્યા હોય એ પણ ઓઘે ઓઘે જિંદગી કાઢે તત્ત્વના ભાવ વિના. અને કાંઈક અમે ધર્મ કર્યો એમ માને. શું થાય? અરે..! ભાઈ!

મુમુક્ષુ :- હજારો લોકોને ઉપદેશ આપે.

ઉત્તર :- કોણ આપે? ભાઈ! એ વાણીને યોગે વાણી નીકળે. ભાઈ! આહાહા..! વાણી જડ છે, અચેતન છે, મૂર્ત છે, અજીવ છે. એ અજીવની પર્યાયને આત્મા કરે? આહાહા..!

મુમુક્ષુ :- આત્મા અજીવ થઈ જાય.

ઉત્તર :- તો તો અજીવ થાય. સમજાણું કાંઈ?

અહીં તો હોશિયાર માણસ તો ઘણા કામ કરે છે ને? ગિરધરભાઈ! તમે બધા કાર્યકર્તા કહેવાતા. વઢવાણની આસપાસના. એક તો શેઠિયા, વળી કાર્યકર્તા. કેટલું સાચું હશે? આહાહા..! ગરીબોને કપડા આપવા, ભૂખ્યાને અનાજ દેવા. તરસ્યાને પાણી દેવા, રોગીઓને ઔષધ દેવા, સ્થાનથી ભ્રષ્ટ હોય એને ઓટલા કે સ્થાન દેવા. આહાહા..! અરે.. ભગવાન! શું કરે છે તું? એ ચીજ ક્યાં છે તારી કે તું દે અને લે? આહાહા..! ભ્રમણા એને થઈ ગઈ છે અંદરથી. સમજાણું કાંઈ? મેં આને પાણી પાયું. તૃષા હતી તે પાણી પાયું. પાણી કઈ ચીજ છે કે તેં આપ્યું? પાણી તો અજીવ ચીજ છે, એ તું દઈ શકે? તું એને અડી શકે?

મુમુક્ષુ :- દઈએ છીએને રોજ?

ઉત્તર :- કોણ કરે છે? એનું ભાન નથી એને.

ભગવાન આત્મા તો અરૂપી છે. એમાં તો રંગ, ગંધ અને સ્પર્શ પ્રભુમાં નથી. પ્રભુ આત્મા હોં અહીં. આહાહા..! એમાં રંગ, રસ, સ્પર્શ, ગંધ નથી. એ વર્ણ, ગંધ, સ્પર્શની વસ્તુને અડે? અરૂપી રૂપીને અડે અને રૂપીનું દેવાનું, લેવાનું કામ કરે?

અહીં શું કહેવાય છે? કે પરદ્રવ્યને પોતાનું માને છે એની વ્યાખ્યા જ ઝીણી છે. એમ વાત કહેવી છે. એ આવે છે ને? ટીકામાં પણ એમ આવે છે કે શુદ્ધ પરમાત્મા પૂર્ણ સ્વરૂપ એનો અનુભવ થઈને પ્રતીતિ થવી તે કાળે તે સમકિતની ઉત્પત્તિ છે. તે જ કાળે પરદ્રવ્યની રુચિ જે છે... ટીકામાં આવ્યું હતું જયસેનાચાર્યની. ભાઈ! પરદ્રવ્યની રુચિ એટલે રાગાદિ મારા અને મેં કર્યા અને મેં આપ્યા અને મેં દીધા, એવી જે પરદ્રવ્યની રુચિ છે એવો જે મિથ્યાત્વભાવ, તેનો વ્યય થાય છે અને આત્માના આશ્રયે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..! બહુ ઝીણી વાતું પડે માણસને, હોં! આહાહા...! મુંબઈમાં આવું નાખ્યું હોય દસ દસ હજાર માણસ વચ્ચે (તો એમ થાય) મહારાજ શું કહે છે આ તે? અને મુંબઈ જેવી મોહનગરી. ધમાલ... ધમાલ.. ધમાલ... ઘોડાની જેમ માણસ દોડતા હોય. કૂતરાની જેમ ભું ભું કરતા (હોય). એય..! રતિભાઈ! મુંબઈની આ ઉપાધિ છે. આહાહા..!

કહે છે કે ભગવાને જે વાણી કરી એમ કહેવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? કેમ? કે '**ભગવાનની દિવ્ય ધ્વનિ દ્રવ્યશ્રુત વચનરૂપ છે.**' આહાહા..! ભગવાનની દિવ્યધ્વનિ

એ દ્રવ્યશ્રુત વચનરૂપ છે. જડ વાણી પરમાણુની પર્યાય છે. રજકણની, પુદ્ગલની, અજીવની દશા છે એ. આહાહા..! સમજાણું કાંઈ? '**તે સરસ્વતિની મૂર્તિ છે, કહેવાય છે.**' વાણીને. દ્રવ્યશ્રુતને કહે છે ને. અનેકાંતમાં આવ્યું છે ને? બીજી ગાથામાં નહિ?

મુમુક્ષુ :- અનેકાંતમય મૂર્તિ.

ઉત્તર :- હા, અનેકાંતમય મૂર્તિ. ત્યાં વાણીને પણ સરસ્વતી કીધી છે. આહાહા..! ખરેખર એ સરસ્વતી તો આત્માનું ભાવજ્ઞાન-ભાવશ્રુતજ્ઞાન તે સરસ્વતી છે. જેના વડે આત્મા જણાણો, જેના વડે રાગનો અભાવરૂપ આત્માનો અનુભવ થયો એવી જે જ્ઞાનની દશા અરૂપી વેદન એને અહીંયાં ભાવસરસ્વતી કહેવામાં આવે છે. વાણીને નિમિત્ત તરીકે ગણીને દ્રવ્યશ્રુતને દ્રવ્ય સરસ્વતી કહેવામાં આવે છે.

'**કારણ કે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે પરોક્ષ બતાવે છે.**' જોયું! ન્યાય આપે છે. સરસ્વતીની મૂર્તિ વાણીને કેમ કીધી? કે '**વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને...**' આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનેક શક્તિઓ રૂપ ધર્મ છે. ધર્મી એવો જે આત્મા, ધર્મી એટલે ધર્મ કરનાર અત્યારે એ પ્રશ્ન નથી. ધર્મી એટલે વસ્તુ આત્મા. એના જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણો એ એનો ધર્મ છે, એ એનો સ્વભાવ છે, એ એનું સ્વરૂપ છે. આહાહા..! એને-એવા અનંત ધર્મવાળા આત્માને... એમ ત્યાં ન કહ્યું કે આવા રાગવાળા આત્માને, વાણી કહેનારા આત્માને. આહાહા..! એ વચનો દ્વારા. નિમિત્ત વાણીનું. અનેક ધર્મવાળો પ્રભુ આત્મા. ધર્મ નામ ધારી રાખેલા ગુણો. એમાં અનંત અનંત ગુણો (છે) અને અભવિ હોય તો પણ અનંત ગુણો છે. આહાહા..! ગુણો એટલે? શક્તિ. પ્રગટ થયેલાની પછી વાત. એ અનંત ગુણ સ્વભાવવાળો આત્મા છે એને વાણી બતાવે છે, નિમિત્ત તરીકે. આહાહા..! જોકે એ આત્મા પોતે જ્યારે પોતાના સ્વભાવને જાણે ત્યારે વાણીએ આને બતાવ્યું એમ નિમિત્ત તરીકે કહેવામાં આવે. બહુ ભેદ પડે, ભાઈ! વીતરાગની સૂક્ષ્મતા, કેવળીની સૂક્ષ્મતા.

શ્રીમદ્માં પણ આવે છે ને સૂક્ષ્મ બોધનો અભિલાષી. મહાવીરના શિષ્ય કોણ હોય? સૂક્ષ્મ બોધનો અભિલાષી. રાગથી, પરથી ભિન્ન એવા સ્વભાવના સૂક્ષ્મ બોધનો-જ્ઞાનનો અભિલાષી. એ વસ્તુને સમજી શકે અને પામી શકે. સમજાણું કાંઈ? કહે છે, એ '**વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને...**' ધર્મ શબ્દે ગુણ. પેલામાં આવે છે, આપણે બીજી ગાથામાં. સમયસારમાં. ત્રીજી ગાથાના અર્થમાં આવે છે. અનેકાંત. અનેકાંતમય મૂર્તિ. એ અનંત ધર્મવાળાને વાણી બતાવે છે. આહાહા..! એ વચન પણ વ્યવહારે છે. સમજાણું કાંઈ? અનંત ગુણ અને અનંત ધર્મવાળો પ્રભુ પોતે જ્યારે એને જોવે અને જાણે છે, ત્યારે એ વાણીએ અનંત ધર્મવાળો આત્મા બતાવ્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું

કાંઈ? અનંત **'ધર્મવાળા આત્માને તે પરોક્ષ બતાવે છે.'** દ્રવ્યશ્રુત છે ને. એને ઈશારો કરે છે, પ્રભુ! તું અનંત ગુણનો ધણી છો. તારામાં રાગનો અંશ નથી, વાણી અને શરીરની ક્રિયાનો કરવાનો અંશ નથી. કેમ કે એ બધાને—સ્વ અને એ પરને જાણવાના સ્વભાવવાળો તારો ધર્મ છે. સમજાણું કાંઈ? એમ વાણી બતાવે છે કહે છે. આહાહા..! 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' આવે છે ને? શ્રીમદ્‌માં આવે છે છેલ્લા.

મુમુક્ષુ :- 'જિનપદ નિજપદ એકતા...'

ઉત્તર :- 'લક્ષ થવાને તેહનો...' ફક્ત આમ લક્ષ કરવા. આ આત્મા ચિદાનંદ સ્વરૂપ છે એ લક્ષ બંધાવા આ શાસ્ત્રની વાત છે. સમજાણું કાંઈ?

એ પણ શાસ્ત્રની વાણી છે તે કાળે પણ જે જ્ઞાન થાય છે એ કાંઈ વાણીથી થતું નથી. કેમ કે વાણી જડ છે અને અહીં જ્ઞાનની પર્યાય ચૈતન્ય છે. એ જડથી ચૈતન્ય પર્યાય કેમ થાય? એક વાત. અને એ જાણવાની પર્યાય થઈ, પોતાથી થઈ એ પણ એક પરલક્ષી જ્ઞાન છે, એ ચૈતન્યનું જ્ઞાન નહિ. આહાહા..! પણ સમજાવવું (હોય) ત્યારે શી રીતે સમજાવે? કે ભાષા એને અનંત ધર્મવાળો આત્મા એમ.. આહાહા..! તત્ત્વની સૂક્ષ્મતા અને પરથી પૃથક્‌તા એ અલૌકિક વાત છે. દરેક પદાર્થની પરથી પૃથક્‌તા અને એની સૂક્ષ્મતા, અલૌકિક વાત છે! એ સૂક્ષ્મતાને વાણી બતાવે છે એમ અહીં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'કેવળજ્ઞાન અનંત ધર્મસહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે,...'** વાણી પરોક્ષ બતાવે એટલું કહ્યું. કારણ કે એને ખ્યાલમાં હજી પર લક્ષ આવ્યું છે. સ્વ આવ્યું નથી. વાણી નિમિત્ત થઈ અને તે કાળે સાંભળનારને જ્ઞાનની પર્યાય ખીલે છે એ પોતાથી ખીલે છે, કાંઈ વાણીથી નહિ. વાણીનો તો એમાં અભાવ છે. એના ભાવમાંથી ખીલે છે. છતાં એ ભાવનું ખીલેલું જ્ઞાન... આહાહા..! પરોક્ષ છે. સમજાણું કાંઈ? અને **'કેવળજ્ઞાન અનંત ધર્મસહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે,...'** બીજી રીતે કહીએ તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પર્યાય એ આત્માને પ્રત્યક્ષ જાણે છે. કારણ કે એમાં પરનો સહારો કાંઈ છે નહિ. આહાહા..! અહીં તો કેવળજ્ઞાનની વ્યાખ્યા કરી છે. પણ નીચે સમ્યગ્દર્શનમાં પણ—ધર્મની પ્રથમ દશામાં પણ જે મતિ અને શ્રુતજ્ઞાન છે એ પરોક્ષ નથી. એણે પ્રત્યક્ષ સ્વનો આશ્રય કર્યો છે એમાં પરનો આશ્રય રહ્યો નથી. એટલે પ્રત્યક્ષ થઈ જાય છે. દ્રવ્યશ્રુતે જાણ્યો એ પરોક્ષ છે. અંદરમાં ભાવશ્રુત દ્વારા જાણ્યો તે પ્રત્યક્ષ છે. એમ કહે છે. શું કીધું સમજાણું?

વાણીથી જે એને ખ્યાલમાં આવ્યું એમ કહેવું એ પણ વ્યવહાર છે. પણ વાણીનું નિમિત્તપણું અને એને ખ્યાલમાં જે આવ્યું એ પણ હજી આત્માનું પરોક્ષપણું છે. એમાં આત્મા પ્રત્યક્ષ થયો નથી. આહાહા..! આવું વ્યાખ્યાન આ કઈ જાતનું! આ તે જૈનદર્શનનું હશે આવું?

વીતરાગમાર્ગમાં આવું! ઓલો તો કહે કે છ કાયની દયા પાળો, કોઈને ન મારો, ભૂખ્યાને દાન આપો, આ કરો.. આ કરો. આવી વાત તો ભગવાનના માર્ગમાં સાંભળી. રતિભાઈ! ભગવાન! બાપુ! એ બધી વાતું બધી છે ઈ છે બહારની. એ અંતરની વસ્તુ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, એ પરોક્ષ બતાવે છે. પ્રત્યક્ષ તરીકેની વ્યાખ્યા કરી આ. કે દ્રવ્યશ્રુત જે વાણી છે એ વખતે ખ્યાલ આવે છે એ પરોક્ષ છે. અને જ્યારે એ જ્ઞાન વર્તમાનની દશા એ જાણેલું જ્ઞાન જે છે પર તરફનું એ નહિ. હવે એ જ્ઞાનની પછીની દશા સ્વ તરફ વળે છે ત્યારે એ પ્રત્યક્ષ થઈ જાય છે. સમજાણું કાંઈ? કેટલી વાતું સમજવી આમાં! કેટલાક અહીં બે-ચાર વર્ષથી સાંભળે છે તો આપણે સમજી ગયા છીએ (એમ માને છે). સ્વરૂપચંદભાઈ! આહાહા..! ભાઈ! એ સમજવાના .. એ રસ્તા અલૌકિક છે બાપુ!

અહીં તો કહે છે, વાણીને કાળે દ્રવ્યશ્રુતે જ્ઞાન કહ્યું-બતાવ્યું એ તો પરોક્ષ રીતે છે. એમ કહ્યું ને? અને કેવળજ્ઞાન તો પ્રત્યક્ષ છે. અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ એટલે કે વાણી દ્વારા એનું લક્ષ નથી એને તો સ્વ તરફના આશ્રયે કેવળજ્ઞાન થયું છે. એ કેવળજ્ઞાનનો ઉપાય પણ પહેલેથી.. આહાહા..! સ્વના લક્ષને કારણે મતિ શ્રુતજ્ઞાન થયું છે. એ પણ સાંભળીને થયું છે એમ છે નહિ. એવું જે જ્ઞાનનું પ્રત્યક્ષપણું થવું એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. એ ધર્મની શરૂઆતનો અંશ ત્યારથી થાય છે. બાકી બધી વાતું છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૩, સોમવાર તા. ૧૬-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૨-૩, પ્રવચન - ૬**

બીજી ગાથાનું છેલ્લું છે. **‘સરસ્વતીની મૂર્તિ છે.’** ત્યાં સુધી ચાલ્યું છે ને. દ્રવ્યશ્રુત છે એ આત્માને પરોક્ષ રીતે જણાવે છે. વાણી છે ને? અને કેવળજ્ઞાન જે છે એ અનંત ધર્મ સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે. પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય પરમાત્મસ્વરૂપ, એને કેવળજ્ઞાન પ્રત્યક્ષ દેખે છે. ભાવશ્રુતજ્ઞાન એ પણ એક આત્માને પ્રત્યક્ષ દેખે છે. એ ભાવશ્રુતજ્ઞાન પણ સરસ્વતીની મૂર્તિ છે, કેવળજ્ઞાન પણ સરસ્વતીની મૂર્તિ છે અને વાણી પણ સરસ્વતીની મૂર્તિ છે.

**‘આ રીતે સર્વ પદાર્થોના તત્ત્વને...’** એટલે સર્વ પદાર્થના ભાવને **‘જણાવનારી જ્ઞાનરૂપ અને વચનરૂપ અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે.’** એ સરસ્વતીનો શ્લોક સમયસારનો છે. **‘સરસ્વતીનાં વાણી, ભારતી, શારદા, વાગ્દેવી, ઈત્યાદિ ઘણાં નામ છે.’** ક્યાં સુધી આ ઘસવાનું કામ હાલે છે. કેટલું ઘસ્યું એણે. એને બંધ કરી દ્યો. એને શું ઘસી ઘસીને કરીને... એ વાત પૂરી થઈ ત્યાં.

હવે ત્રીજા શ્લોકમાં શું કહેવા માગે છે?

---

ननु निष्कलेतररूपमात्मानं नत्वा भवान् किं करिष्टतीत्याह-

**श्रुतेन लिंगेन यथात्मशक्ति समाहितान्तः करणेन सम्यक्।**
**समीक्ष्य कैवल्यसुखस्पृहाणां विविक्तमात्मानमथाभिधास्ये।।३।।**

टीका :- अथ इष्टदेवतानमस्कारकरणानन्तरं। अभिधास्ये कथयिष्ये। कं? विविक्तमात्मानं कर्ममलरहितं जीवस्वरूपं। कथमभिधास्ये? यथात्मशक्ति आत्मशक्तेरनतिक्रमेण। किं कृत्वा? समीक्ष्य तथाभूतमात्मानं सम्यग्ज्ञात्वा। केन? श्रुतेन-

‘‘एगो मे सासओ आदा णाणदंसणलक्खणो।
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।।’’

इत्याद्यागमेन। तथा लिंगेन हेतुना। तथा हि-शरीरादिरात्मभिन्नोभिन्नलक्षणलक्षितत्त्वात्। ययोर्भिन्नलक्षणलक्षितत्त्वं तयोर्भेदो यथाजलानलयोः। भिन्नलक्षणलक्षितत्त्वं चात्मशरीरयोरिति। न चानयोर्भिन्नलक्षणलक्षितत्वमप्रसिद्धम्। आत्मनः उपयोगस्वरूपोपलक्षितत्त्वात्शरीरा-देस्तद्विपरीतत्त्वात्। समाहितान्तःकरणेन समाहितमेकाग्रीूतं तच्च तदन्तःकरणं च

मनस्तेन। सम्यक्-समीक्ष्य सम्यग्ज्ञात्वा अनुभूयेत्यर्थः केषां तथा भूतमात्मानमभिधास्ये? कैवल्यसुखस्पृहाणां कैवल्ये सकलकर्मरहितत्त्वे सति सुखं तत्र स्पृहा अभिलाषो येषां, कैवल्ये विषयाप्रभवे वा सुखे; कैवल्यसुखयो स्पृहा येषाम्।।३।।

શ્લોક - ૩

અન્વયાર્થ :- (अथ) હવે પરમાત્માને નમસ્કાર કર્યા બાદ (अहं) હું-પૂજ્યપાદ આચાર્ય (विविक्तं आत्मानं) પરથી ભિન્ન એવા આત્માના શુદ્ધસ્વરૂપને (श्रुतेन) શ્રુત દ્વારા (लिंगेन) અનુમાન અને હેતુ દ્વારા, (समाहितान्तःकरणेन) એકાગ્ર મન દ્વારા (सम्यक्समीक्ष्य) સમ્યક્ પ્રકારે જાણીને-અનુભવીને (कैवल्यसुखस्पृहाणां) કેવલ્યપદ-વિષયક અથવા નિર્મલ અતીન્દ્રિયસુખની ભાવનાવાળાઓને (यथाशक्ति) શક્તિ અનુસાર (अभिधास्ये) કહીશ.

ટીકા :- હવે ઈષ્ટદેવતાને નમસ્કાર કર્યા પછી હું કહીશ. શું (કહીશ)? વિવિક્ત આત્માને અર્થાત્ કર્મમલરહિત જીવસ્વરૂપને (કહીશ). કેવી રીતે કહીશ? યથાશક્તિ-આત્મશક્તિનું ઉલ્લંઘન કર્યા વગર-કહીશ. શું કરીને (કહીશ)। સમીક્ષા કરીને અર્થાત્ તેવા આત્માને (વિવિક્ત આત્માને) સમ્યક્ પ્રકારે જાણીને (કહીશ). શા વડે (કયા સાધન વડે)? શ્રુત દ્વારા-

''જ્ઞાનદર્શનલક્ષણવાળો શાશ્વત એક આત્મા મારો છે; બાકીના બધા સંયોગલક્ષણવાળા ભાવો મારાથી બાહ્ય છે.'' ઈત્યાદિ આધમ દ્વારા તથા લિંગ અર્થાત્ હેતુ દ્વારા (કહીશ). તે આ પ્રમાણે :-

શરીરાદિ આત્માથી ભિન્ન છે, કારણ કે તેઓ ભિન્ન લક્ષણોથી લક્ષિત છે. જેઓ ભિન્ન લક્ષણોથી લક્ષિત છે, તેઓ બંને (એક બીજાથી) ભિન્ન છે; જેમ જલ અને અગ્નિ (એક બીજાથી) ભિન્ન છે તેમ. આત્મા અને શરીર (બંને) ભિન્ન લક્ષણોથીલ ક્ષિત છે અને તે બંનેનું ભિન્ન લક્ષણોથી લક્ષિતપણું અપ્રસિદ્ધ નથી (અર્થાત્ પ્રસિદ્ધ છે). કારણ કે આત્મા ઉફયોગસ્વરૂપથી ઉપલક્ષિત છે અને શરીરાદિક તેનાથી વિપરીત લક્ષણવાળાં છે.

સમાહિત અન્તઃકરણથી-સમાહિત એટલે એકાગ્ર થયેલા અને અંતઃકરણ એટલે મન-એકાગ્ર થયેલા મન વડે, સમ્યક્પ્રકારે સમીક્ષા કરીને-(વિવિક્ત આત્માને) જાણીને-અનુભવીને (કહીશ) એવો અર્થ છે. હું કોને તેવા પ્રકારના આત્માને કહીશ? કૈવલ્ય સુખની સ્પૃહાવાળાઓને-કૈવલ્ય અર્થાત્ સકલ કર્મોથી રહિત થતાં જે સુખ (ઊપજે) તેની સ્પૃહા (અભિલાષા) કરનારઓને-(કહીશ). કૈવલ્ય અર્થાત્ વિષયોથી ઉત્પન્ન નહિ

થયેલા એવા સુખની-અથવા કૈવલ્ય અને સુખની-સ્પૃહાવાળાઓને (કહીશ). (૩)

ભાવાર્થ :- શ્રી પૂજ્યપાદ સ્વામી પ્રતિજ્ઞારૂપે કહે છે કે, 'હું શ્રુત વડે, યુક્તિ અનુમાન વડે અને ચિત્તની એકાગ્રતા વડે શુદ્ધાત્માને યથાર્થ જાણીને તથા તેનો અનુભવ કરીને, નિર્મળ અતીન્દ્રિય સુખની ભાવનાવાળા ભવ્ય જીવોને મારી શક્તિ અનુસાર શુદ્ધ આત્માનું સ્વરૂપ કહીશ.'

## વિશેષ

## આગમમાં આત્માનું સ્વરૂપ

કહ્યું છે કે :-

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાન દર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે!

દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમેલો આત્મા જાણે છે કે-'નિશ્ચયથી હું એક છું, શુદ્ધ છું, દર્શન જ્ઞાનમય છું, સદા અરૂપી છું; કાંઈ પણ અન્ય પર દ્રવ્ય-પરમાણુમાત્ર પણ મારું નથી. એ નિશ્ચય છે.'[૧]

## યુક્તિ (અનુમાન)

શરીર અને આત્મા એકબીજાથી ભિન્ન છે કારણ કે તે બંનેના લક્ષણ[૨] ભિન્ન ભિન્ન છે. આત્મા જ્ઞાન-દર્શન લક્ષણવાળો છે અને શરીરાદિ તેનાથી વિરુદ્ધ લક્ષણવાળાં છે-અર્થાત્ અચેતન જડ છે. જેમનાં લક્ષણ ભિન્ન ભિન્ન હોય છે તે બધાં એકબીજાથી ભિન્ન હોય છે; જેમ કે જલનું લક્ષણ શીતલપણું અને અગ્નિનું લક્ષણ ઉષ્ણપણું છે. એમ બંનેના લક્ષણ ભિન્ન છે, તેથી જલથી અગ્નિ ભિન્ન છે.

જેમ સોના અને ચાંદીનો એક પિંડ હોવા છતાં તેમાં સોનું તેનાં પીળાશાદિ લક્ષણ વડે અને ચાંદી તેનાં શુક્લાદિ લક્ષણવડે-બંને જુદાં છે-એમ જાણી શકાય છે, તેમ જીવ અને કર્મ-નોકર્મ (શરીર) એકક્ષેત્રે હોવા છતાં તેમનાં લક્ષણો વડે તેઓ એકબીજાથી ભિન્ન જાણી શકાય છે.[૩]

વળી અંરંગ રાગ-દ્વેષાદિ પરિણામો પણ વાસ્તવમાં આત્માના જ્ઞાનલક્ષણથી ભિન્ન છે, કારણ કે રાગ-દ્વેષાદિ-ભાવો ક્ષણિક અને આકુળતા લક્ષણવાળા છે; તે સ્વ-

---

૧. શ્રી સમયસાર-ગુ. આવૃત્તિ-ગાથા ૩૮

૨. ઘણા મળેલા પદાર્થોમાંથી કોઈ પદાર્થને જુદો કરનાર હેતુને લક્ષણ કહે છે. (જૈન સિદ્ધાંત પ્રવેશિકા) ૩. જુઓઃ સમયસાર ગાથા-૨૭-૨૮.

પરને જાણતા નથી; જ્યારે જ્ઞાનસ્વભાવ તો નિત્ય ને શાન્ત-અનાકુળ છે, સ્વ-પરને જાણવાનો તેનો સ્વભાવ છે. આ રીતે ભિન્ન લક્ષણ દ્વારા જ્ઞાનમય આત્મા રાગાદિકથી ભિન્ન છે-એમ નક્કી થાય છે.[૪] માટે આત્મા પરમાર્થે પર-ભાવોથી અર્થાત્ શરીરાદિક બાહ્ય પદાર્થોથી તથા રાગ-દ્વેષાદિ અંતરંગ પરિણામોથી વિવિક્ત છે-ભિન્ન છે.

### અનુભવ

આગમ અને યુક્તિ દ્વારા આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણી પોતાના ત્રિકાળ શુદ્ધાત્માની સન્મુખ થતાં આચાર્યને જે શુદ્ધાત્માનો અનુભવ થયો તે અનુભવથી તેઓ વિવિક્ત આત્માનું સ્વરૂપ બતાવવા માગે છે.

આચાર્ય આત્માનું સ્વરૂપ કોને બતાવવા માગે છે?

આત્માના અતીન્દ્રિય સુખની જ જેને સ્પૃહા છે-ઇન્દ્રિય-વિષયસુખની જેને સ્પૃહા નથી, તેવા (જિજ્ઞાસુ) ભવ્ય જીવોને જ આચાર્ય વિવિક્ત આત્માનું (શુદ્ધાત્માનું) સ્વરૂપ કહેવા માગે છે.

આ રીતે શ્રી પૂજ્યપાદ આચાર્યે આગમ, યુક્તિ અને અનુભવથી આત્માનું શુદ્ધસ્વરૂપ કહેવાની પ્રતિજ્ઞા કરી છે.

આત્માના વળી કેટલા ભેદ છે. જેથી 'વિવિક્ત આત્મા'-એમ વિશેષ કહ્યું છે? અને એ આત્માના ભેદોમાં શા વડે કોનું ગ્રહણ અને કોનો ત્યાગ કરવા યોગ્ય છે? એવી આશંકા કરી કહે છે-

---

## શ્લોક-૩ ઉપર પ્રવચન

**'નિષ્કલથી અન્યરૂપ આત્માને...'** કલ એટલે શરીર. શરીરરહિત એનાથી અન્ય રૂપ એટલે સકલ આત્મા. અરિહંતને સકલ આત્મા કહેવાય છે ને? શરીર સહિત. **'નિષ્કલથી અન્યરૂપ આત્માને (નિષ્કલ નહિ...'** એટલે કે શરીર નહિ. શરીર નહિ એવા બીજા. શરીરસહિત એમ. શરીર નહિ એવા શરીરસહિત. **'એવા સકલ આત્માને) નમસ્કાર કરીને આપ શું કરશો? તે કહે છે-'**

---

૪. જીવ બંધ બંને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે;
પ્રજ્ઞા-છીણી થકી છેદતાં, બંને જુદા પડી જાય છે. (શ્રી સમયસાર-ગુ. આવૃત્તિ ગા.૨૯૪)

**श्रुतेन लिंगेन यथात्मशक्ति समाहितान्तः करणेन सम्यक्।**
**समीक्ष्य कैवल्यसुखस्पृहाणां विविक्तमात्मानमथाभिधास्ये।।३।।**

'**ટીકા :- હવે ઈષ્ટદેવતાને નમસ્કાર કર્યા પછી હું કહીશ.**' આ ટીકા કાંઈ અમૃતચંદ્રાચાર્ય જેવી નથી ટીકા. આ તો સાધારણ સાદી ભાષામાં છે. પ્રભાચંદ્ર પંડિતની છે ને. બહુ ગંભીર નથી. વિવિક્ત આત્માને કહીશ એમ. '**વિવિક્ત આત્માને અર્થાત્ કર્મમલરહિત જીવસ્વરૂપને...**' ભગવાન આત્મા કર્મ ને રાગ ને મલિનભાવ રહિત છે આત્મા. એને હું કહીશ. સિદ્ધસ્વરૂપ છે એ તો પ્રગટ થયેલું છે. પણ આ આત્મા કર્મ અને રાગરહિત એનું વસ્તુસ્વરૂપ જે છે એવા સ્વરૂપને હું કહીશ.

'**કેવી રીતે કહીશ? યથાશક્તિ-આત્મશક્તિનું ઉલ્લંઘન કર્યા વગર-**' એટલે કે મારી શક્તિ પ્રમાણે '**કહીશ.**' એમ. સર્વજ્ઞે જે કહે છે એટલું તો હું ક્યાંથી કહી શકું? એમ કહે છે આચાર્ય. મારી શક્તિ છે, મેં અનુભવ્યું છે. રાગરહિત આત્મા... રાગ એટલે આસ્રવ, કર્મ એટલે અજીવ. અજીવ અને આસ્રવ રહિત જે આત્માને જાણ્યો છે, અનુભવ્યો છે એ શક્તિ પ્રમાણે હું કહીશ. એમ કહે છે. એ યથાશક્તિનો અર્થ-મારી શક્તિ પ્રમાણે.

'**શું કરીને (કહીશ)? સમીક્ષા કરીને અર્થાત્ તેવા આત્માને (વિવિક્ત આત્માને) સમ્યક્ પ્રકારે જાણીને (કહીશ).**' સમ-ઈક્ષા. સમ્યક્ પ્રકારે જાણીને. મેં જાણ્યો છે આત્મા કેવો છે, એમ કહે છે આચાર્ય. મેં અનુભવ્યો છે આત્મા કેવો છે. આહાહા..! એવું જે જાણ્યું છે, મેં અનુભવ્યું છે એ પ્રમાણે હું કહીશ. સમજાય છે કાંઈ? '**શા વડે (કયા સાધન વડે)? શ્રુત દ્વારા-**' પછી ગાથા આપી છે નિયમસારની.

''**एगो मे सासओ आदा णाणदंसणलक्खणो।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।।**''

કેવો છે આત્મા? '**જ્ઞાનદર્શનલક્ષણવાળો...**' જેનું લક્ષણ અને જે લક્ષણથી વસ્તુ જણાય એ જ્ઞાનદર્શન લક્ષણ છે. આહાહા..! જ્ઞાનદર્શનલક્ષણથી જણાય લક્ષ દ્રવ્ય-વસ્તુ એવો એ આત્મા છે. વિકલ્પથી ને રાગથી ને નિમિત્તથી જણાય નહિ એવો આત્મા છે એમ કહે છે. પ્રથમ સમ્યગ્દર્શનમાં પણ આત્મા પોતે પોતાના જ્ઞાનદર્શનના લક્ષણ દ્વારા જણાય એવો એ છે. જાણવું-દેખવું જેનું લક્ષણ છે. લક્ષ એટલે દ્રવ્યનું. તેના દ્વારા જણાય એવો એ આત્મા છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**શાશ્વત એક આત્મા મારો છે;...**' શાશ્વત ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... એવું જે ત્રિકાળી દ્રવ્યસ્વરૂપ જે છે એ શાશ્વત તે જ્ઞાનદર્શનલક્ષણ વડે જણાય એવી ચીજ છે. આહાહા..! કુંદકુંદાચાર્યની ગાથા છે. એવો '**શાશ્વત એક આત્મા મારો છે;...**' એમ કહે છે અહીં.

પરના આત્માની અહીં વાત નથી કરી. આહાહા..! જ્ઞાન અને દર્શન જે પ્રગટ છે લક્ષણ વ્યક્ત છે એ દ્વારા મારો આત્મા છે એ જણાય છે. જણાય છે એ રીતે હું વાત કરીશ. આહાહા..! તો પછી હું કહીશ એનો અર્થ શું થયો? કે તમને પણ તમારા જ્ઞાનદર્શનલક્ષણથી જણાય છે. પણ વ્યવહાર આવે ત્યારે એ જ આવે ને. બીજો આવે?

'**જ્ઞાનદર્શનલક્ષણવાળો શાશ્વત એક આત્મા મારો છે; બાકીના બધા સંયોગલક્ષણવાળા ભાવો મારાથી બાહ્ય છે.**' અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય એ બધા સંયોગી લક્ષણવાળા છે, સ્વભાવ લક્ષણવાળા નથી. સ્વભાવ લક્ષણથી એનું જાણવું અને દેખવું એ લક્ષણ દ્વારા એ જણાય. એ દ્વારા મેં જાણ્યો છે અને બીજા જે પુણ્ય અને પાપ ભાવ એ અનેરા લક્ષણવાળા છે. છે ને? '**બાકીના બધા સંયોગલક્ષણવાળા ભાવો મારાથી બાહ્ય છે.**' આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રને સાંભળતા જે વિકલ્પ થયો એ વિકલ્પથી પણ મારી ચીજ તો ભિન્ન છે કહે છે. એમ તમારી ભિન્ન છે એમ કહેવું છે અહીં તો. હું પોતે આવું હું કહીશ એવો તમારો આત્મા પણ એ રીતે જ જણાય એવો છે એમ કહે છે. આહાહા..! આત્મા આનંદસ્વરૂપ (છે). અહીં જ્ઞાન-દર્શન પ્રગટ છેને તો એ લક્ષણ લીધું છે. અને એ લક્ષણ દ્વારા મારો ભગવાન જણાય અને જે રીતે જાણ્યો છે એ રીતે જગતને હું જાહેર કરું છું, કહે છે. સમજાણું કાંઈ?

'**ઈત્યાદિ આગમ દ્વારા તથા લિંગ અર્થાત્ હેતુ દ્વારા...**' અનુમાન દ્વારા '(કહીશ).' અન્વયાર્થમાં તો '**लिंगेन**' '**અનુમાન અને હેતુ**' એમ બે કહ્યા છે. પણ બે નહિ. અનુમાન એ જ હેતુ છે. આમાં બીજો હેતુ નવો નથી. જુઓને! ત્યાં કીધું ને? લિંગ એટલે હેતુ દ્વારા. ત્યાં તો એમ કીધું છે. અર્થમાં વળી બે ભર્યા છે. '**लिंगेन**' અન્વયાર્થમાં. '**અનુમાન અને હેતુ..**' એમ કહ્યું. પણ અનુમાન એ જ હેતુ. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! ધર્મની ઝીણી વાતું ભારે. આ અંદર વસ્તુ છે ચૈતન્ય સ્વરૂપ છે, આનંદમૂર્તિ છે. એ મારા જાણવાના ઘસે છે, બધું બંધ જ કરી દો, ઘસવાનું બંધ કરી દો. રજા જ આપી દો.

ભગવાન આત્મા મારો અને તમારો બેયનો એમ કહે છે. મારો છે એને આ રીતે મેં જાણ્યો એમ તમને કહીશ પણ તમારે પણ એ રીતે જણાશે એમ કહેશે. આહાહા..! એ કોઈ ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત, ભક્તિ ને પૂજા કરવાથી આત્મા જણાય એવું આત્માનું લક્ષણ જ નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આત્માનું જ્ઞાન થાય એનું લક્ષણ જ પોતાના જ્ઞાનથી થાય એવું એનું લક્ષણ છે. આહાહા..! એનું નામ આત્મજ્ઞાન છે. એ રાગની ક્રિયા.. ઘણે ઠેકાણે આવે છે. વ્યવહાર મોક્ષમાર્ગ છે, વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. આવે છે કે નહિ? ઘણું લખાણ છે. શબ્દકોષવાળાએ બધા નાખ્યા છે. એમાં કોઈ તારવીને કાઢવું

હોય તો ભારે મુશ્કેલ પડે.

સાધન વ્યવહાર છે. એક કોર કહે કે એક જ આત્મા મોક્ષનો માર્ગ છે, નિશ્ચય સાધન છે. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. પાછું એ નાખ્યું. પંચાસ્તિકાયમાં છે કે નહિ? આહાહા..! અહીં તો એક જ સાધન છે. સત્ય જ એ સાધન છે. અંદર જ્ઞાન ને દર્શન દ્વારા અંદરને પકડવો. ઓહોહો..! એવો જ જાણ્યો છે અને એ રીતે હું કહીશ એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જેઓ ભિન્ન લક્ષણોથી લક્ષિત છે, તેઓ બંને (એક બીજાથી) ભિન્ન છે;...'** શરીરાદિ આત્માથી ભિન્ન છે. શરીર, રાગ, પુણ્ય અને પાપના વિકલ્પો એ બધા ભગવાન આત્માથી જુદા છે. આહાહા..! **'કારણ કે તેઓ ભિન્ન લક્ષણોથી લક્ષિત છે.'** એ આકુળતા અને અજીવના લક્ષણથી જણાવ્યા છે. એના લક્ષણ જ જુદી જાતના છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો જે ભાવ એનું લક્ષણ જ, કહે છે કે આકુળતા અને રાગ છે. એથી આત્મા જણાય એવી ચીજ છે નહિ. આહાહા..! અલિંગગ્રહણમાં આવ્યું છે ને? કે પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? તો પછી આ બધું સાંભળવું ને... એ સાંભળવામાં પણ એ એને સાંભળવું કે અમારા સાંભળવાથી તને તું જણાય એવો તું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન એમ કહે કે અમારી ભક્તિથી તું જણાય એવું તારું સ્વરૂપ જ નથી. આહાહા..! એનો વિકલ્પ જે ઉઠે ભગવાનની ભક્તિનો શુભરાગ, સાક્ષાત્ ત્રિલોકનાથ હો એની વાણી સાંભળે તો એ વાણીમાં એમ કહ્યું કે તું આ વાણી અને વાણી સાંભળતા થતો વિકલ્પ, એનાથી તું જણાય એવું તારું સ્વરૂપ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે. આવો માર્ગ એકલો નિશ્ચય છે એ જ માર્ગ છે. વ્યવહાર-ફ્યવહાર છે એ માર્ગ છે નહિ. આહાહા..!

અહીં તો એ કહ્યું છે કે શરીરાદિ, રાગાદિ આમાં બધું લઈ લીધું. એ **'આત્માથી ભિન્ન છે. કારણ કે તેઓ ભિન્ન લક્ષણોથી લક્ષિત છે. જેઓ ભિન્ન લક્ષણોથી લક્ષિત છે, તેઓ બંને (એક બીજાથી) ભિન્ન છે;...'** તેના લક્ષણ જુદા માટે તે જુદી ચીજ છે. જુદા લક્ષણથી એ જણાય માટે તે ભિન્ન ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા જ્ઞાન અને દર્શન, લક્ષણથી જણાય અને દયા, દાનના વિકલ્પો છે એ વિભાવ આકુળતાના લક્ષણથી જણાય એ ચીજ છે, એમ કહે છે. આહાહા..! અને જેના લક્ષણો જુદા છે એ ચીજ જુદી છે. એનું લક્ષ્ય એટલે વસ્તુ. સમજાણું કાંઈ?

**'જેમ જલ અને અગ્નિ (એક બીજાથી) ભિન્ન છે તેમ.'** પાણી અને અગ્નિ. **'આત્મા**

**અને શરીર (બંને) ભિન્ન લક્ષણોથી લક્ષિત છે...'** એકલું શરીર નાખ્યું હોં! પણ પહેલું તો એમ હતુંને, શરીર આદિ બધું. એ તો પછી શરીરમાં બધું એમાં આવી જાય. ત્યાં શરીર નાખ્યું છે એકલું. શાસ્ત્રમાં એમ આવે છે ને કે પુણ્ય અને પાપના ભાવ એ પુદ્ગલના પરિણામ છે. પછી ટૂંકું કરીને કહ્યું કે પુણ્ય-પાપના ભાવ પુદ્ગલ છે. કર્તાકર્મમાં આવ્યું છે. આહાહા..!

ભગવાન આત્મા જાણવા અને દેખવાના લક્ષણથી જણાય માટે એનું લક્ષણ જુદું. એ જુદી ચીજ થઈ અને રાગાદિનું લક્ષણ જુદું. કેમ કે એ આકુળતા અને દુઃખરૂપ જેનું લક્ષણ છે અને દુઃખરૂપ જે ચીજ છે. આહાહા..! દયા, દાન, વ્રત ભાવ એ બધો દુઃખરૂપ છે. એ દુઃખરૂપના લક્ષણથી જ જણાય એવો છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો માર્ગની મૂળ ચીજ છે.

**'ભિન્ન લક્ષણોથી લક્ષિત છે અને તે બંનેનું ભિન્ન લક્ષણોથી લક્ષિતપણું અપ્રસિદ્ધ નથી...'** જળ અને અગ્નિની પેઠે. **'તેમ આત્મા અને શરીર (બંને) ભિન્ન લક્ષણોથી લક્ષિત છે...'** ભગવાન આત્મા અને પુણ્ય દયા, દાન, વ્રતના ભાવ પુણ્ય, હિંસા, જૂઠાનો ભાવ પાપ અને શરીરાદિ અજીવ એ ત્રણેયના લક્ષણ ભિન્ન ભિન્ન છે. તો જેનું લક્ષણ જુદું તે વસ્તુ જુદી થઈ. તે વસ્તુ એક ન રહી. આહાહા..! આ તો સમજાય એવી વાત છે. એમાં જ બધો મર્મ ભરેલો છે. આહાહા..!

**'કારણ કે તે આત્મા ઉપયોગસ્વરૂપથી ઉપલક્ષિત છે...'** જોયું! ભગવાન આત્મા તો જાણવા-દેખવાના ઉપયોગ વ્યાપારથી જણાય એવો છે. જાણવા-દેખવારૂપી ઉપયોગ, એનાથી જણાય એવું છે. એનું લક્ષણ તો ઈ છે. **'શરીરાદિ તેનાથી વિપરીત લક્ષણવાળાં છે.'** આહાહા..! શરીરની કોઈ ક્રિયાથી આત્મા જણાય કે રાગની ક્રિયાથી આત્મા જણાય એ બેયના લક્ષણ તદ્દન જુદા છે. સમજાણું કાંઈ? તો પછી આ વ્યવહાર સાધન છે એ ક્યાં રહ્યું? શાસ્ત્રમાં આવે છે. એ તો એ વખતે રાગની મંદતાની જાત કેટલી કેવી હતી એટલું જણાવવા એને વ્યવહાર સાધનનો આરોપ આપ્યો છે. આહાહા..! આવી વાતું ભારે આકરી પડે.

અહીં તો આઠ વર્ષની છોડી હોયને સામાયિક કરે બે-ચાર-પાંચ. એક પાથરણે પાંચ સામાયિક. થઈ ગઈ સામાયિક. અને શેઠિયાઓ આપે એને... શું કહેવાય? લ્હાણી. લ્હાણી-લ્હાણી. આહાહા..! બેયને થઈ ગયો ધર્મ. અરે..! ભાઈ! ક્યાં ... હજી સામાયિક કોને કહેવી? વીતરાગ લક્ષણે લક્ષિત તો સામાયિક છે. અને એ આત્મા જ્ઞાન-દર્શને લક્ષિત થાય તેમાં ઠરે એનું નામ સામાયિક છે. હવે એ જ્ઞાનલક્ષણથી જણાય એ ચીજ શું છે એની જ હજી ખબર ન મળે અને એને થઈ ગઈ સામાયિક અને એને થઈ ગયા પોષા, પડિક્કમણા.

મુમુક્ષુ :- ભૂતકાળમાં તો થાતા.

ઉત્તર :- ..ભાઈ! ગયા કાળમાં થાતા હતા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માનતા હતા. આહાહા..!

અરે..! એની જાત ન જાગે ત્યાં સુધી ધર્મ કેમ થાય? એ પુણ્ય-પાપના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો ભાવ તો રાગભાવ છે. આહાહા..! અહીં કીધુંને? **'શરીરાદિક તેનાથી વિપરીત લક્ષણવાળાં છે.'** રાગનું અને ચૈતન્યનું બેયનું લક્ષણ જ વિપરીત છે. આહાહા..! આ તો શાંતિથી સમજવા જેવી વાત છે, બાપુ! આ તો કૂદીને એકદમ આ કર્યું ને આ કર્યું ને આ કર્યું.. આહાહા..!

ઘણા જીવો અત્યારે એમ ને એમ રળવામાં અને રળવામાં (જીવન) કાઢે છે. એટલે ધર્મ તો નહિ પણ પુણ્ય પણ નહિ એને તો. આહાહા..! ૪૦-૪૦ વર્ષ ૪૫-૫૦ વર્ષ એમાં ને એમાં રોકાય. આ કરું ને આ કરું ને આ કરું.. આ કરું. અને એને દેખાવામાં પણ એમ આવે કે આણે આમ પૈસા ભેગા કર્યા, આણે આમ કર્યું. ત્યારે મારે પણ એમ કરવું. આહાહા..! એવા પાપના પરિણામમાં તો ઘણો વખત ગયો. ધર્મ તો એક કોર રહ્યો હજી. પણ એને જે રાગની મંદતા શ્રવણ કરવા માટે જોઈએ, નિવૃત્તિ માટે રાગની મંદતા (જોઈએ) એના પણ ઠેકાણા ન મળે. આહાહા..! તો જે પુણ્ય, હજી રાગની મંદતાનો ભાવ જે પુણ્ય કે જેનાથી આત્મા જણાય નહિ એવા પુણ્યના પણ ઠેકાણા નહિ જ્યાં. આહાહા..! અરેરે..! ૪૦-૪૦, ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ એમ ને એમ આ કર્યું... આ કર્યું... આ ભર્યું.. આ કર્યું... એવા પાપના પરિણામ.. આહાહા..! ભાઈ! એનાથી આત્મા નહિ જણાય. એનાથી આત્માને નુકસાન થાય છે. એનાથી આત્માને લાભ કેમ થાય? આહાહા..!

મુમુક્ષુ :- દાન કરે એટલે લાભ થાય.

ઉત્તર :- હવે નિવૃત્તિમાં જરી આમ કરે-રાગની મંદતા દાનમાં, દયામાં કાંઈક કરે એ તો હજી પુણ્ય છે. આહાહા..! એ કાંઈ ધર્મ નથી. એ ધર્મનું લક્ષણ નથી. આહાહા..! કરોડો રૂપિયા દાનમાં આપે. એ બહાર નહિ પડવાની આશાએ, તો પણ તે રાગની મંદતા છે. અને બહાર પડવાની આશાએ આપે છે કે મેં કાંઈક કર્યું, હું કાંઈક કરું છું એમ લોકો મને જાણે એ ભાવ તો પાપ છે. ચંદુભાઈ! આહાહા..! આ તો જે રીતે હશે એ રીતે માલ આવશે. આહાહા..!

અહીંયાં તો એમ કહેવું છે કે કેટલાકને તો હજી ધર્મ તો એક કોર રહ્યો પણ પુણ્યના પરિણામ કરવાનો અવસર જેને નથી. આહાહા..! એને ક્યાં ઉતારા કરવા છે? સમજાણું

કાંઈ? આહાહા..! અહીં તો પરમાત્મા એમ કહે છે કે તારા હિતને માટે તો સાધન જ્ઞાન અને દર્શન તે સાધન છે. આહાહા..! એ જાણવા-દેખવાના લક્ષણે અંદરમાં જો, ત્યારે એને ધર્મ થાય, ત્યારે એને આત્મા જણાય, ત્યારે તેને આત્માનું જ્ઞાન થાય, ત્યારે તેને આત્માની શ્રદ્ધા થાય. આત્મામાં આત્માની શ્રદ્ધા અને આત્માનું જ્ઞાન થવું જોઈએને? એ ક્યારે થાય? કે જેવો એ ભગવાન પૂર્ણાનંદ છે તે તરફ જ્ઞાન-દર્શનને વાળે, સ્વસન્મુખ કરે (ત્યારે થાય). આહાહા..! સમજાણું કાંઈ? હજી તો પરસન્મુખના પાપના પરિણામથી પરસન્મુખના પુણ્ય પરિણામમાં આવવાના પણ જેને હજી વાંધા. આહાહા..! ભારે વાત ભાઈ આ તે.

કહે છે કે બેના લક્ષણ જ જુદા છે. વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ, પંચ મહાવ્રત અને બાર વ્રતનો ભાવ અને શાસ્ત્ર શ્રવણ અને શાસ્ત્ર તરફના રાગવાળું જ્ઞાન- એ ત્રણેય ભાવો આત્માના જાણવા-દેખવાથી પ્રગટ થતો પ્રભુ, એવા લક્ષણથી આનું લક્ષણ જુદું છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આહાહા..! એમાં અત્યારે તો જુઓને આમ સાંભળીએ કે કો'કને હાર્ટ ફેઈલ થઈ ગયું, કો'કને કેન્સર થયું. છ મહિનામાં જણાયું ત્યાં ઉડી ગયો તરત. ઓલા શું કહે છે? બ્લડ કેન્સર. વળી આ કો'કનું ઈ (સાંભળ્યું), હેમરેજ થયું. આહાહા..! ભાઈ! એ તો જડની સ્થિતિ હોય તે તે કાળે તેનું થવું હોય તે થાય જ. એમાં આત્માને શું છે? આહાહા..!

ભગવાન એ સ્થિતમાં પણ જ્ઞાન ને દર્શનથી જણાય એવી ચીજ છે. એ ચીજ ત્યાં વિઘ્ન નથી કરતી ત્યાં નજર ન કરે તો. સમજાણું કાંઈ? આહાહા..! કારણ કે નજર જ્યાં જાવી છે એ નજર સ્વતંત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ? એને એવા રોગ અને રોગ તરફનો વિકલ્પ છે એ પણ નડતો નથી, સ્વભાવ સન્મુખ જાય તો. આહાહા..! નારકીમાં સાતમી નરકમાં નરકની પીડા એની. ભગવાન જાણે અને એણે વેદી. આહાહા..! ભૂલી ગયો. ઘડીકમાં કાંઈક આવ્યું ને. એ વેદના... એ વેદનાના કાળમાં સમ્યગ્દર્શન પામે છે. આહાહા..! કારણ કે વેદના અને વેદનાનો સંયોગ, એનું લક્ષણ જ જુદું છે એમ કહે છે. આહાહા..! આહાહા..! ભલે એ વેદના હો અને શરીરમાં એ સંયોગો પણ પ્રતિકૂળ હો, પણ એ બેયના લક્ષણો જુદી ચીજ છે. કેમ કે એ જુદી છે માટે બેયના લક્ષણ જુદા છે. અને એનાથી ભગવાન આત્મા... આહાહા..! જુદો છે, કહે છે. બાબુભાઈ! એ રાગના ભાવ અને દેહની સ્થિતિની દશા બેના લક્ષણથી પ્રભુનું લક્ષણ જુદું છે. એ લક્ષણને ત્યાં રુકાવટ નથી. જો લક્ષણથી લક્ષને રોકે, લક્ષણમાં લક્ષને રોકે તો કોઈ રુકાવટ નથી. આહાહા..! શું કીધું સમજાણું કાંઈ? જાણવા-દેખવાના ભાવને, ભાવવાન એ વસ્તુ છે એમાં રોકે તો એને કોઈ રૂકાવટ નથી. એવી એની ચીજ જ છે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

સાતમી નરકની રવ રવ નરકની અપરિઠાણાની પીડા અને એ સંયોગો, સાંભળતા એ રાડ નાખી જાય. વેદનારાએ વેદી, ભગવાને જાણી. છતાં એ વેદનાનો કાળ હોય અને શરીર ભલે હો એવા સંયોગોમાં... આહાહા..! એ કાળે પણ એને લક્ષે નથી ઓળખવું અને આત્માને લક્ષણે ઓળખે એ લક્ષણ જ જુદી ચીજ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભિન્ન લક્ષણોથી લક્ષિત છે...'** આહાહા..! **'બંનેનું ભિન્ન લક્ષણોથી લક્ષિતપણું અપ્રસિદ્ધ નથી...'** જોયું? છે ને? **'(અર્થાત્ પ્રસિદ્ધ છે).'** આહાહા..! રાગનું લક્ષણ આકુળતા અને ભગવાનનું લક્ષણ જ્ઞાન દર્શન.. આહાહા..! બે લક્ષણો પ્રસિદ્ધ છે. પ્રસિદ્ધ છે, પ્રસિદ્ધ પામેલા છે. આહાહા..! **'કારણ કે આત્મા ઉપયોગસ્વરૂપથી ઉપલક્ષિત છે...'** આહાહા..! જાણવા-દેખવાના ભાવથી-પર્યાયથી-એ ઉપલક્ષિત એટલે લક્ષમાં આવે છે. એના સમીપમાં તેથી જવાય છે. જાણવા-દેખવાના લક્ષણ દ્વારા ઉપલક્ષિત એટલે સ્વરૂપમાં સમીપે જવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? તે કાળે રાગાદિ અને શરીરાદિ હોવા છતાં તેના લક્ષણ જુદાં છે. એટલે એનું લક્ષ (જ્ઞાન) કરી છોડી દે. અને જેનું લક્ષણ જાણવું-દેખવું એનું લક્ષ કરે લક્ષણ દ્વારા (તો) જણાય એવી ચીજ છે. આહાહા..! વાતું તો બહુ સહેલી છે.

શ્રીમદ્ે કહ્યું છેને, સત્ સત્ સરળ છે, સત્ સહજ છે, સત્ સર્વત્ર છે. આવે છે ને ભાઈ? પહેલા શરૂઆતમાં આવે છે. સત્ સહજ છે. આહાહા..! સત્ સર્વત્ર છે, સત્ સત્ છે. આહાહા..! પણ એના બતાવનાર સત્સમાગમ.. સત્ મળ્યા નથી એને. આ સત્ છે એમ એને બતાવનારા. આહાહા..! સમજાણું કાંઈ? છે ને? ...ભાઈ! ક્યાં ગયું? આમ છે પણ તે સત્‌ને બતાવનારા, જણાવનારા મળ્યા નથી. એનો અર્થ ત્યાં એને લક્ષમાં લેવાવાળો પોતે ન થયો તેથી એને લક્ષમાં દેનારા મળ્યા નથી એમ.

આમ તો ભગવાનની વાણીમાં સમવસરણમાં અનંત વાર સાંભળ્યું છે. ભગવાનની વાણી-ભગવાનની વાણી સાંભળી છે. પણ એને જે લક્ષણથી જાણવું જોઈએ જીવને, એ એણે ન જાણ્યું એટલે એણે સાંભળ્યું જ નથી. આહાહા..! એને સાંભળવામાં જે વાત આવી હતી કે સ્વનો આશ્રય કર તો તને હિત થાય. એ ન કર્યું. એ વાણીએ એમ કહ્યું કે અમારો આશ્રય કરવાથી તું નહિ મળે તને. આહાહા..! સમજાણું કાંઈ? તારું લક્ષણ જે છે તારું તેનાથી મળે. એનો અર્થ કે તારા આશ્રયથી તું મળે એવો છે. આહાહા..! **'भूदत्थमस्सिदो खलु'** કીધું ને? એનો અર્થ ઈ છે. જાણવાના-દેખવાના જે ભાવ છે એ લક્ષણ તો જીવનું છે. એ લક્ષણને પરમાં જોડી દીધું, રાગમાં, પુણ્યમાં. એ તો પરના લક્ષણમાં આ જીવનું લક્ષણ ત્યાં જોડી દીધું. એ તો વિપરીત કર્યું. સમજાય છે?

જેનું લક્ષણ છે તેના લક્ષમાં લક્ષણને ન લઈ જતાં, જેનું લક્ષણ એ નથી; રાગાદિનું લક્ષણ છે જ્ઞાન જાણવું-દેખવું? આહાહા..! ત્યાં લક્ષણ આનું (એમ) એને લક્ષ કરવું જોઈએ. એને ઠેકાણે જેનું લક્ષણ નથી એમાં લક્ષણને-જ્ઞાનની પર્યાયને ત્યાં જોડી દીધી. આહાહા..! એમ કહે છે. ભિન્ન ભાવમાં જેણે સ્વના લક્ષણને જોડી દીધું. સમજાણું કાંઈ? આવો કેવો ઉપદેશ! સવારમાં ઉત્પાદવ્યયધ્રુવનો ચાલે. આ વળી આવો ચાલે. એ બેના લક્ષણો વિપરીત છે. આહાહા..! શબ્દો ભલે થોડા પણ એના ભાવમાં શું છે? સમજાય છે કાંઈ?

'**સમાહિત અંતઃકરણથી...**' કહીશ એમ કહે છે. '**સમાહિત અંતઃકરણથી-સમાહિત એટલે એકાગ્ર થયેલા અને અંતઃકરણ એટલે મન—એકાગ્ર થયેલા મન વડે, સમ્યક્ પ્રકારે સમીક્ષા કરીને-**' સાચી રીતે આત્માને '**(વિવિક્ત આત્માને) જાણીને-**' આહાહા..! '**અનુભવીને (કહીશ)...**' આહાહા..! ભગવાને કહ્યું છે માટે કહીશ એમ નહિ. શ્વેતાંબરમાં તો એમ આવે છે. '**सुयं मे आउसं तेण भगवया**'. હે આયુષ્યવંત! મને ભગવાને આમ કહ્યું હતું એ હું તને કહીશ. એવી શૈલી જ એમાં આવે છે. પહેલી શરૂઆત આચારંગની. અહીં કહે છે કે ભગવાને મને કીધું છે માટે કહીશ—એમ નહિ. આહાહા..! મારો ભગવાન અનુભવમાં આવ્યો છે તેથી હું કહીશ. આહાહા..! વાતે વાતે ફેર છે. ફેરનો ફેર ક્યાં છે એ એણે જાણવો જોઈએ. જેઠાભાઈ! આહાહા..! આચારાંગના પહેલા શબ્દથી ઉપાડ્યું. પહેલું પદ '**सुयं मे आउसं तेण भगवया**'. એ તો રચના કલ્પિત કરી છે. એ કાંઈ ભગવાનની વાણી નથી. પણ આ રીતે કહી છે. હે જંબુ સુધર્મસ્વામી કહે છે. ભગવાને મને આમ કહ્યું છે એ હું તને કહીશ.

અહીં કહે છે, હું મારા આત્માને એકાગ્ર મન દ્વારા જાણ્યો, વિકલ્પથી રહિત જાણ્યો. આહાહા..! એવો અનુભવીને કહીશ '**એવો અર્થ છે.**' છે ને પાઠ? '**समाहितान्तःकरणेन, सम्यक्-समीक्ष्य**' હું કહીશ. આહાહા..! હવે હું કોને માટે કહીશ? એમ કહે છે. છે? '**હું કોને તેવા પ્રકારના આત્માને કહીશ?**' આહાહા..! આવો જે આત્મા ભિન્ન લક્ષણથી જણાય એવો એટલે પોતાના જ્ઞાન-દર્શનના લક્ષણથી જણાય એવો, એવાને અનુભવીને હું કહીશ. પણ કોને માટે? આહાહા..!

'**કૈવલ્ય સુખની સ્પૃહાવાળાઓને-**' જેને આત્માના અતીન્દ્રિય આનંદની સ્પૃહા છે અને ભાવના છે. આહાહા..! છે ને? પાઠમાં છે ને, જુઓને! '**कैवल्यसुखस्पृहाणां**' '**कैवल्यसुखस्पृहाणां**' જેને વિષયના સુખની અભિલાષા છૂટી ગઈ છે. આહાહા..! જેને ઈન્દ્રના ઈન્દ્રાસનોમાં ઈન્દ્રાણીઓ સાથે વિષયની વાસના એ પણ જેના હૃદયમાંથી છૂટી ગઈ છે. આહાહા..! જુઓ આ! આવા સાંભળનારને માટે કહે છે. સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં પણ

આવે છે 'કામ એક આત્માર્થનું. બીજો નહિ મન રોગ.' કહે છે, '**कैवल्यसुखस्पृहाणां**' એકલું આત્માનું આનંદસ્વરૂપ, એની જેને સ્પૃહા છે. જેને પુણ્યનો ભાવ છે, જેને પુણ્યના ફળમાં સ્વર્ગની ઇચ્છા છે એવાઓ માટે આ વાત નહિ કરું. આહાહા..! સમજાણું કાંઈ?

'**હું કોને તેવા પ્રકારના આત્માને કહીશ? કૈવલ્ય સુખની સ્પૃહાવાળાઓને-કૈવલ્ય અર્થાત્ સકલ કર્મોથી રહિત થતાં જે સુખ (ઊપજે) તેની સ્પૃહા...**' એટલે પૂર્ણ આનંદની સ્પૃહા. આહાહા..! અતીન્દ્રિય પૂર્ણ આનંદની જેને સ્પૃહા છે, અભિલાષ છે, જિજ્ઞાસા છે, આવા શ્રોતાઓના માટે હું આ કહીશ. એવા જેવા-તેવા સાંભળવા બેસે અને પુણ્યની ઇચ્છાવાળા છે, પુણ્યના ફળને ભોગવવાના ભાવવાળા (છે), એ શ્રોતા માટે આ વાણી નથી, કહે છે. આહાહા..!

કેવી શૈલીથી ગ્રંથકાર ભિન્ન ભિન્ન શાસ્ત્ર રચીને ભિન્ન ભિન્ન હેતુએ એ વાતને સિદ્ધ કરી છે. ભલે આ સમાધિતંત્ર આમ નાનો ગ્રંથ કહેવાય... સમજાણું? પણ એના ભાવો એ ભાવમાં.. એ તો ભગવાન પાસે ગયા હતા. એમની વાણીમાં તો ઘણી જ ગંભીરતા છે. સાક્ષાત્ ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં મુનિ પૂજ્યપાદ સ્વામી ગયા હતા. પહેલાના લખાણ છે.

એ કહે છે કે હું મારા આત્માને રાગથી ભિન્ન પોતાના લક્ષણથી જાણીને, અનુભવીને મારી જાતના અનુભવથી હું આ વાત કરીશ એમ કહે છે. સમજાણું કાંઈ? અને તે કોને માટે? આહાહા..! '**કૈવલ્ય સુખની સ્પૃહાવાળાઓને...**' જેને એકલા આત્માના અતીન્દ્રિય આનંદરૂપી મોક્ષ, એની જેને સ્પૃહા છે. આહાહા..! આવા શ્રોતાઓને કહીશ, કહે છે. જેને અંદરમાં પુણ્યના ભાવની અભિલાષા (છે), એના ફળ મળે કે સ્વર્ગાદિ મળે, શેઠાઈ મળે, રાગાદિ મળે એવા સ્પૃહાવાળાને માટે આ વાત નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ગાથા જુઓને!

**श्रुतेन लिंगेन यथात्मशक्ति समाहितान्तः करणेन सम्यक्।**
**समीक्ष्य कैवल्यसुखस्पृहाणां विविक्तमात्मानमथाभिधास्ये।।३।।**

આહાહા..! સકલ કર્મથી રહિત એવી આત્માની પૂર્ણાનંદ દશા, એના જે અભિલાષી (છે) એને હું કહીશ. '**કૈવલ્ય અર્થાત્ વિષયોથી ઉત્પન્ન નહિ થયેલા...**' આહાહા..! પાંચ ઇન્દ્રિયની વિષયની અભિલાષથી જે સુખ છે એ તો દુઃખ છે. આહાહા..! જેને એ વિષયની અભિલાષ છૂટી ગઈ છે... આહાહા..! અને જેને અતીન્દ્રિય આનંદની દશાની સ્પૃહા, જિજ્ઞાસા, રુચિ છે, એવી સ્પૃહાવાળા જીવોને... આહાહા..! હું આ આત્માના અનુભવથી આત્માને કહીશ. બેય બાજુના જીવનું વર્ણન કર્યું. કહેનારા કેવા (હોય) અને સાંભળનારા કેવા (હોય) એને માટે. આહાહા..! સાંભળનારાને ઊંડે ઊંડે (એમ હોય કે) આપણે સાંભળશું, પછી એમાં

પુણ્ય થાશે, પછી સ્વર્ગના સુખ ભોગવશું, એમ કહે. નાગલપુરવાળા, નાગલપુર છે ને નાગલપુર? બોટાદ પાસે નાગલપુર નથી? સલોત સલોત. વિશાશ્રીમાળી સલોત. સ્થાનકવાસી. એના કેશવજી છોકરો હતો. એના બાપ હતા એ આડતિયાનું કામ કરતા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેવા?

મુમુક્ષુ :- હેમો...

ઉત્તર :- હેમો સલોત, હેમો સલોત હતા. મેમો સલાત અને હેમો. મેમો સલાત મોટા હતા અને હેમો સલાત નાના હતા. ત્યાં તો અમારે બોટાદ પાસે થયું ને નજીક, ત્યાં ઘણીવાર જઈને આવીએ. એ હેમો સલોતનો દીકરો હતો, કેશુ. એ ત્યાં બોટાદે ગયા હતાને જ્યારે અમે, શું કહેવાય એ લખાણ? મ્યુનિસીપાલટીના મકાનમાં વ્યાખ્યાન હતું. એમાં રાતે આવ્યો હતો. રામજીભાઈ હતા ત્યારે. મહારાજ! અહીં કાંઈક પુણ્ય કરે, ઓલું કરે, સ્વર્ગના સુખ પહેલા ભોગવે પછી વળી મોક્ષ જાશે. અમારા હીરાજી મહારાજના ગામ કહેવાય એ બધા. નાગલપુર, બોટાદ ને ખસ ને એ બધા. આહાહા..!

કહે છે કે જેને ઇન્દ્રિયના વિષયનો અંદર પ્રેમ છે... આહાહા..! એને દુઃખનો પ્રેમ છે. આહાહા..! જેને અતીન્દ્રિય સુખની સ્પૃહા છે.. આહાહા..! આ એની શરત. આવા શ્રોતાઓને (હું કહીશ). ભિન્ન-ભિન્ન ગ્રંથ છે ને? ભિન્ન-ભિન્ન કર્તાને ભિન્ન ભિન્ન રીતે સ્પષ્ટ કર્યું છે. આહાહા..!

**'કૈવલ્ય અર્થાત્ વિષયોથી ઉત્પન્ન નહિ થયેલા...'** એ નાસ્તિથી વાત કરી. પણ કૈવલ્ય એટલે એકલા એવા સુખની અથવા કૈવલ્યના સુખની સ્પૃહાવાળાને હું કહીશ. આહાહા..! જેને આત્માની અતીન્દ્રિય સુખ દશા એવો જે મોક્ષ, એની જેને સ્પૃહા છે. એમ કહીને એમ કહેવા માગે છે કે અતીન્દ્રિય સુખની અભિલાષા(વાળો જીવ) બંધથી રહિત થવા માગે છે. સમજાણું કાંઈ? એને બંધ થવાના ભાવનો પ્રેમ નથી. આહાહા..! એને ભગવાન આત્મા અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ, અતીન્દ્રિય સુખ, એની જેને સ્પૃહા છે. આહાહા..! ચાહે તો શરીરની યુવાન અવસ્થાવાળા હો.. આહાહા..! એવા જીવોને હું આત્માની શાંતિ, સમાધિ જેમ સત્ય છે એમ હું કહીશ. આહાહા..! પછી તિર્યંચ હો કે નારકી હો. અહીં તો સાંભળનારા તો મનુષ્ય અને દેવ બે જ હોય. બહુ તો તિર્યંચ હોય. સમજાણું? પણ સાંભળનારામાં શરતું આ. આહાહા..!

જેને એકલા અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન આત્મા છે, અતીન્દ્રિય આનંદ પ્રગટ કરવાની જેને અભિલાષા છે. સમજાણું કાંઈ? વિષયના સુખ અને પુણ્યના ફળનું લક્ષ જેને

છૂટી ગયું છે. આહાહા..! પૂજ્યપાદ સ્વામી દિગંબર સંત છે. આહાહા..! એના પગ ઈન્દ્રો (અને) દેવો પૂજતા અને જેના પગમાં લબ્ધિ એવી હતી કે અમુક કાંઈક ચોપડે ત્યાં હાલવા મંડે. એવા ચમત્કાર બહારથી પણ પ્રગટેલા. પણ એ ચમત્કારની અભિલાષાવાળા જીવની અહીં વાત નથી. એમ કહે છે. આત્માનો અનંત આનંદ અતીન્દ્રિય આનંદ જેને પૂર્ણ પ્રગટેલો છે તેવા પૂર્ણની જ જેની અભિલાષા છે. આહાહા..! ચંદુભાઈ! આ શરત મૂકી. સાંભળનારાએ આવું હોય તો તે અમારી વાત સાંભળી શકશે. બીજાને ગોઠશે નહિ. પુણ્ય ખરાબ, પુણ્ય ઝેર અને એના ફળ ભોગ પણ ઝેર એ (વાત) નહિ ગોઠે, અતીન્દ્રિય સુખના અભિલાષ વિના. સમજાણું કાંઈ? એને એમ કહે કે વ્રત અને તપ ને ભક્તિનો ભાવ ઝેર છે. એનાથી બંધાય કર્મ એ ઝેરના ઝાડ છે. અને એનાથી ફળે એ ઝેરના ફળ છે. આહાહા..! વજુભાઈ! બીજા તરફની મીઠાશ ઉડાડી દે તો કામ આવે, એમ કહે છે અહીં.

**'ભાવાર્થ :- શ્રી પૂજ્યપાદ સ્વામી પ્રતિજ્ઞારૂપે કહે છે કે, હું શ્રુત વડે, યુક્તિ અનુમાન વડે...'** પાઠ છે ને? **'श्रुतेन लिंगेन'** **'અને ચિત્તની એકાગ્રતા વડે.'** અન્તઃકરણ આવ્યું, **'समाहितान्तः करणेन'** છે ને? **'શુદ્ધાત્માને યથાર્થ જાણીને તથા તેનો અનુભવ કરીને, નિર્મળ અતીન્દ્રિય સુખની ભાવનાવાળા ભવ્ય જીવોને મારી શક્તિ અનુસાર શુદ્ધ આત્માનું સ્વરૂપ કહીશ.'** વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૪, મંગળવાર તા. ૧૭-૧૨-૧૯૭૪**
**શ્લોક-૩, પ્રવચન-૭**

સમાધિતંત્ર. ત્રીજી ગાથા ચાલે છે ને? ત્રીજીનો ભાવાર્થ. '**આગમમાં આત્માનું સ્વરૂપ**' એ ને? '**વિશેષ**'.

**હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાન દર્શનમય ખરે,**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે!**

આ ૩૮મી ગાથા છે જીવ અધિકારની, સમયસારની. એટલે ત્યાં તો પૂર્ણ સ્વરૂપ દર્શન-જ્ઞાન-ચારિત્રને પામેલ જીવનું સ્વરૂપ કેવું છે? એ પરિણમેલો જીવ કેવો હોય છે? એ ધર્મ એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ રૂપે થયેલો, પરિણમેલો વાસ્તવિક જીવનો મોક્ષમાર્ગ જેને પરિણમ્યો છે એ જીવ કેવી રીતે અનુભવે છે અને માને છે એમ કહે છે. '**દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમેલો આત્મા...**' એમ કીધું છે ને?

આત્મા શુદ્ધ દર્શન જ્ઞાન આનંદમય છે. પણ એના સ્વભાવની સન્મુખ થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે થવું એનું નામ મોક્ષનો માર્ગ છે. આ નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્રની વાત છે. વ્યવહારદર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો ઉપચાર કહેવા માત્ર છે. એ કાંઈ વસ્તુ નથી. આહા..! એમ કહે છે. ચૈતન્ય સ્વભાવ હું આત્મા પૂર્ણ દ્રવ્યસ્વભાવની પ્રતીતરૂપે પરિણમેલો, એ રૂપે થયેલો પૂર્ણ સ્વરૂપના જ્ઞાનને જ્ઞેય બનાવીને જ્ઞાનરૂપે પર્યાયમાં સ્વસંવેદનજ્ઞાનરૂપે થયેલો અને ચારિત્રરૂપે પરિણમેલો. ત્રણેયની વાત લેવી છે ને? સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદ, એની દૃષ્ટિ નિર્વિકલ્પ અનુભવ અને નિર્વિકલ્પ સ્વસંવેદન અને તે ઉપરાંત સ્વરૂપની રમણતા, અતીન્દ્રિય આનંદની ઉગ્રતા, એનું પરિણમન થવું એનું નામ ચારિત્ર છે. આહાહા..! સમજાય છે કાંઈ? બાહ્ય નગ્નપણું કે અંતર પંચ મહાવ્રતના વિકલ્પ-ભાવ એ કાંઈ ચારિત્ર નથી, એ કાંઈ મુક્તિનો માર્ગ નથી. આહાહા..! અહીં તો જીવની ૩૮ ગાથા પૂરી થતાનું વર્ણન છે ને. આહાહા..!

મુમુક્ષુ :- પરિણમે છે.

ઉત્તર :- પરિણમેલ. આત્માને સમજાવ્યો એમ આવે છે ને ટીકામાં? એને જાણ્યો, એને માણ્યો સ્વરૂપની રમણતામાં. એનું નામ મોક્ષનો માર્ગ છે. એ જીવનો સ્વભાવ અંતર જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વભાવ છે ત્રિકાળ, એનું વર્તમાન દશામાં એ સ્વભાવ સન્મુખ થઈને જે પરિણમન સમ્યગ્દર્શન નિર્વિકલ્પ પરિણમે છે. સમ્યગ્દર્શન એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે નવ તત્ત્વની શ્રદ્ધા એ સમકિત નથી. સમજાણું કાંઈ? પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુ જેવો સર્વજ્ઞ

પરમેશ્વરે ભગવાને આ સ્વરૂપને વસ્તુ તરીકે જે જોઈ છે, એવી જ જે અંદરમાં જોતા આવડે. આહાહા..! એના તરફની પ્રતીત કરતાં રાગના મિશ્રિત વિચારને છોડી દઈ... આહાહા..! શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એની સમ્યગ્જ્ઞાનમાં ભાનમાં પ્રતીતિ થવી (એ સમ્યગ્દર્શન છે). એવું પરિણમન થવું. ૧૫૫ ને? પુણ્ય-પાપની, '**जीवादीसद्दणं**' ૧૫૫. એ પ્રશ્ન થયો હતો ત્યાં દિલ્હી, વિદ્યાનંદજીએ પ્રશ્ન કર્યો હતો કે '**जीवादीसद्दणं**' એ શું છે? કીધું, એમાં જુઓ શું છે એ. '**जीवादीसद्दणं**' એવું આત્માના જ્ઞાનનું પરિણમન થવું. એમ નહિ કે આત્મા છે અને એને અમે વિકલ્પથી માનીએ છીએ અને આ જીવ છે અને આ અજીવ છે, આ પુણ્ય-પાપ છે એમ એણે વિકલ્પથી શ્રદ્ધા કરી એ વસ્તુ નથી. સમજાણું કાંઈ?

એ '**દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમેલો...**' ત્યાં પણ એમ કીધું છે. જ્ઞાનરૂપે શ્રદ્ધાનું પરિણમવું, આત્મારૂપે પરિણમવું. આમ નિર્વિકલ્પ શ્રદ્ધા. શુદ્ધ ચૈતન્ય પૂર્ણ સ્વરૂપ એનું જે અસ્તિત્વ છે-હયાતી, એ હયાતીનો સ્વસન્મુખ થઈને વિકાસ સમ્યગ્દર્શનની પર્યાય દ્વારા થવો... આહાહા..! અને સમ્યગ્જ્ઞાન દ્વારા તે પૂર્ણ સ્વરૂપ જ્ઞેય થઈને જ્ઞાનમાં આત્માનું તે રૂપે જ્ઞાનરૂપે પરિણમન થવું... આહાહા..! એનું નામ જ્ઞાન. અને તે આત્મા પોતાના સ્વરૂપમાં રમણતારૂપે પરિણમન થવું, આનંદની દશાનું પરિણમન અવસ્થાનું થવું એ ચારિત્ર છે. આહાહા..! કહો, મહેન્દ્રભાઈ! આવી વાત છે. અરે..! એને આ ચીજ આવી છે એના તરફ એણે જોયું નહિ. જ્યાં જોવાનું, માનવાનું જ્યાં છે તેને જોયું નહિ, માન્યું નહિ. આહાહા..! અને પરને આમ જોઈને એને માન્યું છે કે આ આત્મા છે, આ ફલાણું છે. એ વસ્તુનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

'**દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમેલો...**' પર્યાયવાળો એમ કહે છે. દ્રવ્ય-ગુણ તો ધ્રુવ શુદ્ધ છે. આહાહા..! એક. ત્યાં સુધી તો એ મિથ્યાદૃષ્ટિ હતો. ચાહે તો એ વ્રત પાળતો હોય, ભક્તિ કરતો હોય, પૂજા કરતો હોય. સમજાય છે? પણ એ એને રાગની ક્રિયાની સન્મુખતા દૃષ્ટિ છે. એટલે એનો સ્વીકાર છે. પણ રાગરહિત પૂર્ણાનંદનો નાથ પ્રભુ... એટલે કે સ્વસન્મુખ થતાં એ પૂર્ણ ચીજ જ દૃષ્ટિમાં આવે. આમ વળ્યો ને? આમ વળ્યો તેમ રાગ અને અલ્પજ્ઞ પર્યાય જ એમાં દૃષ્ટિમાં હોય છે. આહાહા..! બહુ ઝીણી વાતું, બાપુ! માર્ગ પણ એવો છે. લોકોને એમ માને કે આ તો નિશ્ચય નિશ્ચય. બાપુ! નિશ્ચય એ સત્ય છે. આહાહા..! વ્યવહાર એકબીજા દ્રવ્યની, એકબીજા કારણ-કાર્યની ભાવની... આવે છે ને? વાત કરે, પણ એમ માને તો તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ચૈતન્ય સ્વભાવ શુદ્ધ પૂર્ણ એની સન્મુખ થતાં એનું પરિણમન થાય છે એમ કહે છે. એની પર્યાયમાં સમ્યગ્દર્શનનું પરિણમન, સમ્યગ્જ્ઞાનની સ્થિતિ થવી અને સ્વરૂપમાં આનંદ,

લીનતાની દશા થવી, એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? અત્યારે તો આ ગુજરાતી પુસ્તક છે ને. એમાં તો હિન્દી મુશ્કેલ પડે. હિન્દી થાય એવું નથી આમાં. હિન્દી સવારમાં હોય. આ તો ગુજરાતી નવું થયું. આનું કાંઈ હિન્દી થયું નથી. ગુજરાતીવાળાને તો હિન્દીમાંથી ગુજરાતી કરવું પડે છે. એય..! મહેન્દ્રભાઈ! હવે આ હિન્દીવાળાને ગુજરાતીમાંથી હિન્દી કરવું હોય તો કરે. આ તો પહેલુંવહેલું થયું છે ને. આહાહા..!

સમ્યગ્દર્શન અંતર અનુભવ-આ જ્ઞાનસ્વરૂપી પ્રભુ જ્ઞાતા દૃષ્ટિમાં આવીને, જેની દૃષ્ટિનું પરિણમન દશામાં થવું, પ્રતીતરૂપ પરિણમન થવું, જ્ઞાનનું જ્ઞાનરૂપે સ્વને પૂર્ણને જ્ઞેય બનાવી એને જ્ઞેય બનાવ્યું એટલે પરિણમન જ જ્ઞાનનું થયું એમ કહે છે. આહાહા..! વાત આકરી, બાપુ! વીતરાગ માર્ગ સર્વજ્ઞનો એવો માર્ગ છે કે લોકોને આ એમ જ લાગે કે આ તો એકાંત-એકાંત, નિશ્ચય-નિશ્ચય. પ્રભુ! પણ માર્ગ જ આ એકાંત છે. આવું એકાંત જ્ઞાન થાય, એકાંત દર્શન થાય સ્વને આશ્રયે ત્યારે પછી એમાં જે કાંઈ રાગ બાકી રહે એને જાણવાનું જ્ઞાન અનેકાંતનું ત્યારે સાચું થાય. આહાહા..! સમજાણું કાંઈ?

એવો '**પરિણમેલો આત્મા જાણે છે કે-**' એમ કીધું છે ને? એમ ને એમ જાણે છે એમ નથી. આહાહા..! પણ અર્થમાં એમ કર્યું છે, ભાઈ! મૂળમાં. મૂળમાં આ જ છે. આ જ. એ જોયું. શબ્દે શબ્દ. શબ્દે શબ્દ. પરિણમેલો આત્મા એમાં એમ છે. પહેલી લીટીમાં જોયું હતું. પરિણમેલો આમાં લખ્યું છે, મૂળ સ્થિતિ છે એવી. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પુણ્ય, પાપના ભાવ એ મારા છે, એ હું છું એવું મિથ્યાત્વનું પરિણમન એવી મિથ્યાશ્રદ્ધાની દશા થવી એનું નામ મિથ્યાદર્શન છે. સમજાણું કાંઈ? અરે..! આવી જિંદગી મળે અને એનું... આહાહા..! એને તો જોયો નહિ, માન્યો નહિ, ઠર્યો નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

આમ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરો, યંત્ર રચો. વળી યંત્રો બહુ આવ્યા છે. શબ્દકોષમાં એટલા યંત્રો આવ્યા છે કે આણે આવો અભ્યાસ કર્યો છે. નથી અહીંયાં? નથી? આજ આવ્યા હતા. કેટલા.. બતાવ્યું હતું નહિ? ઓહોહો..! યંત્રો બનાવ્યા. ચક્રો ને એમાં નામ ને.. ઓહોહો..! એ કેટલાય યંત્રો પાછા એમ. પાનાના પાના ભર્યા છે. ઓહોહો..! આવું પરને માટે યાદ કરીને અક્ષરોમાં આને ગોઠવવું. આ અક્ષર અહીં છે અને આ શબ્દ અહીં છે. બહુ ઝીણું. આ મહેનત વિનાની ચીજ છે બહારના. આમાં કાંઈ બહારનું બહુ જાણપણું હોય તો જ આ થાય એવું કાંઈ છે નહિ. એ પરમાત્મા પોતે અંદર શુદ્ધ ચૈતન્યઘન, એવું એનું પૂર્ણ રૂપ જ છે દ્રવ્ય ને ગુણે. એની પ્રતીતિનું પરિણમવું, જ્ઞાનનું પરિણમવું અને સ્થિરતાનું થવું. આવો આત્મા પરિણમેલો આત્મા જાણે છે કે...એમ.—'**નિશ્ચયથી હું એક છું,...**'

ખરેખર તો હું એક છું. આહાહા..! આ સમ્યગ્દર્શનમાં (સ્વલક્ષી) વિષયમાં આ આત્મા પરિણમેલો એમ જાણે છે. આહાહા..! માણસો મધ્યસ્થથી, શાંતિથી, ધીરજથી જોતા નથી, સાંભળતા નથી, વિચારતા નથી. એટલે આવી વાતને એકાંત એકાંત કરી ઉડાડી દે. અરે..! ભગવાન! ભાઈ! એમાં તું ઉડી જાય છે, ભાઈ! કોને ઉડાડે છે તું? સમજાણું કાંઈ? આહાહા..! જેના પરલક્ષી જ્ઞાનમાં હજી આવી ખબરું નથી કે ભગવાન આત્મા અંદરમાં પૂર્ણાનંદના નાથને જ્યાં સ્મરવામાં જાય છે, ત્યારે તેનું જ્ઞાનનું જ્ઞાનરૂપે પરિણમન, સમકિતરૂપે પરિણમન અને શાંતિ, આનંદ... આનંદ... આનંદ... આનંદ... આહાહા..! એવો પરિણમેલો આત્મા પોતાને એમ જાણે છે કે... જીવતત્ત્વનું છેલ્લું છેને એ ગાથા? જીવની છેલ્લી ગાથા છે. આહાહા..!

આ સમયસાર અને આ વસ્તુ. ભરતક્ષેત્રમાં કેવળીની વાણી રહી ગઈ છે. આહાહા..! કેવળીએ કહેલા તત્ત્વો સમયસાર દ્વારા પ્રસિદ્ધ કર્યા છે. આહાહા..! કહે છે કે તું એ સમયસાર શાસ્ત્ર દ્વારા પ્રસિદ્ધ થા એવો તું નથી. આહાહા..! સુજાનમલજી! આહાહા..! તું તો ત્રણ લોકનો નાથ અંદર બિરાજે છે. પ્રભુ! આનંદનો સાગર છો. એ આનંદના સાગરને સ્વીકારવામાં તારું પરિણમન છે, કહે છે. એવો પરિણમેલો આત્મા પોતાને કેવો જાણે છે? એમ કહે છે. આહાહા..!

'**કે-નિશ્ચયથી હું એક છું,...**' આહાહા..! હું એક શુદ્ધ છું. ખરેખર વસ્તુ તો હું એકરૂપે જ છું, એક છું. ગુણ-ગુણીના ભેદ પણ જેમાં નથી. આહાહા..! રાગ અને પુણ્યના પરિણામ પણ (જેમાં નથી). હું જે છું આત્મા એ પરિણમેલો હું આત્માને આવો જાણું છું. આહાહા..! સમજાણું કાંઈ? આની ટીકા તો લાંબી છે ને મોટી. આમાં તો ટૂંકા આટલા શબ્દોમાંથી કાઢીને (આધાર આપ્યો છે). આહાહા..!

ખરેખર.. આહાહા..! 'ખરે' છે ને શબ્દ? '**હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાન દર્શનમય ખરે,...**' ખરે શબ્દ છે. આહાહા..! પણ એ આત્મા હું નહિ. સમજાણું કાંઈ? હું તો મારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણમેલો એવો તે હું એક છું. આમ ત્રણપણે પરિણમ્યો છું. છતાં એ દ્વારા એક છું એમ મેં નક્કી જાણ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! આવી વાણી ક્યાં છે? બાપુ! કુંદકુંદાચાર્ય સાક્ષાત્ ભગવાન પાસે (ગયા હતા.) આહાહા..! છેને? અહીં સામે છેને. સમવસરણમાં છે. આ આચાર્ય દેખાય, જુઓને. આ દેખાય ઈ ને? સામે. ત્યાં ક્યાં? અહીં દેખાય છે. કુંદકુંદાચાર્ય થાંભલાની આડમાંથી આમ દેખાય છે. થાંભલો આડો નથી આવતો. ઓલી કોર દેખાય છે. સાક્ષાત્ દિગંબર સંત, જેને આત્મદર્શન-જ્ઞાન-ચારિત્ર સાચા પરિણમેલા ભાવલિંગી મુનિ છે, સંત છે. આહાહા..! નમો લોએ સવ્વ આઈરિયાણં, એમાં એ ભળી ગયેલા છે. એ સમવસરણમાં ઉભા છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ એમ કહે છે કે હું એટલે કોણ? હું એટલે કોણ? હું દર્શનજ્ઞાનચારિત્રની વીતરાગી નિર્મળાનંદની પર્યાયપણે પરિણમેલો. એ હું મારા આત્માને કેવો જાણું છું? આવો પરિણમેલો કેવો જાણું છું? આહાહા..! **'હું એક છું,...'** આહાહા..! ત્રણપણે પરિણમેલી ચીજ છતાં હું આ દ્વારા તો એમ જાણું છું કે હું એક છું. આહાહા..! ક્યાં ગયા તારા ડોસા? ત્યાં બેઠા છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'શુદ્ધ છું,...'** હું શુદ્ધ છું. આહાહા..! અશુદ્ધ એ હું નહિ એમ ન કહેતા અસ્તિથી આમ લીધું છે. પછી કહેશે નાસ્તિથી. આહાહા..! ખરેખર હું એક છું, શુદ્ધ છું. ઓલી ટીકા છે પાછળ. દ્રવ્યાનુયોગના અભ્યાસી એમ કહે છે કે અમે તો શુદ્ધ છીએ, શુદ્ધ છીએ. અરે..! ભગવાન સાંભળને, ભાઈ! એ અશુદ્ધતા છે એનું જ્ઞાન કરે છે. પણ એ જ્ઞાન અને દર્શન એમ માને છે કે હું તો શુદ્ધ છું. સમજાણું કાંઈ? પર્યાયમાં અશુદ્ધતા છે. આ લખે ત્યારે વિકલ્પ નથી? પણ એ તો જ્ઞાન એને જાણે છે. વ્યવહારનયનું જ્ઞાન. અહીં તો નિશ્ચયનું જ્ઞાન અને નિશ્ચયની શ્રદ્ધા અને નિશ્ચયની અંદર ચારિત્રની પરિણતિ દશા, ભાઈ! આહાહા..!

'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે.' આવે છે ને? 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.' આહાહા..! મહેન્દ્રભાઈ! શેમાં આવે છે? શ્રીમદ્‌માં. તમારા બાપને બહુ પ્રેમ છે. શેઠીને બહુ અપૂર્વ અવસરનું. આહાહા..! 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે,...' અપેક્ષાથી વાત કરી છે. અહીં તો સમ્યગ્દર્શનની પર્યાય પોતાના કારણે થઈ છે અને સ્વનો આશ્રય કહેવો એ પણ ... આ કથનીને નિશ્ચયમાં જો નહિ સમજે, ગોઠવે તો તો મુશ્કેલી પડી જશે. સમજાણું કાંઈ?

કહે છે, હું **'શુદ્ધ છું, દર્શનજ્ઞાનમય છું,...'** અપૂર્ણ છું એમ પણ નહિ. હું આત્મા વસ્તુ એ તો દર્શનજ્ઞાનમય. દર્શનજ્ઞાનવાળો પણ નહિ. એ તો ભેદ પડે છે. આહાહા..! હું આ દર્શન-દેખવું એવો સ્વભાવ, જ્ઞાન એવો સ્વભાવ, સ્વભાવ. તે હું દર્શનજ્ઞાનમય છું. હું આત્મા એટલે પરિણમેલો આત્મા એમ આત્માને જાણે છે કે.. આહાહા..! આત્મારૂપે થયેલો આત્મા એમ જાણે છે કે... આહાહા..! **'શુદ્ધ છું, દર્શનજ્ઞાનમય છું,...'** અનંત ગુણ છે એ ક્યાં ગયા? એ દર્શન-જ્ઞાનની મુખ્યતામાં બધા ગયા. કારણ કે દેખવું-જાણવું એ જ એનો ઉપયોગ એ જ એનું ખરું સ્વરૂપ છે. ઉપયોગ તે આત્મા એમ કહ્યું છે ને? તો દર્શનજ્ઞાનમય ઉપયોગલક્ષણ જીવ. આવે છે? (ઉપયોગ લક્ષણ). એનો અર્થ શું થયો? આ દર્શનજ્ઞાન જે ઉપયોગ છે તે હું છું. સમજાણું કાંઈ? દર્શનજ્ઞાનમાં બધા ગુણો અવિનાભાવી તરીકે છે અને દર્શન-જ્ઞાનને દેખે જાણે છે તો એ દર્શનજ્ઞાનમય જ હું છું. એ બધા ગુણોને દેખનાર જ્ઞાન એવું જે સમ્યગ્જ્ઞાનમય હું છું. કાંતિભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

**'સદા અરૂપી છું;...'** આ કર્મના સંબંધે રૂપી પણ કહ્યો છે ને? હું કર્મના સંબંધમાં છું જ નહિ. મારો જે જ્ઞાયકભાવ ત્રિકાળ દર્શન જ્ઞાનમય એને અને કર્મને નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત, બાપુ! ભગવાન વીતરાગનો આત્મા એટલે કે વીતરાગે કહેલો આત્મા, એનું જ્ઞાન અને દર્શન થયે આત્મા છું (એમ) જાણે એને. આહાહા..! સમજાણું કાંઈ?

એ એમ કહે છે કે શાસ્ત્રથી હું આવું જાણું છું એમ નહિ. હું તો મારા દર્શનજ્ઞાનચારિત્રની પર્યાયે પરિણમેલો આત્મા એમ મને હું જાણું છું. સદા અરૂપી. સદા એટલે ત્રિકાળ અરૂપી. એમ. વળી કર્મનો સંબંધ હતો માટે એને રૂપી કહેવામાં આવ્યો છે. આહાહા..! એ તો વ્યવહારનું જ્ઞાન કરાવવા (કહ્યું છે). પણ હું તો ત્રિકાળ અરૂપી. મારા સ્વરૂપમાં રંગ, ગંધ, રસ અને સ્પર્શ છે જ નહિ. આહાહા..! એ પછી કહેશે. કંઈ અન્ય તે મારું નથી. અહીં તો છે તરીકેનું લે છેને હજી તો? આહાહા..!

**'સદા અરૂપી છું;...'** એ છે ને અર્થ? **'હું એક, શુદ્ધ, સદા અરૂપી,...'** એના પહેલા દર્શનજ્ઞાનમય લઈ લીધું. હવે કહે છે, **'કંઈ અન્ય તે મારું જરી...'** નથી. હવે નાસ્તિથી વાત કરે છે. આહાહા..! એ ગુણ-ગુણીના ભેદનો જે વિકલ્પ ઉઠે એ પણ જરીએ મારો નહિ. આહાહા..! હું તો જ્ઞાનદર્શનથી ભરેલો પ્રભુ, અન્ય તે મારું કાંઈ નહિ, જરીએ નહિ. છે? **'કાંઈ પણ અન્ય પર દ્રવ્ય-પરમાણુમાત્ર પણ મારું નથી.'** આહાહા..! આ વળી પૈસાવાળો છું, પત્નીનો પતિ છું, નરનો નૃપતિ છું. નૃપતિ-રાજા. આહાહા..! કહે છે, હું આ સંસ્થાનો પ્રમુખ છું.

મુમુક્ષુ :- છે તો ખરા.

ઉત્તર :- એવું કાંઈ છે નહિ. આહાહા..!

પ્રભુ આત્મા આનંદનો નાથ અંદર જ્ઞાનસાગરથી ભરેલો. આહા..! મારામાં અન્ય રાગનો વિકલ્પ કે અન્યની પદવી એ કોઈ ચીજ મારામાં નથી. આહાહા..! હું શિષ્યનો ગુરુ.. આહાહા..! અન્ય **'કાંઈ પણ અન્ય પર...'** એ તો થઈ ગયું, શિષ્ય પણ મારો નથી. આહાહા..! આ સંપ્રદાય મારો છે, આ સંઘ મારો છે (એ માન્યતા ખોટી છે). આહાહા..! ભગવાન આત્મા પોતાના પવિત્ર સ્વરૂપને દૃષ્ટિ જ્ઞાનમાં પરિણમીને.. આહાહા..! અને અહીં તો ચારિત્રને પરિણમીને. પૂર્ણ અધિકાર લેવો છે ને? એ એમ કહે છે,... એમ જાણે છે. કહેવું છે ક્યાં? કે હું **'કાંઈ પણ અન્ય પર દ્રવ્ય-'** એ રાગનો કણ જે વ્યવહાર રત્નત્રયનો... આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો જે વિકલ્પ એ **'અન્ય પર દ્રવ્ય-પરમાણુમાત્ર પણ મારું નથી.'** સમજાય છે કાંઈ? આવો ધર્મનો ઉપદેશ. ભારે આવી વાતું. હવે તો એવું પાળે આમ વ્રત

પાળો, જાત્રા.. શું કહેવાય આપણે? સમ્મેદશિખર. જાત્રા કરો, પાલીતાણાની જાત્રા કરો, ગિરનારની કરો, તીર્થોમાં જાવ. અરે..! એ બધી વાતો વિકલ્પની છે, બાપુ! એ વિકલ્પ ઉઠે છે એ, કહે છે કે હું નથી, એમ કહે છે અહીં તો. આહાહા..! આવો આત્મા જાણ્યો. એને પરિણમેલો એણે આવા આત્માને જાણ્યો છે. આહાહા..!

'કાંઈ પણ...' એમ શબ્દ છે ને? **'અન્ય...' 'કંઈ અન્ય...'** એમ શબ્દ છે ને પાઠ? **'કંઈ અન્ય...'** કાંઈ પણ અન્ય. જેટલું મારા સ્વભાવથી વિરૂદ્ધ કહેવાય એ બધું અન્ય છે. **'કાંઈ પણ અન્ય...'** હું આ રીતે છું, તો આ રીતે હું આ (પર) રીતે પણ નથી. કાંઈ પણ અન્ય પરદ્રવ્ય એટલે રજકણ અને રાગ, એક રાગનો કણમાત્ર, અરે..! જેનાથી તીર્થંકરગોત્ર બંધાય એવો ભાવ પણ મારામાં નથી. આહાહા..! એય..! આહાહા..!

**'કાંઈ પણ અન્ય...'** કાંઈ પણ અન્ય. અરે..! ગુણ-ગુણીનો ભેદ પડે છે એ પણ અન્ય છે. આહાહા..! હું એકરૂપમાં આવું અન્યપણું કાંઈ મારામાં નથી. સમજાણું કાંઈ? ધર્મીની દૃષ્ટિ ધર્મ ઉપર થતાં એ ધર્મી આમ અનુભવે અને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'અન્ય પર દ્રવ્ય-પરમાણુમાત્ર...'** એક રજકણ પણ પોઈન્ટ.. આહાહા..! આ અનંતા રજકણો, કર્મ અનંતા રજકણો, વાણી અનંતા રજકણો, તેજસ એનો છેલ્લામાં છેલ્લો એક રજકણ અને રાગનો પણ નાનામાં નાનો એક અંશ... આહાહા..! એ પણ (હું નહિ). અનેકાંત આવ્યું છે, ભાઈ તરફથી ચોપડી. હુકમીચંદ. જયપુરથી આવી છે. અનેકાંતની ચોપડી આવી છે. બે પૂજાની આવી છે. એ તો આપણે અહીં વંચાવી ગયા છે ને? વંચાવી ગયા છે ઈ છપાવી. ઓલો હાથીનો દાખલો આપ્યો છે. એકે પૂંછડું પકડ્યું અને એકે દાંત પકડ્યો. અને એક માણસ આખાને જોવે છે. એ ફોટો આપ્યો છે મોઢા આગળ. આજ થોડી ચોપડીઓ લઈને આવ્યા છે. ૨૦૦૦. થોડી થોડી છે.

**'અન્ય પર દ્રવ્ય-પરમાણુમાત્ર પણ મારું નથી. એ નિશ્ચય છે.'** જુઓ! આમાં લખ્યું છે. આ ક્યાંથી (લીધું છે). **'શ્રી સમયસાર ગુજરાતી આવૃત્તિ ગાથા-૩૮.'**

હવે **'યુક્તિ'. 'શરીર અને આત્મા એકબીજાથી ભિન્ન છે...'** ભગવાન ચૈતન્ય સ્વરૂપી અને આ શરીર જડ રૂપી, તદ્દન જુદી ચીજ છે. વ્યવહારનયથી એમ કહે કે આત્મા અને શરીર એક છે. આવે છે ને? એ જૂઠી નયનું કથન છે. આહાહા..! જૂઠાબોલા, જૂઠાનું સત્ય કરવા માટે કંઈક પ્રપંચ કરવા પડે. એમ શરીર અને આત્માને એક માનવા માટે વ્યવહારની કંઈક કલ્પનાઓ ઉઠે. અમારે આમ સંબંધ છે ને, નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે કે નહિ? ફલાણું છે કે નહિ? સમજાણું કાંઈ? એ તો પંચાધ્યાયીમાં નથી કહ્યું? ત્યાં પણ નિમિત્ત એટલે શું? શરીર શરીરને કારણે પરિણમે, તું તારે કારણે પરિણમે. એમાં નિમિત્ત કરે તને શું? ભાઈએ

લખ્યું છે. મખનલાલજીએ અર્થ કર્યો છે. પણ પાછા અર્થ ... અરે..! ભાઈ! આ કોઈ પક્ષની ચીજ નથી. આ તો વસ્તુની સત્તાની મર્યાદાની ચીજ છે. આહાહા..! એની મર્યાદામાં જતાં કે હું તો આવો એક શુદ્ધ સદા અરૂપી દર્શનજ્ઞાનમય અભેદ અને એનાથી ભિન્ન રજકણ અને રાગનો અંશ પણ મારામાં નથી. વ્યવહારરત્નત્રયનો રાગ એ મારામાં નથી. એમ કહે છે. આહાહા..!

'**શરીર અને આત્મા એકબીજાથી ભિન્ન છે...**' એ પ્રશ્ન કર્યો હતો ભાઈએ, નહિ? ત્યાં તે દિ' (સંવત) ૧૯૯૫ની સાલમાં, .. સાગરામલજીએ કીધું (પૂછયું) દ્રવ્યજોગ અને ભાવજોગ શું છે? ૯૫માં. પાલીતાણા ગયાને ત્યારે. હતા ને. ત્યારે કહે, દ્રવ્યજોગ ભાવ (જોગ) અત્યારે જુદા નથી. અરે.. ભગવાન! સમજાણું કાંઈ? દ્રવ્યજોગ એ કંપન્ન થવું આદિ પ્રદેશનું. ભાવજોગ તો કર્મ ગ્રહણ થવાની શક્તિરૂપ જે ભાવ, એ ભાવજોગ. ઈ બેય ભિન્ન છે. મારામાં એ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ કંપન્ન અને કર્મ ગ્રહણમાં નિમિત્તરૂપ ભાવરૂપ શક્તિ એ મારામાં નથી. આહાહા..! ક્યારે? અત્યારે. આહાહા..! અરે..! આ વાતને બેસાડવી અંદર, બાપુ! એ ભાવને અંદરમાં ગોઠવવા, ગોઠવવા અલૌકિક વાતું છે, બાપુ! અપવાસ નથી કે આ કરી નાખ્યા આઠ અપવાસ. શરીરનું બળ હોય તો આઠ અપવાસ અને પંદર અપવાસ કરી નાખ્યા. થઈ ગઈ તપસ્યા. ધૂળેય નથી તપસ્યા. આહાહા..!

ભગવાન પૂર્ણાનંદનો નાથ એમાં ઉપ નામ સમીપમાં જતાં, વસ્તુ છે તેની સમીપમાં જતાં એને ઉપવાસ કહેવામાં આવે છે. બાકી એનું સમીપપણું છોડીને આ બધા અપવાસ આદિ થાય એ બધી લાંઘણું (છે). સમજાણું કાંઈ? શું કીધું? ત્રાગા.. એય..! નવરંગભાઈ! આવી વાત છે. ભાઈ! વસ્તુ આવી છે, હોં! આહાહા..!

કહે છે, '**બંનેના લક્ષણ ભિન્ન ભિન્ન છે.**' ભગવાન આત્માનું લક્ષણ જ્ઞાન-દર્શન. શરીરનું લક્ષણ જડ અચેતન. આહાહા..! અરે..! રાગનું લક્ષણ પણ અચેતન છે. ભગવાન આત્માનું લક્ષણ તો જ્ઞાન-દર્શન છે. સમજાણું કાંઈ? '**આત્મા જ્ઞાન-દર્શન લક્ષણવાળો છે અને શરીરાદિ તેનાથી વિરૂદ્ધ લક્ષણવાળાં છે-અર્થાત્ અચેતન જડ છે.**' આહાહા..! '**જેમના લક્ષણ ભિન્ન ભિન્ન હોય છે...**' જેમના લક્ષણ-જાણવા યોગ્ય ચિહ્નો જુદાં હોય છે '**તે બધાં એકબીજાથી ભિન્ન હોય છે;...**'

મુમુક્ષુ :- યુક્તિ બતાવી.

ઉત્તર :- હા, યુક્તિ અનુમાન. અનુમાન કીધું છે ને.

'**તે બધાં એકબીજાથી ભિન્ન હોય છે; જેમ કે જલનું લક્ષણ શીતલપણું...**' જળ.. જળ-પાણી. એ તો શીતળપણે જણાય. '**અગ્નિનું લક્ષણ ઉષ્ણપણું છે. એમ બંનેના**

**લક્ષણ ભિન્ન છે, તેથી જલથી અગ્નિ ભિન્ન છે.'** એમ સિદ્ધ કર્યું કે એકનું લક્ષણ ઠંડુ અને એક લક્ષણ ઉષ્ણ. એવા બેના લક્ષણ ભિન્ન છે માટે વસ્તુ ભિન્ન છે. યુક્તિ કીધી. બેના લક્ષણ જુદા છે તેથી બે ચીજો જુદી છે. આહાહા..! આ તો મારું શરીર, મને રોગ થયો, મને રોગ મટી ગયો, મારું શરીર, મારી કાઠી પાતળી છે, મારું શરીર અદોદળું છે. બાપુ! એ બધું ક્યાં છે તારામાં? એ તો બધા શરીરના લક્ષણની વાતું છે. આહાહા..! જેના ચિહ્નો તે દ્રવ્યને ઓળખવા માટે જેના ચિહ્નો જુદા છે તે ચીજ જુદી છે. આહાહા..! **'એમ બંનેના લક્ષણ ભિન્ન છે,...'** જલનું શીતળપણું (લક્ષણ) અને અગ્નિનું લક્ષણ ઉષ્ણપણું. માટે લક્ષણ જેના જુદા તો એ બંનેના લક્ષણે ભિન્ન એ વસ્તુ પણ ભિન્ન છે. આહાહા..!

**'જેમ સોના અને ચાંદીનો એક પિંડ હોવા છતાં...'** એ આવે છે. સોનાનો અને ચાંદીનો ભેગો પિંડ કરે એટલે એમ કહેવાય કે આ ધોળું સોનું. ધોળું સોનું નથી. સોનું તો પીળું છે. ધોળું તો રૂપું છે. પણ ભેગું નાખે એટલે ધોળું સોનું એમ કહે. એથી સોનું ધોળું નથી. ધોળું તો ચાંદી છે. આહાહા..! **'સોના અને ચાંદીનો એક પિંડ હોવા છતાં...'** સ્કંધ-સ્કંધ. પિંડ એટલે સ્કંધ. **'સોનું તેનાં પીળાશાદિ લક્ષણવડે અને ચાંદી તેના શુક્લાદિ લક્ષણવડે-બંને જુદા છે-'** પિંડ એક હોવા છતાં બંનેના લક્ષણથી તે વસ્તુ ભિન્ન છે. સોનું ગળાવીને ચાંદીની ભેગું નાખે કે ચાંદી ગળાવીને સોના ભેગી નાખે પણ છતાં બેના લક્ષણ તો જુદા છે. પીળાશ લક્ષણ સોનું, આ ચાંદીનું લક્ષણ ધોળું. બેના ભિન્ન લક્ષણ છે તો વસ્તુ ભિન્ન થઈ ગઈ. આહાહા..!

**'તેમ જીવ અને કર્મ-નોકર્મ (શરીર) એક ક્ષેત્રે હોવા છતાં...'** લ્યો! જોયું! ઓલો પિંડ કહેતો હતો ને? સોના અને રૂપાનો એક સ્કંધ કર્યો ભેગો છતાં બેયના લક્ષણથી બે તે કાળે પણ ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? એ **'જીવ અને કર્મ-નોકર્મ (શરીર)...'** નોકર્મ એટલે શરીર, વાણી આદિ, કર્મમાં રાગાદિ અને બધું આવે. **'એકક્ષેત્રે હોવા છતાં...'** એક જગ્યોએ રહેવા છતાં, સોનું અને ચાંદીનો એક જથ્થો સ્કંધ-પિંડ કર્યો હોવા છતાં, બેના લક્ષણ નામ ચિહ્નો દ્વારા બે જુદી ચીજ છે એમ માલૂમ પડે છે. એમ જીવ અને શરીર અને કર્મ **'એકક્ષેત્રે હોવા છતાં તેમનાં લક્ષણો વડે તેઓ એકબીજાથી ભિન્ન જાણી શકાય છે.'** બહુ સાદી ભાષામાં.

**'વળી અંતરંગ રાગ-દ્વેષાદિ પરિણામો પણ વાસ્તવમાં આત્માના જ્ઞાન લક્ષણથી ભિન્ન છે,...'** આહાહા..! વ્રત કરું, તપસ્યા કરું, અપવાસ કરું એવો જે વિકલ્પ ઉઠે છે, કહે છે કે એ તો વિકારી રાગ-દ્વેષ વિકારી પરિણામ છે. આહાહા..! એ વિકારી પરિણામ જેનાથી બંધ થાય એ આત્માના પરિણામ છે? એ તો વિકારી છે. આહાહા..! **'વાસ્તવમાં**

**આત્માના જ્ઞાન લક્ષણથી...**' એ વિકારી પરિણામ રાગ શુભભાવ, દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, જાત્રાનો ભાવ એ જ્ઞાન લક્ષણથી તો એનું સ્વરૂપ ભિન્ન છે. આહાહા..!

સવારમાં એમ કહ્યું કે રાગની ઉત્પત્તિ કે રાગનો વ્યય થઈને અરાગની ઉત્પત્તિ, તીવ્ર રાગનો વ્યય થઈને મંદ રાગની ઉત્પત્તિ એ પોતાનો સત્તાનો અનુભવ છે. પોતાની સત્તાના અસ્તિત્વનો અનુભવ છે. એ તો આખું તત્ત્વ દ્રવ્ય અને પર્યાય સહિતવાળાની વાત કરી. અહીંયાં તો એ રાગની પર્યાયથી ભિન્ન વસ્તુ છે એને અહીં બતાવવી છે. એની સત્તામાં આ નથી એમ બતાવવું છે. સવારમાં તો એની સત્તાનો ઉત્પાદ-વ્યય અને (ધ્રુવ), એ ગુણ પર્યાયવાળું સત્ દ્રવ્ય છે અને એ સત્તાની દશા છે. એ આત્માની સત્તાની એ દશાઓ છે. એ તો પરથી ભિન્ન કરીને બતાવવાની વાત છે. સમજાણું કાંઈ? એની સત્તાના અસ્તિત્વમાં હોય એટલું બતાવવાનું ત્યાં કામ છે. પર્યાયના અસ્તિત્વમાં હોય એ પણ બતાવવું છે ત્યાં તો. આહાહા..!

અહીંયાં તો એ પર્યાયમાં રાગાદિ અસ્તિત્વ છે એ ત્રિકાળી જ્ઞાનસ્વરૂપમાં નથી. આહાહા..! કઈ અપેક્ષાએ કયું કથન છે એ સમજે નહિ અને આ લખ્યું શાસ્ત્રમાં. બધું લખ્યું છે શાસ્ત્રમાં, સાંભળને! પણ કઈ નયનું કથન છે, કઈ અપેક્ષાએ કહ્યું છે? ક્યાં શું સિદ્ધ કરવું છે? એને જાણ્યા વિના અર્થ કરે (તો) ગોટા ઉઠે. આહાહા..!

'કારણ...' હવે કારણ આપે છે. રાગ-દ્વેષ વિકારી પરિણામ વાસ્તવમાં આત્માના જ્ઞાનલક્ષણથી ભિન્ન છે. એમાં જ્ઞાન છે રાગમાં? રાગ જાણે છે કાંઈ? ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હોય એ રાગ કાંઈ જાણે છે? એ તો અજાણ ચીજ થઈ. જાણનાર ચીજ ન થઈ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**વાસ્તવમાં આત્માના જ્ઞાન લક્ષણથી...**' એટલે કે જે રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ ક્રોધ એનો જે રાગ ઉત્પન્ન થાય, એ રાગમાં જ્ઞાન નથી. જ્ઞાનનું લક્ષણ તો આત્માનું છે. એ લક્ષણે ઓળખાય છે. રાગ આકુળતાના લક્ષણે જણાય છે. સમજાણું કાંઈ? આવી વાત. આવો ધર્મનો ઉપદેશ! ઓલું તો કરો, આ કરો, આ કરો. ધમાલ. આ ગજરથ થવાનો છે નહિ હમણાં ક્યાંક? ભગવાનનો ૨૫૦૦ વર્ષ થયા એટલે. કાલે કહેતા હતા, નહિ? કુંડલપુર. ગજરથ. આહાહા..! હાથી કાઢે ને રથમાં ચડે, પાંચ-દસ લાખ, બે-પાંચ લાખ ખર્ચે. એટલા બધા નહિ ખરચતા હોય. પછી સંઘવીની પદવી આપે, સંઘવી. ત્યાં આત્મા એમાં નથી, કહે છે. એ હાથીના રથ નીકળે એમાં પણ આત્મા નથી અને તેના તરફનો જે શુભભાવ છે એમાં પણ આત્મા નથી, આત્માનું સ્વરૂપ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ત્યારે તમે ન કર્યું આ બધું? ઓલું ૨૬ લાખનું મકાન. રામજીભાઈએ કર્યું? ત્યારે કોણે કર્યું? એ ક્યાં ચોવીસ કલાક અહીં રહેતા

હતા બધા? અખંડ .. રામજીભાઈ હતા. કોણ કરે? ભાઈ! અહીં તો એ કહે છે. એના પરમાણુની પર્યાયને કાળે એ પરમાણુ રચાઈ ગયા છે. એને જીવ કરે તો તો જીવ અજીવ થઈ જાય. સમજાણું કાંઈ? આહાહા..!

કાં તો એમ કહે, કાનજીસ્વામીએ આ કરાવ્યું. જુઓ! અહીં પુણ્યવંત પ્રાણી છે અને કરોડોપતિઓ આવે છે અહીં. કરોડોપતિ આવે, કે ન આવે. કોઈને અમે કહ્યું નથી કાંઈ. પોપટભાઈ! આ કરોડપતિ રહ્યા. કીધું છે તમને કોઈ દિ' કે તમે પૈસા આપો આમાં? એ તો એને કારણે બનવાની ચીજ હોય તે બન્યા વિના રહે નહિ. જો આત્મા એને રચે એમ થાય તો તો જડ થઈ ગયો આત્મા. જ્ઞાન લક્ષણવાળો રહ્યો નહિ. એ તો જાણનાર લક્ષણવાળો છે. આહાહા..! અને એમાં થતો જે ભાવ શુભ એ પણ જાણવાના લક્ષણવાળું સ્વરૂપ નથી. એ તો અજાણસ્વરૂપ છે. આહાહા..! એ શુભરાગ (થાય) કે આ થાય. ભલે કીધું ન હોય ને થાય. એવો શુભરાગ, એ શુભરાગ કાંઈ ચૈતન્યના લક્ષણવાળો નથી. એમાં તો અજાણપણું છે. રાગ જાણે છે કાંઈ? રાગ પોતાને જાણે છે કે હું કોણ છું? રાગની સમીપ ભગવાન છે ચૈતન્યમૂર્તિ અંદર, એને જાણે છે રાગ? આહાહા..! માટે રાગનું લક્ષણ અને ચૈતન્યનું લક્ષણ બે જુદી ચીજ છે. ભારે ગળે ઉતરવું, હોં! અને વ્યવહાર સાધક થાય, નિશ્ચય સાધ્ય થાય. જુઓ! આવું આવે છે. એઈ..! પંડિતજીએ નથી લખ્યું? મોટો અર્થ કર્યો છે. બધું લખ્યું છે. વ્યવહાર સાધન છે અને હળવે હળવે આમ થાય ને આમ થાય. હળવે-હળવે આવ્યું નથી? ક્ષણે ક્ષણે આવે છે ને. આહાહા..! ભાઈ! એ તો રાગની દશા ત્યાં કેવી હતી નિમિત્તરૂપે. ઉપાદાનના કાર્ય એનાથી ન થાય તે રીતે કેમ છે તેમ ત્યાં જ્ઞાન કરાવ્યું છે. આહાહા..!

જુઓ ભાષા! **'આત્માના જ્ઞાન લક્ષણથી ભિન્ન છે, કારણ કે રાગ-દ્વેષાદિ-ભાવો ક્ષણિક અને આકુલતા લક્ષણવાળા છે;...'** જોયું! પેલો તો ત્રિકાળ નિત્યાનંદ ધ્રુવ છે જ્ઞાનાનંદ સ્વભાવ એનો. ઉપયોગ એ ત્રિકાળ સ્વરૂપ છે. ઉપયોગમાં ઉપયોગ છે. આવ્યું છે ને? આ તો આકુળતામાં આત્મા છે? આહાહા..! **'તે સ્વ-પરને જાણતા નથી;...'** કોણ? આકુળતાના લક્ષણવાળો રાગ એ પોતે અને પરને જાણતા નથી. વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૫, બુધવાર તા. ૧૮-૧૨-૧૯૭૪**
**શ્લોક-૩-૪, પ્રવચન-૮**

.. ચાલે છે. આ આત્મા અને શરીર ને કર્મ એ જુદી ચીજ છે. આત્મા એ તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. આ શરીર તો જડસ્વરૂપ છે. એ તો માટી છે. અંદર કર્મ છે એ પણ એક જડસ્વરૂપ છે. તો બેના લક્ષણો ભિન્ન છે. જેને આત્મા પ્રાપ્ત કરવો છે એટલે કે જેને ધર્મ કરવો છે, એણે આત્માના જ્ઞાનલક્ષણ દ્વારા આત્માને જાણવો પડશે. ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ એનું જ્ઞાન કરવા, એનું લક્ષણ જાણવું અને દેખવું એવા લક્ષણ-ચિહ્ન-એંધાણ-એનાથી આત્મા જાણી શકાય. એનાથી આત્માને સમ્યગ્દર્શનની ધર્મદશા પહેલી પ્રગટ થાય. માટે કર્મ અને શરીર એનાથી જુદી ચીજ છે.

હવે '**અંતરંગ રાગ-દ્વેષાદિ વિકારી પરિણામો** પણ...' થોડું ચાલ્યું છે, થોડું બાકી છે. ઝીણી વાત છે, ભાઈ! અંતરંગમાં જે કંઈ દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ ઊઠે એ રાગ છે. અને પ્રતિકૂળતા સહન ન થાય ત્યારે એને દ્વેષ થાય. એ રાગ-દ્વેષ, વિષયવાસના કે શુભ-અશુભભાવ એ બધા વિકારી પરિણામો છે. '**પણ વાસ્તવમાં આત્માના જ્ઞાન લક્ષણથી ભિન્ન છે**,...' ભગવાન આત્મા જ્ઞાન લક્ષણે લક્ષિત (થાય છે), ત્યારે એ પુણ્ય અને પાપના ભાવ, શુભ અને અશુભભાવ એ ક્ષણિક અને આકુળતાના લક્ષણે જણાય એવા છે. આહાહા..! સમજાણું કાંઈ? છે?

'**કારણ કે રાગ-દ્વેષાદિ ભાવો**...' આહાહા..! ચાહે તો ભગવાનની ભક્તિનો ભાવ હો, ભગવાનના સ્મરણનો ભાવ હો કે પરની દયા પાળવાનો ભાવ હો. પાળી શકે નહિ. આહાહા..! કેમ કે એ ભિન્ન ચીજ છે એનું આત્મા કાંઈ કરી શકે નહિ. પણ એની દશામાં જે દયાનો ભાવ, વ્રત કરું, અહિંસા, બ્રહ્મચર્ય પાળું દેહથી—એવો જે ભાવ ઊઠે છે એ પણ એક રાગ છે. એ વિભાવસ્વભાવ છે, એ આત્માનું સ્વરૂપ નથી. ભારે ઝીણી વાતું. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર તીર્થંકર ભગવાને ત્રણ કાળ ત્રણ લોક જોયા એમાં આ ચીજ આ રીતે જોઈ. આહાહા..!

કહે છે કે આ પ્રભુ અંદર આત્મા જે છે એ તો જ્ઞાનદર્શન લક્ષણેથી જણાય એવી ચીજ છે અને શરીર અને કર્મ તો જડ છે. એ અચેતન લક્ષણથી જણાય એવા છે. એ આત્માની ચીજ નથી. તેમ અંદર પુણ્ય અને પાપના ભાવ થાય. આહાહા..! એ પણ... છે? '**રાગ-દ્વેષાદિ-ભાવો ક્ષણિક અને આકુળતા લક્ષણવાળા છે**;...' ક્ષણિક છે કૃત્રિમ.

રહે ને જાય.. રહે ને જાય.. થાય અને જાય. આહાહા..! પ્રભુ અંદર આત્મા તો નિત્યાનંદ સહજાનંદની મૂર્તિ છે.

જેને ધર્મ કરવો હોય-જેને સુખી થવું હોય, જેને સુખને પંથે જવું હોય તો એણે જ્ઞાન અને દર્શનના લક્ષણવાળો પ્રભુ એને અનુભવવો અને પકડવો જોશે. કહો, પોપટભાઈ! આ પૈસાથી સુખ નથી એમ કહે છે. દુઃખી હશે? પૈસાથી દુઃખી નથી. પૈસા મારા, હું રળ્યો, મેં ડહાપણ કર્યું તો આ કરોડ-બે કરોડ ભેગા થયા. એવો જે મમત્વભાવ એ દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગાદિ ભાવ એ ક્ષણિક છે અને આકુળતા એટલે દુઃખરૂપ છે. એ આત્માનો સ્વભાવ નથી. આહાહા..!

જેમ આ શરીર અને કર્મ એ માટી જડ અને અજીવ છે, એમ પુણ્ય અને પાપના ભાવ એમાં એને જાણવાનો સ્વભાવ નથી એનો એને. રાગમાં રાગને જાણવાનો સ્વભાવ નથી. એથી એ તો ક્ષણિક અને અચેતન અને આકુળતાના કારણ છે. આહાહા..! ઝીણું ઘણું તત્ત્વ. બહારથી જેને જોવું છે એને તો આ મળે એવું નથી. ભગવાન તો અંદર પડ્યો છે પ્રભુ. આહાહા..! જાણવાના-દેખવાના એંધાણથી-ચિહ્નથી આ આત્મા, એમ પકડે તો એને સમ્યગ્દર્શન થાય, આનંદ થાય, તો એને ધર્મ થાય. આહાહા..! બાકી કોઈ આ ક્રિયાકાંડ કરે, વ્રત ને ભક્તિ, પૂજા ને દાન ને દયાને એ બધો તો રાગભાગ ક્ષણિક અને આકુળતાના કરનારા છે. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનની ભક્તિ?

ઉત્તર :- એ કીધું ને. પહેલું તો એ કીધું હતું. આજે હમણાં કહ્યું પહેલું. કહ્યું હતું હમણાં પહેલું. ભગવાનની ભક્તિ પણ રાગ છે અને આકુળતા છે. આહાહા..! કેમ કે સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર પૂર્ણ પરમાત્મદશા પ્રાપ્ત (કરી) પણ આ દ્રવ્યથી તો ભિન્ન ચીજ છે ને? અને એ ભિન્ન ચીજની ભક્તિ જ્યારે .. થાય એ બધો રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગ ક્ષણિક છે. કારણ કે એ રાગ પલટીને વળી બીજો વેપારનો રાગ આવે. વેપારનો રાગ પલટીને વળી કોઈ દયાનો ભાવ આવે. આહાહા..! એ બધા વિકલ્પો રાગ તે ક્ષણિક છે અને આકુળતાને ઉપજાવનારા છે. પ્રભુ આત્માનો એ સ્વભાવ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એ તો '**ક્ષણિક અને આકુળતા...**' ત્યાં સુધી આવ્યું હતું કાલે. '**તે સ્વ-પરને જાણતા નથી;...**' આહાહા..! જે અંદર વિકલ્પ ઉઠે રાગ, એ રાગ તો પોતે શું ચીજ છે એમ એ રાગ પોતાને જાણતો નથી. તેમ એ રાગની જોડે ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપ છે આત્મા એને રાગ જાણતો નથી. આરે..! આવી વાત લોકોને.. આહાહા..! કહે છે કે એ 'સ્વ-

**પરને જાણતા નથી;...'** કાંઈક રાગની વૃત્તિ જે ઉઠી, દયાની, દાનની, વ્રત કરું, ભક્તિ કરું, પૂજા કરું કે પાંચ-પચ્ચીસ હજારનું દાન આપું એવો જે વિકલ્પ છે એ રાગનો ભાગ છે. એ રાગ નથી જાણતા પોતાની જાતને, એ રાગ નથી જાણતા રાગની સમીપમાં રહેલો ભગવાન જ્ઞાનસ્વરૂપ એને એ રાગ જાણતો નથી. સ્વપરને જાણતો નથી કીધું ને? આહાહા..! સમજાણું કાંઈ? આ ધર્મની રીત કોઈ જુદી છે, બાપુ! આહાહા..! દુનિયા જે માનીને બેઠી છે અને દુનિયાને જે મળ્યું છે એ બધી બહારની વાતું મળી છે. તત્ત્વની વાત નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

પરમાત્મા ત્રિલોકનાથની વાણીમાં આ આવ્યું. ભગવાન! તું તો જ્ઞાનદર્શનના લક્ષણથી–ચિહ્નથી–એંધાણથી–આમ છે આત્મા એમ જણાય એવો છે ને. એ રાગથી જણાય એવો નથી. કેમ કે રાગ છે તે પરના લક્ષે થયેલી ચીજ (છે) અને રાગ પોતાને જાણતો નથી તો જ્ઞાનસ્વરૂપ ભગવાન જોડે છે આત્મા એને રાગ ક્યાંથી જાણે? આહાહા..! સમજાણું કાંઈ? આવી રીતે કેવો ધર્મ આવો? આવો વીતરાગનો ધર્મ આવો હશે? પહેલા તો એમ કહેતા, છ કાયની દયા પાળવી. ભોગીભાઈ! શું હતું ત્યાં કુંડલામાં? આહાહા..! કાં તો કો'કના દુઃખ લુવા ને કો'કને મદદ કરવી. એવી બધી વાતુમાં માનતા જગત.

મુમુક્ષુ :- એ પુણ્યથી ધર્મ થાય.

ઉત્તર :- એ પુણ્ય થાય અને એનાથી ધર્મ થાય. આહાહા..! ભાઈ! તને ખબર નથી. તું લુંટાઈ ગયો છો. એ રાગની ક્રિયા એ ક્ષણિક છે અને દુઃખરૂપ ને આકુળતા છે. એને તું ધર્મ માન અને એ ધર્મના કારણ માન, મિથ્યાત્વભાવમાં લુંટાઈ ગયો તું. સમજાણું કાંઈ?

**'સ્વ-પરને જાણતા નથી; જ્યારે જ્ઞાનસ્વભાવ તો નિત્ય...'** છે પ્રભુ. જાણવું... જાણવું... જાણવું... એવો જે ગુણ અને સ્વભાવ એ તો ત્રિકાળ છે આત્માનો સ્વભાવ. સમજાણું કાંઈ? તે **'શાંત છે.'** ક્ષણિક સામે નિત્ય છે અને આકુળતા સામે શાંત છે. આહાહા..! જ્ઞાન સ્વભાવ જાણવું... જાણવું... જાણવું... એવો જે સ્વભાવ એ તો ત્રિકાળ છે, નિત્ય છે અને એ તો શાંત છે. આહાહા..! એવા સ્વભાવને જાણતા તો શાંતિ આવે–અકષાયસ્વભાવ આવે એને શાંતિ કહે છે, એને ધર્મ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ **'અનાકુળ છે,...'** એ શાંતિની વ્યાખ્યા છે. સુખરૂપ છે, આનંદરૂપ છે. આહાહા..! ભગવાન આત્માનો સ્વભાવ નિત્ય છે, આનંદ છે, એટલે અનાકુળ છે.

**'સ્વ-પરને જાણવાનો તેનો સ્વભાવ છે.'** ભગવાન આત્માનો સ્વભાવ સ્વ નામ પોતાને જાણવાનો અને રાગ તે પર છે, વિકલ્પ આકુળતાને પર તરીકે પણ જાણવાનો એનો સ્વભાવ છે. આહાહા..! ભારે માણસને, નવા માણસને તો એવું લાગે. આ કઈ જાતનો

ધર્મ કાઢ્યો કહે છે. જૈનધર્મ આવો હશે? ભગવાન! જૈનધર્મ જ આ છે. બાપુ! તને ખબર નથી. સમજાય છે કાંઈ?

એ રાગની વૃત્તિઓ જે ઉઠે એ દુઃખરૂપ છે, આકુળતા છે. એને છોડીને પરમાત્મા પોતે પોતાના જ્ઞાનદર્શનથી જાણે તો એને ત્યાં શાંતિ આવે, સમ્યગ્દર્શન એટલે સત્‌ની પ્રતીતિ આવે અને સ્વરૂપમાં રમણતાનું આચરણ આવે. એને અહીંયાં જૈનધર્મ કહો કે વસ્તુનો સ્વભાવ કહો. એમ કહે છે. જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? કેમ કે જૈન એટલે જીતવું. કોને? કે એના સ્વભાવથી વિરૂદ્ધ જે અજ્ઞાન અને રાગ-દ્વેષને. એને જીતવું એટલે કેમ જીતવું? કે એ પૂર્ણાનંદનો નાથ પોતે જ્ઞાન-દર્શનથી જણાય એવી ચીજ છે એને જાણતા એને આનંદ આવે અને એને રાગ-દ્વેષની ઉત્પત્તિ ન થાય એનું નામ રાગને જીતવું કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? જૈન એટલે કે આત્માનું સ્વરૂપ જ એવું છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, એહી વચન સે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! હિન્દી ભાષા આવી જાય છે. અત્યારે તો બધા ગુજરાતી છે.

આત્મા જ્ઞાનસ્વભાવ જ (છે) અને નિત્ય ને શાંત અને '**સ્વ-પરને જાણવાનો તેનો સ્વભાવ છે. આ રીતે ભિન્ન લક્ષણ દ્વારા...**' આહાહા..! બેયના એંધાણો-બેયના લક્ષણો (અર્થાત્) રાગ-દ્વેષના, શરીરના, કર્મના અને આત્માના, બેયના લક્ષણો ભિન્ન ભિન્ન છે. સમજાણું કાંઈ? આ તો કાંઈક દયા, દાન, વ્રત, તપ, અપવાસ કરીએ તો આત્મા જણાશે. અરે.. ભગવાન! એ તો બધી વૃત્તિઓનો વિકલ્પ અને રાગ છે. રાગ તો આકુળતા (છે). આકુળતા દ્વારા અનાકુળ આત્મા જણાય? સમજાય છે કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એમ ફરમાવે છે એ અહીં લખ્યું છે. આહાહા..! એ બેયના લક્ષણો ભિન્ન ભિન્ન (છે). '**જ્ઞાનમય આત્મા રાગાદિકથી ભિન્ન છે-**' આહાહા..! '**ભિન્ન લક્ષણ દ્વારા (ભગવાન) જ્ઞાનમય આત્મા...**' અને રાગાદિક આકુળતાથી જુદો છે. આહાહા..! એ .. તો એમ થઈ ગયું છે ને કે આમાં બધા ગોથા ખાઈ ગયા છે ને? કે ભગવાનની આમ ભક્તિ કરીએ, ત્રિલોકનાથ પરમાત્મા સાક્ષાત્ બિરાજતા હોય. મહાવિદેહમાં તો પ્રભુ બિરાજે છે. સીમંધર સ્વામી ભગવાન ત્રિલોકનાથ જીવંતસ્વામી, જીવતા અરિહંત છે. બધા ૨૪ તીર્થંકરો થયા એ તો અરિહંત હતા તો અત્યારે તો સિદ્ધ થઈ ગયા. એ તો સિદ્ધાલયમાં ગયા-નમો સિદ્ધાણં. આ નમો અરિહંતાણંમાં છે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. છે ને આ સમવસરણ, જુઓને! સામું સમવસરણ છે. ત્યાં કુંદકુંદાચાર્ય ગયા હતા. સમજાણું કાંઈ? આહાહા..! એ ભગવાનની વાણીમાં તો આ આવ્યું કે ભાઈ! '**ભિન્ન લક્ષણ દ્વારા જ્ઞાનમય**

આત્મા...' અને ભિન્ન લક્ષણ દ્વારા રાગાદિભાવ, એ બે ચીજ તો ભિન્ન છે. **'એમ નક્કી થાય છે.'** માટે.. નીચે શ્લોક આપ્યો છે ને.

**જીવ બંધ બંને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે;**
**પ્રજ્ઞા-છીણી થકી છેદતાં, બંને જુદા પડી જાય છે.**

એ કુંદકુંદાચાર્યની ભાષા-વાણી છે. **'જીવ બંધ બંને,...'** જીવ જ્ઞાનાનંદ સ્વરૂપ અને બંધ રાગાદિ સ્વરૂપ. એ **'નિયત...'** નિશ્ચય. રાગાદિ અને આત્મા એનો નિશ્ચય નિજ લક્ષણ-પોતાના લક્ષણે એ રાગ અને આત્મા બે ભિન્ન પડે છે. **'પ્રજ્ઞા-છીણી થકી છેદતાં,...'** એ જ્ઞાનની ધારા એને આત્મા તરફ વાળતાં રાગથી ભગવાન આત્મા જુદો પડી જાય છે. આહાહા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એને કહીએ. સમજાણું કાંઈ? **'બંને જુદા પડી જાય છે.'** આચાર્યે તો ત્યાં ટીકામાં એમ કહ્યું છે ને, ભાઈ! 'એમ અમે જાણીએ છીએ.' આહાહા..! જાતની વાત છે ને?

અમારો ભગવાન આત્મા જ્ઞાનથી ભિન્ન પડીને એટલે રાગથી જ્ઞાનની દશા ભિન્ન પાડીને. જ્ઞાનથી ભિન્ન પડે છે ને? રાગથી (-રાગ દ્વારા) કાંઈ ભિન્ન (નથી પડતો). જ્ઞાનની પર્યાય દ્વારા પ્રજ્ઞાછીણી. જેમ એક લોઢામાં છીણી મારતા બે કટકા થઈ જાય, એમ ભગવાન આત્મા અંદરની જ્ઞાનની પર્યાય એને અંતરમાં વાળતાં રાગ અને ભગવાન બે ભિન્ન પડી જાય છે. આહાહા..! એ પ્રજ્ઞાછીણીથી છેદાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાય છે કાંઈ? **'સમયસાર ગુજરાતી આવૃત્તિ ૨૯૪ ગાથા.'** છે ને?

**'માટે આત્મા પરમાર્થે પર-ભાવોથી અર્થાત્ શરીરાદિક બાહ્ય પદાર્થોથી તથા રાગ-દ્વેષાદિ અંતરંગ પરિણામોથી વિવિક્ત છે-'** પાઠમાં આવ્યું હતું ને ભાઈ? વિવિક્ત શબ્દ છે. પાઠમાં છે. ચોથું પદ. **'विविक्तमात्मानमथाभिधास्ये'** વિવિક્ત-ભિન્ન ભગવાન આત્મા છે. એ રાગની ક્રિયા અને શરીર અને કર્મ એનાથી ભગવાન અંદર જ્ઞાનલક્ષણે ભિન્ન છે. પ્રજ્ઞાછીણીથી તેને જુદા પાડી શકાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની આ ક્રિયા. આહાહા..! વિવિક્ત છે ને છેલ્લું?

**'બાહ્ય પદાર્થોથી તથા રાગ-દ્વેષાદિ અંતરંગ પરિણામોથી વિવિક્ત છે-'** બાહ્ય પદાર્થ એટલે શરીર, કર્મ, વાણી. આ બાહ્યની ચીજ બાયડી-છોકરા-કુટુંબ એ તો ક્યાંય દૂર રહી ગયા. એમાં ક્યાંય છે નહિ. બાહ્ય પદાર્થોથી ભિન્ન છે અને અંતરંગ જે પરિણામ થાય એની પર્યાયમાં, એમ કહે છે અહીં તો, એ શુભ અને અશુભ રાગ એનાથી પણ પ્રભુ તો ભિન્ન છે અંદર. સમજાણું કાંઈ? એ આગમથી વાત કરી પહેલી. પછી યુક્તિથી કરી. પહેલી આગમથી કરી હતી ને? **'હું એક શુદ્ધ સદા...'** પછી આ યુક્તિ અને અનુમાનથી કરી,

હવે અનુભવથી વાત કરે છે.

**'આગમ અને યુક્તિ દ્વારા આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણી પોતાના ત્રિકાળ શુદ્ધાત્માની સન્મુખ થતાં...'** ભગવાન શુદ્ધ ચૈતન્યઘન નિત્યાનંદ પ્રભુ છે એને આગમ દ્વારા જાણ્યું અને યુક્તિ દ્વારા જાણ્યું. હવે એને **'શુદ્ધ સ્વરૂપ જાણી પોતાના ત્રિકાળ શુદ્ધાત્માની સન્મુખ થતાં...'** જે વસ્તુ છે ત્રિકાળ આનંદ અને જ્ઞાનસ્વરૂપી ભગવાન, એની સન્મુખ થતાં, દિશા પલટતાં પર તરફ જે જ્ઞાનની દશા છે એ મિથ્યા દશા છે... આહાહા..! એને ત્રિકાળી ચૈતન્યના સ્વભાવનો સત્કાર, આદર, સન્મુખ થતાં એની હયાતીનો આદર થાય છે. સમજાણું કાંઈ? અને રાગ ને દયા-દાનના વિકલ્પનો આદર કરતા ભગવાન ત્રિકાળી આનંદકંદનો અનાદર થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? હજી અહીં તો સમ્યગ્દર્શનની વાત છે, હોં! આહાહા..! ચારિત્ર તો એમાં પછી ઘણી ચીજ છે અંદર સ્થિરતા, આનંદની દશા એ તો. આહાહા..!

**'પોતાના ત્રિકાળ શુદ્ધાત્માની સન્મુખ થતાં...'** સત્ સ્વરૂપ એવો જે ધ્રુવ ભગવાન આત્મા એની સન્મુખ થતાં. સત્ મુખ. સત્ ઉપર દૃષ્ટિ પડતાં. આહાહા..! **'આચાર્યને જે શુદ્ધાત્માનો અનુભવ થયો તે અનુભવથી તેઓ વિવિક્ત આત્માનું સ્વરૂપ બતાવવા માગે છે.'** ત્રણ વાત થઈ. આગમથી, અનુમાન અને યુક્તિથી અને અનુભવથી. ચાર વાત મૂકી છેને ભાઈ પાંચમી ગાથામાં સમયસારમાં. આ ત્રણ મૂકી. પરનો યુક્તિથી નિષેધ કરી, એ ચોથો બોલ લઈ લેવો. પણ આ અસ્તિમાં એ આવી જાય છે. સમજાણું કાંઈ?

આચાર્ય કહે છે કે આગમથી એટલે મેં મારા સ્વરૂપને આગમના જ્ઞાનથી જાણ્યું. અનુમાન અને યુક્તિથી પણ લક્ષણના ભેદથી જાણ્યું અને હવે એ અનુભવથી જાણ્યું. આહાહા..! એ રાગ અને પુણ્યની ક્રિયાનો વિકલ્પ રાગ, એનાથી વિમુખ થઈને અને ત્રિકાળી ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એની સન્મુખ થઈને અનુભવીને મેં આત્માને જાણ્યો એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તે અનુભવથી તેઓ વિવિક્ત...'** શબ્દ છે ને અંદર ચોથો? એ.

**श्रुतेन लिंगेन यथात्मशक्ति समाहितान्तः करणेन सम्यक्।**
**समीक्ष्य कैवल्यसुखस्पृहाणां विविक्तमात्मानमथाभिधास्ये।।३।।**

એ પછી આવશે હવે. એને હું કહીશ. સમજાણું કાંઈ? કોને હવે હું કહીશ? એમ કહે છે.

**'આચાર્ય આત્માનું સ્વરૂપ કોને બતાવવા માગે છે?'** જે માલ લેવાનો કામી છે અને માલ લેવા આવ્યો છે એને એ માલ આપે છે વેપારી. ઘરે જવાય? ઘરે દેવા જવાય? આ પોટલા બાંધીને ઘરે દેવા જાય એની કિંમત કાંઈ ન મળે. ઘરે જાય છેને કેટલાક આ

ફેરીવાળા અધમણ પોટલું લઈને કાઠિયાણીને ઘરે જાય, ગરાસિયાને ઘરે જાય. હવે આ ભાવે આપવું છે એમ કરીને બહાર નીકળે ત્યારે પાછો આવો પાછા. ત્યાં જાય એને ફેરવવા. અહીં તો દુકાને બેઠા હોય. જે માલ લેવા આવ્યો હોય અને જોઈતો હોય તો આ માલ છે, બાપા! એને ગોઠે એટલે માલ લઈને જાય એટલે એ જાય અને આવે. આ તો બેઠો છે. ભાઈ! આ માલ છે, આ ભાવે છે. અને ક્યાંક એક જ ભાવ હોય.

અમારે ભરૂચમાં એક પારસીની દુકાન હતી. તે દિ'ની વાત છે આ તો, હોં! ૬૫ વર્ષ પહેલાની. પારસીની દુકાને એક જ ભાવ. કોઈપણ છોકરું જાવ કે શેઠિયો જાવ. એ તો મેં એમને જોયેલા. પારસીની એક દુકાન (હતી). ટોપી એ જાતની, લૂંગડા એ જાતના, ઘણી જાતની ચીજ. વખારુંની વખારું ભરેલી. ભરૂચ માલ લેવા જતાને જ્યારે ત્યાં? પાલેજ દુકાન હતી ને. પાલેજમાં. ત્યાંથી માલ લેવા જતા. આઠ ગાઉ થાય ભરૂચ. અમે જતાં તો એવો પારસી પણ માળો, એક ફેરી ટોપી જોઈતી હતી, ટોપી ઓઢતા ને. ટોપીનો શું ભાવ છે? કે આ ભાવ છે. દુકાને કીધો, ત્યાં કીધો આમાં કાંઈ ઓછું (નહિ થાય?). અહીં અમારે બીજો ભાવ નથી. પારસી કહે, અમારે બીજો ભાવ નથી. બાળક આવો, શેઠિયા આવો, વકીલ આવો, બેરિસ્ટર આવો. અમારે તો એક જ ભાવે છે. અહીં એક ભાવે-વીતરાગભાવે આત્મા જણાય એવો એક ભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! એવો આત્માને હું કોને કહીશ? કહે છે. જે કાંઈ ખાસ લેવા આવ્યા છે એને. આહાહા..!

શું કહે છે? જુઓ! '**આત્માના અતીન્દ્રિય સુખની જ જેને સ્પૃહા છે-**' આહાહા..! જેને પાંચ ઇન્દ્રિયના વિષયોની ઇચ્છા ગઈ છે... આહાહા..! જેને આત્માનો અતીન્દ્રિય આનંદ, એની જેને સ્પૃહા, ઇચ્છા, લાગણી, ભાવના આ છે એને હું કહીશ. આહાહા..! રાગના રસિયાઓને આ વાત ન બેસે. વિષય શબ્દે રાગનો પ્રેમ છેને જેને. એને આ વાત ન બેસે, એને હું નહિ કહું. આહાહા..! સમજાણું કાંઈ? આ એની શરત છે. મારી શરતમાં તો મેં કહ્યું કે આગમથી, અનુમાનથી, અનુભવથી મેં જાણ્યું. હવે એ હું જણાવવા માગુ છું એ કોને? '**આત્માના અતીન્દ્રિય સુખની જ જેને સ્પૃહા છે-**' તેને. આહાહા..! આ એની શરત છે. સંતોની આ શરત છે. સમજાણું કાંઈ? સમાધિ છે ને? સમાધિતંત્ર છે ને? આહાહા..! ભારે ભાઈ!

મુમુક્ષુ :- માલ પણ અનમોલ છે.

ઉત્તર :- હા, અનમોલ છે, ભાઈ!

બાપુ! કહે છે, ભાઈ! હું સમાધિ-આત્માની શાંતિ જે આત્મામાં ભરી પડી છે, શાંતિનો સાગર પ્રભુ છે, અતીન્દ્રિય આનંદનો એ દરિયો છે એ હું મારા અનુભવથી કોને કહેવા માંગુ

છું? આહાહા..! જેને અંતરમાં અતીન્દ્રિય આનંદની સ્પૃહા છે, બીજી કોઈ સ્પૃહા નથી જેને. આહાહા..! આ તો કાંઈક સાંભળશું તો કાંઈક પુણ્ય બંધાશે અને પુણ્ય બંધનથી કાંઈક સ્વર્ગ અને પૈસા મળે. આ મંગળિક સાંભળે ને તો વેપારમાં લક્ષ્મી-બક્ષ્મી પૈસા મળે. .. શું છે? એક દુકાન ખોલવી છે દશેરામાં. તો શું છે? દુકાન સરખી ચાલે. આ તો રાગના અભિલાષી અને જડના કામી છે. એઈ..!

મુમુક્ષુ :- એવાઓ માટે ...

ઉત્તર :- એવાઓ માટે આ શાસ્ત્ર નથી. આહાહા..! એ તો રખડતા રામ જીવો, જેને રખડવું છે એને માટે આ નથી. આહાહા..!

જેને આનંદની સ્પૃહા છે, ભલે એણે જોયો ન હોય આનંદ... સમજાય છે? પણ આ વિષયના સુખની મીઠાશથી-ઝેર છે એનાથી-કોઈ જુદી ચીજ છે. વિષયના સુખો એ અબજોપતિ, કરોડોપતિ અને ઈન્દ્રાણીઓ ઈન્દ્રને કરોડો ઈન્દ્રાણીઓ. જેને આવા અનાજ નથી. એને તો કંઠમાંથી અમૃત (ઝરે) એવો તો એનો ખોરાક. એવી ઈન્દ્રાણીઓના ભોગ પણ જેને ઝેર જેવા લાગતા હોય. આહાહા..! સમજાણું કાંઈ? જેને અતીન્દ્રિય આનંદની સ્પૃહા હોય. આહાહા..! આ શ્રોતાની સાથે શરતું આ. દુનિયા રાજી થાવ, ન થાવ એની સાથે અમારે કાંઈ સંબંધ નથી. તારા અતીન્દ્રિય આનંદમાંથી તને રાજીપો થવો હોય તો એ વાત અમે કહેશું તને. કહો, જેઠાભાઈ! આહાહા..! ગજબ વાત કરે છે કે નહિ!

અમારો હેતુ તો, અતીન્દ્રિય સુખ પામે એ પ્રાણી એવા હેતુથી તો કથન છે, કહે છે. હવે એ હેતુનું કથન લાગુ કોને પડે? આહાહા..! દુનિયાની અભિલાષા માનની, પૂજાની એ બધી ઉઠી જાય જેને. મારો ભગવાન ત્રણ લોકનો નાથ અતીન્દ્રિય આનંદથી ભરેલો હું છું. એને મારે પ્રગટ કરવાની ભાવના છે. આહાહા..! રાગ પ્રગટ કરવાની, પુણ્ય પ્રગટ કરવાની ભાવના (જેને છે) એ જીવને માટે આ વાત નથી. આહાહા..! ભાષા જુઓને! વીતરાગપણે અનુભવ્યો અને વીતરાગતાની અતીન્દ્રિય આનંદની જેને સ્પૃહા છે એને માટે આ સમાધિતંત્રનો ઉપદેશ છે. આહાહા..! સમજાણું કાંઈ?

શ્રીમદ્‌માં આવે છે ને. 'કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ.' બીજો રોગ નહિ. આહાહા..! અહીં તો ખાનગી કેટલાય પત્રો આવે ખાનગી, હોં! મહારાજ! તમારી પાસે તો કરોડોપતિઓ આવે. એને કાંઈક કહો તો અમે રસ્તે ચડીએ. દેખો! અહીં પૈસા દે. ખાનગી એવા કાગળ આવે. અરે..! આ દુકાન ભૂલ્યો. આ દુકાન એ નથી. એ કંદોઈની દુકાને અફીણ ન મળે. ત્યાં મળતું હશે અફીણ? એની દુકાન જુદી હોય. સમજાણું કાંઈ? હમણાં જ એક કાગળ આવ્યો હતો, નહિ? પરમ દિ' વાંચ્યો નહિ? મહારાજ! તમારા જે ભક્તો છે એ

તો બહુ પૈસાવાળા છે, સુખી છે, અઢળક છે. એવું લખ્યું હતું, હોં! પણ મારે અઢળક થાય મને, અમે દુઃખી છીએ. એય..! વાંચ્યો કે નહિ? કાગળ, નહિ? ... અઢળક મળે. અમારે ધંધો ચાલતો નથી, ગામડામાં રહી ગયા, અમારા કુટુંબીઓ બહાર ગયા તો એ તો બધા પૈસાવાળા થઈ ગયા. આહાહા..! ભગવાન! તું ભૂલ્યો બાપુ! લખવામાં. એવા કેટલાય આવે છે ખાનગી. બિચારા બહુ દુઃખી હોય અને આ પાછા દુકાળ. દુકાન ચાલે નહિ, માણસો સાત-આઠ ઘરમાં (હોય), એ સો-દોઢસો-બસ્સો મળે મહિને, કાંઈ ખર્ચે પૂરું પડે નહિ. હેરાન-હેરાન થઈ ગયા છે. અરે..! બાપુ! તારી શ્રદ્ધાથી હેરાન થઈ ગયો છો તું. એ પ્રતિકૂળતાથી નહિ. આહાહા..!

આનંદનો ધામ પરમાત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપ આત્માનું. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એ સિદ્ધ ભગવાન સ્વરૂપે જ ચૈતન્ય ભગવાન બિરાજે છે. એનું એન્લાર્જ થઈને પર્યાયમાં સિદ્ધપણું આવે છે. એ અંદર છે ઈ આવે છે. સમજાણું કાંઈ? એની સામું જોવું નથી, એની ભાવના નથી અને શાસ્ત્ર સાંભળીને કાંઈક પૈસા મળે, આબરૂ મળે, સુખ મળે, છોકરાઓ સારે ઠેકાણે વરે, છોડીયું સારે ઠેકાણે વરે. અરે..! બાપા! તું ક્યાં આવ્યો ભાઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ કીધુંને ઘણાં વર્ષ પહેલાની વાત છે. (સંવત) ૧૯૯૨ની સાલની. ૪૦૦ ના પગારવાળો એક પારસી હતો, અહીં ધોળા જંક્શન. ચારસોનો પગાર હતો. ૯૨ની સાલમાં. હું બેઠો હતો ત્યાં. ઓલા મકાનમાં આવ્યા હતા ને, હીરાભાઈના મકાનમાં. એકલો બેઠો ત્યાં આવ્યો હતો. પારસી હતો. ૪૦-૪૫ વર્ષની ઉંમર. આમ હાથ કાઢ્યો. શું છે ભાઈ? મહારાજ! હાથ જુઓને. અરે..! ભાઈ! આ દુકાન નહિ આ. એ દુઃખી હશે, કાંઈક દુઃખી હશે. પછી મહિને, બે મહિને બંદુક ખાઈને મરી ગયો. સાંભળ્યું હતું. અહીં સાંભળ્યું હતું, અહીં ધોળામાં હતો પારસી. કાંઈક હશે. ઘણી પ્રકારની જગતની ભ્રમણા. હાથ જુઓ. શું છે બાપુ? કે આ મને કે દિ' પૈસા મળશે? ભગવાન! ભૂલ્યો બાપુ! આ દુકાન એ નથી, કીધું. અહીં તો આત્માની દુકાન છે, બાપા! આત્મા જોવો, જાણવો, એ કેમ મળે અને ધર્મ કેમ (થાય), સુખી થવાય એ માર્ગ છે, બાપુ! અમારી પાસે બીજું કાંઈ છે નહિ. અમારી મોટપ તમે એમ ગણતા હો, મોટા મહારાજ એટલે એને આશીર્વાદ આપે તો સારું થાય, એવું અમારી પાસે કાંઈ છે નહિ. ચંદુભાઈ! આશીર્વાદ આપે આશીર્વાદ.

હમણાં કાલે એક બ્રાહ્મણ આવ્યો હતો. પાલડી. આ પાલડી નથી? ત્રણ ગાવ છેટે છે. આ ભીખાભાઈ રબારી ત્યાંના છે. આપણે નીકળ્યા નહોતા તે દિ'? (સંવત) ૨૦૧૩ની સાલ. પાલડી નીકળ્યા હતા. આવ્યા હતા નહિ? અહીંથી શિહોર જતા ત્રણ ગાઉ છે. પાલડીનો

આવ્યો હતો. મહારાજ! હાથ મૂકો. હું ત્યાં મુંબઈ તો કાયમ આવું છું વાત સાંભળવા. પણ હાથ મૂકો હોં હવે તો. અરે..! જુવાન છોકરો હતો. સવા પાંચ રૂપિયા મૂક્યા એણે બિચારાએ. ગુંજામાંથી કાઢીને. અહીં તો આત્માની વાતું (છે), ભાઈ! આ જડ છે એમાં શું થાય? આહાહા..! અરે..! આવી જેને ઝંખના છે સંસારની (એને માટે આ વાત નથી). આહાહા..!

અહીં તો ભવનો અભાવ થઈ અને આત્માની શાંતિ કેમ મળે એ વાત છે કહે છે. ભવના અભાવની જેને ભાવના છે... આહાહા..! અતીન્દ્રિય આનંદની સ્પૃહાનો અર્થ શું થયો? અતીન્દ્રિય આનંદ મારે તો જોવે છે. આહાહા..! એ ક્યાંથી મળશે? એમ પૂછે તો તો એને કહે, બાપા! અતીન્દ્રિય આનંદ અંદરમાં છે. એ તને ખબરું નથી. આહાહા..! એ અતીન્દ્રિય આનંદની જેને ઈચ્છા છે એને અતીન્દ્રિય આનંદ તરફ ઢળવા માટેનો આ ઉપદેશ છે અમારો, કહે છે. આહાહા..! દુનિયાના ભાવથી એવું લાગે આ તો જાણે આ શું હશે આવી જાત આખી? આ તે જૈનનો ધર્મ હશે? જૈનધર્મમાં છકાયની દયા પાળવી, છકાયના પિયર... નથી લખાતા? એય..! ભોગીભાઈ! સંવત્સરી પૂરી થાય ત્યારે નથી લખતા? કાગળમાં એકબીજાને લખે. છકાયના પિયર છકાયના ગોવાળ. છકાયના રક્ષક. બધી ખોટી વાતું. આહાહા..! પર જીવની રક્ષા કોણ કરે? પરની દયા કોણ પાળે? આહાહા..! બાપુ! તને ખબર નથી. આહાહા..!

તારી દયા તું પાળી શકે છો, તારી હિંસા-તું નથી-એમ તું કરી શકે છો. હું એક નથી એમ (હિંસા) કરી શકે છો જ્ઞાનમાં અને હું એક પૂર્ણ આનંદનો નાથ પૂર્ણ છું એમ તું તારી રક્ષા કરી શકે છો. એવી જીવતી જ્યોત ભગવાન બિરાજે, એનો તું નકાર કરીને હું રાગવાળો અને પુણ્યવાળો છું, એ જીવતી જ્યોતનો તેં નકાર કરીને હિંસા કરી છે. તારી તેં હિંસા કરી છે. આહાહા..! એવા ચૈતન્ય જ્યોતને જાણવા માટે જો પ્રયત્ન તને હોય તો એ વાત હું કરીશ તને. કહો, ભોગીભાઈ! આવી વાત આ છે.

'**અતીન્દ્રિય સુખની જ...**' એમ પાછું છે ને? '**कैवल्यसुखस्पृहाणां**' એમ છે ને? '**कैवल्यसुखस्पृहाणां**' એકલો આત્માના આનંદની. આહાહા..! આ સંસારના જે સુખ છે એ તો દુઃખ છે, ઝેર છે. આહાહા..! એ ઝેરની પિપાસા જેને છૂટી છે અને આત્માના અમૃતરસને પ્રગટ કરવાની જેને ભાવના છે. આહાહા..! '**कैवल्यसुखस्पृहाणां**' કૈવલ્યપદ વિષયક અથવા નિર્મળ અતીન્દ્રિય સુખની ભાવનાવાળા. એમ. એટલે કૈવલ્ય પદ કહો કે મોક્ષપદ કહો. આત્માની પૂર્ણ મોક્ષદશા. લોગ્ગસમાં આવે છે ને? 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.' હે સિદ્ધ ભગવાન! મારે સિદ્ધપદ જોઈએ છે. દેખાડો. એ તો એક વિનંતી છે. આપે કોણ? 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.' મને દેખાડો. એનો અર્થ કેવળજ્ઞાન થાય ત્યારે દેખે એને પોતાને. આહાહા..! પૂર્ણ. સમજાણું કાંઈ? આહાહા..! એવા સુખની જેને ઈચ્છા છે. અતીન્દ્રિય સુખની. આત્માના

અતીન્દ્રિય સુખની જેને સ્પૃહા છે.

**'ઇન્દ્રિય-વિષયસુખની જેને સ્પૃહા નથી,...'** સ્પૃહા એટલે ઇચ્છા, જિજ્ઞાસા, અભિલાષા, ભાવના એ બધા અર્થમાં સ્પૃહા કહેવાય છે. **'તેવા (જિજ્ઞાસુ) ભવ્ય જીવોને જ...'** આહાહા..! જુઓને! **'તેવા (જિજ્ઞાસુ) ભવ્ય જીવોને જ આચાર્ય વિવિક્ત આત્માનું...'** ભિન્ન-રાગ અને પરપદાર્થથી ભિન્ન ભગવાન આત્માનું **'(શુદ્ધાત્માનું) સ્વરૂપ કહેવા માગે છે.'** આહાહા..! મેળવ્યું છે ભારે, હોં! છોટાભાઈએ બહુ સારું લખ્યું છે. છોટાલાલ ગુલાબચંદ દિગંબર અમદાવાદ. કાંઈક ભણેલા હતા નહિ? કાંઈક મોટી પદવી હતી. ગ્રેજ્યુએટ હતા કાંઈક. અંદર હશે કાંઈક. છે? આવતા હતા ને અહીંયાં. છેલ્લા મંદવાડમાં હું ત્યાં ગયો હતો અમદાવાદ. ત્યાં રહેતા હતા ત્યાં ગયા હતા. બોર્ડિંગમાં. એ ડેલો હતો. ગુજરી ગયા. બહુ સારું લખ્યું છે. આ સમાધિતંત્ર અહીં વાંચ્યું હતું જ્યારે ત્યારે એણે સાંભળ્યું હતું. એ પછી ભાઈએ નાખ્યું, નહિ? શીતળપ્રસાદનું. તે દિ' એ ક્યાં હતા, નહિ? શીતળપ્રસાદનું વાંચ્યું હતું. તે દિ' લખ્યું હતું. હું હાજર હતો ત્યારે. અમે વાંચ્યું છે તેથી અમને સમજાણું એ બધું મેં લખ્યું છે.

**'આ રીતે શ્રી પૂજ્યપાદ આચાર્યે...'** પૂજ્યપાદ મુનિ દિગંબર સંત આનંદમાં કેલી કરનારા હતા. સંત એને કહીએ. આ પાંચ મહાવ્રત પાળે અને ઢીકણું કરે એ સાધુ નથી, બાપા, એ તને ખબર નથી. જે આત્માના આનંદના સ્વરૂપનું સાધન કરે તે સાધુ. આહાહા..! એ આ મુનિ આનંદના સાધનમાં હતા એવા પૂજ્યપાદ આચાર્યે.. આહાહા..! એવા સંત ક્યાં છે? કોને સંત કહેવા એની ખબર પણ ક્યાં છે જગતને? આહાહા..! સમ્યગ્દર્શન વિનાના દ્રવ્યલિંગો બધા બહારના, એ બધા રખડવાના રસ્તા છે. સમજાણું કાંઈ?

**'આગમ, યુક્ત અને અનુભવથી આત્માનું શુદ્ધસ્વરૂપ કહેવાની પ્રતિજ્ઞા કરી છે.'** લ્યો!

कतिभेदः पुनरात्मा भवति? येन विविक्तमात्मानमिति विशेष उच्यते। तत्र कुतः कस्योपादानं कस्य वा त्यागः कर्तव्य इत्याशंक्याह–

*बहिरन्तः परश्चेति त्रिधात्मा सर्वदेहिषु।
उपेयात्तत्र परमं मध्योपायाद्बहिस्त्यजेत्।।४।।

टीका :– बरिर्बहिरात्मा, अन्तः अन्तरात्मा, परश्च परमात्मा इति त्रिधा आत्मा

* पियारो सो अप्पा परमंतरबाहिरो हु देहीणं।
तत्थ परो झाइज्जइ अंतोवाएण चयहि बहिरप्पा।।
– मोक्षप्राभृते, कुन्दकुन्दः।

त्रिप्रकार आत्मा। क्वा? सर्वदेहिषु सकलप्राणिषु। ननु अभव्येषु बहिरात्मन एव सम्भवात् कथं सर्वदेहिषु त्रिधात्मा स्यात्? इत्यप्यनुपपन्नं, तत्रापि द्रव्यरूपतया त्रिधात्मसद्‌भावोपपत्तेः कथं पुनस्तत्र पंचज्ञानावरणान्युपपद्यन्ते? केवलज्ञानाद्याविर्भावसामग्री हि तत्र कदापि न भविष्यतित्यभव्यत्वं, न पुनः तद्योग्यद्रव्यस्याभावादिति। भव्यराश्यपेक्षया वा सर्वदेहिग्रहणं। आसन्नदूरदूरतरभव्येषु भव्यसमानअभव्येषु च सर्वेषु त्रिधाऽऽत्मा विद्यत इति। तर्हि सर्वज्ञे परमात्मन एव सद्‌भावाद्बहिरन्तरात्मनोरभावात्त्रिधात्मनो विरोध इत्यप्ययुक्तम्। भूतपूर्वप्रज्ञापननयापेक्षया तत्र तद्विरोधासिद्धेः धृतघटवत्। यो हि सर्वज्ञावस्थायां परमात्मा सम्पन्नः स पूर्वबहिरात्मा अन्तरात्मा चासीदिति। घृतघटवदन्तरात्मनोऽपि बहिरात्मत्वं परमात्मत्वं च भूतभाविप्रज्ञापन-नयापेक्षया दृष्टव्यम्। तत्र कुतः कस्योपादानं कस्य वात्यागः कर्तव्य इत्याह-उपेयादिति। तत्र तेषु त्रिधात्मसु मध्ये उपेयात् स्वीकुर्यात्। परमं परमात्मानं। कस्मात्? मध्योपायात् मध्योऽन्तरात्मा स एवोपायस्तस्मात्। तथा बहिः बहिरात्मानं मध्योपायादेव त्यजेत्।।४।।

શ્લોક - ૪

અન્વયાર્થ :- (सर्वदेहिषु) સર્વ પ્રાણીઓમાં (बहिः) બહિરાત્મા, (अन्त) અન્તરાત્મા (च परः) અને પરમાત્મા (इति) એમ (त्रिधा) ત્રણ પ્રકારે (आत्मा अस्ति) આત્મા છે. (तत्र) તેમાં (मध्योपायात्) અંતરાત્માના ઉપાય દ્વારા (परमं) પરમાત્માને (उपेयात्) અંગીકાર કરવો જોઈએ અને (बहिः) બહિરાત્માને (त्यजेत) છોડવો જોઈએ.

ટીકા :- બહિઃ એટલે બહિરાત્મા, અંતઃ એટલે અંતરાત્મા અને પરઃ એટલે પરમાત્મા-એમ ત્રિધા એટલે ત્રણે પ્રકારે આત્મા છે. તે (પ્રકારો) શામાં છે? સર્વ દેહીઓમાં-સકલ પ્રાણીઓમાં.

અભવ્યોમાં બહિરાત્માનો જ સંભવ હોવાથી સર્વ દેહીઓમાં ત્રણ પ્રકારનો આત્મા છે એમ કેવી રીતે હોઈ શકે?

એમ કહેવું પણ યોગ્ય નથી કારણ કે ત્યાં પણ (અભવ્યમાં પણ) દ્રવ્યરૂપપણાથી ત્રણ પ્રકારના આત્માનો સદ્‌ભાવ ઘટે છે. વળી ત્યાં પાંચ જ્ઞાનાવરણ (કર્મો)ની ઉપપત્તિ કેવી રીતે ઘટી શકે? કેવલજ્ઞાનાદિના પ્રગટ થવારૂપ સામગ્રી જ તેમને કદાપિ થવાની નથી તેથી તેમનામાં અબવ્યપણું છે, પણ નહિ કે તદ્‌યોગ્ય દ્રવ્યના અભાવથી (અભવ્યપણું છે); અથવા ભવ્યરાશિની અપેક્ષાએ સર્વ દેહીઓનું ગ્રહણ સમજવું. આસન્ન ભવ્ય, દૂર ભવ્ય, દૂરતર ભવ્યમાં તથા અભવ્ય જેવા ભવ્યોમાં-સર્વેમાં ત્રણ પ્રકારનો આત્મા છે.

તો સર્વજ્ઞમાં પરમાત્માનો જ સદ્‌ભાવ હોવાથી અને (તેમાં) બહિરાત્માનો અને

અંતરાત્માનો અસદ્‌ભાવ હોવાથી તેમાં (સિદ્ધમાં) ત્રણ પ્રકારના આત્માનો વિરોધ આવશે?

એમ કહેવું પણ યોગ્ય નથી, કારણ કે ભૂતપૂર્વ[1] પ્રજ્ઞાપન-નયની અપેક્ષાએ તેમાં ઘૃતઘટવત્ તે વિરોધની અસિદ્ધિ છે (તેમાં વિરોધ આવતો નથી). જે સર્વજ્ઞ અવસ્થામાં પરમાત્મા થયા, તે પૂર્વે બહિરાત્મા તથા અંતરાત્મા હતા.

ઘૃતઘટની જેમ ભૂત-ભાવી પ્રજ્ઞાપન-નયની અપેક્ષાએ અંતરાત્માને પણ બહિરાત્માપણું અને પરમાત્મપણું સમજવું.

એ ત્રણેમાંથી કોનું શા વડે ગ્રહણ કરવું કે કોનો ત્યાગ કરવો તે કહે છે. ગ્રહણ કરવું એટલે તેમાં તે ત્રણ પ્રકારના આત્માઓને વિષે પરમાત્માનો સ્વીકાર (ગ્રહણ) કરવો. કેવી રીતે? મધ્ય ઉપાયથી-મધ્ય એટલે અન્તરાત્મા તે જ ઉપાય છે તે દ્વારા (પરમાત્માનું ગ્રહણ કરવું) તથા મધ્ય (અંતરાત્મારૂપ) ઉપાયથી જ બહિરાત્માનો ત્યાગ કરવો (૪)

ભાવાર્થ :- સર્વે જીવોમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા-એમ ત્રણ પ્રકારની અવસ્થાઓ હોય છે. તેમાં બહિરાત્માવસ્થા છોડવા યોગ્ય છે; અંતરાત્માવસ્થા, પરમાત્મપદની પ્રાપ્તિનું સાધન છે, માટ તે પ્રગટ કરવા યોગ્ય છે અને પરમાત્માવસ્થા જે આત્માની સ્વાભાવિક પર વીતરાગી અવસ્થા છે તે સાધ્ય છે માટે તે પરમ ઉપાદેય (પ્રગટ કરવા યોગ્ય) છે.

પ્રશ્ન :- સર્વ પ્રાણીઓમાં આત્માની ત્રણ અવસ્થાઓ છે એમ શ્લોકમાં કહ્યું છે પણ અભવ્યને તો એક બહિરાત્માવસ્થા જ સંભવિત છે, તોસર્વ પ્રાણીઓને આત્માની ત્રણ અવસ્થાઓ કેમ બની શકે?

ઉત્તર :- જે જીવ અજ્ઞાની બહિરાત્મા છે તેમાં પણ અંતરાત્મા અને પરમાત્મા થવાની શક્તિ છે. ભવ્ય અને અભવ્ય જીવોમાં પણ કેવલજ્ઞાનાદિરૂપ પરમાત્મશક્તિ છે. જો તે શક્તિ તેમનામાં ન હોય, તો તેને પ્રગટ ન થવામાં નિમિત્તરૂપ કેવળજ્ઞાનાવરણાદિ કર્મ પણ ન હોવાં જોઈએ, પણ બહિરાત્માને (અભવ્યને પણ) કેવલજ્ઞાનાવરણાદિ કર્મ તો છે; તેથી સ્પષ્ટ છે કે બહિરાત્મામાં (ભવ્ય કે અભવ્યમાં) કેવલજ્ઞાનાદિ શક્તિપણે છે. અભવ્યને તે શક્તિ પ્રગટ કરવા જેટલી યોગ્યતા નથી.

અનાદિથી બધા જીવોમાં કેવલજ્ઞાનાદિરૂપ પરમસ્વભાવ શક્તિરૂપે છે. તે સ્વભાવના

---

૧. જે ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ કહે તે જ્ઞાનને (અથવા વચનને) ભૂતનૈગમનય (અથવા ભૂતપૂર્વપ્રજ્ઞાપન-નય કહે) છે. જે ભવિષ્યકાળના પર્યાયને વર્તમાનવત્ કહે તે જ્ઞાનને (અથવા વચનને) ભાવિનૈગમનય (અથવા ભાવિપ્રજ્ઞાપન-નય) કહે છે. (જુઓઃ ગુ.મોક્ષશાસ્ત્ર-અ.૧/સૂત્ર ૩૩)

શ્રદ્ધા-જ્ઞાન કરી તેમાં લીન થાય તો તે કેવલજ્ઞાનાદિ શક્તિઓ પ્રગટ થઈ જાય અને કેવલજ્ઞાનાવરણાદિ કર્મો સ્વયં છૂટી જાય.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે-

'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય.'

બધાય જીવો શક્તિપણે પરિપૂર્ણ સિદ્ધ ભગવાન જેવા છે, પણ જે પોતાની ત્રિકાળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સ્વભાવશક્તિને સમ્યક્ પ્રકારે સમજે, તેની પ્રતીત કરે અને તેમાં સ્થિરતા કરે, તે પરમાત્મદશા પ્રગટ કરી શકે.

વર્તમાનમાં જે ધર્મી અંતરાત્મા છે તેને પૂર્વે અજ્ઞાન દશામાં બહિરાત્મપણું હતું ને હવે અલ્પ કાળમાં પરમાત્મપણું પ્રગટ થશે.

પરમાત્મપદને પ્રાપ્ત થયેલા શ્રી અરિહંત અને સિદ્ધ ભગવાનને પણ પૂર્વે બહિરાત્મદશા હતી. તેઓ પોતાની સ્વાભાવિક શક્તિની પ્રતીતિ કરી જે સમયે સ્વભાવસન્મુખ થયા તે સમયે તેમનું બહિરાત્મપણું ટળી ગયું અને અંતરાત્મદશા પ્રગટ થઈ અને પછી ઉગ્ર પુરુષાર્થ કરી સ્વભાવમાં લીન થઈ પરમાત્મા થયા.

એ રીતે, અપેક્ષાએ દરેક જીવમાં ત્રણ પ્રકારો લાગુ પડે એમ સમજવું.

## વિશેષ

### બહિરાત્મા

બાહ્ય શરીરાદિ, વિભાવ ભાવ તથા અપૂર્ણ દશાદિમાં જે આત્મબુદ્ધિ કરે છે અર્થાત્ તેની સાથે એક્તાની બુદ્ધિ કરે છે તે બહિરાત્મા છે. તે આત્માનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી બહારમાં કાયા અને કષાયોમાં મારાપણું માને છે, તેને ભાવકર્મ અને દ્રવ્યકર્મ સાથે એક્તાબુદ્ધિ છે; તેનાથી જ પોતાને લાભ-હાનિ માને છે. તે મિથ્યાદષ્ટિ જીવ અનાદિકાલથી સંસારપરિભ્રમણનાં દુઃખોથી પિડાય છે.

### અંતરાત્મા

જેને શરીરાદિથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું ભાન છે તે અંતરાત્મા છે. તેને સ્વ-પરનું ભેદજ્ઞાન છે. તેને એવો વિવેક વર્તે છે કે હું 'હું જ્ઞાન-દર્શનરૂપ છું; એક શાશ્વત આત્મા જ મારોર છે, બાકીના સંયોગલક્ષણરૂપ અર્થાત્ વ્યવહારરૂપ જે ભાવો છે તે બધા મારાથી ભિન્ન છે-મારાથી બાહ્ય છે.' આવો સમ્યગ્દષ્ટિ આત્મા મોક્ષમાર્ગમાં સ્થિત છે.

### પરમાત્મા

જેણે અનંતજ્ઞાન-દર્શનાદિરૂપ ચૈતન્ય-શક્તિઓને પૂર્ણપણે વિકાસ કરી સર્વજ્ઞપદ પ્રાપ્ત

કર્યું છે તે પરમાત્મા છે.

ત્યાં બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા-પ્રત્યેકનું લક્ષણ કહે છે.

## શ્લોક-૪ ઉપર પ્રવચન

**'આત્માના વળી કેટલા ભેદ છે.'** હવે આત્મા બતાવવાનો છે ને? તો આત્માના ભેદ કેટલા? ક્યા પ્રકારના? **'જેથી વિવિક્ત આત્મા-એમ વિશેષ કહ્યું છે?'** શું કહ્યું? વિવિક્ત એમ કહ્યું ને? રાગથી, શરીરથી ને કર્મથી ભિન્ન એવા આત્માને હું કહીશ. ત્યારે એ આત્માના પ્રકાર કેટલા છે કે તમે વિવિક્ત આત્માને કહો છો? સમજાણું કાંઈ? **'આત્માના વળી કેટલા ભેદ છે. જેથી વિવિક્ત આત્મા-એમ વિશેષ કહ્યું છે?'** હું એક આત્માને કહીશ. કેવા આત્માને? વિવિક્ત. એટલે? કે પુણ્ય-પાપની ક્રિયાના રાગથી ભિન્ન અને દેહ અને શરીરથી ભિન્ન. કર્મથી ભિન્ન. શરીર-નોકર્મ અને કર્મથી ભિન્ન. નોકર્મ, કર્મ અને ભાવકર્મ. એ રાગ-દ્વેષ એટલે ભાવકર્મ. ત્રણેથી ભિન્ન છે એ આત્માને હું કહીશ. સમજાણું? ત્યારે કહે છે, એના ભેદ કેટલા છે કે તમે આમ કહ્યું છે?

**'અને એ આત્માના ભેદોમાં શા વડે કોનું ગ્રહણ અને કોનો ત્યાગ કરવા યોગ્ય છે?'** આહાહા..! **'એવી આશંકા કરી કહે છે-'** છે ને પાઠ? 'तत्र कुतः कस्योपादान' કોનું ગ્રહણ કરવું? અને કોનો ત્યાગ કરવો? 'इत्याशंक्याह' એવી જાણવાની ઇચ્છા છે. શંકા એટલે તમારું કહેવું ખોટું છે એમ નહિ, પણ મને સમજાવવા માટે આશંકા છે કે તમે વિવિક્ત આત્મા કોને કહો છો? અંતરાત્માના કેટલા પ્રકાર છે કે એમાં વિવિક્ત આત્માને તમે જણાવવા માગો છો?

ચોથી ગાથા. મોક્ષપાહુડમાં પણ નીચે છે.

***बहिरन्तः परश्चेति त्रिधात्मा सर्वदेहिषु।**
**उपेयात्तत्र परमं मध्योपायाद्बहिस्त्यजेत्।।४।।**

લ્યો! ત્રણે એવી ગયા ટૂંકામાં. એનો અન્વયાર્થ કરો પહેલો. અન્વયાર્થ લ્યોને.

**'અન્વયાર્થ :- સર્વ પ્રાણીઓમાં...'** જગતના જે અનંત જીવો છે; નિગોદના અનંત જીવો બટાટા, શક્કરકંદ, કંદમૂળ. આહાહા..! એક કણીમાં અસંખ્ય શરીર અને એ અસંખ્ય શરીરમાં એક એક શરીરમાં અનંત અનંત આત્મા. વીતરાગ માર્ગ સિવાય આવી વાત ક્યાંય

છે નહિ. સમજાણું કાંઈ? કંદમૂળની કટકી એક બટાટા, શક્કરકંદની રાઈ જેટલો ટૂકડો (લ્યો) તો એ ટૂકડામાં અસંખ્ય તો ઔદારિક શરીર છે અને એક શરીરમાં, અત્યાર સુધી જે સિદ્ધ થયા અનંતા એથી અનંતગુણા એક શરીરમાં જીવ છે. આહાહા..! આવું વસ્તુ અસ્તિ સ્વરૂપ છે, હોં! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથે જોયું અને આ વસ્તુસ્થિતિ છે.

એવા **'સર્વ પ્રાણીઓમાં...'** **'सर्वदेहिषु'** શબ્દ છે ને? **'બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા એમ ત્રણ પ્રકારે આત્મા છે.'** બધા આત્મામાં ત્રણ પ્રકારે છે. આહાહા..! બહિરાત્મા પણ ત્રણ પ્રકારે છે, અંતરાત્મા પણ ત્રણ પ્રકારે છે અને પરમાત્મા પણ ત્રણ પ્રકારે છે. આહાહા..! જેટલા જીવની રાશિ છે એ બધા અનંત બહિરાત્મા છે, અસંખ્ય અંતરાત્મા છે, અનંત પરમાત્મા છે. અને દરેક જીવને આ ત્રણે લાગુ પડે છે કહે છે. બહિરાત્માપણું, અંતરાત્માપણું અને પરમાત્માપણું. ઓહોહો..! આચાર્યની શૈલી! ગ્રંથ રચે છે.. ભિન્ન ભિન્ન હોય તેમ સ્પષ્ટ કર્યું છે.

**'સર્વ પ્રાણીઓમાં...'** સર્વ પ્રાણીઓમાં કોઈ પ્રાણી બાકી રહ્યું? નિગોદના જીવ, પ્રત્યેક વનસ્પતિ, ત્રસ, એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય. આવે છે કે નહિ? .. નથી આવતું? એકન્દ્રિયા, બેઇન્દ્રિયા, તેઇન્દ્રિયા, ચૌઇન્દ્રિયા, પંચેન્દ્રિયા.. એ તો ગડિયો હાંકે જાય. પણ શું છે? એય..! ભોગીભાઈ! તસ્સ મિચ્છામી દુક્કડમ. જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામી.. શું પણ જીવ ને કોને જીવ (કહેવો)? આહાહા..! સમજાણું કાંઈ? ઓલા તત્સુતરી બોલે જાય .. અપ્પાણં વોસરે. આત્માને વોસરાવું. પણ ક્યો આત્મા? કોને વોસરાવું? કોને રાખવું? કોને પ્રગટ કરવું?

મુમુક્ષુ :- એ વિષય ચાલતો જ નથી.

ઉત્તર :- એ ચાલતો નથી. એ વાત સાચી છે. આહાહા..! એ વિષય તત્ત્વનો વિષય, વાસ્તવિક સ્વરૂપ, જેમાંથી સત્ય પ્રાપ્ત થાય એ વાત જ બધી ઊંધે રસ્તે ચડી ગઈ છે. આહાહા..!

આચાર્ય મહારાજ કહે છે કે સર્વ આત્માઓમાં **'બહિરાત્મા,...'** મિથ્યાદૃષ્ટિપણું **'અંતરાત્મા...'** સાધકપણું, **'પરમાત્મા...'** પૂર્ણ દશા પ્રાપ્ત જીવ. દરેક આત્મામાં ત્રણે લાગુ પડે છે, કહે છે. **'એમ ત્રણ પ્રકારે આત્મા છે. તેમાં...'** **'मध्योपायात्'** મધ્ય કીધું ને? **'बहिः'** **'अन्त'** અંત મધ્ય. **'અંતરાત્માના ઉપાય દ્વારા...'** આહાહા..! પૂર્ણાનંદ સ્વરૂપ એની સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા દ્વારા **'પરમાત્માને અંગીકાર કરવો જોઈએ.'** આહાહા..! પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ ચૈતન્યનું અસ્તિત્વ છે એનો આશ્રય કરીને, એ ઉપાય દ્વારા **'પરમાત્માને અંગીકાર કરવો જોઈએ...'** પૂર્ણ પરમાત્મદશાને પ્રગટ કરવી જોઈએ. **'અને**

**બહિરાત્માને છોડવો જોઈએ.'** આહાહા..! જુઓ ભાષા!

અંતરાત્મા દ્વારા... અંતરાત્મા એટલે કે રાગ અને શરીરથી ભિન્ન પ્રભુ, એવી જે અંતર વસ્તુ છે એવા અંતરાત્માના અનુભવ દ્વારા. આહાહા..! સમજાણું કાંઈ? અંતરાત્મા. જે અંદરમાં સ્વભાવરૂપ વસ્તુ છે. એના ઉપાય દ્વારા. એમ કહ્યું ને? આહાહા..! જુઓને! ભિન્ન-ભિન્નમાં વસ્તુ ભિન્ન ભિન્ન... આહાહા..! અંતર. મધ્ય નામ અંતર. બહિરાત્મા, પરમાત્મા અને મધ્યમાં અંતરાત્મા. જે અંતર વસ્તુ છે શુદ્ધ ચૈતન્ય આનંદઘન, રાગ ને વિકલ્પ ને શરીર ને કર્મ વિનાની ચીજ, એને પકડતા, એના ઉપાય દ્વારા પરમાત્માને પ્રગટ કરવો અને બહિરાત્માને છોડવો. એ કઈ રીતે છે એ વિશેષ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૬, ગુરુવાર તા. ૧૯-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૪, પ્રવચન - ૯**

આ સમાધિતંત્ર ચોથી ગાથા. એની **'ટીકા :- બહિઃ એટલે બહિરાત્મા,...'** પહેલો શબ્દાર્થ કરીએ. **'અંતઃ એટલે અંતરાત્મા અને પરઃ એટલે પરમાત્મા-'** ત્રણ શબ્દ ટૂંકા હતા. બહિ, અંતઃ અને પર. બસ. **'એમ ત્રિધા એટલે ત્રણ પ્રકારે આત્મા છે. તે (પ્રકારો) શામાં છે? સર્વ દેહીઓમાં-સકલ પ્રાણીઓમાં.'** બધા જીવોમાં ત્રણ પ્રકારના આત્મા છે.

મુમુક્ષુ :- ત્રણે કાળે?

ઉત્તર :- ત્રણે કાળે. કઈ રીતે હવે ઈ વાત કરશે.

**'અભવ્યોમાં બહિરાત્માનો જ સંભવ હોવાથી...'** સમજાણું કાંઈ? **'અભવ્યોમાં બહિરાત્માનો જ સંભવ હોવાથી...'** શિષ્યનો પ્રશ્ન છે. તમે તો બધામાં ત્રણ આત્મા કહ્યા. અભવિમાં ત્રણ, પરમાત્મામાં પણ ત્રણ, અંતરાત્મા પણ ત્રણ. આહાહા..! **'સર્વ દેહીઓમાં ત્રણ પ્રકારનો આત્મા છે એમ કેવી રીતે હોઈ શકે?'** આ શિષ્યનો પ્રશ્ન છે.

**'એમ કહેવું પણ યોગ્ય નથી...'** તારી વાત એ વ્યાજબી નથી. **'કારણ કે ત્યાં પણ (અભવ્યમાં પણ) દ્રવ્યરૂપપણાથી ત્રણ પ્રકારના આત્માનો સદ્‌ભાવ ઘટે છે.'** દ્રવ્યરૂપપણાથી. એનું જે દ્રવ્ય છે ને અભવિનું, એ તો એકલું કેવળજ્ઞાનમય પરમાત્મસ્વરૂપ છે. સમજાણું કાંઈ? **'દ્રવ્યરૂપપણાથી ત્રણ પ્રકારના આત્માનો સદ્‌ભાવ ઘટે છે.'** જુઓ! આ ન્યાય આપ્યો. આ પ્રશ્ન (સંવત) ૧૯૮૫માં થયો હતો મોટો. કહ્યું ને ન્યાં, વઢવાણ. મોહનલાલજી હતા ને? લીંબડી સંઘાણાના. મોહનલાલ. એ કહે કે અભવિને ત્રણ જ આવરણ હોય-મતિ આવરણ, શ્રુત આવરણ અને અવધિ આવરણ. બસ. મનઃપર્યય અને કેવળજ્ઞાન ન હોય. કેમ કે એને પ્રગટ થતાં નથી માટે ન હોય. એ પ્રશ્ન થયો હતો ૮૫.

કીધું, વાત ખોટી છે. અભવિને પણ પાંચ આવરણ છે. મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યયજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ છે. કેવળજ્ઞાનાવરણ છે, કેવળજ્ઞાન છે તો કેવળજ્ઞાનવરણ છે. અંદર કેવળજ્ઞાન શક્તિ છે. અભવિને પણ શક્તિ છે. સમજાણું કાંઈ? એ વાત આણે લીધી છે. અહીંયાં સાંભળી હતીને બધી એણે. આ સમાધિતંત્ર અહીં સાંભળી ગયા છે, આ છોટાભાઈ. એમાંથી લખ્યું છે.

**'વળી ત્યાં પાંચ જ્ઞાનાવરણ (કર્મો)ની ઉપપત્તિ કેવી રીતે ઘટી શકે?**

કેવલજ્ઞાનાદિના પ્રગટ થવારૂપ સામગ્રી જ તેમને કદાપિ થવાની નથી...' અભવિને. સમજાણું? 'ત્યાં પાંચ જ્ઞાનાવરણ (કર્મો)ની ઉપપત્તિ કેવી રીતે ઘટી શકે? કેવલજ્ઞાનાદિના પ્રગટ થવારૂપ સામગ્રી જ તેમને કદાપિ થવાની નથી તેથી તેમનામાં અભવ્યપણું છે, પણ નહિ કે તદ્‌યોગ્ય દ્રવ્યના અભાવથી (અભવ્યપણું છે);...' શું કીધું ઈ સમજાણું? પાંચ આવરણની વસ્તુ છે. નહિતર પાંચ આવરણ સિદ્ધ થઈ શકશે નહિ. અંદર શક્તિ કેવળજ્ઞાનની, મનઃપર્યયની બધી છે. આહાહા..!

'**કેવલજ્ઞાનાદિના પ્રગટ થવારૂપ સામગ્રી જ તેમને કદાપિ થવાની નથી તેથી તેમનામાં અભવ્યપણું છે, પણ નહિ કે તદ્‌યોગ્ય દ્રવ્યના અભાવથી (અભવ્યપણું છે); અથવા ભવ્યરાશિની અપેક્ષાએ સર્વ દેહીઓનું ગ્રહણ સમજવું.**' તદ્‌યોગ્ય દ્રવ્યનો અભાવ એટલે અભવ્યપણું છે-એનો દ્રવ્યનો અભાવ થઈ અભવ્યપણું છે એમ નથી. દ્રવ્યપણું તો છે બરાબર. સમજાણું? '**અથવા ભવ્યરાશિની અપેક્ષાએ સર્વ દેહીઓનું ગ્રહણ સમજવું. આસન્ન ભવ્ય, દૂર ભવ્ય, દૂરતર ભવ્યમાં તથા અભવ્ય જેવો ભવ્યોમાં-સર્વેમાં ત્રણ પ્રકારનો આત્મા છે.**' અહીં તો કહે છે, ત્રણે પ્રકારનો બધામાં આત્મા છે. આહાહા..! પોતે દાખલો આપ્યો છે. તે દિ' કહ્યું હતું. 'સર્વ જીવ છે સિદ્ધસમ.' આવે છે ને દાખલો? બધા જીવો સિદ્ધ જેવા છે. અભવિ પણ સિદ્ધ જેવા છે. એ તો પ્રગટ કરવાની પર્યાયમાં લાયકાત નથી. સમજાણું? આહા..!

દ્રવ્યસ્વભાવ એનું સત્ત્વપણું તો કેવળજ્ઞાનમય છે. આહાહા..! એને કેવળજ્ઞાનાવરણીનું નિમિત્ત આવરણ કહેવામાં આવે છે. કેવળજ્ઞાનાવરણીય ન હોય તો તો કેવળજ્ઞાન ન હોય. કેવળજ્ઞાનાવરણીય છે તો એનો અર્થ શું થયો? કે શક્તિ સ્વભાવ કેવલ એકનું જ્ઞાન પૂર્ણ થવાને લાયક છે, એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? '**સર્વેમાં ત્રણ પ્રકારનો આત્મા છે.**'

હવે કહે છે, '**તો સર્વજ્ઞમાં પરમાત્માનો સદ્‌ભાવ હોવાથી અને (તેમાં) બહિરાત્માનો અને અંતરાત્માનો અસદ્‌ભાવ હોવાથી તેમાં (સિદ્ધમાં) ત્રણ પ્રકારના આત્માનો વિરોધ આવશે?**' એણે કાઢ્યું ત્યાં પાછું. અભવિમાં તો બતાવ્યું એ તો ત્રણ પ્રકારનું છે. એમાં કેવળજ્ઞાનાવરણીય પણ છે માટે કેવળજ્ઞાન છે. આહાહા..! આત્મા એટલે જ્ઞ સ્વભાવ. અને જ્ઞ સ્વભાવ એટલે જ પૂર્ણ સ્વભાવ. સમજાણું કાંઈ? આત્મા એટલે જ્ઞ સ્વભાવ, જ્ઞ સ્વભાવ એટલે સર્વજ્ઞ સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ એટલે પૂર્ણ સ્વભાવ. એને અહીંયાં આત્મા કહીએ. એને અંદર કેવળજ્ઞાનનું આવરણ છે તો અંદર કેવળજ્ઞાન છે. પરિપૂર્ણ સર્વજ્ઞ શક્તિ છે આખી. અભવિમાં પણ સર્વજ્ઞ શક્તિ છે. વાત બેસવી કઠણ માણસને. વસ્તુ છે ને.

પર્યાયમાં પ્રગટ થવાની લાયકાત ભલે ન હો પણ એ આત્મા છે ને. અભવિનો પણ આત્મા છે ને. આહાહા..! એ કેવળજ્ઞાનમય જ છે, પૂર્ણ જ્ઞાનમય જ છે. માટે એને પણ પરમાત્માપણું ઘટે છે. પરમાત્મા થવા લાયક પર્યાય ભલે ન હો, પણ પરમાત્મસ્વરૂપ તો છે. સમજાણું કાંઈ? આવો આત્માનો એને વિશ્વાસ આવવો..! અભવિને એનો વિશ્વાસ આવતો નથી. વસ્તુ છે. સમજાણું કાંઈ? ભવ્ય, દૂર ભવ્યને એનો વિશ્વાસ આવે છે. એથી અંતરાત્મા થઈ અને પરમાત્મા થઈ શકે છે. એમ કીધું છે ને? જુઓ!

'**उपेयात्तत्र**' અંતરાત્મા એ ઉપાય છે. બહિરાત્માને તજીને પરમાત્માને પ્રગટ કરવો. છે ને? '**मध्योपायाद्बहिस्त्यजेत्**' આહાહા..! '**उपेयात्तत्र परमं**' આહાહા..! પણ અંદર પરમ પરમાત્મા થવાની શક્તિ છે તો પર્યાયમાં પરમાત્મા થાય છે. આહાહા..! એ પરમાત્મ સ્વરૂપે અંતરાત્મા છે. એની અંતર દૃષ્ટિ અનુભવ કરતાં એ અંતરાત્મા થાય છે અને એ અંતરાત્મા દ્વારા, અંતરાત્મા મધ્ય છે, એ દ્વારા પરમાત્માને પ્રગટ કરવો અને બહિરાત્માને છોડવો. આ વાત કીધી છે ત્રણમાં. સમજાણું કાંઈ?

સર્વજ્ઞમાં ક્યાં આ લાગુ પડે? કહે છે. સર્વજ્ઞમાં ક્યાં છે બહિરાત્મા અને અંતરાત્મા? તમે અભવિમાં તો ઠરાવ્યું. સમજાણું કાંઈ? '**અંતરાત્માનો અસદ્‌ભાવ હોવાથી તેમાં (સિદ્ધમાં) ત્રણ પ્રકારના આત્માનો વિરોધ આવશે?**' '**એમ કહેવું પણ યોગ્ય નથી, કારણ કે ભૂતપૂર્વ પ્રજ્ઞાપન-નયની અપેક્ષાએ...**' '**જે ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ કહે તે જ્ઞાનને (અથવા વચનને) ભૂતનૈગમનય કહે છે...**' ગયા કાળની અપેક્ષાએ પરમાત્માને પણ, ભૂતનૈયગમની અપેક્ષાએ પરમાત્માને પણ વર્તમાનમાં બહિરાત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આનું શું કામ છે? આને આમ કહેવામાં આવે છે ને આને આમ કહેવામાં આવે છે...

ઉત્તર :- એનું કામ છે. વસ્તુનો સ્વભાવ પૂર્ણ હોવા છતાં એને અટકેલી... બહિર્‌ને પોતાનું માને છે એને અંતરનું પોતાનું પૂર્ણ સ્વરૂપ માનીને પૂર્ણ પ્રગટ કરવાની એની યોગ્યતા છે તો પ્રગટ કરે એ માટે એમ કહ્યું છે. સમજાણું કાંઈ? પાઠ જ એ છે ને, જુઓને* ગાથા ૪.

***बहिरन्तः परश्चेति त्रिधात्मा सर्वदेहिषु।**
**उपेयात्तत्र परमं मध्योपायाद्बहिस्त्यजेत्।।४।।**

એનો ઉપાય કરીને મધ્ય ઉપાય દ્વારા પરમ પ્રગટ કરવું. એકને છોડવું અને એકને ગ્રહવો. અંતરાત્મા દ્વારા. આહાહા..! અલૌકિક વાત છે. દિગંબર સંતોની વાતું. આહાહા..! સમજાણું

કાંઈ? એને પૂર્ણ પૂર્ણ સ્વરૂપ છે તેમ પ્રતીત કરાવે છે. અને પૂર્ણ સ્વરૂપ પ્રગટ ન કરે તો પણ એ પૂર્ણ સ્વરૂપે છે, પરમાત્મા સ્વરૂપ જ છે. આહાહા..! સમજાણું કાંઈ?

તેને પ્રગટ કરવા માટે ઉપાય પણ આ. અંતરાત્મા–મધ્ય અંતરાત્મા તે ઉપાય. કોઈ વ્યવહારની ક્રિયા ઉપાય (છે) એમ નથી કહ્યું ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? એમ બધા આત્માને એમ કહે છે. ભગવાન! તું ભલે વર્તમાન બહિરાત્મા હો, પણ તારો સ્વભાવ તો પરમાત્મા છે અને એ પરમાત્માને પ્રસિદ્ધ કરીને અનુભવવો એ અંતરાત્મા છે. એટલે કે અંતર જે સ્વભાવ હતો એને પૂર્ણ અનુભવ્યો. આહા..! અને એ અંતરાત્મા દ્વારા પરમાત્મા પણ પ્રગટ થાય છે. આ એનો સિદ્ધાંત છે.

અભવિને પણ પરમાત્મશક્તિ છે તો એને ત્રણ આત્મા કહ્યા. ભલે વર્તમાનમાં બહિરાત્મા છે, પર્યાયે. વસ્તુએ પરમાત્મા છે. અંતરાત્મા પણ પોતે છે. આહાહા..! એ પર્યાયમાં પ્રગટ કરવાની લાયકાત રાખતો નથી. એથી કાંઈ વસ્તુનું સ્વરૂપ ચાલ્યું જાય? એમ કહે છે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આ મોટી ચર્ચા થઈ હતી, ૮૫માં. મોહનલાલજીએ.. શું કહેવાય? મોહનમાળા. મોહનમાળા નામનો ગ્રંથ રચ્યો છે. ગ્રંથ છે. અહીં અમને મોકલ્યો હતો. ૮૦ની સાલમાં મોકલ્યો હતો ત્યાં. રાજકોટ ચોમાસું હતું ત્યારે બનાવ્યું હતું. અમને ત્યાં મોકલ્યું હતું ૮૦માં, રાજકોટ. એમાં આ લખેલું કે અભિવને ત્રણ આવરણ હોય. મતિ, શ્રુત અને અવધિ. એટલે એ વાંચેલું એટલે ત્યાં મળ્યા ૮૫માં વઢવાણમાં. અપાસરો સુંદર વોરાનો. મણિલાલજી ને બધા હતા.

મેં કીધું, આ ખોટી વાત છે તમારી. કહે, સાહેબ! અભવિને હોય એવું? સાંભળો! મણિલાલજી હતા ને મણિલાલજી, એ જરી એવા હતા. કાનજીસ્વામી કહે છે એ સાંભળો. સામું ન બોલો. એણે લખ્યું માટે સિદ્ધ કરો એમ નહિ. આ કહે તે સાંભળો. મણિલાલજી હતા ને? મણિલાલજીને એવું થઈ ગયું હતું. તમે કાનજીમુનિનું સાંભળો. એમ ન માનો કે એ નાના છે અને આ ૫૦ વર્ષની તમારી દીક્ષા છે. શું કહે છે એ? ઘડિયાળી! બોલતા હતા, નહિ? મોહનલાલજી ને, નહિ? સુંદર વોરાના અપાસરે. મણિલાલજી અને મોહનલાલજી હતા. કીધું, નહિ. આત્મા અભવિને પણ કેવળજ્ઞાન છે. માટે એને પાંચ આવરણ છે. એ આવરણને ટાળી શકતો નથી એથી કરીને કેવળજ્ઞાન સ્વભાવ છે–એકલો જ્ઞ સ્વભાવ છે, એકલો જ્ઞાન સ્વભાવ એનો કેમ નકાર કરાય? સમજાણું કાંઈ? એની ચોપડીમાં છાપી દીધું હતું. મોહનલાલજીએ. પછી વાત એમ થઈ મણિલાલજી કહે, વાત સાચી લાગે છે. વાત તો સાચી છે. ભગવાન સર્વજ્ઞ સ્વરૂપી છે આત્મા બધા.

સર્વજ્ઞ શક્તિ, શક્તિ એનું તત્ત્વ જ એ છે. એની હયાતી જ્ઞાન સ્વભાવે પરિપૂર્ણ એ જ એની હયાતી છે. પર્યાયમાં પ્રગટ થાય, ન થાય એનો પ્રશ્ન અહીં નથી. સમજાણું કાંઈ?

આહાહા..! એ અહીં વિશ્વાસ કરાવે છે એને. કોને? વર્તમાનમાં અસર્વજ્ઞતા હોવા છતાં અને તું રાગ અને અલ્પજ્ઞપણાને જ માનતો હોવા છતાં, અલ્પજ્ઞપણું અને રાગ તે હું એટલું માનવું એ તો બહિરાત્મા છે. કેમ કે એ જ્ઞાનની અવસ્થા બહિર્ પ્રગટેલી છે અંશ, એને માનવું કે હું છું આખો, એ બહિરાત્મા છે. આહાહા..! અને અંતરમાં સર્વજ્ઞ શક્તિ પડી છે આખી. એકલો જ્ઞાનસ્વભાવ છે એ પરિપૂર્ણ જ છે. વિપરીત નથી, અપૂર્ણ નથી. એવો જ એનો સ્વભાવ અનંત આત્માઓનો છે. ભલે અભવિ અનંત કાળે કોઈ દિ' મોક્ષ ન જાય પણ એનું પોતાનું સ્વરૂપ તો સર્વજ્ઞ પરમાત્મા જ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ત્યારે કહે કે સર્વજ્ઞને કઈ રીતે કહેશો હવે? તમે અહીં તો ઠરાવ્યું. **'એમ કહેવું પણ યોગ્ય નથી,** કારણ કે **ભૂતપૂર્વ...'**માં એમને બહિરાત્મપણું વર્તતું હતું. એને ભૂતનૈગમ નામ ગયા કાળની અપેક્ષાએ વર્તમાનમાં કહેવામાં આવે છે. એ જાતની શક્તિ વર્તમાન પ્રગટેલી છે અને પ્રગટી નહોતી ત્યારે એવી દશા હતી એનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? એ સર્વજ્ઞ પરમાત્મા અરિહંત થયા એ કાળે બહિરાત્મપણું ભલે નથી. પણ પૂર્વે હતું એ બધી પર્યાયનો આખો પિંડ થઈને આત્મા છે. સમજાણું કાંઈ? એથી એની સર્વજ્ઞ શક્તિ ભલે પ્રગટી ન હોય અભવિને અને આમને પ્રગટેલી છે, છતાં એને પૂર્વનું બહિરાત્મપણું ગયા કાળની નયની અપેક્ષાએ લાગુ પડે છે. એ દાખલો આપ્યો છે ને, જુઓને!

**'ઘૃતઘટવત્ તે વિરોધની અસિદ્ધિ છે...'** ઘીનો ઘડો. અત્યારે ભલે ઘી ન હોય પણ ઘીનો ઘડો એમ કહેવામાં આવેને ગયા કાળની અપેક્ષાએ? **'(તેમાં વિરોધ આવતો નથી). જે સર્વજ્ઞ અવસ્થામાં પરમાત્મા થયા,...'** આહાહા..! સર્વજ્ઞ અવસ્થામાં પરમાત્મા થયા એમ કીધું ને? અવસ્થામાં-દશામાં પરમાત્મા થયા. **'તે પૂર્વે બહિરાત્મા તથા અંતરાત્મા હતા.'** સમજાણું કાંઈ? આહાહા..! એ પણ પૂર્વે શક્તિ રૂપે પરમાત્મા હતા પણ પર્યાયમાં બહિરાત્મા હતા. આહાહા..! વર્તમાનમાં પરમાત્માદશા અવસ્થાએ છે. અને પૂર્વે બહિરાત્મદશા અવસ્થા હતી. એ ભૂતનૈયગમનયની અપેક્ષાએ વર્તમાનમાં બહિરાત્મા કહેવામાં આવે છે. આહાહા..! એની દૃષ્ટિ લંબાવીને ત્રણ કાળનું તત્ત્વ ભેગું કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને અંતરાત્મા પણ હતા પૂર્વે. આહાહા..! સાધક અવસ્થામાં અંતરાત્મા હતા. તો એ પર્યાય ગયા કાળની અવસ્થાને વર્તમાનવત્ કહેવાય.

રાજાનો કુંવર રાજ ભ્રષ્ટ કર્યો પણ ગયા કાળની અપેક્ષાએ એને રાજાનો કુંવર વર્તમાન કહેવાય. રાજકુમાર છે, રાજકુંવર છે એમ કહેવાય છે ને. એમ ભગવાન આત્મા પૂર્વે બહિરાત્મા હતો એને છોડી દઈ અંતરાત્માને પ્રગટ કરી (વર્તમાન પરમાત્મા થયા). પૂર્ણ સ્વરૂપ છું. આવી વાતને અંદરમાં એને ઉતારે તો... આહાહા..! કેવળજ્ઞાનનો ઉપાય હાથ આવી જાય. આહાહા..!

આચાર્યો દિગંબર સંતોની ગજબ વાતું બાપા! પરંપરા અનાદિનો સનાતન સર્વજ્ઞ જિનેશ્વરનો માર્ગ, આ માર્ગમાં હતા એ. સમજાણું કાંઈ? આહાહા..! પોપટભાઈ! એ માર્ગ આ બહારથી આવ્યો છે હાથ. હવે અંતર ઉતારવો એ વાત છે. પાછી વાત એમ કહીને? કે બહિરાત્મપણાના કાળમાં એનું અંતરાત્મપણું, પરમાત્મપણું પણ અંદર છે. આહાહા..! અંતરાત્માના કાળમાં પૂર્વના બહિરાત્માની અવસ્થાને પૂર્વ નયથી વર્તમાનમાં પણ કહેવામાં આવે. અને પરમાત્મ અવસ્થા અત્યારે નથી પણ શક્તિમાં છે તેથી ભવિષ્યનયે તે પ્રગટ થશે. અહીં તો એ લેવું છે ને? આહાહા..!

મુમુક્ષુ :- ભાવિ પ્રજ્ઞાપનની અપેક્ષાએ?

ઉત્તર :- હા, ભાવિનયની અપેક્ષાએ. ઓલું ભૂત હતું. અરે..! એને વિશ્વાસ કેમ આવે? સમજાણું કાંઈ?

હું પોતે પરમાત્મા થવાને લાયક છું એમ નહિ. હું પરમાત્મા વર્તમાનમાં ભાવિનયની અપેક્ષાએ છું. આહાહા..! શ્રીમદ્દે કહ્યું છે ને કે કેવળજ્ઞાન શ્રદ્ધાપણે પ્રગટ થયું છે. ઈચ્છાનયે વર્તમાન વર્તે છે. આહાહા..! અમુક નયની અપેક્ષાએ એમ કીધું છે નિશ્ચયનયે-વર્તમાનમાં મુખ્યનયે છે. આહાહા..! બાપુ! એના ચૈતન્યની સત્તાનું સત્ત્વ, ક્ષેત્ર શરીર પ્રમાણે હોવા છતાં, લીંડીપીપરનો કદ નાનો હોવા છતાં અને બહારમાં કાળી રંગે હોવા છતાં એની શક્તિ છે એ તો રૂપિયે રૂપિયો એ તો અનંત રજકણના સ્કંધ છે. સ્કંધ છે. એની પણ શક્તિ એને અંદરમાં ચોસઠ પહોરી ભરેલી છે. આહાહા..! ચોસઠ પોરો એટલે? રૂપિયો પૂર્ણ. ભરેલી છે. તો એ વર્તમાનમાં કાળી અને અલ્પ તીખાશ હોવા છતાં ભાવિનયની અપેક્ષાએ વર્તમાનમાં ચોસઠ પહોરી છે એમ પણ કહેવાય. અને ચોસઠ પહોરી જેને પ્રગટ થઈ ગઈ છે લીંડીપીપરમાંથી, એને વર્તમાનમાં પણ અલ્પપહોરી છે એ પણ ભૂતનયની અપેક્ષાએ કહેવામાં આવે. આહાહા..! અહીં તો એને ભરોસે ચડાવે છે. મૂળ ચીજ છે આ.

'**સર્વજ્ઞ અવસ્થામાં પરમાત્મા થયા, તે પૂર્વે બહિરાત્મા તથા અંતરાત્મા હતા.**' આહાહા..! કોણ વિચાર કરે? '**ઘૃતઘટની જેમ ભૂત-ભાવિ પ્રજ્ઞાપન-નયની અપેક્ષાએ...**' દેખો! નીચે છે ને? '**ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ કહે...**' આજ ભગવાન મોક્ષ પધાર્યા એમ કહે કે નહિ? દિવાળીના દિવસે. આ ૨૫૦૦ વર્ષ થયા ભગવાનને. દિવાળીના દિવસે. કેટલો હિન્દુસ્તાનમાં.. ઓહોહો..! મહોત્સવ... મહોત્સવ... મહોત્સવ. એ જાતનો શુભભાવ હોય. બાકીની ક્રિયા તો બહારની થવાની હોય તો થાય. પણ ભગવાન અત્યારે જાણે છે એમ લક્ષમાં રાખીને એ બધું થવું જોઈએ. સમજાણું કાંઈ? ભગવાન જુઓને! પદ્મનંદી આચાર્ય સ્તુતિ કરે છે ત્યારે સમવસરણમાં ભગવાન બિરાજે છે, મોક્ષ પધાર્યા છે મહાવીર ભગવાન

પણ આ સમવસરણમાં આ બેઠા-બિરાજ્યા, એની સ્તુતિ કરે છે. આહાહા..! ભૂતકાળના નયને વર્તમાનમાં લગાડી દે છે. સમજાણું? આ ભગવાન. સમવસરણમાં ભગવાન બિરાજે. આ ભગવાનને ચોસઠ ઈન્દ્ર આમ કરે છે... આમ કરે છે. એ તો સમવસરણ હતું ત્યારે હતું. અત્યારે સિદ્ધમાં ક્યાં છે ઈ? ચોવીસ તીર્થંકરો સિદ્ધ થઈ ગયા છે. પણ ગયા કાળની નય વર્તમાનમાં લઈને આ ભગવાન સમવસરણમાં બિરાજે છે એની એણે પ્રત્યક્ષવત્ સ્તુતિ કરી. સિદ્ધ થાય ત્યારે પરોક્ષ સ્તુતિ થાય છે. પંડિતજી! સિદ્ધની પરોક્ષ સ્તુતિ છે અને સમવસરણમાં સાક્ષાત્ બિરાજતા હોય ત્યારે તેની પ્રત્યક્ષ સ્તુતિ છે. તો અહીંયાં મહાવીર અત્યારે નથી તો પણ પ્રત્યક્ષ સ્તુતિ છે એમ કહે છે ઈ. સમજાણું કાંઈ? આહાહા..! એ તો જ્ઞાનનો ભંડાર છે ભગવાન તો. એને જ્ઞાનના બધા પડખાથી એણે જાણી લેવું જોઈએ. એક જ વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**ઘૃતઘટની જેમ ભૂત-ભાવિ...**’ બેય લીધું ને જુઓને! ઓલામાં હતુંને ભૂત અને પૂર્વ. પહેલામાં આવ્યું.

મુમુક્ષુ :- ભૂતપૂર્વ પ્રજ્ઞાપન નય.

ઉત્તર :- હા. ભૂત નામ ગયો (કાળ)-પૂર્વ.

‘**પ્રજ્ઞાપન-નયની અપેક્ષાએ...**’ ઘૃતઘટની જેમ. એમ અહીંયાં ‘**ઘૃતઘટની જેમ ભૂત-ભાવિ પ્રજ્ઞાપન-નયની અપેક્ષાએ અંતરાત્માને પણ...**’ આહાહા..! જે ઘીનો ઘડો થયો નથી પણ થવાનો છે એને પણ ઘીનો ઘડો કહેવાય. અને ઘી નીકળી ગયું અને ઘી વિનાનો ઘડો રહ્યો એને પણ ઘીનો ઘડો કહેવાય. સમજાણું કાંઈ? રાજાનો કુંવર ગાદીએ બેઠો નથી તો પણ રાજકુમાર કહેવાય અને એ કુંવર ત્યાંથી ભ્રષ્ટ થઈ જાય તોપણ એને રાજકુમાર કહેવાય. એમ ભગવાન આત્મામાં સર્વજ્ઞપર્યાય પ્રગટ થઈ તે કાળે પણ પૂર્વનયની અપેક્ષાએ એને બહિરાત્મા અને અંતરાત્મા કહી શકાય છે. આહાહા..! ‘**ઘૃતઘટની જેમ ભૂત-ભાવિ પ્રજ્ઞાપન-નયની અપેક્ષાએ...**’ ઓલા પરમાત્માને કહ્યું હતું. આ ‘**અંતરાત્માને પણ બહિરાત્મપણું અને પરમાત્મપણું સમજવું.**’ લ્યો! ઘૃતઘટની જેમ અંતરાત્માને પણ બહિરાત્મપણું ભૂતકાળે હતું તેને, ભવિષ્યમાં થશે તેને. ભૂત-ભવિષ્યમાં ઘટની જેમ. વર્તમાનમાં પોતે અંતરાત્મા હોવા છતાં. સમજાણું કાંઈ? (પહેલી) પરમાત્માની વાત કરી. આ અંતરાત્માની. પૂર્વનું બહિરાત્મપણું અત્યારે કહી શકાય, ભવિષ્યમાં પરમાત્મા થાય એ પણ કહી શકાય. આહાહા..! સમજાણું કાંઈ?

આવા આત્માની અંદર વસ્તુની સ્થિતિની પ્રતીત વિના બધા જે ક્રિયાકાંડ કરે એને સમ્યગ્દર્શન વિના થોથા છે. આહાહા..! આવા ભરોસે જેણે ચડાવ્યો નથી ભગવાનને. ભલે કહે છે કે

વર્તમાનમાં અંતરાત્માપણું હોય... આહાહા..! છતાં ગયા કાળમાં બહિરાત્મપણાનો વર્તમાનમાં આરોપ કરીને.. આહાહા..! એનું અસ્તિત્વ હતું એમ વર્તમાનમાં અસ્તિત્વ ઠરાવે છે. બહિરાત્મનું અસ્તિત્વ હતું પર્યાયમાં એને વર્તમાનમાં ભૂતનયે અસ્તિત્વ ઠરાવે. આહાહા..! અંતરાત્મા અલ્પ કાળમાં પરમાત્મા થવાના જ છે. એને ભાવિનયને વર્તમાનમાં કરીને અંતરાત્માને પણ પરમાત્મા કહેવાય છે. આહાહા..! બહુ વાત...

મુમુક્ષુ :- ધર્મમાં આનું શું કામ છે? આમ કહેવાય ને આમ કહેવાય.

ઉત્તર :- ધર્મ કરવો હોય તો એને આવું કામ હોય. ધર્મ એક નિર્મળ દશા છે. તો એ નિર્મળ દશા પ્રગટી નથી તે પહેલાં એ નિર્મળપણું અંદર હતું કે નહિ? સમજાણું કાંઈ? ધર્મ એક નિર્મળ દશા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા તે ધર્મ છે. હવે એ ધર્મ કરનારને એ દશા પ્રગટી ત્યારે એના ખ્યાલમાં આવ્યું કે આ ધર્મદશાની શક્તિ મારામાં હતી એ પ્રગટી છે. સમજાણું કાંઈ? અને આ ધર્મદશા પ્રગટી છે એ અપૂર્ણ છે. પર્યાયમાં અપૂર્ણ છે. અને પૂર્ણ થવાની જ છે. એને વર્તમાનમાં કહી દે કે આ પરમાત્મા છે. સમજાણું કાંઈ? એને ભરોસે આવી ગઈ વાત કે અંતરાત્મા થયો એ અલ્પ કાળમાં હું પરમાત્મા થવાનો છું, વર્તમાનમાં પરમાત્મા છું એમ ભાવિનયની અપેક્ષાએ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ભાઈ જ્ઞાનના .. છે બધા. એને સમજણમાં બધા લેવા પડે. આ બહારની પ્રવૃત્તિ ક્રિયાકાંડ આડે આખું ચૈતન્યતત્ત્વ જે રાગની ક્રિયા વિનાનું એક કોર પડ્યું રહ્યું અને બધી વાત બહારની માંડી ધમાલની. સમજાણું કાંઈ?

'**એ ત્રણેમાંથી કોનું શા માટે ગ્રહણ કરવું કે કોનો ત્યાગ કરવો...**' પાઠમાં છેને એ લે છે. '**ગ્રહણ કરવું એટલે તેમાં તે ત્રણ પ્રકારના આત્માઓને વિષે પરમાત્માનો સ્વીકાર (ગ્રહણ) કરવો.**' પાઠ છેને મૂળમાં એનું (કહે છે). '**उपेयात्तत्र परमं**' ઉપાય પરમનો અંતર (આત્મ), મધ્ય ઉપાય આત્મા, પરમને પ્રગટ કરવાનો મધ્ય ઉપાય આત્મા. અને ત્યજવાનો બહિરાત્મા. આહાહા..! '**ગ્રહણ કરવું એટલે તેમાં તે ત્રણ પ્રકારના આત્માઓને વિષે પરમાત્માનો સ્વીકાર (ગ્રહણ) કરવો. કેવી રીતે? મધ્ય ઉપાયથી**' પાછું એમ. પરમાત્મા પ્રગટેલો નથી અત્યારે પણ પરમાત્માનો સ્વીકાર (કરવો કે) પરમ સ્વરૂપ શુદ્ધ જ્ઞાનઘન, જ્ઞાયકભાવ પરિપૂર્ણ સ્વરૂપ એને મધ્ય ઉપાયથી '**અંતરાત્મા તે જ ઉપાય છે તે દ્વારા...**' આહાહા..! અંતરમાં વસ્તુ જે છે, અંતર સ્વરૂપ જે છે એ તો પરમાત્મસ્વરૂપ છે. એને દૃષ્ટિ દ્વારા સ્વીકાર કરવો એ અંતરાત્મા છે. આહાહા..! સમયસારની શૈલીથી આ બીજી શૈલી લાગે એટલે જાણે કે નવી છે, એમ નથી. વસ્તુની સ્થિતિ આ છે. સમજાણું કાંઈ?

'**અંતરાત્મા તે જ ઉપાય છે...**' ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપ જ છું. એવો દૃષ્ટિએ

અને જ્ઞાને સ્વીકાર કર્યો ત્યારે તે અંતરાત્મા થયો. અને તે અંતરાત્મા દ્વારા.. આહાહા..! '**(પરમાત્માનું ગ્રહણ કરવું)**...' અંતરાત્મા દ્વારા પરમાત્મા થવું. સમજાણું કાંઈ? '**(પરમાત્માનું ગ્રહણ કરવું)**...' ઓહોહો..! પૂર્ણ સ્વરૂપને અનુભવમાં લઈને એ ઉપાય દ્વારા, હું પૂર્ણ સ્વરૂપ છું એના ઉપાય દ્વારા પ્રગટ કરવાની શક્તિનું કારણ અંતરાત્મા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણું એ અંતરાત્મા. પર્યાયમાં. એ પર્યાય દ્વારા કેવળજ્ઞાન પમાય છે. આહાહા..!

કહ્યું હતું ને પહેલું? પરમ કૈવલ્ય એમ શબ્દ છે ને? કૈવલ્ય નામ કેવળજ્ઞાન અથવા અતીન્દ્રિય સુખ, એનો જે અભિલાષી છે એને માટે આ કહેવામાં આવે છે. એમ કહ્યું. પહેલી ગાથામાં હતું ને? કૈવલ્ય. આહાહા..! આત્માની પૂર્ણ દશા કૈવલ્ય. અને તેનો અતીન્દ્રિય આનંદ સ્વભાવ, એ જેને પ્રગટ કરવાની સ્પૃહા છે, એ અતીન્દ્રિય આનંદ અને કેવળજ્ઞાન પ્રગટ કરવાની જેની સ્પૃહા છે. આહાહા..! એ શ્રોતા આવા હોય. એને હું આ વાત કહીશ. આહાહા..! સમજાણું કાંઈ?

પાંચ ઇન્દ્રિયના વિષયો, બહાર પડવાની અભિલાષા એ પાંચેય—શબ્દ, રૂપ, રસ, સ્પર્શ, ગંધ વિષયો.. આહાહા..! એની જેને અભિલાષા છૂટી ગઈ છે અને અતીન્દ્રિય આનંદની કૈવલ્યની જેને અભિલાષા છે. એને માટે મારું આ સમાધિતંત્ર છે, (એમ) કહે છે. સમજાણું કાંઈ? ભલે એ મિથ્યાદૃષ્ટિ હો, શ્રદ્ધામાં હજી... પણ એની જિજ્ઞાસામાં અતીન્દ્રિય આનંદની વૃત્તિનો ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ! એ કરતાં પૃથ્વીકાયની દયા પાળવી... એય..! ભોગીભાઈ! આ મળ્યું હતું કે નહિ તમને ત્યાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ આ. પરજીવની દયા. અને એમાં પાછું કહે કે પરજીવની દયામાં સ્વજીવની દયા રહી છે. વળી એમ કહે. એ તો વ્યવહારની અપેક્ષાએ વાત છે. પરજીવની દયાનો વિકલ્પ છે એ તો હિંસા છે. આહાહા..!

મુમુક્ષુ :- એ તો પોતાની .. બીજા તો જીવે છે ને.

ઉત્તર :- ધૂળેય જીવતો નથી. એ તો એનું આયુષ્ય હોય તો જીવે. એણે જીવાડવાનો ભાવ કર્યો માટે ત્યાં જીવે છે એમ નથી. એના આયુષ્યની સ્થિતિ જ એને કારણે શરીર ને આત્માને રહેવાનું હતું તો એ રહ્યા છે. પરની દયા પાળવાનો ભાવ કર્યો માટે ત્યાં જીવ્યા છે (એમ નથી). આહાહા..! પણ આ પૂર્ણ જીવન જે ચૈતન્યનું છે, પરમાત્મસ્વરૂપનું જેનું ટકવું જીવન છે જીવનું, એને જેણે માન્યું નથી અને અલ્પજ્ઞ અને રાગને જ પોતાનો સ્વભાવ માને છે, એણે આત્માનું આખું જીવન છે એનો નકાર કર્યો. એનું નામ હિંસા છે. આહાહા.. જીવનો અભાવ કર્યો ને? પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હિંસા પણ આ કારણે. એમ. પોતાનું મહા સ્વરૂપ છે. પણ ચૈતન્ય સર્વજ્ઞ શક્તિવાળું તત્ત્વ છે. સર્વજ્ઞ જ્ઞ સ્વભાવી એકલો જ્ઞ સ્વભાવ જ. તો 'જ્ઞ' સ્વભાવનો અર્થ કે એ પૂર્ણ જ્ઞ સ્વભાવ (છે). એવું તત્ત્વ છે. એવા તત્ત્વનો અનાદર કરી અને અલ્પજ્ઞ અને રાગને પોતાનો સ્વીકાર કરીને આદર કર્યો એણે જ ખરું તત્ત્વ છે આખું જેવું એનો એણે જીવનનો નાશ કર્યો કે આ હું નહિ, આ નહિ. આહાહા..! ચંદુભાઈ! આવી વાત છે. આહાહા..! અને જેને ભગવાન પૂર્ણાનંદનો નાથ જેની પર્યાયમાં સ્વીકાર, સત્કાર, આદર, ઉપાદેયપણું આવ્યું એણે જીવને જેવો છે તેવો રાખ્યો.

મુમુક્ષુ :- જીવતો રાખ્યો.

ઉત્તર :- જીવતો રાખ્યો. આહાહા..! સમજાણું કાંઈ? આવું સ્વરૂપ છે. લોકોને ભારે આકરું પડે હોં! વ્યવહારના રસિયા હોય ને. એને (એમ થાય) પણ આ શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... પરમાત્મા પોતે જ વ્યવહાર છે. પર્યાય એટલે વ્યવહાર છે, દ્રવ્ય એટલે નિશ્ચય છે. આહાહા..!

**'(પરમાત્માનું ગ્રહણ કરવું) તથા મધ્ય (અંતરાત્મારૂપ) ઉપાયથી...'** એટલે કે અંતરાત્મા તે જ ઉપાય છે. આહાહા..! પર્યાયમાં સમ્યગ્દર્શનજ્ઞાન થયું એ અંતરાત્માપણું. વસ્તુ તો પરમાત્મા છે અંદર પણ એનો સ્વીકાર થયો ત્યારે એ અંતરાત્મા થયો, પર્યાયમાં. વસ્તુમાં પરમાત્મા છે. અને એ દ્વારા એણે પરમાત્મપદને પ્રાપ્ત કર્યું. આહાહા..! આ વચ્ચે વ્યવહારથી થાય અને ઢીકણું થાય એ બધું ઉડાડી દીધું અહીં.

મુમુક્ષુ :- એ તો સોનગઢથી છપાયેલું હોય..

ઉત્તર :- સોનગઢથી છપાયેલું આ દ્રવ્યસંગ્રહ-આ બધામાં નથી? સમયસારમાં. છપાયેલું ગમે તેનું હોય. શબ્દો કોના છે? આહાહા..!

**'મધ્ય ઉપાયથી જ...'** અંતરાત્મા વડે પરમાત્માને સાધવો. આહાહા..! અને **'બહિરાત્માનો ત્યાગ કરવો.'** એ રાગ અને વ્યવહાર રત્નત્રયના વિકલ્પો અને અલ્પજ્ઞ એ હું એવી જે માન્યતા હતી એ છૂટી ગઈ. આહાહા..! અને સર્વજ્ઞ અને પરિપૂર્ણ વિકાર વિનાનો અને પૂર્ણ સ્વભાવવાળો, એના સ્વીકારની અનુભવ દૃષ્ટિ દ્વારા એણે અંતરાત્મા એટલે મધ્ય આત્મા એ દ્વારા પરમાત્માનું સાધન કરવું. પરમાત્માને પ્રગટ કરવો. આ વાત છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ! સોનગઢને પાદર અહીં પાડા બેસતા ત્યાં આ વાત આવી. આ જમીનમાં ... અહીં ખેતર હતુંને, આ ખેતર હતું. ક્યાં એ ચીજને જે ક્ષેત્રે અને જે કાળે... આહાહા..!

'**ભાવાર્થ :- સર્વ જીવોમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા-એમ ત્રણ પ્રકારની અવસ્થાઓ હોય છે.**' ત્રણ અવસ્થાની વાત છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની અવસ્થાના ત્રણ પ્રકાર છે.

'**તેમાં બહિરાત્માવસ્થા છોડવા યોગ્ય છે;...**' રાગ અને અલ્પજ્ઞપણું તેટલો હું એ દૃષ્ટિ છોડવા જેવી છે. આહાહા..! પર્યાયબુદ્ધિ છોડવા જેવી છે એનો અર્થ આ. એક અંશપણે જે પ્રગટ ક્ષયોપશમનો અંશ છે ત્યાં એની જે રુચિ જામી છે એ બહિરાત્મા (છે). એ પ્રગટ અંશ જેટલો છું (એમ માન્યું) તો આખો અંતર સ્વભાવ છે એને એણે છોડી દીધો. આ વસ્તુ..! આહાહા..! '**તેમાં બહિરાત્માવસ્થા છોડવા યોગ્ય છે; અંતરાત્માવસ્થા, પરમાત્પદની પ્રાપ્તિનું સાધન છે,...**' સાદી ભાષામાં પાછું કર્યું. પૂર્ણ સિદ્ધપદ અને કેવળજ્ઞાનની પદવી-દશા, એને પ્રાપ્તિનું સાધન-પૂર્ણાનંદ સ્વરૂપ છું, પર્યાયમાં પૂર્ણ ભલે પ્રગટ્યું નથી પણ પર્યાયે સ્વીકાર પૂર્ણતાનો કર્યો. આહાહા..! અલ્પજ્ઞ પર્યાયે પૂર્ણતાનો સ્વીકાર કર્યો એટલે પર્યાય ઢળી આ બાજુ. આહાહા..! નહિતર તો એ પર્યાય પણ વ્યવહાર છે. પણ એ વ્યવહાર ઢળ્યો દ્રવ્ય તરફ. આહાહા..! સમજાણું કાંઈ?

'**અંતરાત્માવસ્થા, પરમાત્મપદની પ્રાપ્તિનું સાધન છે, માટે તે પ્રગટ કરવા યોગ્ય છે...**' એમ. પરમાત્મપદ. '**અને પરમાત્માવસ્થા જે આત્માની સ્વાભાવિક પરમ વીતરાગી અવસ્થા છે તે સાધ્ય છે માટે તે પરમ ઉપાદેય (પ્રગટ કરવા યોગ્ય) છે.**' સ્વીકારવા લાયક છે, ગ્રહણ કરવા લાયક છે. આહાહા..!

મુમુક્ષુ :- સાત તત્ત્વ તો સમયસાર ..

ઉત્તર :- હા, એનાથી આ બધું છે. સમયસારથી વારંવાર વાંચેલું એટલે એને .. વસ્તુની સ્થિતિ આ છે. ટૂંકી કહી છે આ તો. આ પણ સમયસાર છે. અને આ પણ ભગવાન પાસે ગયા હતા. હા. પૂજ્યપાદ સ્વામી પરમાત્મા પાસે ગયા હતા. ત્યાંથી આવીને લખ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- ઉમાસ્વામી પણ ગયા હતા એવો...

ઉત્તર :- હા. એ પણ આવે છે. આ તો ગયા હતા, ખાસ આવે છે. આહાહા..!

'**માટે તે પરમ ઉપાદેય (પ્રગટ કરવા યોગ્ય) છે.**' એમ કે આ કરતા સમયસાર સહેલું (છે), એમ નથી. સમયસારની રીતમાં એ છે. સમજાણું કાંઈ? પરસમય ને સ્વસમય કીધું લ્યો. બીજી જ ગાથામાં. '**जीवो चरित्तदंसणणाणठिदो**' ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપે બિરાજમાન એ પોતે પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આવ્યો. એમ કહ્યું ત્યાં. આ આત્મા

આમ ઠર્યો એમ કીધું. પર્યાય ત્યાં ઠરી એમ નહિ. એ અવસ્થાથી બતાવ્યું છે. ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ સ્વરૂપ એ પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વસમય છે એમાં છે. જુઓ! એ શું કીધું? પરમાત્મસ્વરૂપને સ્વીકારીને જે દશા પ્રગટી તે અંતરાત્મા છે. અને '**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं**' લ્યો, ત્યાં બહિરાત્મા થયો. સ્વસમયમાં અંતરાત્મા, એના સાધ્યમાં-ધ્યેયમાં પરમાત્મા અને છોડવા લાયકની ચીજમાં બહિરાત્મા. આવી ગયું?

મુમુક્ષુ :- એવો આપે કોઈ વાર અર્થ નથી કર્યો.

ઉત્તર :- એવો ન પણ કર્યો હોય. અત્યારે કરીએ છીએ. આની સાથે મેળવવું છે ને. એનો અર્થ જ એ થયો. આહાહા..!

જે કોઈ રાગના વિકલ્પમાં ઠરશે, રહેશે એ પુદ્‌ગલ કર્મમાં રહ્યો છે, એ જીવમાં નથી આવ્યો. આહાહા..! એને બહિરાત્મા કહ્યો. અને જે કોઈ પ્રભુ આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આવશે, ઠરશે. પર્યાય ઠરશે એમ નહિ, એ તો બધું એકનું એક જ છે. પર્યાય અહીં વળી એટલે જ આત્મા હવે એમાં આવ્યો. આહાહા..! સમજાણું કાંઈ? આ બીજી ગાથાથી શરૂઆત થઈ. આહાહા..!

અરે..! ધર્મ વસ્તુ કેવી કે જે અનાદિ કાળના દુઃખનો અંત (લાવે) અને આનંદની શરૂઆત (થાય). ક્યાં સુધી? અનંત કાળ આનંદ.. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્ય સ્વરૂપ આનંદ. કીધું હતું ને ત્રણ? ત્રણ ભાઈઓ છે ને એ? મોટો ચેતન છે, ઓલો સ્વરૂપ છે અને ત્રીજો આવવાનો છે, આનંદ. શશીભાઈ ખારાના ત્રણ (દીકરાઓ) છે. આહાહા..! નાનો છોકરો છે ને ... ખારાનો દીકરો હતો. ગમે ત્યાં જન્મનું, પૂર્વભવનું કાંઈક છે ખરું. આમ દિશાએ ગયા હતા ત્યારે એક લાકડી હતી મોટી, ખડ.. ખડ. આમ કર્યું. નહિ? હતો કે નહિ તું? ભાઈ પણ સાથે હતા, નહિ? કીધું, આને કાંઈક સંસ્કાર છે પૂર્વના કોઈ .. કે ગમે તેના. .. આમ કર્યું. મોટું ખડ હતું ને .. શું કહેવાય એ? આ નહોતું? એને નામ આપે છે. લાંબા પાતળા. પાની-પાની? પાની કહે છે? એ .. પડ્યું હતું મોટુ. લઈને આમ (કર્યું). શું આ? આટલી ઉંમરે? એવું ઘણીવાર કર્યું હતું, નહિ? એ કાંઈક પૂર્વનું છે. આહાહા..!

અહીં તો કહે છે કે ટાંક પર્યાયને દ્રવ્ય ઉપર. માર. આહાહા..! જેનાથી બહિરાત્મપણું નાશ થાય અને અંતરાત્માપણું પ્રગટ થાય. એ અંતરાત્મા દ્વારા કેવળજ્ઞાનનું સાધન થાય. આહાહા..! આ વાત છે. શબ્દકોષમાં ભાઈ જરી આવ્યું છે. રાતે કાલે વાંચતો હતો. આવું ન નાખવું જોઈએ. એમ કે આ બધું વર્તમાન જે કહે છે એ વાત ઇન્દ્રિય પ્રત્યક્ષ થઈ ગયેલી છે. માટે એનો વિશ્વાસ કેમ છોડવો? શાસ્ત્રમાં લખ્યું છેને, એવું લખ્યું છે. એવું એણે ન

લખવું જોઈએ. શાસ્ત્રમાં જે આ દ્વીપ ને સમુદ્ર બધા કહ્યા છે ને ફલાણું કહ્યું છે. એ પૃથ્વીના કહ્યા છે પણ એ આકાશના કોઈ આકાર લાગે છે. આ લોકો ... વાતું કરે છે. અરે..! એ સાધારણ માણસ કરે છે અને ભગવાન મુનિઓ કહે છે એને મેળવતા ન આવડે એથી કરીને.. એવું ભાઈ લખ્યું છે બધું. બહુ આકરું. હુકમચંદે વખાણ કેમ કર્યા? આહાહા..! સંતો કુંદકુંદાચાર્ય, પૂજ્યપાદસ્વામી... સાક્ષાત્ ભગવાન બિરાજે છે. મહાવિદેહ ક્યાં છે અત્યારે ભૂગોળની અપેક્ષાએ? લ્યો!

મુમુક્ષુ :- એને જાણવા માટે છે.

ઉત્તર :- જાણવા માટે છે તો મહાવિદેહમાં કુંદકુંદાચાર્ય ગયા હતા.

મુમુક્ષુ :- અહીં જ્યારે સૂર્ય આથમે ત્યારે ત્યાં ઉગે છે. અત્યારે અમેરિકામાં...

ઉત્તર :- બધા ગપેગપ. સમજાણું કાંઈ?

**'પરમાત્માવસ્થા જે આત્માની સ્વાભાવિક પરમ વીતરાગી અવસ્થા છે તે સાધ્ય છે માટે તે પરમ ઉપાદેય (પ્રગટ કરવા યોગ્ય) છે.'** ગ્રહણ કરવા લાયક કીધું ને?

**'પ્રશ્ન :- સર્વ પ્રાણીઓમાં આત્માની ત્રણ અવસ્થાઓ છે એમ શ્લોકમાં કહ્યું છે પણ અભવ્યને તો એક બહિરાત્માવસ્થા જ સંભવિત છે, તો સર્વ પ્રાણીઓને આત્માની ત્રણ અવસ્થાઓ કેમ બની શકે?'**

**'ઉત્તર :- જે જીવ અજ્ઞાની બહિરાત્મા છે તેમાં પણ અંતરાત્મા અને પરમાત્મા થવાની શક્તિ છે.'** આહાહા..! એને અંતરમાં પૂર્ણાનંદનો નાથ (છે) એનો વિશ્વાસ કરાવે છે. આહાહા..! ભાઈ! તું એમ ન માન. બહિરાત્મ અવસ્થાવાળાને એટલી અવસ્થાવાળો જ છે એમ ન માન. આહાહા..! સર્વ જીવ છે જ્ઞાનમય.. નથી આવતું ઓલામાં? યોગસારમાં. 'જાણે સમતા ધાર.' યોગસારમાં આવે છે. એ જ્ઞાનમય છે. એ વર્તમાન બહિરાત્મા હોવા છતાં એની શક્તિ અંતરાત્મા અને પરમાત્માની છે. આહાહા..! થવાની (શક્તિ) છે.

**'ભવ્ય અને અભવ્ય જીવોમાં પણ કેવલજ્ઞાનાદિરૂપ પરમાત્મશક્તિ છે.'** લ્યો! પહેલું ઓલું આવરણ કહ્યું હતું. હવે શક્તિ કીધી. **'અભવ્ય જીવોમાં પણ કેવલજ્ઞાનાદિરૂપ પરમાત્મશક્તિ છે. જો તે શક્તિ તેમનામાં ન હોય, તો તેને પ્રગટ ન થવામાં નિમિત્તરૂપ કેવળજ્ઞાનાવરણાદિ કર્મ પણ ન હોવા જોઈએ,...'** બહુ દલીલ આપી છે. સમજાણું કાંઈ? આ જ દલીલની વાત તે દિ' થઈ હતી. (સંવત) ૧૯૮૫. ખૂબ થઈ હતી. માની હતા ને થોડા. કાન ઓલા હતા જરી. આ બુચા જેવો. સાંભળો! કાનજીમુનિ શું કહે છે? એ કહે છે કે એને જ્ઞાનાવરણીય છે. કેવળજ્ઞાનાવરણીય છે અભવિને. માટે કેવળજ્ઞાન હોય તો નિમિત્તરૂપે કેવળજ્ઞાનાવરણી હોય એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આ

છે ને? તે દિ' વાત થઈ હશે. આવ્યું હશે. એણે લખ્યું છે, તમારી પાસે મેં સાંભળ્યું હતું. શીતલપ્રસાદનું સાંભળ્યું હશે. તે દિ' ક્યાં હતું આ? પ્રભાચંદ્રનું આવ્યું છે. ... જુગલકિશોરે કર્યું હતું ને? બીજું છે ને. હિન્દી બે છે. એક શીતલપ્રસાદનું અને એક આ પ્રભાચંદ્રની ટીકાનું. જુગલકિશોરનું છે ને? મુખત્યાર. દિલ્હીવાળા?

અહીં કહે છે, જો કેવળજ્ઞાનની શક્તિ માનવામાં ન આવે તો નિમિત્તરૂપ કેવળજ્ઞાનાવરણી કર્મ પણ ન હોવા જોઈએ. ન્યાય સમજાય છે કાંઈ આમાં? છે ઈ? શું નામ લખ્યું છે? શીતલપ્રસાદનું છે? એ પ્રભાચંદ્રની ટીકાનો અર્થ છે. શીતલપ્રસાદે પોતે ઉપરથી લીધું છે. એમાં ઘણો ફેરફાર છે.

**'પણ બહિરાત્માને (અભવ્યને પણ) કેવળજ્ઞાનાવરણી કર્મ તો છે;...'** વાહ! **'તેથી સ્પષ્ટ છે કે બહિરાત્મામાં (ભવ્ય કે અભવ્યમાં) કેવળજ્ઞાનાદિ શક્તિપણે છે. અભવ્યને તે શક્તિ પ્રગટ કરવા જેટલી યોગ્યતા નથી.'** યોગ્યતા નથી એટલે શું (શક્તિ) વઈ ગઈ? સમજાણું કાંઈ? માટે અભવ્યને પણ બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા ત્રણ લાગુ પડે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૭, શુક્રવાર તા. ૨૦-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૪-૫, પ્રવચન - ૧૦**

સમાધિતંત્ર. પાનું-૧૨ છે. છેલ્લી બે લીટી. '**અનાદિથી બધા જીવોમાં કેવલજ્ઞાનાદિરૂપ પરમસ્વભાવ શક્તિરૂપે છે.**' આ આત્મા વસ્તુ છે. એમાં કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એવી અનંત શક્તિઓ અનાદિની છે. એનો સ્વભાવ જ એ જાતનો છે. સ્વભાવવાન આત્મા, પણ એનો સ્વભાવ કહો, શક્તિ કહો, ગુણ કહો કે સત્‌નું સત્ત્વ કહો, એ સત્ત્વમાં અનંતી શક્તિઓ છે. એક એક શક્તિ પણ પરિપૂર્ણ અનંત સામર્થ્યથી ભરેલી છે.

એ 'કેવલજ્ઞાનાદિરૂપ...' એટલે અનંત લેવું. '**પરમસ્વભાવ શક્તિરૂપે છે.**' આહાહા..! જ્યાં એને નજર કરવાની છે ત્યાં બધું પડ્યું છે, કહે છે. સમજાણું કાંઈ? નજર નામ દૃષ્ટિ જ્યાં કરવાની છે એમાં એ અનંત શક્તિઓ પડી છે. એવી અનંત શક્તિઓને '**તે સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરી તેમાં લીન થાય...**' એવી અનંત શક્તિઓ છે તેનું શ્રદ્ધાન. શ્રદ્ધા એટલે? એના સન્મુખની નિર્વિકલ્પ અનુભવમાં પ્રતીતિ. અનંત શક્તિ છે એની સન્મુખ થઈને, સન્મુખ થયો એટલે સત્‌ છે એની (સન્મુખ) મુખ ત્યાં કર્યું. આહાહા..! એથી એની પર્યાયમાં સમ્યગ્દર્શનરૂપી નિર્વિકલ્પ પર્યાયરૂપે પરિણમે. આહાહા..! અને તેનું જ્ઞાન. અનંત શક્તિ સંપન્ન પ્રભુ, એનું જ્ઞાન. સ્વસંવેદનજ્ઞાન. લ્યો, આ મોક્ષનો માર્ગ. આહાહા..!

વસ્તુ ભગવાન આત્મા એ તો વસ્તુ છે, સત્‌ છે. તેનું સત્ત્વ-ભાવરૂપ સત્ત્વ જે છે, કસ છે એનો... આહાહા..! એ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય આદિ. અનંત અનંતની સંખ્યાના સમુદાયવાળો એ સમુદાયી છે. એની સન્મુખ થઈને જે જ્ઞાનની, શ્રદ્ધાની પર્યાય રાગની સન્મુખ છે... અથવા જે જ્ઞાનલક્ષણ છે એ લક્ષણ દ્રવ્યનું-સ્વભાવનું છે, એ લક્ષણ ત્યાં ન જતાં લક્ષણને રાગમાં જોડી દીધું એ અનાદિનો મિથ્યાત્વનો ભ્રમ છે. સમજાણું કાંઈ? એ એણે ત્યાંની દશા છોડીને પોતાના સ્વભાવ તરફની દિશા તરફ દશા ઢળી ત્યારે તેમાં દર્શન-જ્ઞાન અને ચારિત્ર ત્રણ પ્રગટ થાય છે. આવી વાતું ઝીણી. અરે..! એના ભાન વિના રખડી મર્યો ચોર્યાશીના અવતારમાં. સમજાણું કાંઈ? આવો શક્તિ સંપન્ન પ્રભુ, એનો સ્વીકાર નહિ અને બહારમાં માન મળે, આબરૂ મળે, દયા-દાન-વ્રતના પરિણામ (થાય).. આહાહા..! એનો આદર અને એની મહત્તા (કરે). મૂઢ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આખી દુનિયા કરે છે.

ઉત્તર :- આખી દુનિયા મૂઢ છે. આહાહા..! આખી દુનિયા દુઃખી છે.

ભગવાન આનંદનો નાથ, આનંદ શક્તિ પડી છે અંદર. બેહદ અપરિમિત જેનો અતીન્દ્રિય રસ છે. એનો સ્વીકાર નામ 'છે' એની હયાતીનો સ્વીકાર ન કરે અને એનામાં પુણ્ય ને પાપ, દયા ને દાન ને કામ ને ક્રોધ ભાવ નથી એનો સ્વીકાર કરે. સમજાણું કાંઈ? આહાહા..! આ બધા પૈસાવાળા કરોડોપતિઓ અને અબજોપતિઓ એ બિચારા દુઃખી છે ઈ.

મુમુક્ષુ :- એને બિચારા કહેવાય?

ઉત્તર :- બિચારા ન કહેવાય, એને ભિખારા કહેવાય. ભીખ માગે છે. જ્યાં નથી એની પાસે ભીખ માગે છે. સમજાણું? આહાહા..!

એક બહુરૂપીયો ગરીબનો ભેખ લઈને આવ્યો. દુકાન હતી ત્યાં આવ્યો. મા-બાપ! કાંઈક આપોને રોટલો કાંઈક ચોખા. જોવે છે કે સામે ભીંત છે. ત્રણ હાથની ફક્ત દુકાન ગાલીચો ત્યાં પડેલો, શેઠિયા બેઠેલા. તને ખબર નથી કે અહીં .. અહીં ક્યાં હતો? એ બહુરૂપીયાએ માગ્યું. ઓલા કહે પણ અહીં ક્યાં? ભાન વિના અહીં ક્યાં આવ્યો? આ બે તકીયા પડ્યા છે અને બે બેઠા છીએ. .. પાસે ભીંત છે. અમારે નથી ચુલો નથી અનાજ. અહીં ક્યાં માગે છો? પછી એને ખ્યાલ આવ્યો શેઠિયાને કે આ તો કાલે આવ્યો હતો હાથમાં લાકડી લઈને. સો દાગીના તમે મગાવ્યા છે એની રસીદ આવી ગઈ તમારે? બીજે દિ' બોલેલો. આજ આ થઈને આવ્યો. આ તો ઓલો કાલે હતો એ. એને ખબર નથી કે અહીં નથી. .. માગણ તે અહીં માગે? જ્યાં ક્યાંક રોટલો હોય, ધુમાડા નીકળતા હોય, રંધાતું હોય તો રોટલા માગે. ત્યાં તો માગે. કૂતરો પણ ત્યાં બેસે, ગંધ આવતી હોય ત્યાં. દુકાન સામું જોઈને બેઠા હોય કૂતરા? આહાહા..! પછી ઓલાને ઓળખી ગયા. અરે..! તું તો કાલે બહુરૂપી.

એમ ભગવાન આત્મા ભીખ માગે પરમાં, ક્યાં ન્યાં હતું? ખાલી દુકાન જોઈને બેઠો છે. ત્યાં રોટલા ક્યાંથી મળતા હતા? સમજાણું કાંઈ? એમ આત્મા સિવાય રાગ અને પુણ્ય ને બહારના સંયોગમાં ત્યાં ક્યાં હતું સુખ? ખબર નથી, એને ભાન નથી. ત્યાંથી માગે છે. એ આપજો.. આપજો... ઓલો બહુરુપિયો રૂપ ધારણ કરીને આવ્યો, આણે મિથ્યારૂપ ધારણ કર્યું. આહાહા..! પોપટભાઈ! જેમાં અંતર આનંદ શક્તિ પડી છે એ સુખધામ છે. આહાહા..! 'સ્વયં જ્યોતિ સુખધામ' નથી આવ્યું? શ્રીમદ્‌માં.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.

બાપુ! આ સત્ય છે. એવા આત્માની શક્તિને જેણે શ્રદ્ધામાં લીધી, એ શ્રદ્ધાનો અર્થ આવું આખું મહાતત્ત્વ છે એની પ્રતીતિનું જોર કેટલું? સમજાણું કાંઈ? અનંત આનંદ છે, અનંત જ્ઞાન છે, અનંત શાંતિ છે. શાંતિ એટલે ચારિત્ર-વીતરાગતા. અનંત વીર્ય છે. એવી

અનંત શક્તિઓને જેણે શ્રદ્ધામાં લીધી એ શ્રદ્ધાનું જોર કેટલું હશે! આ .. છે ઈ? સમજાણું કાંઈ?

એ શક્તિના સ્વભાવમાં એનું શ્રદ્ધા-જ્ઞાન કરી... આહાહા..! એ ત્રિકાળ ભગવાન પરમાનંદનો નાથ છે, અનંત જ્ઞાન અને શાંતિથી ભરેલો છે. જે વીતરાગ થયા એ વીતરાગી દશા ક્યાંથી આવી? કાંઈ બહારથી આવે છે? વીતરાગની શક્તિથી, અકષાય સ્વભાવથી એટલે ચારિત્ર શક્તિથી ભરેલો પદાર્થ છે. આહાહા..! એને શ્રદ્ધામાં, એટલે કે એના સન્મુખ થયો ત્યારે એનો આદર કર્યો એટલે 'છે' એનો આદર કર્યો. સમજાણું કાંઈ? રાગ અને તેની સન્મુખ હતો તો એ શક્તિઓનો એણે અનાદર કર્યો હતો. આહાહા..! એવો છતો શક્તિવાન પરમાત્મા પોતે એનો અનાદર કરીને... આહાહા..! અલ્પજ્ઞ અને રાગાદિનો સ્વીકાર કરીને એમાં હોશું કરી હરખાઈ ગયો એમાં. પોપટભાઈ! આહાહા..!

કહે છે કે એણે ગુલાંટ ખાધી. ઓહોહો..! જે મને જોઈએ છે શાંતિ, આનંદ અતીન્દ્રિય.. એ તો આપણે આવી ગયુંને આમાં? કે એવા શ્રોતાને માટે હું કહીશ. આહાહા..! કૈવલ્ય અતીન્દ્રિય આનંદ અને કૈવલ્ય નામ અતીન્દ્રિય કેવલજ્ઞાન, એની સ્પૃહાવાળા એ તરફની સન્મુખ જિજ્ઞાસાવાળા એને હું આ સમાધિતંત્ર કહીશ. પૂજ્યપાદ સ્વામી એમ કહે છે. પોપટભાઈ! અમથા વેઠ તરીકે સાંભળવા આવ્યા હોય, ચાલો ભાઈ સાંભળવા, બધા જાય છે તો આપણે જાવું પડે, આપણો વ્યવહાર ખોટો પડે નહિતર, એવાઓ માટે આ નથી. આહાહા..!

જેને અતીન્દ્રિય આનંદની પિપાસા થઈ છે. જેને પાંચ ઇન્દ્રિયના વિષયો તરફની પીપાસા છૂટી ગઈ છે. આહાહા..! એ તો એ જ આવ્યું ને આપણે ૩૧ ગાથામાં? ભાઈ! ન આવ્યું? **'जो इंदिये जिणित्ता'** એ બીજી રીતે વાત કરી છે. આહાહા..! જેણે... ભગવાન અને ભગવાનની વાણી એ પણ ઇન્દ્રિયનો વિષય છે તેથી એને પણ ઇન્દ્રિય કીધી છે. એ ઇન્દ્રિયને જેણે જીતી છે એટલે કે તેની સન્મુખતાના ભાવનો નાશ કર્યો છે. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ જેની નજરું ચડતા જેને આનંદનો મીણો ચડે... આહાહા..! એવા ભગવાનની અનંત શક્તિઓ પ્રભુની. આ પ્રભુ પોતેની વાત ચાલે છે હોં! ભગવાન ભગવાન થઈ જાય એના ઘરે રહ્યા. એ કાંઈ આપતા-બાપતા નથી. આહાહા..! એ આત્માની સન્મુખ થઈને.. એ કાંઈ વાત છે! દિશા પલટાવવી ત્યારે દશા પલટે. દિશા પલટાતા દશા પલટે. જે પર તરફની દિશા હતી એને ભગવાન પૂર્ણાનંદના સ્વભાવનું પર્યાયમાં વ્યક્તપણું નહોતું તેથી એને વસ્તુને અવ્યક્ત કહી હતી. પણ વસ્તુ તરીકે કહો તો એ વ્યક્ત-પ્રગટ જ છે. આહાહા..! એની શ્રદ્ધા-જ્ઞાન થાય તો તે કેવળજ્ઞાનાદિ શક્તિઓ પ્રગટ થાય. શક્તિ તો શક્તિ છે. કેવળજ્ઞાન (આદિ) શક્તિઓ પ્રગટ થાય. એનો અર્થ કેવળજ્ઞાનાદિ પર્યાય પ્રગટ થાય. શક્તિ કાંઈ પ્રગટ

થતી નથી. શક્તિ તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ? આહાહા..! ઓહો..! આવું વસ્તુનું સ્વરૂપ એણે જાણ્યું નથી. બાકી બધું ગમે તેટલા જાણપણા હોય, એ જાણપણામાં માલ સ્વ ન આવ્યો ત્યાં એ જાણપણા બધા મીંડા છે. આહાહા..!

કહે છે કે '**શક્તિઓ પ્રગટ થઈ જાય...**' એટલે કે જે અનંત શક્તિના સ્વભાવનું સામર્થ્ય છે, એની પ્રતીત અને જ્ઞાન અને લીનતા એમાં અનંતી શક્તિઓનું વર્તમાન દશામાં તેના પર્યાયરૂપ પરિણમન થઈ જાય એ શક્તિઓ પ્રગટ થઈ એમ કહેવામાં આવે છે. '**અને કેવલજ્ઞાનાવરણાદિ કર્મો સ્વયં છૂટી જાય.**' એટલે કે એને કેવલજ્ઞાનાવરણીય છોડવું નથી (પડતું). અહીંયાં જ્યાં ભગવાન અનંત શક્તિનો સાગર પ્રભુ (બિરાજે છે), એ તરફમાં જ્યાં ઉગ્રતા સ્થિર થઈ એટલે કે કેવળજ્ઞાન (થતાં) એ વખતે કર્મની અવસ્થા સ્વયં છૂટી જાય છે. એમ લખ્યું છે ને? એને છોડવી પડતી નથી. રજકણોની પર્યાય અકર્મરૂપ થવાને લાયક જ હતી. આહાહા..! સમજાણું કાંઈ?

'**શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે–**' દાખલો આપવા (આધાર આપે છે). '**સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય.**' તેમાં અભવિ આવ્યા છે કે નહિ બધા? આણે એ નક્કી કર્યું હતું ને? ભવ્ય રાશિની અપેક્ષાએ સર્વદેહીનું ગ્રહણ સમજવું. એમાં એ હતું ને એને? પણ એ વાતમાં એમ ક્યાં છે? કાલે આવ્યું હતું ને ભાઈ એ ઓલીકોર? 'ભવ્ય રાશિની અપેક્ષાએ સર્વદેહી' એમ ભાષા ન જોઈએ. 'ભવ્ય રાશિની અપેક્ષાએ સર્વદેહી, (એમ) નહિ' બધા જીવની અપેક્ષાએ (એ) સર્વદેહીની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? આમ શબ્દ લીધો લ્યો! સર્વ દેહમાં સર્વ ભવ્ય લેવા-ભવિ. એમ અહીં વાત જ નથી. બધા આત્માઓ જેટલા અનંતા... અનંતા... અનંતા... અનંતા... પડ્યા છે... આહાહા..! બધામાં ત્રણ પ્રકારની અવસ્થાઓ લાગુ પડે છે. આહાહા..! દ્રવ્યસંગ્રહમાં પણ આવે છે આ વાત.

'**બધાય જીવો શક્તિપણે પરિપૂર્ણ સિદ્ધ ભગવાન જેવા છે,...**' અરે..! એની કબુલાત તે કેમ થાય ભાઈ? બધા જીવો આનંદના નાથ છે. વસ્તુ સ્વભાવે પરિપૂર્ણ સંતોષ અને શાંતિથી ભર્યા છે. આહાહા..! એને તમે ભિખારી અને અલ્પજ્ઞ ન જુઓ, એમ કહે છે. સમજાણું કાંઈ? પૂર્ણાનંદનો નાથ અનંત શક્તિથી ભરેલો આત્મા સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે એ રીતે જાણ્યો છે અને એ રીતે કહ્યો છે અને એ રીતે પ્રગટ કર્યો છે. આહાહા..!

કહે છે, '**બધાય જીવો શક્તિ...**' એટલે સામર્થ્યપણે, સ્વભાવના જોરપણે પરિપૂર્ણ પડ્યા છે. આહાહા..! સિદ્ધ ભગવાન જેવા છે. '**પણ જે પોતાની ત્રિકાલ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સ્વભાવશક્તિને સમ્યક્ પ્રકારે સમજે,...**' ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વભાવવાળું, તત્ત્વ અસ્તિરૂપ-હયાતીરૂપ (છે) એવા સ્વભાવ શક્તિને સમ્યક્ પ્રકારે સમજે.

સમ્યક્ પ્રકારનો અર્થ તેના તરફ જઈને તેનું વેદન કરે. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! આ કહે કે વ્રત પાળે ને અપવાસ કરે, આ કરે ને તે કરે. એ તો રાગની ક્રિયા છે. સમજાણું કાંઈ? એને સમ્યક્ પ્રકારે સમજે. એવી અનંતી શક્તિનો સાગર પરમાત્મા (છે). નાનું ક્ષેત્ર માટે નાનો ન માનવો. સર્પ નાનો આટલો માટે નાનો ન માનવો. એ તો ઝેરીલો સર્પ છે. એટલો પણ માથું ફોડી નાખે. રાજાનો કુંવર નાનો માટે નાનો ન માનવો. એ શાસ્ત્રમાં દાખલા આવે છે. સર્પનો, રાજાનો. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્માને શરીર પ્રમાણે ભાળ્યો તેં (તો) એટલો ન માનવો. આહાહા..! કહે છે કે, એ તો મહાપ્રભુ પૂર્ણ આનંદ અને શક્તિનો સાગર છે. સમ્યક્ પ્રકારે એને સમજે, જ્ઞાન કરે. એ જ્ઞાન ત્યારે કર્યું કહેવાય, અંદર જઈને વેદન કરે તો.

'**તેની પ્રતીત કરે...**' એ જ્ઞાન થયું એમાં ભાસ થયો કે વસ્તુ આ પૂર્ણ છે, એની પ્રતીતિ કરે '**અને તેમાં સ્થિરતા કરે, તે પરમાત્મદશા પ્રગટ કરી શકે.**' તે સિદ્ધદશાને-મોક્ષદશાને આ પ્રાપ્ત કરી શકે. આહાહા..! લોકોને એવું આકરું લાગે છે ને. એ વસ્તુ છે એનું જ્ઞાન કરી અને એની પ્રતીત કરીને રમણતા એમાં કરે. એ તો બધી વીતરાગી દશાઓ થઈ. સમજાણું કાંઈ? એ વીતરાગી સમ્યક્, વીતરાગી જ્ઞાન અને વીતરાગી લીનતા, એ દ્વારા પરમાત્મદશા પ્રાપ્ત કરી શકે છે. આહાહા..! સમજાણું કાંઈ? એને કાંઈક વ્યવહાર કરે અને કાંઈક એનાથી મળે. આ દયા, દાન, વ્રત, ભક્તિ એ વ્યવહાર તો, પ્રભુ! રાગ છે. એ રાગની ક્રિયા છે, ભાઈ! તને ખબર નથી. જ્ઞાનાનંદ સ્વભાવમાં એ ઉત્થાન વૃત્તિ થાય કે આ કરું... આ કરું... એ તો રાગ છે. આહાહા..! એનાથી ભગવાન ભિન્ન છે. ચૈતન્યપ્રભુ (એમાં) સ્થિરતા કરે તો પરમાત્મા પ્રગટ કરી શકે. દશા સમજ્યા ને? પરમાત્મસ્વરૂપ તો છે શક્તિએ, પણ પરમાત્મદશા પ્રગટ કરી શકે.

'**વર્તમાનમાં જે ધર્મી અંતરાત્મા છે...**' આહાહા..! હવે અંતર આત્મામાં ઉતારે છે. '**વર્તમાનમાં જે...**' સમ્યગ્દૃષ્ટિ જીવ છે-અંતરાત્મા. એટલે પૂર્ણાનંદ સ્વરૂપને અનુભવનાર, પ્રતીત કરનાર એને અંતરાત્મા કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અંતરાત્મા '**તેને પૂર્વે અજ્ઞાન દશામાં બહિરાત્મપણું હતું...**' કહો, હતું કે નહિ? તો એ નયે અંતરાત્માને પણ બહિરાત્મા કહેવામાં આવે છે. પૂર્વે થઈ ગયો એ અપેક્ષાએ. આહાહા..! '**ને હવે અલ્પ કાળમાં પરમાત્મપણું પ્રગટ થશે.**' એક-બે-ચાર ભવમાં કેવળજ્ઞાન થવાનું છે. એથી એને ત્રણેય અવસ્થાઓ અહીંયાં .. જાણવામાં (આવે છે). અંતરાત્મા તો પ્રગટ છે, બહિરાત્મા ગયો, પરમાત્મા થશે. સમજાણું કાંઈ? આહાહા..! એની રમતું તો જુઓ! આહાહા..! રમતિયાળ ચડી ગયો રાગની રમતે. રાગની ક્રિયાની રમતે ચડી જઈને સંસારમાં રખડ્યો. આહાહા..!

પણ એમાં પૂર્ણ સ્વભાવનો આશ્રય કરીને... આહાહા..! અલ્પ કાળમાં પરમાત્મા થશે. એ અંતરાત્માને ત્રણે લાગુ પડે છે.

'**પરમાત્મપદને પ્રાપ્ત થયેલા શ્રી અરિહંત અને સિદ્ધ ભગવાનને પણ...**' હવે અરિહંત પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વર મહાવિદેહમાં સીમંધર... સીમંધર-પોતાના સ્વરૂપની મર્યાદાના ધરનારા. આહાહા..! સમજાણું કાંઈ? એવા સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. તીર્થંકરપણે અરિહંતપણે. અને સિદ્ધ-અશરીરી. ચોવીસ તીર્થંકરો થયા તે અશરીરી થયા. અત્યારે સિદ્ધ છે. અને આ ભગવાન અત્યારે બિરાજે છે એ અરિહંત છે. એ '**અરિહંત અને સિદ્ધ ભગવાનને પણ પૂર્વે બહિરાત્મ દશા હતી.**' પૂર્વે હતા કે નહિ અજ્ઞાની? એ રાગને ધર્મ માનતા, પુણ્યને ધર્મ માનતા એ દશામાં હતા.

'**તેઓ પોતાની સ્વાભાવિક શક્તિની પ્રતીતિ કરી...**' તેઓ પોતાની સ્વભાવિક શક્તિઓ જે ત્રિકાળ, એના અનુભવની પ્રતીતિ કરી '**જે સમયે સ્વભાવસન્મુખ થયા તે સમયે તેમનું બહિરાત્મપણું ટળી ગયું અને અંતરાત્મ દશા પ્રગટ થઈ અને પછી ઉગ્ર પુરુષાર્થ કરી સ્વભાવમાં લીન થઈ પરમાત્મા થયા.**' ત્રણે દશા એને લાગુ પડે છે. પૂર્વે બહિરાત્મા હતા, એ નયે અત્યારે પણ એને એમ કહેવાય. પછી અંતરાત્મા થયા સમ્યગ્દર્શન અનુભવ, ધર્મની દશા જેણે આત્માના સ્વભાવની પ્રગટ કરી તે અંતરાત્મા પોતાના અંતરાત્માના સ્વભાવ દ્વારા પરમાત્મા થયા તો એને ત્રણેય લાગુ પડે છે. '**એ રીતે, અપેક્ષાએ દરેક જીવમાં ત્રણ પ્રકારો લાગુ પડે એમ સમજવું.**' આહાહા..! દીર્ઘ દૃષ્ટિ કેટલી જોઈએ એને!

હવે, બહિરાત્મા કોને કહેવા? '**બાહ્ય શરીરાદિ,...**' શરીર ને કર્મ ને પૈસા ને બાયડી, છોકરા, બંગલા ને ધૂળ ને ધમાહા. આહાહા..! એ મારા એવી આત્મબુદ્ધિ કરનારા બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. બહિર્-જે એમાં નથી. બહારની જે ચીજો એમાં આત્મબુદ્ધિ (કરી કે) આ અમારા. આ દીકરા અમારા, આ બાયડી અમારી, પૈસા અમારા, મકાન અમારા, વખારું અમારી. શું કહેવાય ઓલા? ગોડાઉન. ગોડાઉન-ગોડાઉન. મોટા તમારે મુંબઈમાં મોટા ગોડાઉન છે. ૫૦-૫૦ ગુણી આમ મજૂરો કરે છે ને. મોટી વખારું. પહેલા એક, બે, પછી ત્રણ, પછી ચાર. પગથિયા ત્યાં ક્યાં કરવા જાય. પહેલેથી જોયેલું છે, માલ લેવા જતા ને મુંબઈ. આહાહા.! ચાર મણ આમ ઉપાડ્યું હોય, પહેલી એક ગુણ મૂકે પછી બે, પછી ત્રણ, ૫૦-૫૦ સુધી. ઠેઠ નાખ્યા હોય. પછી ૪૯ હોય ત્યાં એની પચાસ કરે, અહીં પચાસ કરે, અહીં પચાસ કરે. આહાહા..! ક્રમે ચડે.

એમ અહીં કહે છે, શરીરાદિ જે છે એને જેણે પોતાના માન્યા. જે નથી એમાં એણે

માન્યા. આહાહા..! '**વિભાવ ભાવ...**' એ પુણ્ય અને પાપનો ભાવ વિભાવ એ એના નથી. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, તપનો વિકલ્પ રાગ એ બધો રાગ વિભાવ છે. એ મારા છે એમ જેણે માન્યું છે, એમાં આત્મબુદ્ધિ કરી છે. અથવા એ શુભરાગથી મને લાભ થશે એનો અર્થ કે એણે શુભરાગને પોતાનો માન્યો છે. આહાહા..!

ત્રીજું, '**અપૂર્ણ દશા...**' ઠીક લીધી છે વાત. તે દિ' એણે સાંભળ્યું હતું. એક તો શરીરાદિ પરદ્રવ્યને પોતાના માનવા અને પુણ્ય અને પાપ વિભાવને પોતાના માનવા. બે. ત્રીજી અલ્પ દશાને આત્મા પૂર્ણ છે એમ માનવું. આહાહા..! '**અપૂર્ણ દશાદિમાં જે આત્મબુદ્ધિ કરે છે...**' સમજાય છે કાંઈ આમાં? આહાહા..! '**અર્થાત્ તેની સાથે એકતાની બુદ્ધિ કરે છે...**' એટલે? આ શરીર, વાણી, મન, દેશ, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ એની સાથે આ મારા છે, હું એ છું, અહં, મમ. એ હું છું-અહં. એ મારા છે-મમ. આહાહા..! એણે મમ કર્યું. છોકરા મમ ખાય છે ને? એણે આ મિથ્યાત્વનું મમ ખાધું.

'**તેની સાથે એકતાની બુદ્ધિ કરે છે...**' આહાહા..! શરીર, કર્મ આદિ દયા-દાનના વિકલ્પ ને હિંસાના આદિના વિકલ્પ અને અલ્પજ્ઞ દશા આદિમાં, એ હું છું... આહાહા..! એક સમયની જે દશા છે એ હું છું, એમ માને છે એ પણ મિથ્યાદૃષ્ટિ છે-પર્યાયબુદ્ધિ છે. ભગવાન આખો પડ્યો રહ્યો. '**તે બહિરાત્મા છે.**' બહિર્ સમજાણું? વસ્તુના સ્વભાવમાં અલ્પજ્ઞપણું નથી, વસ્તુના સ્વભાવમાં વિભાવપણું નથી અને વસ્તુના સ્વભાવમાં શરીર, વાણી, કર્મ છે નહિ. એ તો પરચીજ છે. અમારા દેશ, અમારા દેશ. શું કાંઈક કહે છેને તમારે મુંબઈમાં? અમચી. શું? આમચી મુંબઈ. શું કહેવાય એ બધા? મહારાષ્ટ્રવાળા. આમચી મુંબઈ. કોના બાપનું મુંબઈ? સાંભળને હવે. અમારું ગામ, અમે કાઠિયાવાડી. અરે..! ભગવાન ક્યાંથી આવ્યો તું આ? કહો, સમજાણું કાંઈ? આહાહા..! જે ચીજ એનામાં નથી એને પોતે પોતાના માને. આહાહા..! એ દયા-દાન અને વ્રત-તપના વિકલ્પ છે, અપવાસ કરવો ને એ બધો રાગ છે. આહાહા..! એને પોતાના માનવા અને એનાથી મને લાભ થાય એમ માનનારા એને પોતાપણે જ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? ઠીક નાખ્યું છે. '**તે બહિરાત્મા છે.**'

'**તે આત્માનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી...**' ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયકસ્વભાવ, એના સ્વરૂપને ભૂલી '**બહારમાં કાયા અને કષાયોમાં મારાપણું માને છે,...**' અહીંયાં બે આવી ગયા. અલ્પજ્ઞપણું પહેલું સામાન્ય લીધું. શરીર અને કષાયોમાં મારાપણું માને છે '**તેને ભાવકર્મ અને દ્રવ્યકર્મ સાથે એકતાબુદ્ધિ છે; તેનાથી જ પોતાને લાભ-હાનિ માને છે.**' આહાહા..! ૬૦ વર્ષે છોકરો થાય તો કહે, લાભ થયો અમારે. વંશ રાખશે. આહાહા..! મૂઢ છો, કહે છે. એ ચીજ ક્યાં તારી હતી? એ આત્મા પર છે, શરીર એનું પર છે. તારો

આત્મા એનાથી ભિન્નપણે વર્તે છે. અને એનો આત્મા અને એનું શરીર તારાથી ભિન્નપણે વર્તે છે. આવ્યો ક્યાંથી તારો? આહાહા..!

મુમુક્ષુ :- લોકમાં ગણતરી થાય.

ઉત્તર :- લોકમાં ગણતરી થાય. છ છોકરા છે ને એને. ગામમાં ગણતરી થાય. એ મેં પૂછ્યું હતું એક ફેરી, હોં! ચીમનભાઈને કેટલા છોકરા છે? છ છે. આને પણ છ છે. પોપટભાઈને. હુશિયાર છે, લો. આહાહા..! ભાઈ! (હુશિયાર) કોને કહેવા? બાપા! આહાહા..! હાથમાં રહેલી તલવાર ગળા ઉપર જાય એ તે તલવાર ચલાવવામાં હુશિયાર કેવો કહેવાય? એમ જે બુદ્ધિ સંસારમાં રખડવાના ભાવને પોતાના માને... આહાહા..! અરે..! અહીં તો નવ પૂર્વની લબ્ધિનું જ્ઞાન છે એ મિથ્યાદૃષ્ટિને થાય છે. આહાહા..! એ મારું જ્ઞાન છે એમ માને એ પણ મિથ્યાદૃષ્ટિ છે. પરલક્ષીજ્ઞાન એ એનું કેવું? આહાહા..! સમજાણું કાંઈ? મહાપ્રભુ દ્રવ્યસ્વભાવ એને ભૂલી અને આની એકતાબુદ્ધિ (કરી) એનાથી મને લાભ થાય. અરે..! દીકરો મરી ગયો હાય. હાય.. મારું બધું ગયું. આવ્યું હતું. મૂળચંદભાઈનો દીકરો મરી ગયો છે ને. મૂળચંદ કેશવજી. સુરત-સુરત. મૂળચંદ કાપડિયા. છોકરો એક હતો મરી ગયો. આ તો બીજો છોકરો.. ખોળે. ત્યાં મરતા અરે..! મારું બધું ગયું. આ અત્યાર સુધી રળ્યા-કમાણા આને સોંપવું જોઈએ, એના બદલે એ તો વયો ગયો, મરી ગયો. આહાહા..! કોણ ગયો બાપા તારો? તારો આત્મા અંદર ગયો આમ માન્યું એમાં. આહાહા..! છે ને?

**'પોતાને લાભ-હાનિ માને છે.'** હાનિ માને છે. છોકરો આવો થયો, મરી ગયો તો હાનિ થઈ. અને સારો પાક્યો અને કર્મી પાક્યો તો લાભ થયો. પાંચ-પાંચ હજારના પગાર, આઠ-આઠ હજારના. આ સુમનભાઈને. છોકરા સારા હોય તો થાય ને? પોતાના માને. થાય કે નહિ? તમારો છોકરો નથી મોટો પગારદાર? અમલદાર છે. અને અહીં રોટલા ઘડે છે એની હાથે. આહાહા..! કોણ કોના હતા? નજીક હોય તો પણ એના ક્યાં છે? દૂર ગયા તો એના ક્યાં છે? મરી ગયા તો ક્યાંક બીજે ગયા તો એના ક્યાં છે? દૂર જાય કે મરી જાય. આહાહા..! એ પોતાને લાભ-હાનિ પરથી માને. એ પુણ્યના પરિણામથી લાભ માને, પાપના ભાવથી નુકસાન માને. પણ નુકસાન તો પાપ પરિણામ છે એ મારા માન્યા એમાં નુકસાન છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'તે મિથ્યાદૃષ્ટિ જીવ અનાદિ કાળથી સંસારપરિભ્રમણનાં દુઃખોથી પીડાય છે.'** આહાહા..! એ શરીર, વાણી, મનની ક્રિયાઓ થાય એ મારી છે, એ દયા, દાનના પરિણામ થાય વ્રતાદિના એ મારા છે અને અલ્પજ્ઞપણું તે હું છું, એમ મિથ્યાદૃષ્ટિ પીડાય છે મિથ્યાત્વમાં, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભલે પછી જૈનનો સાધુ દિગંબર થયો હોય, નગ્ન

થયો હોય. એને આ ક્રિયા નગ્ન થયા એ મેં કર્યું અને તેથી હું સાધુ. એ નગ્નની ક્રિયાને પોતાની માની. એ તો જડની ક્રિયા છે. અંદર પંચ મહાવ્રતના વિકલ્પ આવે એ રાગ છે. આહાહા..! એ રાગને કરતા કરતા અમને કલ્યાણ થશે. એ પણ મિથ્યાદૃષ્ટિ છે. દુઃખી છે પ્રાણી. સમજાણું કાંઈ? **'સંસાર પરિભ્રમણના દુઃખોથી પીડાય છે.'**

**'અંતરાત્મા...'** (પહેલી) બહિરાત્માની વ્યાખ્યા કરી. ધર્મીજીવ સમ્યગ્દૃષ્ટિ જેવું અંતર સ્વરૂપ છે અંતર એને માનનારો. આહાહા..! અંતરાત્મા. અંતરમાં જે ચીજ છે જેવી જેવડી... આહાહા..! એને અંતરમાં ભાનથી માનનાર **'શરીરાદિથી ભિન્ન...'** શરીરથી હું જુદો છું. એ રાગની ક્રિયા દયા-દાનની એનાથી પણ હું જુદો છું અને અલ્પજ્ઞ જે પર્યાય છે એટલો પણ હું નથી, એનાથી પણ મારું દ્રવ્ય ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ તે અંતરાત્મા છે.

**'શરીરાદિથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું ભાન છે...'** આહાહા..! જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા એમ કહે છે. જ્ઞાન અને આનંદસ્વરૂપ. મુખ્ય બે ચીજ લીધી. **'જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માનું ભાન છે તે અંતરાત્મા છે. તેને સ્વ-પરનું ભેદજ્ઞાન છે.'** સમ્યગ્દૃષ્ટિ ભેદજ્ઞાની ધર્માત્માને સ્વ-પરની જુદાઈનું ભાન છે. ભલે એ છ ખંડના ચક્રવર્તીના રાજમાં દેખાય. સમજાય છે? એ છ ખંડને સાધવા નીકળ્યો હોય તો તે છ ખંડને સાધતો નથી. સમ્યગ્દૃષ્ટિ.. ભાઈએ કહ્યું છે ને? નિહાલભાઈએ. એ છ ખંડને નથી સાધતો, અખંડને સાધે છે. એમાં છે. સમજાણું કાંઈ? ધર્મી સમકિતી છ ખંડના રાજમાં દેખાય, છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય પણ તે તેનાથી ભિન્ન છે એમ પોતાને જાણે છે. આ મારા નથી, એમાં હું નથી, એના આચરણ જે ઈ કરે એ મારાથી નથી. આહાહા..!

**'તેને સ્વ-પરનું ભેદજ્ઞાન છે. તેને એવો વિવેક વર્તે છે કે હું જ્ઞાન-દર્શનરૂપ છું;...'** આહાહા..! જ્ઞાનદર્શન લક્ષણ. **'એક શાશ્વત આત્મા જ મારો છે,...'** શાશ્વત ધ્રુવ લીધું અહીં તો. માનનારી પર્યાય પણ માને છે શાશ્વત તે હું ત્રિકાળ છું. આહાહા..! જુઓ! આ ધર્મીનું લક્ષણ! આ ધર્મી પોષા કરે ને સામાયિક કરે ને પડિકમણા કરે માટે ધર્મી છે એમ નથી. આહાહા..! હજી એને સામાયિક અને પોષા કોને કહેવા એની ખબરું નથી. હું તો એક જ્ઞાનદર્શનરૂપ, જ્ઞાનદર્શનવાળો નહિ, જ્ઞાનદર્શનરૂપ જાણકસ્વરૂપ, ઉપયોગસ્વરૂપ ત્રિકાળ તે હું છું.

**'એક શાશ્વત આત્મા જ મારો છે,...'** સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવને પૂર્ણ શાશ્વત આત્મા જ મારો છે એવી અનુભવ દૃષ્ટિ હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! **'બાકીના સંયોગલક્ષણરૂપ...'** સંયોગલક્ષણ (અર્થાત્) પુણ્ય ને પાપના ભાવ, શરીર, વાણી, મન એ

બધા સંયોગલક્ષણ '**અર્થાત્ વ્યવહારરૂપ જે ભાવો છે તે બધા મારાથી ભિન્ન છે**' આહાહા..! '**મારાથી બાહ્ય છે. આવો સમ્યગ્દૃષ્ટિ આત્મા મોક્ષમાર્ગમાં સ્થિત છે.**' સમજાણું કાંઈ? ભલે એ છન્નું હજાર સ્ત્રીના વિષયમાં-વાસનામાં હોય (એમ) દેખાય, પણ એ વિષયની વાસનાનો પ્રેમ નથી. એમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! અજ્ઞાનીને એવો સંયોગ ન પણ હોય, પણ એને પરમાં સુખબુદ્ધિ એ બુદ્ધિ પડી છે. અને જ્ઞાનીને એવી સંયોગ સ્થિતિમાં સંયોગભાવ હો... સમજાણું કાંઈ? પણ પરમાં ઠીક છે, હિત છે એનું નામ પરમાં સુખ છે એ બુદ્ધિ જ્ઞાનીની ઊડી ગઈ છે. અજ્ઞાની બાહ્ય ત્યાગ કરીને સાધુ નગ્ન થયો હોય તોપણ એને રાગની ક્રિયા મહાવ્રતની છે એ મને લાભ કરે છે, એનાથી મને પરમાર્થ પ્રગટ થશે. સમજાણું કાંઈ? એ વ્યવહારના ભાવને પોતાના માને છે. ભારે વાતું ભાઈ! '**તે બધા મારાથી ભિન્ન છે-મારાથી બાહ્ય છે. આવો સમ્યગ્દૃષ્ટિ આત્મા મોક્ષમાર્ગમાં સ્થિત છે.**' લ્યો. એને અંતરાત્મા કહેવાય.

'**પરમાત્મા...**' '**જેણે અનંતજ્ઞાન-દર્શનાદિરૂપ ચૈતન્ય-શક્તિઓને પૂર્ણપણે વિકાસ કરી સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું છે તે પરમાત્મા છે.**' કોઈ જગતનો કર્તા પરમાત્મા અને ઈશ્વર કર્તા એ કોઈ નહિ. એમ છે નહિ. જેણે અંદરમાંથી સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું, એ સર્વજ્ઞપદ સ્વરૂપ જ છે આત્મા. એમાંથી જેણે સર્વજ્ઞપર્યાય પ્રગટ કરી. આહાહા..! એવી ચૈતન્ય જ્ઞાનાદિ-દર્શનાદિ ચૈતન્ય શક્તિઓને પૂર્ણપણે વિકાસ કરી, પર્યાયની વાત છે, શક્તિઓ તો શક્તિ છે, પણ એમાં એ શક્તિઓનો પૂર્ણપણે વિકાસ કરી સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું તે પરમાત્મા છે. લ્યો, આ બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. મોક્ષપાહુડમાં પણ કુંદકુંદાચાર્યે વાત લીધી છે. આમાં આવી ગયું છે. ઓલી કોર છે.

**पियारो सो अप्पा परमंतरबाहिरो हु देहीणं।**
**तत्थ परो झाइज्जइ अंतोवाएण चयहि बहिरप्पा।।**
**- मोक्षप्राभृते, कुन्दकुन्दः।**

૧૧ પાને છે નીચે નોટમાં. એ કુંદકુંદાચાર્યની ગાથા છે. સમજાણું કાંઈ?

હવે એ પાંચમા શ્લોકમાં આચાર્ય પોતે એનું લક્ષણ કરશે. ત્રણનું લક્ષણ પોતે કરે છે હવે.

तत्र बहिरन्तः परमात्मनां प्रत्येकं लक्षणमाह-

*बहिरात्मा शरीरादौ जातात्मभ्रान्तिरान्तरः।
चित्तदोषात्मविभ्रान्तिः परमात्माऽतिनिर्मलः।।५।।

टीका :- शरीरादौ शरीरे आदिशब्दाद्वाङ्मनसोरेव ग्रहणं तत्र जाता आत्मेतिभ्रान्तिर्यस्य स बहिरात्मा भवति। आन्तरः अन्तर्भवः। तत्र भव इत्यणष्टेर्भमात्रे टि लोपमित्यस्याऽनित्यत्वं येषां च विरोधः शाश्वतिक इति निर्देषात् अन्तरे वा भव आन्तरोऽन्तरात्मा। स कथं भूतो भवति? चित्तदोषात्मविभ्रान्तिः चित्तं च विकल्पो, दोषाश्च रागादयः, आत्मा च शुद्धं चेतनाद्रव्यं तेषु विगता विनष्टा भ्रान्तिर्यस्य। चितं चित्तत्वेन बुध्यते दोषाश्च दोषत्वेन आत्मा आत्मत्वेनेत्यर्थः। चित्तदोषेषु वा विगता आत्मेति भ्रान्तिर्यस्य। परमात्मा भवति किं विशिष्टः? अतिनिर्मलः प्रक्षीणाशेषकर्ममलः।।५।।

---

શ્લોક - ૫

અન્વયાર્થ :- (शरीरादौ जातात्मभ्रान्तिः बहिरात्मा) શરીરાદિમાં જેને આત્મ-ભ્રાન્તિ ઉત્પન્ન થઈ છે તે 'બહિરાત્મા' છે; (चित्तदोषात्मविभ्रातिः अन्तरः) ચિત્ત (વિકલ્પો), રાગાદિ ચિત્તરૂપે, દોષોને દોષરૂપે અને આત્માને આત્મારૂપ જાણે છે) તે 'અન્તરાત્મા' છે; (अतिनिर्मलः परमात्मा) જે સર્વ કર્મમલથી રહિત અત્યંત નિર્મળ છે તે 'પરમાત્મા' છે.

ટીકા :- શરીર આદિમાં-શરીરમાં અને 'આદિ' શબ્દથી વાણી અને મનનું જ ગ્રહણ સમજવું, તેમાં જેને 'આત્મા' એવી ભ્રાન્તિ ઉત્પન્ન થઈ છે તે બહિરાત્મા છે. અન્તર્ભવ અથવા અંતરે ભવ તે આન્તર અર્થાત્ અન્તરાત્મા. તે (અન્તરાત્મા) કેવો છે? તે ચિત્ત, દોષ અને આત્મા સંબંધી ભ્રાન્તિ વિનાનો છે-ચિત્ત એટલે વિકલ્પ, દોષ એટલે રાગાદિ અને આત્મા એટલે શુદ્ધ ચેતના દ્રવ્ય-તેમાં જેની ભ્રાન્તિ નાશ પામી છે તે-અર્થાત્ જે ચિત્તને ચિત્તરૂપે, દોષને દોષરૂપે અને આત્માને આત્મારૂપે જાણે છે તે અન્તરાત્મા છે, અથવા ચિત્ત અને દોષોમાં 'આત્મા' માનવારૂપ ભ્રાન્તિ જેને જતી રહી છે તે (અન્તરાત્મા) છે.

પરમાત્મા કેવા હોય છે? અતિ નિર્મળ છે અર્થાત્ જેનો અશેષ (સમસ્ત) કર્મમલ

---

* अक्खाणि बाहिरप्पा अंतरप्पा हु अप्पसंकप्पो।
कम्मकलंकविमुक्को परमप्पा भण्णए देवो।।५।।
- मोक्षप्राभृते, कुन्दकुन्दः।

નાશ પામ્યો છે તે (પરમાત્મા) છે. (૫)

ભાવાર્થ :- જે શરીરાદિ બાહ્ય પદાર્થોમાં આત્માની ભ્રાંતિ કરે છે-તેને જ આત્મા માને છે-તે 'બહિરાત્મા' છે; વિકલ્પો, રાગાદિ દોષો અને ચૈતન્યસ્વરૂપ આત્માના વિષયમાં જેને ભ્રાન્તિ નથી, અર્થાત્ જે વિકારને વિકારરૂપે અને આત્માને આત્મારૂપે-એકબીજાથી ભિન્ન સમજે છે 'અંતરાત્મા' છે; જે રાગાદિ દોષોથી સર્વથા રહિત છે-અત્યંત નિર્મળ છે અને સર્વજ્ઞ છે તે 'પરમાત્મા' છે.

## વિશેષ

### બહિરાત્મા

જે શરીરાદિ (શરીર, વાણી, મન, વગેરે) અજીવ છે તેમાં જીવની કલ્પના કરે છે તથા જીવમાં અજીવની કલ્પના કરે છે, દુઃખદાયી રાગદ્વેષાદિક વિભાવ ભાવોને સુખદાયી સમજે છે, જ્ઞાન-વૈરાગ્યાદિ જે આત્માને હિતકારી છે તેને અહિતકારી જાણી તેમાં અરુચિ યા દ્વેષ કરે છે, શુભ કર્મફલને સારાં અને અશુભ કર્મફલને બૂરાં માની તે પ્રત્યે રાગ-દ્વેષ કરે છે, શરીરનો જન્મ થતાં પોતાનો જન્મ અને તેનો નાશ થતાં પોતાનો નાશ માને છે તે મિથ્યાદષ્ટિ 'બહિરાત્મા' છે.

વળી આ શરીરાદિ જડ પદાર્થો પ્રગટપણે આત્માથી જુદા છે, તે કોઈ પદાર્થો આત્માના નથી-આત્માથી પર (ભિન્ન) જ છે, છતાં તેને પોતાના માનવા, તેમજ શરીરની બોલવા-ચાલવા વગેરેની ક્રિયા હું કરું છું, મને તેનાથી લાભ-અલાભ થાય છે; આ શરીર મારું, હું પુરુષ, હું સ્ત્રી, હું રાજા, હું રંક, હું રોગી, હું દ્વેષી, હું ધોળો, હું કાળો-એમ બાહ્ય પદાર્થોથી પોતાના આત્માને ભિન્ન નહિ જાણતો તે પર પદાર્થોને જ આત્મા માને છે અને મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જીવ અજીવાદિ તત્ત્વોના સ્વરૂપમાં ભ્રાન્તિથી પ્રવર્તે છે તે જીવ 'બહિરાત્મા' છે.

પર પદાર્થોમાં આત્મભ્રાન્તિને લીધે આ અજ્ઞાની જીવ વિષયોની ચાહરૂપ દાવાનલમાં રાત-દિન જલતો રહે છે, આત્મશાન્તિ ખોઈ બેસે છે, અતીન્દ્રિય ચૈતન્ય આત્માને ભૂલી બાહ્ય ઈન્દ્રિય વિષયોમાં મૂર્છાઈ જાય છે અને આખુલિત રહિત મોક્ષ-સુખની પ્રાપ્તિ માટે કોઈ પ્રયત્ન કરતો નથી.

### અંતરાત્મા

ચૈતન્ય લક્ષણવાલો જીવ છે અને તેનાથી વિપરીત લક્ષણવાળો અજીવ છે; આત્માનો સ્વભાવ જ્ઞાતા-દષ્ટા છે, અમૂર્તિક છે અને શરીરાદિક પર દ્રવ્ય છે, પુદ્‌ગલપિંડરૂપ છે, જડ છે, વિનાશક છે તે મારાં નથી અને હું તેનો નથી-એવું ભેદજ્ઞાન કરનાર

સમ્યગ્દૃષ્ટિ 'અંતરાત્મા' છે.

વળી તે જાણે છે કે, 'હું દેહથી ભિન્ન છું, દેહાદિક મારા નથી. મારો તો એક જ્ઞાન-દર્શન લક્ષણરૂપ શાશ્વત આત્મા જ છે, બાકીના સંયોગ લક્ષણવાળા (વ્યવહારિક ભાવો) જે કોઈ ભાવો છે તે બધાય મારાથી ભિન્ન છે; આત્માના આશ્રયે જે જ્ઞાન-વૈરાગ્યરૂપ ભાવ પ્રગટે છે તે સંવર-નિર્જરા-મોક્ષનું કારણ હોઈ મને હિતરૂપ છે અને બાહ્ય પદાર્થોને આશ્રયે જે રાગાદિ ભાવો થાય છે તે આસ્રવ-બંધરૂપ હોઈ સંસારનું કારણ છે, મને તે અહિતરૂપ છે.' આ રીતે જીવાદિ તત્ત્વોને જેમ છે તેમ જાણીને તેની સાચી પ્રતીતિ કરીને જે પોતાના જ્ઞાનાનંદ-સ્વરૂપ આત્મામાં જ અંતર્મુખ થઈને વર્તે છે તે 'અંતરાત્મા' છે.

અંતરાત્માના ત્રણ ભેદ છે- ઉત્તમ અંતરાત્મા, મધ્યમ અંતરાત્મા અને જઘન્ય અંતરાત્મા.

અંતરંગ-બહિરંગ પરિગ્રહોથી રહિત શુદ્ધોપયોગી આત્મધ્યાની દિગમ્બર મુનિ 'ઉત્તમ અંતરાત્મા' છે. 'આ મહાત્મા સોળ કષાયોના અભાવ દ્વારા ક્ષીણમોહ પદવીને પ્રાપ્ત કરીને સ્થિત છે.'

ચોથા ગુણસ્થાનવર્તી વ્રતરહિત સમ્યગ્દૃષ્ટિ આત્મા 'જઘન્ય અંતરાત્મા' કહેવાય છે.

આ બેની (જઘન્ય અંતરાત્મા અને ઉત્તમ અંતરાત્માની) મધ્યમાં રહેલા સર્વે 'મધ્યમ અંતરાત્મા' છે, અર્થાત્ પાંચમાંથી અગિયારમા ગુણસ્થાનવર્તી જીવો મધ્યમ અંતરાત્મા છે.[૧]

પરમાત્મા

જેમણે અનંતજ્ઞાન-દર્શનાદિરૂપ ચૈતન્ય શક્તિઓનો પૂર્ણપણે વિકાસ કરી સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું છે તે 'પરમાત્મા' છે.

પરમાત્માના બે પ્રકાર છે-સકલ પરમાત્મા અને નિકલ પરમાત્મા.

અરહંત પરમાત્મા તે સકલ પરમાત્મા છે અને સિદ્ધ પરમાત્મા તે નિકલ પરમાત્મા છે, તેઓ કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયથી સહિત છે.

અરહંત પરમાત્માને ચાર અઘાતિ કર્મો બાકી છે. તેનો ક્ષણે ક્ષણે ક્ષય થતો જાય છે. તેમને બહારમાં સમવસરણાદિ દિવ્ય વૈભવ હોય છે. તેમને ઈચ્છા વિના ભવ્ય જીવોને કલ્યાણરૂપ દિવ્ય ધ્વનિ છૂટે છે. તેઓ પરમ હિતોપદેશક છે. પરમ ઔદારિક શરીરના સંયોગ સહિત હોવાથી તેઓ સકલ (કલ-શરીર સહિત) પરમાત્મા કહેવાય છે.

જે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ અને શરીરાદિ નોકર્મથી રહિત છે,

૧. જુઓ-નિયમસાર, ગુ. આવૃત્તિ-પૃ.૩૦૧.

**શુદ્ધજ્ઞાનમય છે, ઔદારિક શરીર (કલ) રહિત છે, તે નિર્દોષ અને પરમ પૂજ્ય સિદ્ધ પરમેષ્ઠી 'નિકલ પરમાત્મા' કહેવાય છે. તેઓ અનંતકાળ સુધી અનંત સુખ ભોગવે છે.**

**"આત્મામાં પરમાનંદની શક્તિ ભરી પડી છે. બાહ્ય ઇન્દ્રિય-વિષયોમાં વાસ્તવિક સુખ નથી. એમ અંતર પ્રતીતિ કરીને ધર્મી જીવ અંતર્મુખ થઈને આત્માના અતીન્દ્રિય સુખનો સ્વાદ લે છે. જેમ લીંડીપીપરના દાણે દાણે ચોસઠ પહોરી તીખાશની તાકત ભરી છે તેમ પ્રત્યેક આત્માનો સ્વભાવ પરિપૂર્ણ જ્ઞાન-આનંદથી ભરેલો છે, પણ તેનો વિશ્વાસ કરી અંતર્મુખ થઈને તેમાં એકાગ્ર થાય તો તે જ્ઞાન-આનંદનો સ્વાદ અનુભવવામાં આવે. આત્માથી ભિન્ન બાહ્ય વિષયોમાં ક્યાંય આત્માનો આનંદ નથી. ધર્માત્મા પોતાના આત્મા સિવાય બહારમાં ક્યાંય-સ્વપ્નમાં ય આનંદ માનતો નથી. આવો અંતરાત્મા પોતાના આંતરસ્વરૂપમાં એકાગ્ર થઈને પરિપૂર્ણ જ્ઞાન આનંદ પ્રગટ કરીને પોતે જ પરમાત્મા થાય છે..." ('આત્મધર્મ' માંથી)**

**પરમાત્માનાં નામ-વાચક નામાવલિ દર્શાવતાં કહે છે :-**

---

## શ્લોક-૫ ઉપર પ્રવચન

'ત્યાં બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા-પ્રત્યેકનું લક્ષણ કહે છે.' પ્રત્યેકની એની સ્વરૂપની દૃષ્ટિ કેવી છે અને એનું સ્વરૂપ શું છે એ બતાવે છે. એ પણ મોક્ષપ્રાભૃતમાં છે. જુઓ! પાંચમી ગાથા. ઓલામાં ગાથા લખી છે? ગાથા નથી લખી હોં! ઓલામાં. મોક્ષપ્રાભૃત, એટલું લખ્યું છે. આમાં ગાથા લખી છે. લખ્યું છે? ગાથા નથી લખી.

મુમુક્ષુ :- ૧૧ પાને...

ઉત્તર :- એ જ કહું છું. ૧૧ પાને એ નથી અને અહીં છે. આ ૧૪ પાને ગાથાનો નંબર છે. એમ કીધું.

*बहिरात्मा शरीरादौ जातात्मभ्रान्तिरान्तरः।
चित्तदोषात्मविभ्रान्तिः परमात्माऽतिनिर्मलः।।५।।

આના શ્લોક નથી થયા, નહિ? ગુજરાતી થયા નથી? ઓલામાં થયા છે કે નહિ? એ આમાં નાખ્યા છે? પાછળ પણ નથી.

**'ટીકા :- શરીર આદિમાં-શરીરમાં અને 'આદિ' શબ્દથી વાણી અને મનનું જ ગ્રહણ સમજવું, તેમાં જેને આત્મા એવી ભ્રાન્તિ ઉત્પન્ન થઈ છે...'** એ હું છું એવી

જેને ભ્રમણા થઈ છે એ બહિરાત્મા છે. આચાર્યનું લખાણ છે. શરીર-આ માટી ધૂળ જડ, જગતનું તત્ત્વ અજીવ. વાણી જગતનું તત્ત્વ અજીવ આ વાણી. અને મન જડ. એ મારા.. આહાહા..! સમીપમાં કાયમ રહે છતાં એ કહે મારા નહિ. સમીપમાં તો બધું રહે છે. આહાહા..! એ શરીરને, વાણીને અને મનને પોતાના માને... આહાહા..! આત્મભ્રાન્તિ. એ હું છું, એ મારા છે, એ બહિરાત્મા.

'**અન્તર્ભવ અથવા અંતરે ભવતે આન્તર અર્થાત્ અન્તરાત્મા.**' અંતરે ભવ અંતરાત્મા. '**તે (અન્તરાત્મા) કેવો છે? તે ચિત્ત, દોષ અને આત્મા સંબંધી ભ્રાન્તિ વિનાનો છે...**' ચિત્ત અને દોષ. એ સમકિતી ધર્મી જીવ, '**ચિત્ત, દોષ અને આત્મા સંબંધી ભ્રાન્તિ વિનાનો છે-ચિત્ત એટલે વિકલ્પ,...**' આહાહા..! વિકલ્પ ચાહે તો ગમે તે પ્રકારના ઉઠે અંદર. એ વિકલ્પ વિનાનો છે અંતરાત્મા. આહાહા..!

'**દોષ એટલે રાગાદિ અને આત્મા એટલે શુદ્ધ ચેતના દ્રવ્ય-તેમાં જેની ભ્રાન્તિ નાશ પામી છે...**' ચિત્તના વિકલ્પ મારા એની ભ્રાંતિ નાશ થઈ છે, રાગાદિ ભાવ મારા એની ભ્રાંતિ નાશ થઈ છે અને શુદ્ધ ચેતના દ્રવ્ય હું છું અશુદ્ધ અને પર્યાયમાં અલ્પ છું... એ ભ્રાંતિ જેની નાશ થઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? આને ધર્મી કહીએ. આવા તપસ્યા કરે અને આવા વ્રત પાળે તો ધર્મી એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? એ વિકલ્પ જે ઉઠે છે આ વ્રત કરું ને આ કરું. એનાથી હું ભિન્ન છું અને દોષો જે છે એનાથી એટલે કે રાગાદિ દોષો, ભિન્ન કરીને સમજાવ્યું, પણ એ વિકલ્પ ને બધું એક જ જાત છે. '**રાગાદિ અને આત્મા...**' સંબંધી ભ્રાંતિ. રાગમાં હું છું, દોષમાં હું છું, ચિત્તના વિકલ્પમાં હું છું અને આત્મા સંબંધી જે અલ્પજ્ઞતા અને રાગમાં હું છું એ બધી ભ્રાંતિ જેને નાશ થઈ ગઈ. આ તો ભાષા સાદી છે. સમાધિતંત્ર છપાણા છે થોડા. બધા પાસે નહિ હોય.

'**આત્મા સંબંધી ભ્રાન્તિ વિનાનો છે-ચિત્ત એટલે વિકલ્પ, દોષ એટલે રાગાદિ અને આત્મા એટલે શુદ્ધ ચેતના દ્રવ્ય-તેમાં જેની ભ્રાન્તિ નાશ પામી છે તે-અર્થાત્ જે ચિત્તને ચિત્તરૂપે, દોષને દોષરૂપે અને આત્માને આત્મારૂપે જાણે છે...**' આહાહા..! દયા-દાનનો વિકલ્પ ઉઠે તો એને વિકલ્પ રૂપે જાણે છે, એ આત્મા રૂપે જાણતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ ક્યારેય ભાળ્યો છે! આ તો કાંઈ કરવું એ કહે છે કે એ તો રાગ છે. આમ રાગ છે, રાગથી આત્મા ભિન્ન છે. પણ એ તો જ્ઞાન સ્વરૂપ છે. આહાહા..!

એ '**ચિત્તને ચિત્તરૂપે, દોષને દોષરૂપે અને આત્માને આત્મારૂપે જાણે છે તે અન્તરાત્મા છે,...**' એને સમ્યગ્દ્રષ્ટિ જીવ કહીએ. આહાહા..! આમ તો 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો. મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો. પણ આતમજ્ઞાન બિન

લેશ સુખ ન પાયો.' એ મહાવ્રતના પરિણામ સાધુના અઠ્યાવીસ ગુણનો વિકલ્પ એ બધું દુઃખરૂપ છે. કીધુંને? આવું તો કર્યું અનંત વાર અને નવમી ગ્રૈવેયકે ગયો, પણ લેશ સુખ પામ્યો નહિ. તો એનો અર્થ શું થયો? કે મુનિવ્રત ધારણ કર્યા એ દુઃખરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :- આપ એવો અર્થ કરો છો.

ઉત્તર :- પણ એમાં જુઓને શું છે? 'મુનિવ્રત ધાર અનંત બૈર...' આ બધા બેઠા છે કે નહિ સામે? એય..! પ્રતાપગઢ! તમે તો જૂના દિગંબર છો. આનો અર્થ કરવો પડશે ને? 'મુનિવ્રત ધાર અનંત બૈર...' આ તો છ ઢાળામાં આવે છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો અભવ્ય માટે છે.

ઉત્તર :- અરે..! મિથ્યાદૃષ્ટિની વાત છે. એ કહે છે એમ કહે છે. એ લોકો એમ કહે છે.

અરે..! ભાઈ! તને ખબર નથી. આ તો સામાન્ય વાત છે. અનંત વાર મુનિવ્રત ધારણ કર્યા. એ વ્રતનો વિકલ્પ છે એ તો રાગ છે અને તેથી તો એને કહ્યું કે 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો વ્રતના પરિણામ જે કર્યા એ તો દુઃખ હતું, આકુળતા હતી, રાગ હતો, વિકાર હતો, વિભાવ હતો. આહાહા..! આ તો છ ઢાળામાં આવે છે. પણ એ કહે છે, ભાઈ! લોકો એમ કહે છે. એમ કે એ તો અભવિ માટે છે. અરે..! ભગવાન! એ તો બંધ અધિકારમાં આવે છે ને આપણે અભવિનો દાખલો? એમ કે એ અભવિને માટે છે. અરે..! ભગવાન! દાખલો.. ભાઈ! અભવિ જીવ પણ આવા મહાવ્રતના પરિણામ કરીને નવમી ગ્રૈવેયક ભોગ ભોગવે-દુઃખના. એમ કરીને વ્રતના વિકલ્પોને દુઃખરૂપ ઠરાવ્યા છે. આહાહા..!

ઉપદેશમાં પણ જે વિકલ્પ ઉઠે છે, ભાઈ! એ રાગ છે. સાંભળવામાં જે વિકલ્પ ઉઠે છે એ રાગ છે. આહાહા..! એ દુઃખ છે. રાગ છે એ દુઃખ છે, રાગ છે એ આકુળતા છે. આહાહા..! આગળ આવશે એમાં સમાધિશતકમાં. આ એમ કે બીજાને હું સમજાવું છું એવો વિકલ્પ છે એ પાગલ છે. એટલું ધર્મીને પણ વિકલ્પ એ પાગલપણું છે. આહાહા..! રાગ છે ને, ભાઈ! આહાહા..! ચાહે તો ઉપદેશનો હોય કે ચાહે તો શ્રવણનો હોય.

એથી તો કહ્યું છે ૭૪ ગાથામાં, કે શુભભાવ એ વર્તમાન દુઃખરૂપ છે. ૭૪માં. અને ભવિષ્યમાં દુઃખરૂપ છે. એટલે? એ શુભભાવથી એને પુણ્યબંધ થશે અને પુણ્યબંધથી એને કદાચિત વીતરાગની વાણી અને સમવસરણ મળશે. પણ તેના ઉપર લક્ષ જશે તો એને રાગ જ થાશે. આહાહા..! પરદ્રવ્ય તરફનો ઝુકાવ એ રાગ છે, એ દુઃખ છે. એ અજ્ઞાનીને ખબર પડતી નથી. જુઓને! કેવી વાત લીધી! શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિનો વર્તમાન

દુઃખરૂપ છે. અહીંયાં તો દુઃખરૂપ ઠરાવ્યો. સમકિતીને રાગ ઉઠે એ દુઃખરૂપ છે. આહાહા..!

ઓલા કહે છે ને ભગવાનની ભક્તિ (કરે), ત્યાં ક્યાં રાગ આવ્યો-દુઃખ આવ્યું? બાપા! તને ખબર નથી, ભાઈ! તારા સ્વભાવનો આશ્રય છોડી અને જેટલો પરનો આશ્રયે જાય એ બધી આકુળતા છે. સમજાણું કાંઈ? આહાહા..! શ્રીમદ્ે કહ્યું છે, એકાદને પણ ધર્મ પમાડવો એ તીર્થંકરગોત્રનું કારણ છે. એમ કહ્યું છે. પણ એમ કહીને કહ્યું છે કે એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાયક સ્વરૂપ પરમાત્મા, એમાં વિકલ્પનું ઉત્થાન થાય એ તો દુઃખરૂપ છે. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો એનો અર્થ થઈ ગયો નહિ?

મુમુક્ષુ :- દુઃખ જ રહ્યું.

ઉત્તર :- દુઃખ રહ્યું. આહાહા..! મિથ્યાદષ્ટિપણે એવા પંચ મહાવ્રત પાળ્યા, નગ્નપણા લીધા પણ એને સુખ ન મળ્યું. એ આતમદષ્ટિના અનુભવ વિના સુખ હોતું નથી. આ તો બધી ક્રિયાકાંડનો રાગ છે. આહાહા..! આકરી વાતું બહુ. તેથી લોકોને એવું લાગે છેને, સોનગઢ એકાંતવાદ. એમ નામ પડ્યું. ભગવાન! એ નામ રહેવા દે, ભાઈ!

મુમુક્ષુ :- એ ... હળવે હળવે...

ઉત્તર :- ... કહ્યું હતું એક ફેરી. એ નાનાભાઈ છોટાભાઈ છે. એકાંત છે પણ હવે આપણે સંપ એક રાખવો અને હળવે હળવે સુધરી જશે. અરે..! ભગવાન! આહાહા..!

કહે છે... છે ને? અંતરાત્મા. '**અથવા ચિત્ત અને દોષોમાં આત્મા માનવારૂપ ભ્રાન્તિ જેને જતી રહી છે તે (અન્તરાત્મા) છે.**' આહાહા..! ચિત્તનો વિકલ્પ એ મનનો વિકલ્પ છે ને? મનના સંબંધે થાય છે ને? વિકલ્પ ઉઠે એ મનના સંબંધે છે. એ કાંઈ આત્માના સંબંધે ન હોય. આહાહા..! એથી ચિત્તને વિકલ્પ ઠરાવ્યો છે. આહાહા..! એ બધા '**ચિત્ત અને દોષોમાં આત્મા માનવારૂપ ભ્રાન્તિ જેને જતી રહી છે તે (અન્તરાત્મા) છે.**' હવે પરમાત્મા કેવા હોય એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૮, શનિવાર તા. ૨૧-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૫, પ્રવચન - ૧૧**

ટીકાનો અર્થ ચાલે છે. '**પરમાત્મા** કેવા હોય છે?' પાઠ છે ને એટલો? '**परमात्माऽतिनिर्मलः**' મૂળ પાઠ પાંચમી ગાથા. પરમાત્મા '**અતિ નિર્મળ છે...**' નિર્મળ છે એટલે જરી પછી નાસ્તિનું (કહે છે). '**જેનો અશેષ (સમસ્ત) કર્મમલ નાશ પામ્યો છે...**' મળ કહેવો છે ને એટલે. કર્મમળ નાશ પામે છે. કર્મ નાશ પામતા નથી. આ તો કર્મમળ.

મુમુક્ષુ :- ભાવને પણ કહેવાય અને દ્રવ્યને કહેવાય...

ઉત્તર :- બેય. ભાવ ને કહે મૂળ તો, દ્રવ્ય તો .. એને શું કહે? આહાહા..!

'**ભાવાર્થ :- જે શરીરાદિ બાહ્ય પદાર્થોમાં...**' શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, વેપાર, ધંધો એ બધી પર ચીજ છે. એને હું કરું છું એમ માનનાર એ પરને જ પોતાનું માને છે. સમજાણું કાંઈ? એ '**તેને જ આત્મા માને છે-**' '**બાહ્ય પદાર્થોમાં આત્માની ભ્રાન્તિ કરે છે-**' ભગવાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ (છે). ખરેખર તો એની (પોતાની) પર્યાય થાય છે એનો એ આત્મદ્રવ્ય કર્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ? એને ઠેકાણે મારી હાજરીમાં આ બધી વ્યવસ્થા થાય છે... પોપટભાઈ! લાદીની ને બધી. આહાહા..! એ જગતના પદાર્થો છે. તેનો-તેની અવસ્થાનો કાળ છે તેથી તે પદાર્થમાં તે કાળમાં તે કાર્ય થાય છે. ..ભાઈ! આ .. ખુશી થઈ ગયા. ભાવપાહુડ છે. ભાવપાહુડ. એમ કે વૈરાગ્યનો .. ભાવપાહુડ.

મુમુક્ષુ :- કેવી રીતનું દુઃખ ભોગવે...

ઉત્તર :- કેટલા દુઃખનું વર્ણન. આહાહા..! એ છ ઢાળામાં છે પહેલામાં. આ તો આચાર્યના કથન છે ને? આહાહા..! ભાઈ! તેં એવા દુઃખ ભોગવ્યા છે. તારી માતા તું મરી ગયો એમાં જે રોઈ, એવી માતાઓમાં પાણી રોવાના ભેગા કરે (એના) અનંતા દરિયા ભરાય. ભાઈ! તેં એવા દુઃખ વેઠ્યા છે. ચૈતન્ય આનંદ સ્વરૂપ છે એનો આશ્રય લીધો નહિ. આહાહા..! બહાર તો અત્યારે ધમાલ ચાલે છે. લખાણમાં આવે છે... ઓહોહો..! અરે..! મારગડા જુદા પ્રભુ! એણે આત્માને... ત્યાં સુધી આવ્યું છે ને? કે તું દ્રવ્યલિંગી સાધુ એટલી વાર થયો કે કોઈ સ્થળ તારા દ્રવ્યલિંગીમાં જન્મ્યા અને મર્યા વિના રહ્યું નથી. દ્રવ્યલિંગી.

મુમુક્ષુ :- એવો તો અનંત વાર થયો.

ઉત્તર :- અનંત વાર. બાપુ!

મુમુક્ષુ :- કોઈ ક્ષેત્ર બાકી નથી રાખ્યું જ્યાં દ્રવ્યલિંગીપણે ન થયો હોય.

ઉત્તર :- .. એમ કે ક્યાંય બહારનું છોડ્યું .. તારી પુણ્ય પ્રકૃતિની .. છે. .. આહાહા..!

હે મુનિવર! હે મિત્ર! એમ કરીને કહે છે. આહાહા..! પોપટભાઈ! આવ્યું હતું ને સવારમાં? સુમનભાઈ તો બહુ ખુશ થયા. આજ તો ઓહોહો..! ગાથાએ ગાથાએ વૈરાગ્ય. આહાહા..! આ તો વસ્તુનું સ્વરૂપ પરથી ભિન્ન છે એટલે પરથી તો ઉદાસ જ હોય જીવ. સમજાણું કાંઈ? અરે..! પોતે કોણ છે અને કેવો છે એનું એને પ્રયોજન સિદ્ધિ ન કરી. બાકી બધી દુનિયામાં આ હાલે અને આ હાલે. દુનિયામાં કાંઈક ગણાવવા માટે કાંઈક લેખ આમાં લેખ લે અમારા. આહાહા..! ભાઈ! તારે બહાર પડીને ક્યાં જાવું છે? આહાહા..! પ્રભુ તો ચૈતન્યમૂર્તિ છે ને, નાથ! આહાહા..! એ તે રાગનો કર્તા થાય એ તો ક્યાંય રહી ગયો. એ તો સમયની પર્યાયનો પણ કર્તા નથી. કેમ કે ધ્રુવપણું તો એકરૂપ સદાય છે અને એની પર્યાય તો વિવિધ પ્રકારની એકવિધતા છોડી દઈને થાય છે. એ ધ્રુવથી થતી હોય તો તો એકધારા સરખી થવી જોઈએ. ન્યાય સમજાય છે? આહાહા..! સુમનભાઈ!

ફરીને. આ તો ઘણીવાર કહેવાઈ ગયું છે. આ આત્મા એની જે દશા થાય નિર્મળ હોં! એ પણ જો ગુણથી થતી હોય તો ગુણ તો ત્રિકાળ એકરૂપ છે. તેની દશા એકરૂપ સરખી થવી જોઈએ. આહાહા..! આ કેવળજ્ઞાન વખતે પણ છે એમાં પણ ફેર છે. એને ઉદયનો ફેર છે. એ આવે છે ને પરમાર્થ વચનિકામાં? પરમાર્થ વચનિકામાં આવે છે. કેવળીને પણ એક જાતનો ... આવે છે પરમાર્થ વચનિકામાં. આહાહા..! કેમ કે ઉદયની જાત તે ક્ષણે તે જ પ્રકારની થવાના કાળે તે થાય છે. એનો કર્તા તો આત્મા છે નહિ. કેમ કે એનું અસ્તિત્વ છે એ તો વિકારી છે. ભગવાન આત્માનું અસ્તિત્વ તો નિર્દોષ નિર્મળ છે. આહાહા..!

નિર્મળ ભગવાન આત્મા. ભલે અંતરાત્મા હો. આ તો પરમાત્માની વાત કરી નિર્મળ છે એ તો. આહાહા..! ભગવાન જ છે, ભાઈ! એવી ચીજમાંથી પર્યાયની વિવિધતા એક જાત નહિ, તો ગુણ અને દ્રવ્ય એક જાતરૂપ કાયમ છે, એનાથી જો દશા થાય પરમાર્થે... આહાહા..! તો એકસરખી થવી જોઈએ. ગુણ અને દ્રવ્ય તો સરખા ત્રિકાળ છે. આહાહા..! મહેન્દ્રભાઈ! આહાહા..! એથી એની પર્યાયનું પણ સ્વતંત્રપણું છે. આહાહા..! દ્રવ્યને આશ્રયે થવા છતાં, નિર્મળ (પર્યાયને) આશ્રય દ્રવ્યનો છે. છતાં મોક્ષમાર્ગની પર્યાય થોડી શુદ્ધિ, એથી વિશેષ શુદ્ધિ.. એથી વિશેષ શુદ્ધિ... દ્રવ્ય અને ગુણ જો ખરેખર કારણ હોય તો તો સરખા ... સમજાય છે કાંઈ? અહો..! એ આવશે, ને? પ્રવચનસારમાં. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. ૧૦૭. હવે આવશે. ત્રણ સત્ છે. મૂળ પાઠ છે.

મુમુક્ષુ :- સત્નો વિસ્તાર.

ઉત્તર :- એ સત્નો વિસ્તાર છે. આહાહા..! ૧૦૭મી ગાથા છે. ૧૦૭. દ્રવ્ય સત્,

ગુણ સત્, પર્યાય સત્. આહાહા..! સત્ પર્યાય છે એને સત્ બીજો કરે શી રીતે? છે એને બીજો કરે એ શી રીતે? આહાહા..! એ ચીજને જ.. આ શાસ્ત્રો બનાવવા, શાસ્ત્ર બન્યા, મારાથી કર્યા. આહાહા..! ભાઈ! ક્યાં પણ શાસ્ત્રની પરમાણુની ઉત્પત્તિની પર્યાયમાં તારી સત્તા પ્રવેશ કરી હતી ત્યાં? આહાહા..! અરે..! વાણીના રજકણ વાણી કાળે થાય, ભાઈ! તારા આત્માથી એ પરમાણુ ભાષાની આવે? એ ભાષાની પર્યાયનું અસ્તિત્વ તો તે સમયે તે પ્રકારના રજકણમાં ઉત્પન્ન થવાનો એનો કાળ છે તો થાય છે. આહાહા..! આકરી વાતું બહુ, ભાઈ! શું કરે? નિયત થઈ જાય. બાપુ! નિયત જ છે. વસ્તુ છે એ નિયત જ છે. દ્રવ્ય નિશ્ચય તો ગુણ નિશ્ચય અને પર્યાય નિશ્ચય. આહાહા..!

ચિદ્‌વિલાસમાં નાખ્યું છે. તે સમયે તેનો વિકાર થાય એનો આત્મા કર્તા શી રીતે હોય? કારણ કે સત્ છે એને હેતુ શો પરનો? આહાહા..! એમ એને અંતરમાં ભાવ બેસવો જોઈએ. ભગવાન આત્મા ધ્રુવ આનંદરૂપે સદૃશ્ય અને પર્યાયમાં વિસદૃશ્યતા છે. એક ઉપજે અને એક જાય, એક થાય અને એક જાય. અને આ તો છે તે છે અંદર. આહાહા..! સમજાણું કાંઈ? આ તો પરમ સર્વજ્ઞની વાતું છે, બાપુ! સાધારણ આ બધા દીક્ષા લઈને બેસે બિચારા. હેરાન છે. કોને દીક્ષા કહેવી, ભાઈ!

ચૈતન્યની જાતને, દ્રવ્ય-ગુણના તત્ત્વને પણ કેવડું છે? એને જેણે હજી દૃષ્ટિમાં લીધું નથી તો ત્યાં ઠરવું છે એવું ચારિત્ર તો ક્યાંથી હોય? આહાહા..! ભાઈ! તારો તિરસ્કાર કરવા માટે એ આમ નથી, ભાઈ! વસ્તુની સ્થિતિ આવી છે. સમજાણું કાંઈ? જે ભગવાન આત્મા એકરૂપ.. આવે છે ને સદૃશ્ય-વિસદૃશ્ય. આમાં આવે છે. સમયસાર, નહિ? વિરૂદ્ધ અને અવિરૂદ્ધ. વિરૂદ્ધ અવિરૂદ્ધ કાર્યથી ટકી રહ્યું છે જગત. એનો અર્થ પછી ધવલમાં કર્યો છે. ધવલમાં. કે પર્યાય તે વિસદૃશ્ય છે, ગુણ તે સદૃશ્ય છે. આહાહા..! પાઠ છે આવો. ઓહોહો..! વિસદૃશ્ય ધારા, વ્યય ઉત્પાદ.. વ્યય ઉત્પાદ.. વ્યય ઉત્પાદ એને સદૃશ્ય શું કરે? કહે છે. સમજાણું કાંઈ? તદ્દન જ્ઞાતા-દૃષ્ટા એવો ભગવાન, એની પર્યાયને પણ કરે એમ જો કહેવા જાવ તો મેળ નહિ ખાય. આહાહા..! એ પર્યાય પણ તે કાળે ધર્મની, ચારિત્રની, સમ્યગ્દર્શનની.. આહાહા..! સ્વતંત્ર છે. એ કાળે તે સ્વતંત્ર (થાય) છે. એનો કર્તા જો માનશો તો એનું એકરૂપ છે એની એકરૂપ દશા થવી જોઈએ. આ તો નીચલી દશામાં એક પર્યાયનું સ્વતંત્રપણું સિદ્ધ કરવા વાત છે. પછી પણ કેવળજ્ઞાનમાં પણ એમ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**જે શરીરાદિ બાહ્ય પદાર્થોમાં આત્માની ભ્રાન્તિ કરે છે–**' આહાહા..! હજી તો પર્યાયનો પણ કર્તા નથી એને ઠેકાણે એ રાગનો કર્તા અને રાગ મારો (માને)..

આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ મારો, એ વસ્તુમાં નથી એને બહિર્માં છે એને આત્મા માનવો એ બહિરાત્મા છે. આહાહા..! સીધી વાત છે, ભાઈ!

સવારમાં આવ્યું હતું કે ભાઈ! તારા મરણ વખતે તારી માએ.. એક જન્મની નહિ. અનેરી-અનેરી જનની.. આવ્યું હતું ને? સુમનભાઈ! એમાં આવ્યું હતું. અન્ય અન્ય માતા. આહાહા..! ભાઈ! તારા મરણકાળે એ તારી મા રોઈ છે, એના આંસુનો કોઈ .. ભેગા કરે તો અનંતા દરિયા ભરાય. અરેરે..! આવો ભવ! આહાહા..! સમજાણું કાંઈ? એ ભવને નાશ કરવાનો ઉપાય જો જાણ્યો નહિ તો આ તો ભવ .. વસ્તુ શું? એ તો અનાદિની છે. સમજાણું કાંઈ? સાધારણ માણસ સાથે મેળ ન ખાય, ભાઈ! મેળ ન ખાય એટલે કાંઈ વસ્તુ બીજી થઈ જાય?

કહે છે કે એ બાહ્ય પદાર્થ... આહાહા..! મેં શરીરને હલાવ્યું, હું વાણી બોલ્યો. આહાહા..! એ બાહ્ય પદાર્થમાં મારાથી કાંઈ થયું એ ભ્રાન્તિ છે તને. હુશિયાર, બધા હુશિયારી છે બધી. સુમનભાઈ! આ હુશિયાર માણસ છે. આઠ હજારનો પગાર. નહિ? છ હજારનો પગાર હતો. ત્યાં બેલ્જીયમ ગયા હતા. આપણને ક્યાં ખબર છે? લોકો વાતું કરે, કો'કની પાસે આટલું છે ને કો'કની પાસે આટલું છે. એઈ..! આહાહા..! .. મારા બા-બાપુજી અહીં રહે, મારા ગુરુ દેશમાં રહે, મારે ત્યાં જાવું પડે એવું છે. એવું સાંભળ્યું છે, હોં! આહાહા..!

ભાઈ! તું ક્યાં છો? તું રાગમાં છો? તું શરીરમાં છો? તું રાજકોટમાં છો? તું મુંબઈમાં છો? આહાહા..! ભાઈ! તું તો આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ તું એવો, ત્યાં તું છો. સમજાણું કાંઈ? એમ ન માનતા હું અહીં છું, આમાં છું અને આમાં છું એવી બાહ્ય ચીજોમાં પોતાપણું માનવું એ ભ્રાંતિ છે. આહાહા..! આ બહુ ટૂંકામાં ભાષા બિચારાએ કરી છે. અહીં સાંભળી ગયા હતા ને. છોટાલાલભાઈ ગુલાબચંદ. લખ્યું છે, સમાધિતંત્ર મહારાજ પાસે સાંભળ્યું એના સંસ્કાર છે. ... ત્યાં છે, મોઢા આગળ છે.

બાહ્ય પદાર્થ... પ્રભુ ચૈતન્યમાં તો આનંદ અને જ્ઞાનસ્વભાવ છે, એની સિવાય બાહ્ય પદાર્થોમાં ભ્રાંતિ, તેને આત્મા માને તે બહિરાત્મા છે. એ હવે વિસ્તાર કરશે. '**વિકલ્પો,...**' ચિત્તને કીધું હતુંને ચિત્ત ત્યાં? એ વિકલ્પ ઉઠે એ હું. આહાહા..! હવે અહીં તો મોટા પૈસાવાળા, બાઈડ્યુંવાળા, આબરૂવાળા. એય..! નૌતમભાઈ! શું કરવું આ?

મુમુક્ષુ :- શું કરવું, આપ ઉપાય બતાવો.

ઉત્તર :- એ તારી ચીજ નથી. તારી હોય એ જુદી કેમ રહે? અને તારી હોય એ વેગળી કેમ થાય? આહાહા..!

જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા, એને છોડીને આવી બાહ્ય ચીજોમાં ક્યાંય પણ અરે..!

બહાર પડું, બહાર ગણતરીમાં આવું એવી જે બુદ્ધિ એ પણ બાહ્યને પોતાની માને છે. આહાહા..! હું એવો થાઉં. દુનિયા મને કાંઈક ગણતરીમાં લે. અરે.. પ્રભુ! શું છે તારે?

મુમુક્ષુ :- કાંઈક નવું કરવું.

ઉત્તર :- નવું કરવું કાંઈક. આહાહા..! નવું આ નથી? જે અનાદિથી થયો નથી એવો હું ચૈતન્યમૂર્તિ છું. મારું સ્વરૂપ સ્વને આશ્રયે પ્રગટે છે. છે તો છે. પણ એ પ્રગટે છે પર્યાયમાં-અવસ્થામાં એ મારે આશ્રયે પ્રગટે છે. આહાહા..! વળી એક કોર આશ્રયે પ્રગટે અને એક કોર કહે, પર્યાયનો દ્રવ્ય કર્તા નહિ. આ તે કાંઈ ગજબ વાત છે ને! એ વાત તો અનેકાંત માર્ગ વીતરાગનો (એવો છે). આહાહા..!

એ ચિત્તના **'વિકલ્પો, રાગાદિ દોષો,...'** લ્યો, એ પુણ્ય-પાપના ભાવ એ દોષ છે, કહે છે. આહાહા..! **'અને ચૈતન્યસ્વરૂપ આત્માના વિષયમાં જેને ભ્રાન્તિ નથી,...'** સમજાણું? એ લેવું છે ને અહીં તો. એ જેને નથી **'અર્થાત્ જે વિકારને વિકારરૂપે અને આત્માને આત્મારૂપે-...'** આહા..! એ શુભભાવ છે એ પણ પરવસ્તુ છે, એ પુદ્ગલના પરિણામ છે એમ કહ્યું છે. એમાં નિર્મળ પર્યાય છે એને પરદ્રવ્ય કીધી છે. આહાહા..! નિયમસાર, ૫૦ (ગાથા). કેમ કે જે નવી પર્યાય પ્રગટે છે એ જેમ પરદ્રવ્યથી પ્રગટતી નથી, એમ નિર્મળ પર્યાયમાંથી નવી પ્રગટતી નથી એ હિસાબે (નિર્મળ પર્યાય) પરદ્રવ્ય છે. આહાહા..! દૃષ્ટિ દ્રવ્યમાં કરાવવા. આ પ્રયોજન છે, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! જેને એ ભ્રાંતિ નથી. વિકાર હોય છે પણ વિકારને વિકારરૂપે **'અને આત્માને આત્મારૂપે એકબીજાથી ભિન્ન સમજે છે.'** સમજાણું કાંઈ? તે **'અંતરાત્મા છે;...'** પેલું બહિરાત્માનું હતું, આ અંતરાત્મા. આહાહા..!

આવો આત્મા છે એવી તે દૃષ્ટિમાં અને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયરૂપે ન થાય ત્યાં સુધી એણે આત્મા માન્યો નથી. છે તો છે. પણ છેનો સ્વીકાર થાય તો એ છે તને. આહાહા..! એ છઠ્ઠીમાં કહ્યું ને? છઠ્ઠી ગાથા. એના ઉપર દૃષ્ટિ પડતાં... ત્યાં તો એટલું લીધું છે કે પરથી લક્ષ છોડતાં. રાગથી છોડતાં એમ નથી લીધું. કારણ કે રાગ તો છે. એ પરનું લક્ષ છોડતાં એ દૃષ્ટિ જાય છે દ્રવ્ય ઉપર. એ દ્રવ્યની જેણે સેવના કરી. એને માટે અસ્તિ જે શુદ્ધની હયાતી છે એને માટે હયાતી છે. હયાતીનો હયાતીભાવ દૃષ્ટિમાં ન આવે એને ક્યાં હયાતી છે? જે વસ્તુ છે, જે રીતે હયાતી છે એ રીતે દૃષ્ટિમાં આવ્યા વિના આ છે એમ આવ્યું ક્યાંથી? આહાહા..! માની લેવું છે? ધારી લેવું છે? સમજાણું કાંઈ? આવો માર્ગ, બાપુ! આહાહા..!

**'અંતરાત્મા છે;...'** તે અંતરાત્મા છે. વિકારને વિકાર તરીકે, જ્ઞાન વિકારમાં ગયા વિના,

જ્ઞાનમાં રાગનું જ્ઞાન આવે એ રાગમાં પેઠા વિના... આહાહા..! એ રાગનું જ્ઞાન થાય અહીં, એ જ્ઞાન દ્વારા જ્ઞાન થયું છે. રાગ દ્વારા રાગનું જ્ઞાન થયું છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો અનંત જન્મ, જરા, મરણના અંત લાવવાની વાત છે, ભાઈ! ખુશી થવું ને થોડા પુણ્ય કર્યા, કંઈક વ્રત પાળ્યા, ભાઈ! એ તો બધું મિથ્યા ભ્રાંતિમાં ભ્રમમાં પડીને પરિભ્રમણ કરવાના લક્ષણ છે એ તો. સમજાણું કાંઈ?

કહે છે, એ વિકારને વિકાર તરીકે જાણે એટલે શું? એ વિકારને વિકાર તરીકે જાણે અને આત્માને આત્મા તરીકે જાણે. આહાહા..! એનો અર્થ કે આત્માને આત્મા તરીકે જ્ઞાનમાં આવ્યું જ્ઞેય, ત્યારે રાગને રાગ તરીકેનું અસ્તિત્વ પોતાનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે એથી વિકારને વિકાર તરીકે જાણે છે એ પણ વ્યવહાર છે. વિકાર સંબંધીનું પોતાનું જે સ્વપરપ્રકાશક જ્ઞાન છે તેને એ જાણે છે. આવું ઝીણું બહુ, ભાઈ! માર્ગ એવો છે. નિર્વિકલ્પ સમાધિનો માર્ગ છે. સમાધિતંત્ર છે ને. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ સમાધિ છે, શાંતિ છે, નિર્વિકલ્પ દશા છે, વીતરાગી ધારા છે. આહાહા..! સમજાણું કાંઈ? બે વાત થઈ. બહિરાત્મા અને અંતરાત્મા.

**'જે રાગાદિ દોષોથી સર્વથા રહિત છે-'** ઓલામાં તો એમ કીધુંને. વિકાર છે, વિકારને જાણે છે. હવે આને વિકાર નથી. પરમાત્મા છેને ઉપર? **'રાગાદિ દોષોથી સર્વથા રહિત છે-અત્યંત નિર્મળ છે...'** પાઠ છે એ તો. **'અને સર્વજ્ઞ છે તે પરમાત્મા છે.'** આહાહા..! આ ત્રણની અવસ્થાનું વાસ્તવિક સ્વરૂપ આ છે. આહાહા..!

**'વિશેષ' :- 'બહિરાત્મા' 'જે શરીરાદિ (શરીર, વાણી, મન, વગેરે) અજીવ છે તેમાં જીવની કલ્પના કરે છે તથા જીવમાં અજીવની કલ્પના કરે છે,...'** મારા જીવમાં એ રાગ થયો એટલે હું રાગી છું. આહાહા..! માર્ગ બહુ ઝીણો, ભાઈ! મહાવ્રતના પરિણામ જે છે એ મારાથી થયા. વ્યવહારનયના શાસ્ત્રમાં તો એવું જ આવે. વ્યવહારનયના ગ્રંથમાં ચરણાનુયોગમાં (એમ આવે કે) મહાવ્રત પાળવા, અતિચાર ટાળવા, દોષ લાગે તો પ્રાયશ્ચિત લેવા. એવો વિકલ્પ વૃત્તિ હોય છે. આ મારી ભૂમિકાને યોગ્ય આ (વસ્તુ) નહિ. એ ભૂમિકા ભલે રહિ હોય. છઠ્ઠે ગુણસ્થાને, પાંચમે.. આ ભૂમિકામાં આવા વિકલ્પોની જાત ન હોય. વિકલ્પ પોતાના માનતો નથી. પણ આ દશામાં આવા જે દશાથી વિરૂદ્ધના વિકલ્પો ન હો, એમ જાણીને એનાથી પાછો ફરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'તથા જીવમાં અજીવની કલ્પના કરે છે, દુઃખદાયી રાગદ્વેષાદિક વિભાવ ભાવોને સુખદાયી સમજે છે,...'** આહાહા..! પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ એ દુઃખના દાતાર છે. દાયી છે ને? દાયી. દાતાર. આહાહા..! એને સુખદાતા માને છે. એક જણ

નહોતો અહીં આવ્યો? એ કહે, કષાય મંદ છે એટલી શાંતિ તો છે ને? સાંભળ્યું ન હોય ને. એક જણો નહોતો? ભીખુ કરીને. ઈ કહે, કષાય શુભભાવ છે એ વખતે શાંતિ તો છે. શુભભાવ છે બાપુ! એ તો આકુળતા છે.

મુમુક્ષુ :- એ મંદ આકુળતાને જ શાંતિ માને છે.

ઉત્તર :- હા, એને શાંતિ માને છે. આહાહા..!

શાંતિ તો કષાયના ભાવથી રહિત, જે આત્માનું અકષાય સ્વરૂપ જ છે. એટલે કે શાંત સ્વભાવ જ છે એટલે કે વીતરાગમૂર્તિ જ પ્રભુ છે. આહાહા..! એમાંથી વીતરાગતાનો અંશ જે આવે એનું નામ શાંતિ કહેવાય. રાગનો અંશ શાંતિ ક્યાં કહેવાય?

પુણ્ય અને પાપ આદિ વિભાવ. રાગાદિ શબ્દ છે ને? '**વિભાવ ભાવોને સુખદાયી સમજે છે,...**' આહાહા..! એ શુભભાવને સુખનો દાતા માને છે. અમે ભક્તિ કરીએ ભગવાનની, વ્રત પાળીએ તો એમાંથી સુખ મળે. બાહ્યનું આવું પાળીએ તો અંદરમાં જવાય. આમના (બહારના) વલણવાળી દશા અમને અંતરમાં વળવામાં મદદ કરે. એવા દુઃખદાયીને સુખદાયી માને છે. આહાહા..! દુઃખદાયીને સુખદાયી સમજે છે. આહાહા..! આ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? '**જ્ઞાન-વૈરાગ્યાદિ જે આત્માને હિતકારી છે તેને અહિતકારી જાણી...**' છ ઢાળામાં આવે છે. છ ઢાળામાં આવે છે. શું?

મુમુક્ષુ :- આતમ હિત હેતુ વિરાગ જ્ઞાન, તે લખે આપકું કષ્ટદાન.

ઉત્તર :- ઈ. ઈ છે આ. આહાહા..! મોઢે તો ઘણું આ પંડિતને હતું. પણ બધું ગોટાળાવાળું. આહાહા..! મોઢે કરે, કંઠસ્થ કરે એ વસ્તુ ક્યાં છે? આહાહા..! પરલક્ષી અગિયાર અંગનું જ્ઞાન પણ અહિતકર છે. કેમ કે એ અગિયાર અંગનું (ભણ્યા) છતાં સુખ તો ન આવ્યું. એટલે મિથ્યાત્વ રહ્યું અને દુઃખ રહ્યું. આહાહા..! સમજાણું કાંઈ? લોકોને એમ લાગે, એકાંત... એકાંત... એકાંત છે. સમ્યક્ એકાંત જ છે. અનેકાંત પણ સમ્યક્ એકાંત છે. ત્યારે અનેકાંતનું સાચું જ્ઞાન થાય છે. આહાહા..!

કહે છે, '**જ્ઞાન-વૈરાગ્યાદિ...**' અંતરનું જ્ઞાન કરવું એને અહિતકારી માને છે. '**વૈરાગ્યાદિ...**' એટલે રાગ રહિત દશાના... '**જે આત્માને હિતકારી છે તેને અહિતકારી જાણે...**' છે. એટલે કે તેને પ્રગટ કરવાની ભાવના નથી. એટલે અહિતકારી જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**તેને અહિતકારી જાણી તેમાં અરુચિ યા દ્વેષ કરે છે,...**' માણસ નથી કહેતા? કે ભાઈ, ચારિત્ર તો મીણના દાંતે લોઢાના ચણા ચાવવા, બાપુ! ચારિત્ર એવું છે. એ તો ચારિત્રને દુઃખદાયી માન્યું. સમજાણું કાંઈ? મીણના દાંતે લોઢાના ચણા ચાવવા એવું ચારિત્ર. અરે..! બાપુ! એ ચારિત્ર નહિ, ભાઈ! તેં ચારિત્રને ગાળ દીધી. ચારિત્ર તો સ્વરૂપમાં આનંદ

આપે. સ્વરૂપમાં રમણતા અને અતીન્દ્રિય આનંદ આપે એ ચારિત્ર છે. આહાહા..! કહે છે, એની ઉપર અરુચિ અને દ્વેષ કરે. આ મિથ્યાદષ્ટિ છે. આહાહા..!

'**શુભ કર્મફલને સારાં...**' એક પાનું તો મોટું ભર્યું છે, નહિ? ૨૦૦ ગાથાનું સમયસાર. મોટું પાનું ભર્યું છે. ૨૦૦ ગાથા. '**શુભ કર્મફલને સારાં...**' શુભ કર્મફળ. પૈસાના ઢગલા થાય, મકાનો સોંઘા મળે, પાંચ લાખનું મકાન પચાસ હજારમાં મળે. એઈ..! એને પૈસા જોઈતા હોય અને એટલું બધું કોઈ દેનાર ન હોય. પછી શેઠિયાને બોલાવીને કહે, બાપુ! આમાંથી આટલું આપો. કેટલો આપણને લાભ થયો. જુઓ! પાંચ લાખનું કહ્યું અને પચાસ હજારમાં આપે છે. એમાં શું થયું? તને લાભ શું થયો? નુકસાન થયું, ભ્રમણા થઈ તને. આહાહા..!

'**અને અશુભ કર્મફલને બૂરાં માની...**' અશુભ કર્મફળ. નિંદા કોઈ કરતું હોય, શરીરમાં રોગ હોય, વાંઢાપણું હોય, વાંઝિયાપણું હોય. અરે..! આ તો .. આહાહા..! છે? એ '**અશુભ કર્મફલને બૂરાં માની તે પ્રત્યે રાગ-દ્વેષ કરે છે, શરીરનો જન્મ થતાં પોતાનો જન્મ...**' માને. આહાહા..! જન્મ જયંતિ ઉજવો. કોનો જન્મ? ભાઈ! સમજાણું કાંઈ? વાત તો એ છે. જન્મ જયંતિ ઉજવે તો રાજી થાય, આહા..! મારો જન્મદિન. તું જન્મ્યો છો? એય..! આહાહા..! '**શરીરનો જન્મ થતાં પોતાનો જન્મ...**' માની અને રાજી થાય. એ જયંતિ ઉજવે તો ખુશી થાય. આહાહા..!

મુમુક્ષુ :- જયંતિ ઉજવે તો નારાજ થાય?

ઉત્તર :- એને શું છે, એ તો જગતના ભાવ છે, જેમ કરવું હોય તેમ કરે. જન્મ ક્યાં હતો તારો? આત્મા કે દિ' જન્મે? શરીરના જન્મને તું પોતાનો જન્મ માનીને એની પ્રશંસા કરનારને તું રાજી થા એનાથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! કાંઈક આવડ્યું અને જગતને કાંઈક ખ્યાલમાં આવ્યું, તો કહે, ઉજવો જન્મ જયંતિ. શેની જન્મ જયંતિ? આહાહા..! જન્મ તો જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સૃષ્ટિ ઉભી કરી.. આહાહા..! એ જન્મને પોતે પ્રશંસે છે. બીજો જાણે, ન જાણે એની સાથે શું? સમજાણું કાંઈ? એને નાના નાના એવા ભાવમાં શલ્ય રહી ગયું છે. સમજાણું કાંઈ?

'**અને તેનો નાશ થતાં પોતાનો નાશ માને છે...**' હવે હું અહીં રહેવાનો નથી, હોં! હવે મારી સ્થિતિ પૂરી થઈ ગઈ. એ તો શરીરની સ્થિતિ પૂરી થઈ. તારી ક્યાંથી થઈ? દેહની સ્થિતિ પૂરી થઈ. દેહની સ્થિતિ પૂરી (થઈ), એમાં હું પૂરો થઈ ગયો હવે. આહાહા..! એ બધી ભ્રાંતિ છે. '**તે મિથ્યાદષ્ટિ બહિરાત્મા છે.**'

'**વળી આ શરીરાદિ જડ પદાર્થો પ્રગટપણે આત્માથી જુદા છે, તે કોઈ પદાર્થો**

**આત્માના નથી-આત્માથી પર (ભિન્ન) જ છે,...'** સાદી ભાષામાં બહુ સાદુ .. '**છતાં તેને પોતાના માનવા, તેમજ શરીરની બોલવા-ચાલવા વગેરેની ક્રિયા...'** લ્યો ઠીક! હું બોલું, હું ચાલું, મારી ગતિ હાથી જેવી છે, ફલાણાની ગતિ ગધેડા જેવી છે. અરે..! એ તો જડની ક્રિયા ગતિ તો બહારની. આહાહા..! એ હું કરું છું. લ્યો, શાસ્ત્રમાં એવું આવે કે સાધુએ ઈર્યાસમિતિમાં સામે જીવ દેખાય તો પગને ઊંચો કરી લેવો. ઈર્યાસમિતિની વાત બહુ આવે. અહીં કહે કે હું ઊંચો કરું છું એમ માને એ મિથ્યાત્વ છે. આહાહા..! ભાઈ! માર્ગ વીતરાગનો સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ ડહોળાઈ ગયો અત્યારે બહુ. વાડામાં તો કાંઈ ગંધ પણ રહી નથી તત્ત્વની. ગંધ રહી નથી એનો વાંધો નહિ પણ ઊલટી દશાઓ. કાંઈ ભાન નહિ આત્મા કોણ, દેવ કોણ, ગુરુ કોણ. આ દીક્ષા લઈને થઈ ગયા સાધુ.

કહે છે, '**આત્માથી પર (ભિન્ન) જ છે, છતાં તેને પોતાના માનવા, તેમજ શરીરની બોલવા-ચાલવા વગેરેની ક્રિયા હું કરું છું, મને તેનાથી લાભ-અલાભ થાય છે;...'** શરીર બરાબર ચાલે તો મને લાભ થાય, શરીર બરાબર ઠીક ન હોય તો મને નુકસાન થાય. આહાહા..! સમય સમયની પર્યાયમાં ભૂલ ક્યાં છે એની, એ કહે છે. સમય સમયમાં ભિન્ન ચીજને પોતાનાથી માનવી... આહાહા..! એ તો મિથ્યાત્વભાવ છે. બહિરાત્મા છે. અહીં તો આત્માથી પર છે છતાં તેને પોતાના માનવા, શરીરની બોલવાની (ક્રિયા મારી), '**આ શરીર મારું, હું પુરુષ,...'** લ્યો! હું આદમી છું. મિથ્યાત્વભાવ છે. '**હું પુરુષ, હું સ્ત્રી, હું રાજા, હું રંક,...'** છું. ભાઈ! અમે તો ગરીબ માણસ કહેવાઈએ. અમે તો કો'કની મજૂરી કરીને રોટલા ખાઈએ છીએ. બાપા! રંકપણું એ તું છો? આહાહા..! '**હું રાગી,...'** એ શુભભાવવાળો હું અને એ મારા. અહં અને મમ. શુભરાગ તે મારા અને હું એનો. આહાહા..! તો પછી આ બાપ-દીકરાને ક્યાં રહ્યા? એઈ..!

મુમુક્ષુ :- જગતના સ્વતંત્ર પદાર્થમાં બાપ-દીકરો, મા-બાપ ક્યાં રહ્યા?

ઉત્તર :- શિષ્ય-ગુરુ પણ ક્યાં છે? જીવને વળી આ શિષ્ય અને આ ગુરુ એવું છે એમાં? આહાહા..! વ્યવહારની એ ઝંઝાળુમાં ક્યાંક ક્યાંક સલવાઈ જાય. આહાહા..! કાંટાના ગળીયામાં સર્પ ગરે ને, કાંટાના ગળીયા સમજો છો? દસ-વીસ મણનું હોય ને.. એમાં સર્પ ક્યાંક આવીને જો એમાં ગર્યો... આહાહા..! ચારે કોર કાંટા વાગે. લોહી નીકળે. બહાર જાય તો કીડીઓ હજારો ચોંટે. એમ આ જગતમાંથી પર વસ્તુને પોતાની માને એ મિથ્યાત્વમાં ગયો અને એને આકુળતાનું વેદન છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! કોની નોકરી કરે કોણ?

'**હું રંક, હું રાગી, હું દ્વેષી, હું ધોળો,...'** મારું શરીર ગોરું છે, એ ગોરો તે હું. આહાહા..! ગોરો ને કાળો તે તો જડની દશા છે. હું કોમળ છું, મારી કાઠી નબળી છે

પહેલેથી. આ કાઠી એટલે શરીર. આહાહા..! ભાઈ! તેં ક્યાં માન્યો તને? આમાં નાખ્યું છે ને? શરીર આનું જીર્ણ છે ને. શબ્દકોષ એટલું ટૂંકું કર્યું છે કે ઓહોહો..! ભગવાનના શરીરમાં જેમ ઉપશમ રસના પરમાણુ હતા એવા બધા શાંત રસના પરમાણુ અહીં ભેગા થયા. ક્યાંનું ક્યાં લગાવે? આહાહા..! ભક્તામરમાં નથી આવતું? જેટલા શાંત પરમાણુ હતા એ બધા ભગવાનના શરીરમાં આવ્યા. એ પરમાણુને અને આત્માને શું સંબંધ?

'**હું કાળો-એમ બાહ્ય પદાર્થોથી પોતાના આત્માને ભિન્ન નહિ જાણતો તે પર પદાર્થોને જ આત્મા માને છે...**' આહાહા..! '**અને મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જીવ અજીવાદિ તત્ત્વોના સ્વરૂપમાં ભ્રાન્તિથી પ્રવર્તે છે...**' શરીરનો સદ્‌ઉપયોગ કરવો, ભાઈ! જુવાની છે એના શરીરમાંથી માલ કાઢવો અપવાસ કરીને. કસ કસ કાઢવો. શું કસ કાઢવો? ત્યાં કસ છે? કસ તો આત્મામાં છે.

મુમુક્ષુ :- શરીરનો કસ આત્મામાં આવે?

ઉત્તર :- કહે છે માણસો. શરીર મજબૂત હોય તો અપવાસ કરીને ગાળવું. શરીર પાતળું પડે તો આત્માને ધર્મનો નિર્જરાનો લાભ થાય અપવાસથી. અહીં કહે કે એ બધી મૂર્ખાઈ છે માન્યતા તારી. આહાહા..!

'**એમ બાહ્ય પદાર્થોથી પોતાના આત્માને ભિન્ન નહિ જાણતો તે પર પદાર્થોને જ આત્મા માને છે અને મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જીવ અજીવાદિ તત્ત્વોના સ્વરૂપમાં ભ્રાન્તિથી પ્રવર્તે છે તે જીવ બહિરાત્મા છે.**' '**પર પદાર્થોમાં આત્મભ્રાન્તિને લીધે આ અજ્ઞાની જીવ વિષયોની ચાહરૂપ દાવાનલમાં રાત-દિન જલતો રહે છે,...**' આહાહા..! વિષયની મીઠાશ છે જેને મૂઢને. આહાહા..! સમજાણું કાંઈ? સુંદર ગોરી સ્ત્રી અને મધુર ભાષા કરે ત્યારે આ વિષયમાં કેટલી મજા છે? મૂઢ છો, બાપુ! એ પરમાં સુખની કલ્પના તેં કરી, ભગવાન આનંદનો નાથ તેની તેં હિંસા કરી છે. સમજાણું કાંઈ? એની તો ખબર નથી અને પછી કહે, અમે છીએ સમકિતી. ઠીક ભાઈ! કોણ ના પાડે છે.

'**અજ્ઞાની જીવ વિષયોની ચાહરૂપ...**' જુઓ! ચાહ છેને એને ચાહના? આબરૂની ચાહના, પોતાના શરીરની સુંદરતા બતાવવાની ચાહના, બીજાની સુંદરતા જોવાની ચાહના... આહાહા..! એ '**દાવાનલમાં રાત-દિન જલતો રહે છે,...**' આહાહા..! છ ખંડના રાજ હો, છન્નું હજાર સ્ત્રી હો પણ એની પરપદાર્થની ચાહ છે મિથ્યાદૃષ્ટિને. આહાહા..! એ બધા સુખના સાધન છે. (એમ માને) એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. ચાહે તો સાધુ જૈનનો થયો હોય તો પણ એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. સમજાણું?

'**આત્મશાંતિ ખોઈ બેસે છે,...**' પરમાં સુખની ચાહનાથી આત્માની શાંતિનો નાશ

થાય છે. સમજાણું કાંઈ? **'અતીન્દ્રિય ચૈતન્ય આત્માને ભૂલી બાહ્ય ઈન્દ્રિય વિષયોમાં મૂર્છાઈ જાય છે અને આકુલતા રહિત મોક્ષ-સુખની પ્રાપ્તિ માટે કોઈ પ્રયત્ન કરતો નથી.'** આહાહા..! કહો, પોપટભાઈ! આહાહા..! શું કહેવાય એ? વડોદરાની નહિ? ભૂલવણી. મહેંદીની ભૂલવણી. વડોદરા. મહેંદીમાં ગરવું કરે, પણ પછી નીકળવું (ક્યાં) કાંઈ ખબર ન પડે. પછી એનો માણસ હોય એને પૈસા આપવા પડે કે ચાર આના, આઠ આના. બાપુ! આમાં નીકળવું ક્યાંથી અમારે? (સંવત) ૧૯૬૩ની વાત છે. અફીણનો કેસ ચાલતો હતો ને. ખોટો.. ખોટો તદ્દન. સવા મહિના ચાલ્યો ત્યાં જોવા જતાં. ઓલાએ કહ્યું, રૂપિયો આપો. અમે કીધું, આઠ આના (આપીએ). ... અફીણવાળાની સાથે અમારે શું કામ? એમાં વાંધા ઉઠ્યા અને સાતસોનો ખર્ચ. અને છ મહિના સલવાણા. ત્યાં એક ફેરી ગયા જોવા ગયા. મહેંદીની ભૂલવણી છે ને. ગર્યા ખરા, નીકળવું ક્યાંથી? ..આમ.. આમ... આમ.. ઓલા માણસને કહ્યું. બાપુ! ક્યાંથી આ રસ્તો છે? એ અહીંથી આમ નીકળો ત્યાં નીકળાશે. આહાહા..! એમ ભૂલવણીના રસ્તે ચડી ગયો છે અનાદિ. સમજાણું કાંઈ? એ પરમાત્મા બતાવે છે નીકળવાનું. આ રસ્તે નીકળ, બાપુ! એ .. આડા અવળા.. આડા અવળા... મહેંદીમાં. આટલા આટલા.. પાછા કૂદીને નીકળાય નહિ એટલા ઊંચા હોય. આહાહા..! આ એક ભૂલવણી છે, કહે છે.

બાહ્ય ઈન્દ્રિયના વિષયોમાં, શબ્દમાં, રૂપમાં, રસમાં, ગંધમાં.. આહાહા..! શબ્દથી મને જ્ઞાન થાય, પરથી મને લાભ થાય એ બધી પરના વિષયમાં મૂર્છાઈ ગયો છે. **'અને આકુલતા રહિત મોક્ષ-સુખની પ્રાપ્તિ માટે કોઈ પ્રયત્ન કરતો નથી.'**

**'અંતરાત્મા' 'ચૈતન્ય લક્ષણવાળો જીવ છે...'** એ તો જાણનાર... જાણનાર... જાણનાર... એવા લક્ષણથી લક્ષ થઈ શકે છે. એવી એ ચીજ છે. કોઈપણ ગુરુથી, દેવથી કે વિકલ્પથી આત્મા જણાય એવો નથી. આહાહા..! પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જણાય એવો, પ્રત્યક્ષ જ્ઞાતા છે એને બીજી રીતે માને તે ભ્રમણા છે. આહાહા..! સમજાણું કાંઈ? **'તેનાથી વિપરીત લક્ષણવાળો અજીવ છે; આત્માનો સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા છે, અમૂર્તિક છે...'** એમાં કોઈ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. આહાહા..! **'અને શરીરાદિક પર દ્રવ્ય છે, પુદ્‌ગલ પિંડરૂપ છે, જડ છે, વિનાશક છે; તે મારાં નથી અને હું તેનો નથી- એવું ભેદજ્ઞાન કરનાર સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા છે.'** આહાહા..! સમજાણું કાંઈ?

**'એવું ભેદજ્ઞાન કરનાર...'** એટલે કે જેમ છે તેમ જુદાઈ જાણનાર. આહાહા..! **'સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા છે.'** બસ, ત્યારે આટલું જાણે ત્યાં અંતરાત્મા થઈ ગયો? કાંઈ વ્રત પાળ્યા નહિ, અપવાસ કર્યા નહિ. આહાહા..! ભાઈ! હજી તો એ ઉપરાંત પાંચમું ગુણસ્થાન આવે એ સ્વરૂપ અને શાંતિનો આશ્રય વધી જાય એને એમાં વ્રતના વિકલ્પ હોય. તે પણ બંધનું

કારણ છે. આહાહા..! તને ક્યાંથી આવી ગયા વ્રતના વિકલ્પ? આહાહા..! જેની શાંતિ, સર્વાર્થસિદ્ધના દેવ સમકિતી એનાથી જેની શાંતિ અંદર વધી જાય. આહાહા..! એને પાંચમું ગુણસ્થાન કહીએ અને એને બાર વ્રતના આસ્રવના એ જાતના વિકલ્પ હોય. અને શ્રાવકના છ કર્તવ્ય કીધા છે ને? દિન દિન પ્રત્યે. દેવદર્શન, ગુરુ સેવા, દાન, તપ, સંયમ એ જાતનો એવો વિકલ્પ આવે છે એ ભૂમિકાએ એવું જણાવ્યું છે. સમજાણું કાંઈ? એ કર્તવ્ય તરીકે છે એમ વ્યવહારનયના લક્ષણમાં એમ આવે. નિશ્ચયથી એને કર્તવ્ય છે મારું એમ માને... આહાહા..! તો એને ભેદજ્ઞાન નથી. આ તો ભેદજ્ઞાન કરનાર સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા છે. આહાહા..!

'**વળી તે જાણે છે કે,...**' ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ '**હું દેહથી ભિન્ન છું, દેહાદિક મારા નથી. મારો તો એક જ્ઞાન-દર્શન લક્ષણરૂપ શાશ્વત આત્મા જ છે,...**' લ્યો દેખો! પર્યાયનો અંશ પણ ન લીધો અહીં. માનનાર પર્યાય છે. પણ એનું લક્ષ જે છે એ પૂર્ણ શાશ્વત છે. આહાહા..! સમજાણું કાંઈ? આ આવો ધર્મ કેવો? સોનગઢવાળાએ નવો કાઢ્યો છે? ભગવાન! નવો નથી. ભગવાને કહેલો આ માર્ગ છે. તેં સાંભળ્યો ન હોય માટે નવો થઈ ગયો? મિંદડીના બચ્ચાને સાત દિ' ફેરવે અને ૪૯ દિવસ થાય ત્યારે આંખ્યું (ખોલે).. ઓહોહો..! આ જગત છે? પણ તારી આંખ્યું નહોતી ત્યારે પણ જગત હતું. તને આંખ્યુંમાં આવ્યું ત્યારે એમ થયું (કે) આ જગત છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ જ્યાં આંખ ખોલી અંદરમાં.. ઓહો..! આવો આત્મા! એવો અનાદિથી છે. તને જ્યારે દૃષ્ટિમાં આવ્યો ત્યારે તને (ખબર પડી), આ આત્મા! આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**બાકીના સંયોગ લક્ષણવાળા (વ્યાવહારિક ભાવો) જે કોઈ ભાવો છે તે બધાય મારાથી ભિન્ન છે; આત્માના આશ્રયે જે જ્ઞાન-વૈરાગ્યરૂપ ભાવ પ્રગટે છે તે સંવર-નિર્જરા-મોક્ષનું કારણ હોઈ મને હિતરૂપ છે...**' ભાષા શું છે? '**આત્માના આશ્રયે...**' કોઈ ક્રિયાકાંડ કરી અને દયા પાળી એ સંવર-નિર્જરા નહિ. આહાહા..! '**આત્માને આશ્રયે...**' તો આત્મા કેવો છે એ જાણ્યો હોય એને આશ્રયે. આહાહા..! '**જે જ્ઞાન-વૈરાગ્યરૂપ ભાવ પ્રગટે છે...**' પર્યાય કહેવી છેને અહીં તો? '**તે સંવર-નિર્જરા-મોક્ષનું કારણ હોઈ...**' તે સંવર અને નિર્જરા મોક્ષનું કારણ હોઈ '**મને હિતરૂપ છે અને બાહ્ય પદાર્થોને આશ્રયે જે...**' બે આશ્રય લીધા, જોયું? એની વાત આવશે વિશેષ....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૮, રવિવાર તા. ૨૨-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૫, ૬. પ્રવચન - ૧૨**

છેલ્લી લીટી બે છે. 'આ રીતે જીવાદિ તત્ત્વોને જેમ છે તેમ જાણીને...' એટલે શું કહ્યું? કે આ આત્મા જે શુદ્ધ ચૈતન્યઘન (છે) એને આશ્રયે થતો ભાવ એ સંવર-નિર્જરા અને મોક્ષનું કારણ છે. બહુ ટૂંકુ. ચૈતન્ય જ્ઞાનાનંદ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય. એ આવ્યું હતું. '**આત્માના આશ્રયે જે જ્ઞાન-વૈરાગ્યરૂપ ભાવ પ્રગટે છે તે સંવર-નિર્જરા-મોક્ષનું કારણ હોઈ મને હિતરૂપ છે...**' આ એણે નક્કી કરવું જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? આત્માને આશ્રયે... ૧૧મી ગાથાનું લીધું છે. જેમાં આત્માનું અવલંબન હોય, જેમાં ભગવાન પૂર્ણાનંદ જેની પર્યાયમાં સમીપ વર્તતો હોય અથવા જેના આશ્રયે વસ્તુ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ ધ્રુવ, એને આશ્રયે પ્રગટેલી જ્ઞાન અને ચારિત્ર દશા કે સમ્યક્, એ સંવર-નિર્જરા અને મોક્ષનું કારણ છે.

'**બાહ્ય પદાર્થોને આશ્રયે જે રાગાદિ ભાવો થાય છે...**' ચાહે તો તીર્થંકર હો કે એની વાણી હો કે શાસ્ત્ર હો, એનું વાંચન આદિ બાહ્ય પદાર્થને આશ્રયે થતાં રાગાદિ ભાવ એ બંધનું કારણ છે. એ શાસ્ત્રને વાંચીને, ભણીને એનો આ આશય નીકળવો જોઈએ. એનું તત્ત્વ અને સાર તો આ છે. આહાહા..! જે ચૈતન્ય સ્વરૂપ પૂર્ણ વસ્તુ સ્વભાવ, એને આશ્રયે પ્રગટેલી દશા એ મોક્ષનું કારણ છે. અને બાહ્ય આત્મા સિવાય શાસ્ત્ર, દેવ, ગુરુ આ તો ઊંચા નિમિત્ત લીધા છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર એ તો પર છે, એને આશ્રયે થતો ભાવ એ વિકાર છે અને દેવ-ગુરુ ને શાસ્ત્રને આશ્રયે થતો પણ રાગ છે. આહાહા..!

એ રાગ '**આસ્રવ-બંધરૂપ હોઈ સંસારનું કારણ છે,...**' આહાહા..! સમજાણું કાંઈ? '**મને તે અહિતરૂપ છે.**' આહાહા..! ભગવાન સર્વજ્ઞ, ગુરુ અને શાસ્ત્ર એને આશ્રયે થતો રાગ એ મને અહિતરૂપ છે. આ અંતરની વસ્તુમાંથી નિર્ણય આવવો જોઈએ. આહાહા..! ભણતર ઓછું હો, એની સાથે કાંઈ (સંબંધ નથી). ચૈતન્યનો આશ્રય અને પરનો આશ્રય- બે વાત. આહાહા..! ચૈતન્ય વસ્તુ જે અનંત ગુણનો પિંડ છે આત્મા, એને આશ્રયે-એને અવલંબે-એ સત્ય વસ્તુ મહાપ્રભુ એને આશ્રયે-એના અવલંબે જે દશા વીતરાગી પર્યાય પ્રગટે. એને આશ્રયે રાગ પર્યાય ન પ્રગટે. આહાહા..! અને બાહ્ય પદાર્થ ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો કે સમ્મેદશિખર હો કે શેત્રુંજય હો. આહાહા..! 'એકવાર વંદે જો કોઈ...' આવે છે ને સમ્મેદશિખરમાં? નરક, પશુ ન હોય. એવો એક ભવ નરક પશુ ન હોય, (એમાં શું છે?)

ભગવાન સર્વજ્ઞ હો કે એનું સમવસરણ હો કે એની વાણી હો, પણ એ બાહ્ય પદાર્થ છે. એને આશ્રયે થતો ભાવ આસ્રવ છે, બંધનું કારણ છે. આહાહા..! આખું જૈનદર્શનનું દોહન આ છે. પછી ગમે ઈ ભણે. મગનભાઈ! આહાહા..! ભગવાન આત્મા જેની પર્યાયમાં સમીપપણે આવે એનો અર્થ કે પર્યાય ત્યાં સમીપપણે જાય. આહાહા..! એને સમીપે છે ને એમ કહ્યું. ... નિયમસારમાં. જેની પર્યાયમાં ભગવાન સમીપમાં વર્તે છે. આહાહા..!

લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.
છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ધ્યાઓ.

આહાહા..! આ વાત ન હોય અને બીજી બહારની કરોડો, અબજો ખર્ચે આ જંબુદ્વીપ અને અઢી દ્વીપ રંગે. રંગે શું કહેવાય? કોતરે. એ લાખ વાત છે, એને આશ્રયે તો રાગ થાય. હો, ભલે. પણ એ આસ્રવ છે, બંધરૂપ છે, કેમ કે અબંધ સ્વરૂપી ભગવાન આત્મા આત્મા તો '**अबद्धपुट्ठं**'. એ તો રાગથી બંધાયેલો નથી, એમાં દ્રવ્ય અને રાગ ક્યાં આવતા હતા? એવું જે વસ્તુનું સ્વરૂપ, એના આશ્રયથી ધર્મ થાય અને પર પદાર્થના આશ્રયે રાગ થાય. બીજી ભાષાથી (કહીએ તો). મગનભાઈ! પરપદાર્થને આશ્રયે અધર્મ થાય. નવનીતભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- રાગ થાય કે અધર્મ થાય બેય એક જ છે.

ઉત્તર :- એક જ કહેવાય. પેલી ચોખ્ખી વાત કહી. આહાહા..! આખું તત્ત્વનું સ્વરૂપ જ આ છે. એને કોઈ બીજી રીતે કહે કે પરદ્રવ્યને આશ્રયે થતો ભાવ આત્માને ધર્મનું કારણ થાય (એ વિપરીતતા છે). જે સંસારનું કારણ છે એ ધર્મનું કારણ ક્યાંથી થાય? સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

જોયું! ટૂંકામાં નાખ્યું છે. '**આત્માના આશ્રયે જે જ્ઞાન-વૈરાગ્યરૂપ...**' વૈરાગ્ય એટલે ચારિત્ર '**ભાવ પ્રગટે છે તે સંવર-નિર્જરા-મોક્ષનું કારણ હોઈ મને હિતરૂપ છે અને બાહ્ય પદાર્થોને આશ્રયે...**' બાહ્યમાં કોણ રહ્યું? આત્મા સિવાય બધા બાહ્ય. આહાહા..! સ્ત્રી-કુટુંબને આશ્રયે, આ ધંધાને આશ્રયે ભાવ થાય એ કેવો હશે? સંસારનું કારણ છે. અહિતરૂપ છે. આહાહા..! જગતની અનુકૂળતા કરવા માટે મથે છે. છે તદ્દન પ્રતિકૂળ રખડવાનો રસ્તો. આહાહા..! પોપટભાઈ! બાહ્ય પદાર્થને રાજી રાખવા કે બાહ્ય પદાર્થ મને રાજીપણું આપે, અનુકૂળતા (મળે), એવી જે બધી.. શું કહેવાય વ્યાકરણ?

મુમુક્ષુ :- લાલાપેઠા.

ઉત્તર :- લાલા પેઠા. બીજાઓની સાથે વાત કરતા પણ જાણે બીજા મારાથી રાજી થાય...

મુમુક્ષુ :- લાલોપતો.

ઉત્તર :- લાલોપતો. લોલુપત એ જુદી ભાષા.

મુમુક્ષુ :- લાલા ચોપડી કહતે હૈં.

ઉત્તર :- હા એ લાલા ચોપડી તમારે કહે છે. આપણે અહીં લાલાપોત કહે છે. આહાહા..! પ્રભુ! તું દુનિયાને રાજી રાખવા અને દુનિયાથી રાજી થવા જેટલો ભાગ એટલું બધું બંધનું દુઃખનું કારણ છે. આહાહા..! અને જેટલો ભગવાનને રાજી રાખવા જા અંદરમાં... આહાહા..! એટલું આત્માને સુખનું કારણ છે. શ્રીમદ્‌માં એક પત્ર આવે છે શરૂઆતમાં. જગતને રાજી રાખવા.. શરૂઆતમાં, નહિ?

મુમુક્ષુ :- લવથવ કરે.

ઉત્તર :- લવથવ, હોં વધારે. લવથવ. એટલે લવવું અને થવવું. એટલે બીજાને મોટપ બતાવવી, કરવી અને બીજાથી મોટપ લેવી તે લવથવ છે. લવથવ કહે છે લોકો. સમજાણું કાંઈ? લવથવની વ્યાખ્યા એવી છે કે બીજા સાથે વાત કરતાં એને મોટપ દેવી અને એનાથી પોતાને મોટપ લેવી. આહાહા..! પોપટભાઈ! આવું છે. આહાહા..! શ્રીમદ્‌માં એક પત્ર આવે છે. બીજાને રાજી રાખવા માટે અનંત વાર પ્રયત્ન કર્યો. જગત મને ઠીક રાખે અને એને ઠીક હું રાખું. આહાહા..! એ જૂઠાભાઈ ઉપર છે. જૂઠાભાઈ નહિ, અમદાવાદ? ૨૦-૨૧ (મો પત્રાંક).

‘**જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે.**’ આહાહા..! ‘**એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છું;...**’ એક ભવ આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે. આહાહા..! આ તો શરૂઆતની વાત છે. આત્માનું ભલું થાય. તો ક્યારે? કે પોતે આનંદનો નાથ પૂર્ણાનંદ સ્વરૂપ, એનો આશ્રય લે તો કલ્યાણ એટલે રૂડું થાય. રાજેન્દ્ર! આહાહા..! સમજાણું કાંઈ?

‘**બાહ્ય પદાર્થોને આશ્રયે...**’ આહાહા..! પણ એમાં તો કહ્યું છેને-ધવલમાં તો કે ‘જિનબિંબ દેખીને નિદ્ધત અને નિકાચિત કર્મ નાશ થાય છે.’ લ્યો! એ તો જાણે કે ઓહોહો..! વીતરાગમૂર્તિ શાંત બેઠા છે. એવી વીતરાગમૂર્તિ હું છું, જિનબિંબ હું છું. આહાહા..! જેની નજરું જિનબિંબ ઉપર પડે એ જિનબિંબ આ. પણ ધવલનું આ ક્વોટેશન આપે. જુઓ! ભગવાનના દર્શનથી જિનબિંબથી પણ નિદ્ધત અને નિકાચિત કર્મનો નાશ થાય અને મોક્ષ થાય છે. આહાહા..! ભાઈ! એ જિનબિંબ એ નહિ. અકષાય સ્વભાવનું સ્વરૂપ એ જિનબિંબ આત્મા છે. એને

આશ્રયે હિતરૂપ થાય. આહાહા..! બાકી ત્રણ લોકનો નાથ સર્વજ્ઞ એમ કહે છે કે મારી સામું જોયે તને રાગ થાશે. ભાઈ! તે સંસારનું કારણ છે. આહાહા..! આ વીતરાગની વાણી જુઓ! હું પણ તારાની અપેક્ષાએ બાહ્ય છું. અંદરમાં નથી. આહાહા..! એવા બાહ્ય પદાર્થોના આશ્રયે તને રાગ થશે. આહાહા..! અમારા ગુરુને આશ્રયે, વીતરાગી સંતોને આશ્રયે રાગ થશે. તીર્થંકર કહે છે, અમે છદ્મસ્થ હોઈએ અને અમને આહાર દેવાનો ભાવ આવે, આહાહા..! તો રાગ થાશે, ભાઈ!

એ (સંવત) ૧૯૭૭માં ચર્ચા થઈ હતી, ગોંડલ. તમારા વેવાઈ પોપટ જાદવજી. એના દિકરા વેરે આમની બહેન આપ્યા છે ને? રામજીભાઈના. પોપટ જાદવજી. ... મોઢા આગળ. એની સાથે વાત થઈ હતી કે આમાં આમ આવ્યું છેને શાસ્ત્રમાં કે રેવતીને ત્યાં આહાર વહોરવા ગયા.. ભગવતીમાં પાઠ છે. ભગવાનને રોગ થયો. આહાહા..! ... ભગવાનને રોગ થયો. પીડા... પીડા... પીડા. અરે..! ભગવાનને રોગ ન હોય, ભાઈ! ભગવાનને તો રોગ ન હોય પણ એના શરીરને ન હોય. સમજાણું કાંઈ? ભગવાન જેમાં તીર્થંકરનો આત્મા (રહે), એ તો જન્મથી એને પરમ ઔદારિક શરીર હોય. એનો ડાબલો જ જુદો હોય. કેસર કોથળે ન રખાય. એને જોઈએ કાચના અને પિત્તળના ડબ્બા. એમ ત્રણ લોકનો નાથ તીર્થંકર જે થવાનો છે હજી તો, હોં! એ જન્મે ત્યારથી એનું શરીર પરમ ઔદારિક હોય. આહાહા..! એ કહે છે કે અમને પણ છદ્મસ્થ વખતે આહાર દેવાનો તને ભાવ થાય એ શુભભાવ છે, હોં! ભાઈ! આહાહા..! નવરંગભાઈ! આમ કોણ કહે? વીતરાગ સ્વભાવી આત્મા એમ કહે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો હિત અને અહિતની બે વાતું છે. આહાહા..! ગજબ વાત!

**'બાહ્ય પદાર્થોને આશ્રયે...'** દેવજીભાઈ! આ મંદિર બનાવ્યું તમે તો શું છે? કહે છે, એને આશ્રયે ભાવ શુભ થાય. એમ કહે છે. ભારે ભાઈ! એ અહિતરૂપ છે. આવે, વીતરાગ પૂર્ણ હોય એને એવો ભાવ આવે, પણ છે તો અહિતરૂપ. આહાહા..! પોતામાંથી ખસીને પરનો આશ્રય લે ત્યાં તો આંગણામાંથી પણ નીકળી ગયો એ તો. આહાહા..! આવી વાત મૂળ સમજ્યા વિના ગમે તેટલા ભાષણો, વ્યાખ્યાનો આપે, એમાં કાંઈ મૂળ ચીજ વીતરાગની આવી નથી. સમજાણું કાંઈ? ગળે ઉતરવું કઠણ પડે. માર્ગ તો આવો છે, ભાઈ! **'બાહ્ય પદાર્થોને આશ્રયે જે રાગાદિ...'** પુણ્ય ભાવ આદિ થાય તે **'આસ્રવ-બંધરૂપ હોઈ સંસારનું કારણ છે,...'** આહાહા..! ભાઈ, ભગવાનનો માર્ગ અનેકાંત છે. અનેકાંતની વ્યાખ્યા શું? કે ભગવાનની પૂજાથી, દાનથી પણ ધર્મ થાય અને આત્માના આશ્રયે ધર્મ થાય. (એમ) અનેકાંત માર્ગ છે? અરે..! આત્માને આશ્રયે થાય અને પરને આશ્રયે ધર્મ ન થાય. એમ

અનેકાંત છે. સમજાણું કાંઈ? આ તો ભાઈ, મૂળ માર્ગ છે, બાપુ! આહાહા..! ચૈતન્ય હીરલો મહાપ્રભુ, એનો આશ્રય છોડીને બહારમાં જા છો. આહાહા..! એ વૃત્તિને વ્યભિચારી કીધી છે. નિર્જરા અધિકાર. ૨૦૩ ગાથા. નહિ? આહાહા..! ભારે વાત, ભાઈ! વ્યભિચારી. આહાહા..! સંયોગી ભાવ છે એ, સ્વભાવિક ભાવ નથી.

**'આ રીતે જીવાદિ તત્ત્વોને જેમ છે તેમ જાણીને...'** આ રીતે. સમજાણું કાંઈ? **'આ રીતે જીવાદિ તત્ત્વોને...'** હિત અને અહિત એવા તત્ત્વો. એમ કીધું ને? સ્વને આશ્રયે હિતરૂપ ભાવ, પરને આશ્રયે અહિતરૂપ ભાવ. એ રીતે તત્ત્વોને જાણીને. આહાહા..! આ પાણીનું ગળવું તો ક્યાંય રહી ગયું નહિ? નવનીતભાઈ! (સંવત) ૨૦૦૫ની સાલ થઈ ગઈને. આ તો ૨૬ વર્ષ થઈ ગયા. .. ગયા. આહાહા..!

**'આ રીતે જીવાદિ...'** સ્વને આશ્રયે થતી નિર્જરા, પરને આશ્રયે થતાં આસ્રવ અને બંધ એ **'જેમ છે તેમ જાણીને...'** જ્ઞાન કરીને અંદર. **'તેની સાચી પ્રતીતિ કરી...'** એટલે જાણીને પ્રતીતિ લીધી છે. ૧૭-૧૮માં એમ છે ને? ૧૭-૧૮ ગાથામાં. પહેલું જ્ઞાન કરે. આ આ છે એમ જાણ્યા વિના પ્રતીત કોની? આહાહા..! **'જીવાદિ તત્ત્વોને...'** આવી ગયુંને બધું? જીવતત્ત્વ એનો આશ્રય કરીને થતો સંવર, નિર્જરા, મોક્ષ. બાહ્ય પદાર્થ-અજીવ કે જીવ બીજા ગમે તે. એને આશ્રયે થતો આસ્રવ અને બંધ એ સંસારનું કારણ છે. આહાહા..!

**'સાચી પ્રતીતિ કરીને જે પોતાના જ્ઞાનાનંદ-સ્વરૂપ...'** આ અંતરાત્માની વ્યાખ્યા ચાલે છે, ધર્મી આવો હોય. આહાહા..! **'પોતાના જ્ઞાનાનંદ-સ્વરૂપ આત્મામાં...'** એમ કહીને એમ કહ્યું કે આત્મા એટલે શું? કે જ્ઞાનાનંદ સ્વરૂપ. આહાહા..! જ્ઞાન એટલે સમજણ અને આનંદ અતીન્દ્રિય. એ જ્ઞાનાનંદ સ્વરૂપ **'આત્મામાં જ અંતર્મુખ થઈને વર્તે છે તે અંતરાત્મા છે.'** સમજાણું કાંઈ? આ તો સાદી ભાષા છે. આ કાંઈ બહુ એવી નથી. આહાહા..!

**'અંતરાત્માના ત્રણ ભેદ છે-'** હવે એના પાછા ત્રણ ભેદ પાડ્યા. ધર્માત્માના. **'ઉત્તમ અંતરાત્મા, મધ્યમ અંતરાત્મા અને જઘન્ય અંતરાત્મા.'** સ્વનો આશ્રય લઈને પ્રગટેલી ધર્મ દશા હજી પૂર્ણ થયો નથી. એવા અંતરાત્માના ત્રણ પ્રકાર. ઉત્તમ, મધ્યમ અને જઘન્ય. **'અંતરંગ-બહિરંગ પરિગ્રહોથી રહિત...'** છેલ્લા બારમા ગુણસ્થાનની વાત છે. ઉત્તમ છે ને? **'અંતરંગ-બહિરંગ પરિગ્રહોથી રહિત...'** બાહ્યનો સંયોગ વસ્ત્રાદિ નહિ, અંદરનો સંયોગ રાગાદિ નહિ. **'શુદ્ધોપયોગી આત્મધ્યાની...'** શુદ્ધ ઉપયોગી વીતરાગી પરિણતિવાળો **'આત્મધ્યાની દિગંબર મુનિ ઉત્તમ અંતરાત્મા છે. આ મહાત્મા...'** ઉત્કૃષ્ટ લેવું છે ને? **'સોળ કષાયોના અભાવ દ્વારા ક્ષીણમોહ પદવીને પ્રાપ્ત કરીને સ્થિત છે.'** આહાહા..! બારમા ગુણસ્થાનમાં ઉત્કૃષ્ટ અંતરાત્મા લીધો. હજી અંતરાત્મા છેને એ? બારમું-વીતરાગ દશા.

ઉત્તમ અંતરાત્મા.

'**ચોથા ગુણસ્થાનવર્તી વ્રતરહિત સમ્યગ્દૃષ્ટિ આત્મા...**' સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળો. વ્રતરહિત '**સમ્યગ્દૃષ્ટિ આત્મા જઘન્ય અંતરાત્મા કહેવાય છે.**' નીચલી દરજ્જાનો અંતરાત્મા કહેવાય છે. કેમ કે આત્માનો આશ્રય લીધો છે પણ હજી કષાય બાકી છે. અને અહીં આશ્રય લીધો અને પૂર્ણ કષાયરહિત થઈ ગયો-ઉત્કૃષ્ટ ઉત્તમ આત્મા આહાહ..! '**આ બેની (જઘન્ય અંતરાત્મા અને ઉત્તમ અંતરાત્માની) મધ્યમાં રહેલા સર્વે...**' પાંચમા ગુણસ્થાનવાળા મધ્યમ અંતરાત્માથી તે અગિયારમા ગુણસ્થાન (સુધી). સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનથી જઘન્ય અંતરાત્મા કહેવાય. '**આ બેની મધ્યમાં રહેલા સર્વે મધ્યમ અંતરાત્મા છે,...**' આહાહા..! '**અર્થાત્ પાંચમાથી અગિયારમા ગુણસ્થાનવર્તી...**' ગુણસ્થાનવર્તી-ગુણસ્થાનમાં વર્તનારા. આહાહા..! જેને આત્માનો આનંદ ચોથા ગુણસ્થાનવાળા સર્વાર્થસિદ્ધના દેવને અવિરત સમ્યગ્દૃષ્ટિ થઈ ગયો અને જેને પાંચમું ગુણસ્થાન અંતરમાં પ્રગટ થયું છે. આહાહા..! એને આનંદની ધારા વિશેષ થઈ ગઈ છે. શાંતિ ચોથા કરતા સર્વાર્થસિદ્ધના એકાવતારી દેવ ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જનારા, એના કરતાં પણ જેને અંતરમાં આનંદની છોળ... આહાહા..! અકષાયભાવ, બીજા નંબરનો કષાયભાવ ટળીને જેને એવી શાંતિ... શાંતિ... શાંતિ.. ઉપશમ રસ જેને વધી ગયો છે ચોથા કરતાં, એને મધ્યમ અંતરાત્મા કહીએ. કહો, સમજાણું કાંઈ?

'**પરમાત્મા**' કોને કહીએ હવે? મુનિ પણ છઠ્ઠે ગુણસ્થાને મધ્યમ અંતરાત્મામાં આવ્યા. સાચા મુનિ. આહાહા..! જેણે આત્માનું અવલંબન લઈ અને બે કષાયનો નાશ કર્યો છે એ મધ્યમ પાંચમા ગુણસ્થાનવાળા. જેણે ભગવાન આત્માનો આશ્રય લઈ, પરમ શુદ્ધોપયોગી થઈ... આહાહા..! એ આવે છે પ્રવચનસારમાં. પહેલી પાંચ ગાથામાં. પરમ શુદ્ધોપયોગી. આહાહા..! એ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. આહાહા..! એને મધ્યમ અંતરાત્મા કહીએ. અરે..! સાતમા ગુણસ્થાનથી બારમા અપ્રમત્ત દશામાં રહેલા. જેનો દ્રવ્યસ્વભાવ જોતાં જે પર્યાયનો જેમાં નિષેધ થાય છે. પહેલેથી છઠ્ઠા સુધી, સાતમા સુધી .. પહેલેથી છઠ્ઠા સુધી પ્રમત્ત, સાતમાથી ચૌદ સુધી અપ્રમત્ત.

'**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**'. જેને અપ્રમત્ત અને પ્રમત્ત દશા નથી, એવો ભગવાન જ્ઞાયકસ્વભાવ, જેમાં કેવળજ્ઞાનની પર્યાય નથી. આહાહા..! વસ્તુ જે દૃષ્ટિ-સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શન જે ધર્મની શરૂઆત જઘન્ય અંતરાત્મા એનો વિષય જે છે એ તો વસ્તુ છે. એ વસ્તુમાં અપ્રમત્ત કે પ્રમત્ત દશા નથી. આહાહા..! સમજાણું કાંઈ? સાચી પ્રમત્ત-અપ્રમત્તદશા, હોં! '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' જ્ઞાયકભાવ

હોં! ભાવ લીધો છે ને? એ ભાવવાનનો ભાવ લીધો છે. જ્ઞાયકભાવ, ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ. જે સમ્યગ્દર્શનનો આશ્રય છે, વિષય છે, ધ્યેય છે. એ ચીજ જે છે એને આત્મા કહીએ. એ આત્મામાં પ્રમત્ત-અપ્રમત્ત દશાઓ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઓહો..! બાપુ! મારગડા આવા છે, ભાઈ! લોકો એમ કહે છે, તમે કોઈને માનતા નથી. અરે.. બાપુ! પંચ પરમેષ્ઠીને નથી માનતા? અને તમને શંકા શું કરવા પડે છે? પંચ પરમેષ્ઠીને માને એમાં હો તો તમે એમાં આવી જાવ છો અને ન હો તો બહાર રહી જાવ છો.

મુમુક્ષુ :- એમાં હોય ..

ઉત્તર :- હોય તો છે કહેવાય ને? આહાહા..! બાપુ! તિરસ્કાર માટે નથી. ભાઈ! એ વસ્તુનું સ્વરૂપ છે. એ વસ્તુના સ્વરૂપનું જે તમે માનો છો એવું સ્વરૂપ ન હોય તો એ માન્યતા કરવી એ પોતાને માટે છે, એ કાંઈ પરને માટે નથી. આહાહા..! જે સત્યના પડખે આવીને વાત હોય તે વાત એની છે. સમજાણું કાંઈ? સત્યને પડખે આવ્યો નથી અને માની બેઠો છે કે અમે સાધુ છીએ, શ્રાવક છીએ. માનો બાપુ! લાભ નહિ થાય, ભાઈ! એ ભવના બોજા નહિ ટળે. સમજાણું કાંઈ? ભવનો બોજો. આહાહા..! નિગોદમાં એક અંતર્મુહૂર્તમાં એક શ્વાસમાં અઢાર ભવ. ગજબ વાત છે ને! આહાહા..! નિગોદના જીવ એક શ્વાસમાં અઢાર ભવ કરે. આહાહા..! એમ કહીને એમ કહે છે..

આ બાયડ્યું હોય છે ને? સાડલા ઘણી જાતના રાખે. શું કહેવાય ઈ? શું કહેવાય તમારું એ? ટ્રંક-ટ્રંક. ભૂલી જવાય. જુદી જુદી જાતના કપડા પહેરે. જોયું છે? દિશાએ જાય ત્યારે જુદું, ક્યાંક ચાર વાગે રોવા જાય તો જુદું. એવું છે ને? ગામમાં જાવું હોય તો જુદું. કેટલી જાતના રાખે ટ્રંકમાં. નંબર.. નંબર... નંબર... નંબર... નંબર.. એમ આ રાજાઓ મોટા કેટલી જાતના જોડા રાખે. ભાવસિંહજીને ૩૫ જોડ નીકળી હતી મરી ગયા ત્યારે. બીજું કહેવું છે અમારે. કે જેમાં જેની પ્રીતિ છે એ બદલાવ્યા જ કરે. આ કરું... આ કરું... આ કરું... આ કરું...

એમ નિગોદના જીવને ભવનો પ્રેમ છે. આહાહા..! અંતરમુહૂર્તમાં ફેરવ્યા કરે છે. સમજાણું કાંઈ? આદમીને એવા થોડા ફેરવે. આદમી એવા હોય છે. સવારના કપડા જુદા, સાંજના જુદા, સુવાના જુદા. રાજા હોય એને સુવાના જુદા હોય, બહારના જુદા હોય. એ બધી જાત હોય. આને બાયડ્યુંને એવું હોય. ભાત પાડેલી અહીં જવાય, ઢીકણું હોય તો આમ જવાય, ઓલામાં તો સાદા હોય. ભિન્ન-ભિન્ન.. આહાહા..! એનો અર્થ એ છે કે એને એના ઉપર પ્રેમ છે. અને પ્રેમ છે તેથી એને બદલાવી બદલાવીને સારો કેમ દેખાઉં? એમ ભવભ્રમણમાં એક શ્વાસમાં અઢાર ભવ (કરે છે). આહાહા..! બાપુ! વાત નથી. એને ભવનો પ્રેમ છે

અવ્યક્તપણે. એને એમ નથી કે હું ભવ બદલાવું છું. પણ ભવના ભાવનો મિથ્યાત્વનો પ્રેમ છે ને? એ મિથ્યાત્વમાં અનંત ભવ કરવાની તાકાત છે. એક શ્વાસોશ્વાસ હોં! એમાં અઢાર ભવ. શું એ વાત છે! આહાહા..! સર્વજ્ઞ ભગવાન પરમાત્માએ જોયું અને કહ્યું છે ઈ.

કહે છે કે એ બધા ભવોની તાકાત મિથ્યાત્વમાં છે. જેને મિથ્યાત્વનો રસ છે એ ભવ કર્યા જ કરશે. અને જેણે એ રસ તોડ્યો છે... આહાહા..! જેમાં ભવ અને ભવનો ભાવ નથી એવો જે ભગવાન, ભવ અને ભવનો ભાવ નથી એવો જે ભગવાન આત્મા, એનો આશ્રય લેશે એને ભવ નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? બાકી બધી .. આમ કર્યા, આને સમજાવ્યા, અમે આવું કરાવ્યું, અમે લાખો ખર્ચાવ્યા, મોટા ૨૬-૨૬ લાખના બંગલા કર્યા, માટે એમાંથી કાંઈક ધર્મ થાય એ વાતમાં જરીએ માલ નથી. એઈ..! સમજાણું કાંઈ? અમે પાઠશાળાઓ ઘણી કાઢી. શું કહેવાય? શિક્ષણ શિબિર કાઢી. એઈ..! એ બધો વિકલ્પ છે. એ વિકલ્પ તો આસ્રવ છે, અહિતનું કારણ છે. આ તે વાત, બાપા! આહાહા..! ચંદુભાઈ! આવી વાત છે, ભાઈ!

કહે છે કે એ અંતરાત્મા પાંચમાથી તે અગિયાર સુધી. આહાહા..! મુનિને તો શુદ્ધોપયોગી જ કહ્યા છે. માથે શુદ્ધોપયોગી જે કહ્યા તે સોળ કષાયના અભાવવાળાને. ઉત્કૃષ્ટ આત્મા લેવો છે ને અંતરાત્મા. એટલે. બાકી મુનિને પ્રવચનસારની પાંચ ગાથામાં પરમશુદ્ધોપયોગી (કહ્યા છે). આહાહા..! એ પંચ મહાવ્રતનો પાળનાર અને નગ્ન એમ શબ્દ લીધા નથી. એ કાંઈ વસ્તુ નથી. આહાહા..! નગ્નપણું તો તિર્યંચને પણ છે. એમ આવે છે ને? અષ્ટપાહુડમાં આવે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, આવે છે. તિર્યંચપણું છે એને. ભાવપાહુડમાં બહુ આવ્યું છે. ભાઈ ગયા? પ્રવિણભાઈ ગયા. નહિ? પ્રવિણભાઈ બહુ ખુશી હતા. ભાવપાહુડ લઈ ગયા છે ત્યાં? આહાહા..! એમાં જિન ભાવના બહુ આવી હતી. આવી હતીને ભાઈ? જિન ભાવના વિના એટલે કે વસ્તુ વીતરાગસ્વરૂપ છે તેની ભાવના વિના. આહાહા..! ભાઈ! ભાવ જિન સ્વરૂપની ભાવના વિના અનંતી વાર દ્રવ્યલિંગો લીધા અને પંચ મહાવ્રત પાળ્યા. પણ એ તો બધો બાહ્ય પદાર્થના આશ્રયનો ભાવ છે. આહાહા..! અરે..! આ આંતરો ક્યારે સમજે? આ દીક્ષા લે છે ને ઉપરાઉપર. બાપુ! દીક્ષા કોને કહેવી, ભાઈ! તને ખબર નથી. હજી તો મિથ્યાત્વમાં કેટલા ઊંડા પડ્યા છે એની એને ખબર નથી. આહાહા..!

કહે છે કે પંચમ ગુણસ્થાનથી છઠ્ઠે આવ્યા. અંતરાત્મા છે, મધ્યમ અંતરાત્મા છે. આહાહા..! અંતર સ્વરૂપ છે એને અહીં પકડ્યું છે. પૂર્ણાનંદના નાથને જેણે દૃષ્ટિમાં લીધો છે. જેણે

વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પૂર્ણાનંદ સ્વરૂપને જ્ઞેય બનાવ્યું છે. આહાહા..! અને જે પૂર્ણાનંદના સ્વરૂપમાં શુદ્ધોપયોગી રમે છે એને મધ્યમ અંતરાત્મા કહેવામાં આવે છે. આહાહા..! આવું એનું સ્વરૂપ જ છે, હવે એમાં કરવું શું? અને આ તો એમ કહે, નહિ. અમને માનો. બાપા! તમને માનીએ? બાપા! તમને માનીએ તો તમે કોણ છો અને ક્યાં છો એ તમને ખબર નથી? આહાહા..! અહીં તો ત્યાં સુધીને અંતરાત્મા કહ્યા.

હવે પરમાત્મા. '**જેમણે અનંતજ્ઞાન-દર્શનાદિરૂપ ચૈતન્ય શક્તિઓનો...**' ભારે ભાષા કરી છે. અનંત જ્ઞાન દર્શનરૂપી જે શક્તિઓ છે, ગુણ છે, સ્વભાવ ભગવાન આત્માનો એ સ્વભાવ છે. આહાહા..! એનો '**પૂર્ણપણે વિકાસ કરી...**' પૂર્ણપણે વિકાસ કરી. જ્ઞાનાવરણીયનો નાશ કરી એમ ન લેતા, આ શક્તિઓનો પૂર્ણ વિકાસ કરી. અસ્તિથી લીધું છે ને. ક્યાંક ક્યાંક નાસ્તિ આવે ભલે પણ એ કાંઈ જ્ઞાનાવરણીયનો નાશ થતાં વિકાસ થાય છે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આવે વ્યવહારના ગ્રંથમાં. વ્યવહારના કથન ઘણાં હોય. એથી કહ્યુંને કે વ્યવહારનય એક દ્રવ્યમાં બીજા દ્રવ્યની વાત કરશે. એક ભાવમાં બીજા ભાવને મેળવશે. કારણ કો'ક અને કાર્ય કો'ક એમ કહેશે. એમ માન્યતા કરશો તો મિથ્યાત્વ છે. આહાહા..! ત્યારે વ્યવહારનય ભગવાને નથી કીધો? પણ વ્યવહારનય છે એટલું. પણ વ્યવહારનય આશ્રય કરવા લાયક છે એમ ક્યાં આવ્યું ત્યાં? વ્યવહારનય છે એટલું એણે જાણવું જોઈએ. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો વ્યવહારનયનો વિષય સંસાર નથી? બંધ નથી? આસ્રવ નથી? વસ્તુ છે. તેથી શું? અરે..! એની નિર્મળ પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે. વસ્તુ છે તે નિશ્ચયનયનો વિષય છે. આહા..! આનંદ અને શાંતિ પ્રગટી ચોથે, પાંચમે, છઠ્ઠે એ પણ વ્યવહાર છે. એ આત્મવ્યવહાર છે. અને રાગાદિ દયા, દાનને પોતાના માનીને રહેવું એ મનુષ્યનો સંસારિક વ્યવહાર છે. મનુષ્ય વ્યવહાર કહ્યો છે. પ્રવચનસાર-૯૪. આહાહા..! ભગવાન ભૂલાની ખડકી. અમારે છે ને આત્મારામની? એમના બાપ-દાદા .. ભગવાન ભૂલા. એમ આ ભગવાન ભૂલ્યો છે. એની ખડકીએ ચડી ગયો. રાગની અને પર્યાયના આશ્રયની ને આની.. આની.. આની... આહાહા..!

મુમુક્ષુ :- .. આત્મારામ થઈ ગયો.

ઉત્તર :- આત્મારામ ભગવાન ભૂલામાં રહે છે ને. આ તો કુટુંબ તરીકે છે. આહાહા..! આતમરામ.. એ રાગની ક્રિયા અને આ ક્રિયા.. આ ક્રિયા.. આ ક્રિયા.. એ હું કરું છું

અને એ મને લાભદાયક છે, એ ભગવાન ભુલાની ખડકીએ, ભૂલની ખડકીએ ચડી ગયો છે. સમજાણું કાંઈ?

પરમાત્મા તો આને કહીએ કે પૂર્ણપણે વિકાસ કરી સર્વજ્ઞ (પદ) પ્રાપ્ત કર્યું છે. આહાહા..! છે ને? સર્વજ્ઞપદ. 'તે **પરમાત્મા છે.' 'પરમાત્માના બે પ્રકાર છે–'** ઓલા અંતરાત્માના ત્રણ પ્રકાર હતા. '**સકલ પરમાત્મા..**' સકલ-કલ એટલે શરીર, શરીરસહિત પરમાત્મા અરિહંત પરમાત્મા. '**નિકલ પરમાત્મા.**' શરીરરહિત પરમાત્મા સિદ્ધ પરમાત્મા. '**અરહંત પરમાત્મા તે સકલ પરમાત્મા છે અને સિદ્ધ પરમાત્મા છે તે નિકલ પરમાત્મા છે, તેઓ કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયથી સહિત છે.**' બેય પણ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ જેની દશામાં પૂર્ણ પવિત્રતા પ્રગટ થઈ ગઈ છે એને પરમાત્મા કહેવામાં આવે છે. કોઈ જગતનો કર્તા છે, જગતને તારવા અવતાર લે ને એ પરમાત્મા છે એમ નથી. સમજાણું કાંઈ?

'**અરહંત પરમાત્માને ચાર અઘાતિ કર્મો બાકી છે. તેનો ક્ષણે ક્ષણે ક્ષય થતો જાય છે.**' ક્ષય થતો જાય છે હોં! કરે તો નહિ. '**તેમને બહારમાં સમવસરણાદિ દિવ્ય વૈભવ હોય છે.**' તીર્થંકરની .. વાત છે. '**સમવસરણાદિ દિવ્ય વૈભવ હોય છે. તેમને ઈચ્છા વિના ભવ્ય જીવોને કલ્યાણરૂપ દિવ્યધ્વનિ છૂટે છે.**' ઈચ્છા વિના ૐ ધ્વનિ ભવ્ય જીવોને કલ્યાણરૂપ (છૂટે છે). ભાષા તો એમ કહેવાય ને. કોઈ કહે કે વાણીનો આશ્રય લે તો વિકલ્પ થાય. એ બતાવીને એ બતાવે છે અંદર ઈ કે અમારું પણ લક્ષ છોડીને તારું લક્ષ કર તો તારું કલ્યાણ થાય. એવી વાણી સાંભળવાની. સમજાય છે કાંઈ? આ વાત બેસવી ખરેખર...

મુમુક્ષુ :- એ તો જે બેસાડવા માગે એને બેસે.

ઉત્તર :- બરાબર બેસે. એ તો વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં. આહાહા..! વસ્તુ પોતે જ પોકાર કરે છે. એમાં પરના કહેનારા ગમે તેવા હોય એની સાથે સંબંધ શું છે?

'**તેમને ઈચ્છા વિના ભવ્ય જીવોને કલ્યાણરૂપ દિવ્યધ્વનિ...**' જોયું! '**તેઓ પરમ હિતોપદેશક છે.**' હિતના ઉપદેશ કરનારા છે. લ્યો, એ કેવળી પાછા હિતના ઉપદેશ કરનારા છે. નિમિત્તપણે વાણી છે ને એટલે હિતના ઉપદેશ કરનારા કહેવાય. આહાહા..! તે પણ પરમ હિતોપદેશક. આત્માનું કલ્યાણ કેમ થાય? મોક્ષ કેમ થાય? એવા પરમ હિતના ઉપદેશક છે. આહાહા..! સંસારદશાનો વ્યય, મોક્ષદશાનો ઉત્પાદ (થાય) એવો ભગવાનનો ઉપદેશ છે.

'**પરમ ઔદારિક શરીરના સંયોગસહિત હોવાથી...**' પરમ ઔદારિક શરીર હોય છે કેવળીને. તીર્થંકરને તો જન્મથી હોય છે. પણ આ તો કેવળીની વાત છે ને? આહાહા..! '**પરમ ઔદારિક શરીરના સંયોગસહિત હોવાથી તેઓ સકલ (કલ-શરીર સહિત)**

**પરમાત્મા કહેવાય છે.'** આહાહા..! ભલે શરીર હો, પણ છે પરમાત્મા. ભાવમોક્ષ છે. એને અરિહંત પરમાત્મા કહેવાય છે. આવા પરમ ઔદારિક શરીર (હોય) એને રોગ કહેવો. હમણા કાંઈક વાંચ્યું હતું કાલે. બહુ પીડા. એમ કે ભગવાનને બહુ પીડા થઈ. સિંહ અણગારને બોલાવ્યા, જાવ. લેવા જાવ. એમ આવે છે ભગવતીમાં.

મુમુક્ષુ :- પણ વીતરાગને પીડા થાય?

ઉત્તર :- શરીરમાં પીડા હોય ને. શરીર છે ને એને? અગિયાર પરિષહ છે ને? શાસ્ત્રમાં નથી લીધું? અગિયાર પરિષહ છે કેવળજ્ઞાનીને. એ તો ઉપચારથી કથન છે. કર્મ પડ્યું છે ચાર અઘાતિ એટલે. આહાહા..! હજી અરિહંતની પણ ખબર ન મળે અને જે શાસ્ત્રમાં અરિહંતના કેવળજ્ઞાન વખતે રોગ થાય, પીડા થાય, એ દવા લાવે ને દે ને એ શાસ્ત્ર નહિ, ભાઈ! આકરું બહુ. સમજાણું કાંઈ? જયંતિભાઈ! સાંભળ્યું છે કે નહિ બધું? નથી સાંભળ્યું તમે? લોહીખંડ ઝાડો પછી ભગવાનને લોહીખંડ ઝાડો. એના ભક્તોને ઈન્દ્રોને (પણ) ન હોય. એના દેવને હોય. આહાહા..! આ તે કાંઈ વાત! એને ખબર નથી. નથી તત્ત્વની, આત્માની ખબર, નથી એને પુણ્ય-પાપની. નવેય તત્ત્વની ભૂલ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઈ આવ્યું હતું, બે દિ' પહેલા. ... ભગવાનને આમ થયું.. આમ થયું. છાપુ છે ને સ્થાનકવાસીનું? જૈન પ્રકાશમાં. એમાં છે. ભગવાનને પીડા થઈ, ભગવાનને આમ થયું. અરે..! ભાઈ! આ શું કર્યું તેં? એ શાસ્ત્રની રચના એ સંતોની રચના નહિ. ભાઈ! એ આત્મજ્ઞાનીની રચના નહિ. આહાહા..! એથી કોઈનો તિરસ્કાર કરવો છે એમ નથી. વસ્તુનું સ્વરૂપ આમ છે. તેને બીજી રીતે માનતા માન્યતા ઊંધી થઈ જાય છે. આહાહા..! કહે છે, એને તો પરમઔદારિક શરીર (હોય).

**'જે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ અને શરીરાદિ નોકર્મથી રહિત છે, શુદ્ધજ્ઞાનમય છે,...'** આ સિદ્ધની વાત છે. આ સિદ્ધની. **'ઔદારિક શરીર (કલ) રહિત છે, તે નિર્દોષ અને પરમ પૂજ્ય સિદ્ધ પરમેષ્ઠી નિકલ પરમાત્મા કહેવાય છે. તેઓ અનંતકાળ સુધી અનંત સુખ ભોગવે છે.'** આવા સિદ્ધને સિદ્ધ કહેવાય. જેણે અનંત આનંદ પ્રગટ કરીને અનંત આનંદ સાદિઅનંત અનુભવશે, અનુભવે છે. આહાહા..! **'આત્મામાં પરમાનંદની શક્તિ ભરી પડી છે.'** એ આત્મધર્મમાંથી નાખ્યું છે. છે ને નીચે? આત્મધર્મમાં આવ્યું છે ને એમાંથી. શું કહેવાય આ બહુ હસ્ત...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. એ નહિ. આ તો ..સિદ્ધ છે. હસ્ત સિદ્ધ.

મુમુક્ષુ :- સિદ્ધ હસ્ત.

ઉત્તર :- સિદ્ધ હસ્ત. હા હા એ સિદ્ધ હસ્ત. ભાઈએ એક પુસ્તક બનાવ્યું છે ને નહિ આ? ડોક્ટર .. એમાં લખ્યું છે, હરિભાઈએ નાખ્યું છે. સિદ્ધ હસ્ત છે આ. આત્મધર્મ લખવામાં લખ્યું છે. એક શબ્દ આવ્યો હતો આજ. .. ત્યાં આવ્યું છે ને? ઓલો નહિ? ત્યાંનો કો'ક છે. અહિંસા પરમો ધર્મ. છે રુચિવાળો અહીંની. અહીંની વાત વધારે છાપે. હરિભાઈનું લખાણ પત્ર મોટું છે. એમાં શું થયું? સત્ય વાત ગોઠતી હોય તો એને સારું લાગે તો એમાં શું છે?

'**આત્મામાં પરમાનંદની શક્તિ ભરી પડી છે.**' આહાહા..! તું આમ ફાંફા મારે છો બહારમાં આનંદને માટે એટલે કે મઝાને માટે એટલે કે સુખી થવા માટે. મૂર્ખાઈ છે. કેમ કે પરમાનંદની શક્તિથી ભરેલો પરમાત્મા પોતે આત્મા એવડો છે. આહાહા..! '**આત્મામાં પરમાનંદની શક્તિ...**' એટલે ગુણ હોં! '**ભરી પડી છે.**' જેમ શીશીમાં દૂધ ભર્યું હોય એમ ને? એ દાખલો આવે છે. એમ નથી. એમ ક્યાં છે? જેમ દૂધમાં મીઠાશ પડી છે એમ. દૂધ શીશીમાં વાસણમાં પડ્યું છે એમ નહિ. એમ ગુણ કોઈ ચીજ છે એમાં પડ્યા છે એમ નથી. એ પરમાનંદરૂપી શક્તિ ભગવાન દ્રવ્યમાં પડી છે. આહાહા..! તે શક્તિ ભરી પડી છે. આહાહા..!

'**બાહ્ય ઇન્દ્રિય-વિષયોમાં વાસ્તવિક સુખ નથી.**' ઇન્દ્રિયના વિષયો શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ એમાં જરીએ મઝા નથી. એ તો ઝેરના પ્યાલા દુઃખના પીવા છે એને. સમજાણું કાંઈ? '**એમ અંતર પ્રતીતિ કરીને ધર્મી જીવ અંતર્મુખ થઈને...**' અંતર્મુખ થઈને '**આત્માના અતીન્દ્રિય સુખનો સ્વાદ લે છે.**' આહાહા..! '**આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે છે.**' આહાહા..! એને અંતરાત્મા અને ધર્મી કહીએ કહે છે. સમજાણું કાંઈ?

હવે આ દાખલો આપણે ઘણીવાર આપીએ છીએ ને? એ નાખ્યો છે એણે. '**જેમ લીંડીપીપરના દાણે દાણે ચોસઠ પહોરી તીખાશની તાકાત ભરી છે. તેમ પ્રત્યેક આત્માનો સ્વભાવ પરિપૂર્ણ જ્ઞાન-આનંદથી ભરેલો છે, પણ તેનો વિશ્વાસ કરી...**' આહાહા..! એ પૂર્ણ જ્ઞાન ને આનંદથી અસ્તિત્વ છે એનો વિશ્વાસ કરીને પ્રતીતમાં લઈને, જ્ઞાનમાં જ્ઞેય બનાવીને પછી પ્રતીતમાં લઈને એટલે વિશ્વાસ. એમ. '**અંતર્મુખ થઈ તેમાં અકાગ્ર થાય તો તે જ્ઞાન-આનંદનો સ્વાદ અનુભવવામાં આવે. આત્માથી ભિન્ન બાહ્ય વિષયોમાં ક્યાંય આત્માનો આનંદ નથી. ધર્માત્મા પોતાના આત્મા સિવાય બહારમાં ક્યાયં સ્વપ્નમાં ય આનંદ માનતો નથી.**' આહાહા..!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૯, સોમવાર તા. ૨૩-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૬, પ્રવચન - ૧૩**

तद्वाचिकां नाममालां दर्शयन्नाह -

निर्मलः केवलः शुद्धो विविक्तः प्रभुरव्ययः।
परमेष्ठी परात्मेति परमात्मेश्वरो जिनः।।६।।

टीका :- निर्मलः कर्ममलरहितः। केवलः शरीरादीनां सम्बन्धरहितः। शुद्धः द्रव्यभावकर्मणामभावात् परमविशुद्धिसमन्वितः। विविक्तः शरीरकर्मादिभिरसंस्पृष्टः। प्रभुरिन्द्रादीनां स्वामी। अव्ययो लब्धानंतचतुष्टयस्वरूपादप्रच्युतः। परमेष्ठी परमे इन्द्रादिवंद्ये पदे तिष्ठतीतित परमेष्ठी स्थानशीलः। परमात्मा संसारिजीवेभ्य उत्कृष्ट आत्मा। इति शब्दः प्रकारार्थे। एवंप्रकारा ये शब्दास्ते परमात्मनो वाचकाः। परमात्मेत्यादिना तानेव दर्शयति। परमात्मा सकलप्राणिभ्य उत्तम आत्मा। ईश्वर इन्द्राद्यसम्भविना अन्तरङ्गबहिरङ्गेण परमैश्वर्येण सदैव सम्पन्नः। जिनः सकलकर्मोन्मूलकः।।६।।

---

પરમાત્માનાં નામ-વાચક નામાવલિ દર્શાવતાં કહે છે :-

શ્લોક - ૬

અન્વયાર્થ :- (निर्मलः) નિર્મળ-મલ રહિત, (केवलः) કેવળ-શરીરાદિ પર દ્રવ્યના સંબંધથી રહિત, (शुद्धः) શુદ્ધ-રાગાદિથી અત્યંત ભિન્ન થઈ ગયા હોવાથી પરમ વિશુદ્ધિવાળા, (विविक्तः) વિવિક્ત-શરીર અને કર્માદિકના સ્પર્શથી રહિત, (प्रभुः) પ્રભુ-ઈન્દ્રાદિકના સ્વામી, (अव्ययः) અવ્યય-પોતાના અનંતચતુષ્ટયરૂપ સ્વભાવથી ચ્યુત નહિ થવાવાળા, (परमेष्ठी) પરમેષ્ઠી-ઈન્દ્રાદિથી વન્દ્ય પરમ પદમાં સ્થિત, (परमात्मा) પરમાત્મા-સંસારી જીવોથી ઉત્કૃષ્ટ આત્મા, (ईश्वरः) ઈશ્વર-અન્ય જીવોમાં અસંભવ એવી વિભૂતિના ધારક-અર્થાત્ અંતરંગ અનંતચતુષ્ટય અને બાહ્ય સમવસરણાદિ વિભૂતિથી યુક્ત, (जिनः) જિન-જ્ઞાનાવરણાદિ સંપૂર્ણ કર્મશત્રુઓને જીતનાર ( इति परमात्मा)-એ પરમાત્માનાં નામ છે.

ટીકા :- નિર્મલ એટલે કર્મમલરહિત, કેવલ એટલે શરીરાદિના સંબંધરહિત, શુદ્ધ એટલે દ્રવ્યકર્મ-ભાવકર્મના અભાવના કારણે પરમ વિશુદ્ધિવાળા, વિવિક્ત એટલે શરીર-કર્માદિથી નહિ સ્પર્શાયેલા, પ્રભુ એટલે ઈન્દ્રાદિના સ્વામી, અવ્યય એટલે પ્રાપ્ત થયેલ અનંતચતુષ્ટયમય સ્વરૂપથી ચ્યુત (ભ્રષ્ટ) નહિ થયેલા, પરમેષ્ઠી એટલે પરમ અર્થાત્

ઈન્દ્રાદિથી વન્ધ-એવું મોટું પદ-તેમાં જે રહે છે તે સ્થાનશીલ પરમેષ્ઠી, પરમાત્મા એટલે સંસારી જીવોથી ઉત્કૃષ્ટ આત્મા-એવા પ્રકારના જે શબ્દો છે તે પરમાત્માના વાચક છે,

'પરમાત્મા' ઈત્યાદિથી તેમને જ દર્શાવાય છે. પરમાત્મા એટલે સર્વ પ્રાણીઓમાં ઉત્તમ આત્મા, ઈશ્વર એટલે ઈન્દ્રાદિને અસંભવિત એવા અંતરંગ-બહિરંગ પરમ ઐશ્વર્યથી સદાય સંપન્ન; જિન-સર્વકર્મોનો મૂલમાંથી નાશ કરનાર-(ઈત્યાદિ પરમાત્માનાં અનંત નામ છે).

ભાવાર્થ :- નિર્મળ, કેવળ, શુદ્ધ, વિવિક્ત પ્રભુ, અવ્યય, પરમેષ્ઠી, પરમાત્મા, ઈશ્વર, જિન વગેરે નામો પરમાત્મા-વાચક છે.

આ નામો પરમાત્માના સ્વરૂપને બતાવે છે. તે સ્વરૂપને ઓળખીને પોતાના આત્માને પણ તેવા સ્વરૂપે ચિંતવવો તે પરમાત્મા થવાનો ઉપાય છે.

આત્મામાં શક્તિરૂપે રહેલા ગુણોનું જીવને ભાન થાય તેટલા માટે ભિન્ન ભિન્ન ગુણવાચક નામોથી પરમાત્માની ઓળખાણ કરાવી છે.

આત્મા ચૈતન્યાદિ અનંત ગુણોનો પિંડ છે. આ ગુણો ભગવાનમાં પૂર્ણપણે વિકસિત થઈ ગયા છે, તેથી તે ગુણોની અપેક્ષાએ તેઓ અનેક નામોથી ઓળખાય છે.

પરમાત્માને ગુણ અપેક્ષાએ જેટલા નામ લાગુ પડે છે તે બધાંય નામો આ આત્માને પણ સ્વભાવ અપેક્ષાએ લાગુ પડે છે, કારણ કે શક્તિ અફેક્ષાએ બંને આત્માઓ સમાન છે; તેમાં કાંઈ ફેર નથી. જે પરમાત્માના ગુણોને[1] બરાબર ઓળખે છે તે પોતાના આત્માના સ્વરૂપને જાણ્યા વગર રહે નહિ. જેટલા ગુણો પરમાત્મામાં છે તેટલા જ ગુણો દરેક આત્મામાં છે. પોતાના ત્રિકાલી આત્માની સન્મુખ થઈને તેમનો પૂર્ણપણે વિકાસ કરીને આ આત્મા પણ પરમાત્મા થઈ શકે છે.

## શ્લોક-૬ ઉપર પ્રવચન

निर्मलः केवलः शुद्धो विविक्तः प्रभुरव्ययः।
परमेष्ठी परात्मेति परमात्मेश्वरो जिनः।।६।।

---

૧. જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. (શ્રી પ્રવચનસાર, ગુ. આવૃત્તિ-ગાથા-૮૦)

'**ટીકા :- નિર્મલ એટલે કર્મમલરહિત,...**' એવો જ આ આત્મા નિર્મળ એટલે કર્મરહિત છે. ભગવાનને પ્રગટ થયો છે. આ આત્મા વસ્તુ તરીકે એવો જ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'જે જાણે અર્હંતને...' આવે છે ને? જે જાણે પરમાત્માને. અરિહંતને જાણે કહો કે પરમાત્માને (જાણે કહો). '**सो जाणदि अप्पाणं**' આત્મા એવો છે એમ અંદરમાં નિર્ણય કરે, અનુભવ કરે. આહાહા..! આમ આત્મા, આત્મા કરે કે આત્મા છે એમ શ્રદ્ધા કરે, પણ આત્મા છે કેવો? સમજાણું કાંઈ? એ નિર્મળ છે. ભગવાન પરમાત્માને પર્યાયમાં નિર્મળતા થઈ ગઈ છે. પણ એ નિર્મળતા આવી ક્યાંથી? અંતરમાંથી. વસ્તુનું સ્વરૂપ તો નિર્મળ છે. કર્મનો સંબંધ દ્રવ્ય જ્ઞાયકસ્વભાવ સાથે નિમિત્તપણે (પણ નથી).

'**કેવલ એટલે શરીરાદિના સંબંધરહિત,...**' પરમાત્માને શરીરનો સંબંધ છે નહિ, એમ આત્માને શરીરના સંબંધ રહિત જ એનું સ્વરૂપ છે. શરીરાદિની તો એમાં નાસ્તિ છે. એટલે કે એને-વસ્તુને સંબંધ શરીરનો છે, એમ તો છે નહિ. આહાહા..! વસ્તુને નિરોગ રાખવી. દવાનું શીખવું. .. આવી વાતું!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ? ખબર છે ને. પૂજ્યપાદ સ્વામી.. પણ એ તો એવો કોઈ વિકલ્પ આવી ગયો અને કોઈ એવા વૈદોની ઉગ્રતા દવાની બહારમાં પ્રસિદ્ધિ બહુ હોય અને એની પ્રસિદ્ધિમાં આવું જાણનાર હોય કોઈ મુનિને સહેજે જણાય ગયુ હોય, તો એને જણાવે એ કોઈ વિશેષ નથી, મોટા હોય છેને આ વૈદો? પૂજ્યપાદ સ્વામી ... પણ એ તો એ જાતનો વિકલ્પ અને .. દ્રવ્યમાં એવો દેખાય કે આ તો આની વૈદની સ્થિતિથી પ્રસિદ્ધિ નિરોગતા કરાવનાર એ છે. એવી પ્રસિદ્ધિ થઈ હોય એને પોતે નિરોગતા થવાની દશા બતાવે અને રોગનો ઉપાય પણ અંદર આવી જાય. આહાહા..! પૂજ્યપાદ સ્વામીએ બનાવ્યું છે આ. વૈદ્ય શાસ્ત્ર બનાવ્યું. પણ એ તો પ્રપંચ આવો હતો એટલે. એમ ન જાણે અને .. લાગુ પાડી દે બધે ઠેકાણે. આહાહા..!

અહીં તો કહે છે કે શરીરાદિના સંબંધ રહિત જ આત્મા છે. પરમાત્મા શરીરના સંબંધ રહિત તો છે પણ ભગવાન આત્મા; શરીર તૈજસ, કાર્મણ અને ઔદારિક, વૈક્રિયિકના હોય. એ અને ભાષા અને મન એના સંબંધ રહિત વસ્તુ છે. સમજાણું કાંઈ? એમ કહ્યું ને કે આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. એનો અર્થ થયો અબદ્ધસ્પૃષ્ટ એટલે પરના સંબંધ વિનાનો છે. બંધ વિનાનો છે એટલે સંબંધ વિનાનો છે. આહાહા..! ચૌદમી ગાથાનું આવ્યું હતું ને. એ જે જાણે તેણે જૈનશાસન જાણ્યું. આહાહા..!

ભગવાન આત્મા રાગ અને કર્મના બંધ રહિત છે, અબદ્ધસ્પૃષ્ટ છે એવું જેણે શુદ્ધોપયોગમાં

જાણ્યું એ શુદ્ધ ઉપયોગ એ જૈનશાસન છે. સમજાણું કાંઈ? વચ્ચે શુભભાવ આવે એ જૈન-શાસન નથી. એ વ્યવહાર જૈનશાસન એટલે ઉપચાર છે. આકરી વાત બાપુ એને પડે. આ તો જન્મ-મરણના રહિતની વાતું છે ને. એ જન્મ-મરણ રહિત છે. વસ્તુ તો જન્મ-મરણ રહિત છે. વસ્તુ જન્મે અને વસ્તુ મરે એમ છે એમાં? ઉત્પન્ન થવું અને મરવું એટલે વ્યય થવો. આહાહા..! એમ શરીર અને મન ને વાણી ને કર્મના સંબંધરહિત પરમાત્મા છે તો એ આત્મા જ એવો છે. અત્યારે. સમજાણું કાંઈ? એવી શક્તિ અંદર ધરાવે છે ત્રિકાળ. એ શક્તિઓનું વર્ણન છે. આહાહા..! દુનિયા સાથે વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. લોકોને વ્યવહારની વાતું સારી લાગે. અને સત્ય છે નિશ્ચયની એ એને પકડાય નહિ એટલે ઝીણું છે.. ઝીણું છે એમ કરીને કાઢી નાખે.

**'શરીરાદિ...'** વાણી, મન.. રહિત છે. **'સંબંધરહિત,...'** છે. એટલે કે બંધરહિત છે, એટલે કે મુક્તસ્વરૂપ છે. આહાહા..! **'जो पस्सदि अप्पाणं'** અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ અને વિકારરહિત એવો જે ભગવાન આત્મા એને જે અંદરમાં જ્ઞાન અને શ્રદ્ધાથી જોવે, માને એને અહીં જૈનશાસન કહ્યું છે. આહાહા..! જૈનશાસન તો આ. અહીં જૈનશાસન પર્યાયની વાત છે હોં! દ્રવ્ય જૈનશાસન.. પર્યાય જેવો વીતરાગ સ્વભાવ છે, સંબંધ વિનાનો સ્વભાવ છે, અબદ્ધસ્વભાવ છે એટલે કે અબદ્ધ તો નાસ્તિથી કહ્યું. પણ અસ્તિથી કહીએ તો મુક્તસ્વરૂપ છે. આહાહા..! એવી મુક્તસ્વરૂપ વસ્તુ છે એનો અનુભવ કરીને એની પ્રતીત કરવી એ દશાને જૈનશાસન કહે છે. બાર અંગમાં આ છે. પોપટભાઈ! આહાહા..!

એ પરમાત્મ શક્તિનું સત્ત્વ છે. બહિરાત્મા અને અંતરાત્મા તો પર્યાયની અપેક્ષાથી છે. અને આ પ્રગટે છે એ પર્યાયની અપેક્ષાએ વાત ચાલે છે. સમજાણું કાંઈ? પણ એ પર્યાયમાં આ પણે થયું એ ક્યાંથી થયું? આહાહા..! એને એ વિશ્વાસની દૃષ્ટિમાં આખો આત્મા આવો આવ્યો. એથી એની પર્યાયમાં મુક્ત સ્વભાવની દૃષ્ટિ થતાં, દૃષ્ટિએ તો મુક્ત છે. દૃષ્ટિનો વિષય મુક્ત છે. પણ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય, જેટલો અબદ્ધસ્પૃષ્ટને જાણતા, અનુભવતા (ટળ્યો), એટલી પર્યાયમાં મુક્તિ આવી. આહાહા..! મુક્તસ્વરૂપ ભગવાન આત્મા. અહીં સંબંધરહિત ભાષા છે ને. આહાહા..! સંબંધ કહો કે બંધ કહો. ચૌદમીમાં એમ લીધું **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं'** અબદ્ધ નામ બદ્ધ નહિ એટલે મુક્તસ્વરૂપ છે. આહાહા..! એને કોઈ રાગ અને શરીરનો કાંઈ સંબંધ નથી. રાજેન્દ્રજી! આવી વાત છે આ. ત્યાં દવાખાનામાં ગપ્પા મારવા જાવા ને થઈ જાય. એ જાણે અમે હુશિયાર છીએ. એમ હશે? આહાહા..!

બાપુ! તારી હુશિયારી તો જ્ઞાન અને આનંદની હુશિયારી તારામાં પડી છે. અરે..! અબદ્ધસ્પૃષ્ટ એવી મુક્ત શક્તિ તારામાં પડી છે. આહાહા..! એ શક્તિને સંભાળે તે હુશિયાર કહેવાય.

નવરંગભાઈ! આહાહા..! આવી વાત. મૂળ વસ્તુને મૂકીને બીજી બધી વાતું કરે, અણુવ્રત ને મહાવ્રત પાળે તો એ પણ ચારિત્ર કહેવાય. અરે..! પણ ક્યાં આવ્યા બાપુ? પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે એ આસ્રવ છે. આસ્રવના સંબંધરહિત ભગવાન છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો જેને હિત કરવું હોય એની વાતું છે, ભાઈ! વાતું કરવી હોય અને ક્યાંક શાસ્ત્રની વ્યવહારની વાતુંના પડખે ઉભા રહીને વાતું કરવી હોય એ ન બેસે. આહાહા..!

કહે છે, એ શરીર આદિના સંબંધરહિત ભગવાન છે. પરમેશ્વર એવી શક્તિવાળું તત્ત્વ જ એ હું છું. '**શુદ્ધ એટલે દ્રવ્યકર્મ-ભાવકર્મના અભાવના કારણે પરમ વિશુદ્ધિવાળા,...**' જોયું! આ શુદ્ધના અર્થમાં વિશુદ્ધિ લીધી. બાકી વિશુદ્ધિ તો કષાયની મંદતાને પણ હોય છે પણ અહીં તો પરમવિશુદ્ધિ લીધી છે એટલે પરમાત્મા એને કહીએ, તદ્દન આનંદની દશા પૂર્ણ જેને પ્રગટી છે એને પરમાત્મા કહીએ. આહાહા..! કોઈ જગતનો કર્તા છે, એણે સૃષ્ટિને સર્જી છે માટે એ પરમેશ્વર છે એવું પરમેશ્વરનું સ્વરૂપ છે નહિ.

'**શુદ્ધ એટલે દ્રવ્યકર્મ-ભાવકર્મ...**' પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિના ભાવ એના '**અભાવને કારણે...**' પરમેશ્વરને એનો અભાવ થયો છે. એને કારણે '**પરમ વિશુદ્ધિવાળા,...**' છે. આહાહા..! તો આ ભગવાન આત્મા પણ એ છે. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુએ પુણ્ય ને પાપ અને જડ કર્મના ભાવ વિનાની આ ચીજ છે. જેમાં એ વસ્તુનો નાસ્તિ ભાવ છે. રાગ અને કર્મનું પોતાનું જે અસ્તિત્વ છે... આવી મહાપ્રભુ સત્તા, એના અસ્તિત્વમાં રાગ અને કર્મના અસ્તિત્વનો નાસ્તિ ભાવ છે. સમજાણું કાંઈ? મૂળ ચીજને જાણ્યા વિના અને મૂળ ચીજને (માન્યા વિના).

...(જે એમાં) નથી એનો સ્પર્શ એને કેમ હોય? ભગવાન આત્મા શરીર, વાણી, કર્મ એને સ્પર્શેલો નથી. પરમાત્માને પર્યાયમાં નથી, આના વસ્તુના સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? કેમ કે એ વસ્તુ એવી છે. પછી અલિંગગ્રહણના છઠ્ઠા બોલમાં કહ્યું ને? કે વસ્તુ છે તે આત્મા સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એ વસ્તુ એવી છે. વસ્તુ ત્રિકાળ એવી છે કે એ સ્વ સ્વભાવથી જણાય. કારણ કે એનું સ્વરૂપ છે એની પર્યાયથી જણાય. એમ. પણ એના સ્વરૂપમાં વિકલ્પને અને શરીરને અડ્યો જ નથી. આહાહા..! એનાથી એ જણાય, ભાઈ! એ વસ્તુનું સ્વરૂપ નથી. ભગવાને કીધું છે એ આમ છે(ને) એ તો વસ્તુનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? વિવિક્તની વ્યાખ્યા કરી. વિવિક્ત પહેલામાં આવ્યું હતું. શરૂઆતના પદમાં વિવિક્ત (આવ્યું હતું). વિવિક્તનો અર્થ જ એ છે.

આવે છે ને નવ વાડમાં? સ્ત્રી, પુરુષ, નપુંસક રહિત વિવિક્ત સ્થાન. નવ વાડ બ્રહ્મચર્યમાં આવે છે. એમ આ ભગવાન પોતે એ પરદ્રવ્ય કર્મ ને શરીરને સ્પર્શ્યો નથી એવો વિવિક્ત

છે. આહાહા..! પછી એને વ્યવહારથી થાય, નિશ્ચય અને વ્યવહારનો કર્તા આત્મા એમ નહિ લાગુ પડે. પોપટભાઈ! ઓલું ... આ બધું આવ્યું સાંભળવાનું. આહાહા..! .. બહેન કહેતા હતા.. ગડબડ.. અહીં વાત આવી હતી. ભાગ્યશાળી. બધું સરખું પાછું આવી ગયું છે. અરે..! આ વાત કરવાની અને સમજવાની છે, બાપુ! બાકી બધા ધંધા ને પાણી... એ પરને સ્પર્શ્યો નથી ને કરે શી રીતે? એમ કહે છે. આહાહા..! એય..! મહેન્દ્રભાઈ! એ હીરાને અને માણકને અડતો નથી જીવ. ઉપાડે ને પરીક્ષા કરીને આપે, ... છે. આહાહા..! દેવજીભાઈ! આ લોકો જુઓને ભાગ્યશાળી માણસો ક્યાંના ક્યાં આવી ગયા. આહાહા..!

અરે..! આ તો પરમાત્માના બારણા ખોલવાની વાતું છે. બંધ છે કે હું રાગવાળો છું, આ વાળો છું ત્યાં એ બારણું બંધ છે. આહાહા..! વિવિક્ત છું. પરમાત્મા વિવિક્ત છે. જે જાણતો અરિહંતને દ્રવ્ય, ગુણ અને પર્યાયને. અરિહંતની પર્યાય વિવિક્ત છે એમ જે જાણે તે આત્મા વિવિક્ત છે એમ જાણીને તે આત્માને અનુભવે અને જાણે. આહાહા..! પણ બધા વ્યવહારના લખાણ ચરણાનુયોગમાં બહુ આવે. વ્રત પાળવા, આ વ્રત આમ કરવું.. આમ કરવું... આમ કરવું. આહાહા..! એટલે એને એમ થઈ ગયું કે એ પણ એક આત્માનું આચરણ છે. અણુવ્રત અને મહાવ્રત.. એ શ્રાવકના છ કર્તવ્ય આવે છે ને? ગુરુસેવા,..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. એ જાણે કે એનું સ્વરૂપ હશે ઈ. એ રાગને સ્પર્શ્યો જ નથી. હોય છે છતાં એના અભાવસ્વરૂપ (છે), એના અભાવસ્વભાવસ્વરૂપ એ આત્મા છે. આહાહા..!

'**વિવિક્ત એટલે શરીર-કર્માદિ...**' આદિ એટલે ભાષા આદિ '**નહિ સ્પર્શાયેલો,...**' ઓહોહો..! પરમાત્મા એને અડતા નથી. એમ ભગવાન આત્મા એ પણ રાગને અને કર્મને અડ્યો જ નથી. '**अबद्धपुट्ठं**'. ઓહોહો..! બે શબ્દ છે ને? '**अबद्धपुट्ठं**'. પછી વળી ચાર બીજા. અનન્ય, અવિશેષ (આદિ). સ્પર્શ્યો નથી. એમ કીધું - ત્યાં શું ન કીધું? આહાહા..! એ ચૈતન્ય જ્યોતિ ઝળહળ જ્યોતિ જ્ઞાન સ્વભાવ એનું સ્વરૂપ જ એકલું જ્ઞાનસ્વરૂપ એ રાગને અને શરીરને કેમ સ્પર્શે? જ્ઞાન કેમ સ્પર્શે? એને પરજ્ઞેય તરીકે પરજ્ઞેય તરીકે જાણવું, એ પણ પર છે માટે પરજ્ઞેય તરીકે જણાય છે એમ નથી. આહાહા..! એ પર છે એ સ્વનું જ્યાં સ્પર્શ્યા વિનાની ચીજ છું એમ ભાન થયું, ત્યારે પરનું જ્ઞાન પરને લઈને નહિ, પણ સ્વભાવને લઈને જે પરનું જ્ઞાન થયું એ જ્ઞાનની પર્યાયને સ્પર્શે છે. આહાહા..! ભગવાન પૂર્ણ પર્યાયને સ્પર્શે છે. સમજાણું કાંઈ? આ આત્મા પૂર્ણ પર્યાયને સ્પર્શે તો તો પરમાત્મા વ્યક્ત થઈ જાય, પર્યાયમાં. આહાહા..!

'**વિવિક્ત...**' નથી આવતું વિવિક્ત શય્યાસન? આવે છે ને નવ વાડ બ્રહ્મચર્યમાં. ..

જ્યાં પર સ્ત્રી, પશુ, નપુંસક ન હોય ત્યાં બ્રહ્મચારીને રહેવું. એ પર્યાયની વાત છે. આ કહે છે કે દ્રવ્ય સ્વભાવ, ભગવાન પરમાત્મા કેવળજ્ઞાની અરિહંતદેવને પરના સ્પર્શ વિનાની દશા થઈ ગઈ છે. એ દશા થઈ ક્યાંથી? અંતરમાં વસ્તુ ભગવાન આત્મા શરીર અને વાણીના સ્પર્શ વિનાની ચીજ જ એ છે. આહાહા..! ભારે! દૃષ્ટિને ઉઠાડીને, રાગના સંબંધવાળી દૃષ્ટિને ઉઠાવી દઈને, રાગના સંબંધ અને સ્પર્શ વિનાના સ્વભાવની દૃષ્ટિ કરવી. એનો અર્થ થયો કે પરસન્મુખની જે દૃષ્ટિ હતી એને સ્વસન્મુખ કરવી. કેમ કે એ પોતે રાગના અને શરીરના સ્પર્શ વિનાનો છે. આહાહા..! સમજાય છે કાંઈ? દિલ્હીવાળા છે ભાઈ? તમારી પાસે બેઠા ઈ.

મુમુક્ષુ :- મોરબીના છે.

ઉત્તર :- મોરબી? ઠીક. મેં કીધું, આ દિલ્હીવાળા કાલે આવ્યા હતા ... એ હિન્દી સમજેને એટલે.

ઓલામાં આવે છે ને? ‘બડા બડાઈ બોલે નહિ, બડા ન બોલે બોલ, હીરા મુખસે ના કહે લાખ હમારા મોલ.’ આહાહા..! કેમ કે આ વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ શરીર અને રાગને, મનને સ્પર્શ્યો નથી. આહાહા..! એવી વિકલ્પ ને વાણી... એ વિકલ્પ કરવો એ એનામાં નથી. આહાહા..! એ એમ બોલે નહિ કે હું વિકલ્પ વિનાનો છું, સ્પર્શ વિનાનો છું. એવી વાત છે. આહાહા..! આવું જે વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞે કીધેલું અને એવું જ છે. પ્રભુ છે ઈ.

‘**ઈન્દ્રાદિના સ્વામી,...**’ પ્રભુની વ્યાખ્યા કરી. છે ને એમાં? ‘**પ્રભુ...**’ ખરેખર ઈન્દ્રાદિના સ્વામી એની પ્રભુતા એ વ્યવહારથી કીધું. બાકી તો બધી શક્તિઓની પ્રભુતા પર્યાયમાં પ્રગટ થઈ ગઈ છે. કેમ કે એનામાં પ્રભુત્વ નામનો ગુણ છે. ૪૭માં આવે છે ને? સાતમો ગુણ છે. પ્રભુત્વ નામની શક્તિ છે, પ્રભુત્વ નામનો ગુણ કહો, સત્‌નું સત્ત્વ જ પ્રભુથી ભરેલું છે. આહાહા..! એટલે કે એ પરમેશ્વર છે. પ્રગટ દશા પરમેશ્વરની થઈ, એને ઈન્દ્રો આદિ નમે છે એમ કહ્યું. અહીં તો કહે છે કે પ્રગટ દશા થઈ ભલે જેની, પણ અહીં તો વસ્તુ વ્યક્તપણે, દ્રવ્યપણે પ્રગટ છે. એવો જે ભગવાન આત્મા એને અહીં પ્રભુ કહીએ. આહાહા..!

ભગવાન આત્મા.. એમ એક ફેરી અહીંથી બોલ કો’ક લઈ ગયું છે ક્યાંક. ન્યાં તો ભગવાન આત્મા કહે છે. અરે..! ભગવાન આત્મા હોય? અરે.. ભગવાન! અહીં કો’ક સાંભળીને લઈ ગયું હિન્દુસ્તાનમાં. .. ત્યાં તો ભગવાન આત્મા કહે છે. બાપુ! ભગવાન આત્મા નથી ત્યારે શું પામર છો? આહાહા..! સિદ્ધની પર્યાયની પૂર્ણતા, એવી અનંતી પર્યાયની પૂર્ણતા તો તેના ગુણમાં પડી છે. આહાહા..! એવો જે ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર. આહાહા..!

ત્રિલોકનાથની વાણીમાં આ આવ્યું છે. અને એમ છે એ આવ્યું છે. જે આ રીતે માને નહિ એ આત્મા માનતો નથી, શાસ્ત્ર માનતો નથી, સાચા દેવ-ગુરુને પણ એ માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ, કાંતિભાઈ! ત્યાં ક્યાંય સાંભળવા મળ્યો નથી લીંબડીમાં કે ક્યાંય. આહાહા..!

'**પ્રભુ એટલે ઈન્દ્રાદિના સ્વામી,...**' અથવા જિનવર કીધું છેને ત્યાં? ગણધરોના પણ વર-પ્રધાન છે. આ જિનવરેન્દ્ર એમ કહ્યું છે, દ્રવ્યસંગ્રહ. જિનવર જિન સમકિતી એના વર-પ્રધાન ગણધરો, એના પ્રધાન જિનવર. જિનવરવૃષભ એ જિનવરેન્દ્ર કહો, જિનવરવૃષભ કહો. જિનવરેન્દ્ર-જિનવરેન્દ્ર. આહાહા..! સમ્યગ્દષ્ટિથી માંડીને જિન કહેવાય, ગણધરો આદિને તેના જિનવર કહેવાય અને ભગવાન અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર જિનવરેન્દ્ર-જિનવરેન્દ્ર. આહાહા..! અરે..! એને પામરની પર્યાયની બુદ્ધિમાં આવો પ્રભુ છે એ વાત એને અંતરમાં બેસતી નથી. કારણ કે પ્રગટપણે છે એ તો અંશ દશા છે અને અંદર છે એ તો પૂર્ણ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

'**ઈન્દ્રાદિના સ્વામી,...**' છે. ઈન્દ્રાદિમાં પછી ગણધર આદિના પણ સ્વામી પ્રભુ છે ને પરમાત્મા. એમ આ આત્મા સર્વજ્ઞ પર્યાય પ્રગટે એનો એ સ્વામી છે એવો એનામાં ગુણ છે. પ્રભુત્વ નામનો ગુણ છે. આહાહા..! '**અવ્યય...**' છે. છઠ્ઠી ગાથાનો પહેલા પદનો છેલ્લો શબ્દ. અવ્યય છે. એટલે? પ્રાપ્ત થયેલી દશાથી તે નાશ થાય એવો નથી. છે? '**પ્રાપ્ત થયેલ અનંતચતુષ્ટયમય સ્વરૂપથી ચ્યુત (ભ્રષ્ટ) નહિ થયેલા,...**' આહાહા..! પ્રાપ્ત. અવ્યય છે ને? વ્યય એટલે નાશ નથી એમ. '**પ્રાપ્ત થયેલ અનંતચતુષ્ટય...**' અનંત જ્ઞાન, અનંત દર્શન, પર્યાયની વાત છે આ. એવા અનંતચતુષ્ટયમય સ્વરૂપ. અનંતચતુષ્ટયમય સ્વરૂપ. અનંતચતુષ્ટયવાળો એમ પણ નહિ. પરમેશ્વર પર્યાયમાં અનંત ચતુષ્ટયમય સ્વરૂપ છે. એથી તે અવ્યય છે. એમ ભગવાન આત્મા અનંતચતુષ્ટય સ્વભાવ એમાંથી ખસે નહિ એવો એ પ્રભુ છે. એવો અવ્યય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત. કહો, દિલીપ! બરાબર આવ્યો છેને ઠીક સાંભળવામાં. આવી વાતું નીકળે. ક્યાં ગયા ડોસા? કહો, સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન અનંતચતુષ્ટય સંપન્ન છે. હીણી દશામાં એ દશા આવતી નથી એમ કહે છે. પરમાત્માને પૂર્ણ થઈ ગઈ એ પાછી પડતી નથી, નાશ થતી નથી. એમ ભગવાન આત્મા જેનો સ્વભાવ, એની શક્તિને ક્ષેત્રની મોટપની જરૂર નથી. એના સ્વભાવની અનંતતાને ક્ષેત્રની મોટપની જરૂર નથી. એના સ્વભાવના સામર્થ્યને અનંત અનંત સામર્થ્ય છે-ભાવ, એની એને જરૂર છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો એ ભગવાન અવ્યય છે.

'**પરમેષ્ઠી...**' છે. '**પરમ અર્થાત્ ઈન્દ્રાદિથી વન્દ્ય-એવું મોટું પદ-**' પરમેષ્ઠી કહેવું

છે ને? '**તેમાં જે રહે છે...**' પરમપદની પર્યાય જે છે પૂર્ણ એમાં એ રહેલ છે. એથી તે ઈન્દ્રાદિથી પણ વન્દ્ય છે. આહાહા..! '**એવું મોટું પદ-તેમાં જે રહે છે...**' પૂર્ણ મોટું પદ જે ઈન્દ્રાદિથી પણ વન્દ્ય દશા, એવી દશામાં એ રહેલા છે. આ ભગવાન પણ એવી દશાવાળો છે કહે છે. આહાહા..! એનો સ્વભાવ જ પરમેષ્ઠી છે. પરમ પરમાત્મ સ્વભાવની ઈષ્ટતા નામ કોઈ દિ' છોડતો નથી. આહાહા..! અરે..! એની વાત પણ સાંભળી નહિ અને આ દયા પાળો ને વ્રત પાળો ને અપવાસ કરો ને... વ્યવહાર માર્ગ છે કે નહિ? વ્યવહાર માર્ગ છે કે નહિ? ભગવાન બે નયનો ઉપદેશ કરે છે કે નહિ? એમ કરીને ... આહાહા..! ભગવાનનો માર્ગ એક જ પ્રકારનો છે? એટલે શું?

વીતરાગતા પૂર્ણ ન પ્રગટે ત્યારે એને નિશ્ચયની સાથે એવા કોઈ વિકલ્પનો વ્યવહાર હોય છે. એનું નામ વ્યવહાર છે એમ કહેવાય. પણ વ્યવહાર છે એનું જોર દઈને વ્યવહાર કરવા લાયક છે અને વ્યવહાર હોય તો નિશ્ચય પ્રાપ્ત થાય, એવું સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**પરમ અર્થાત્ ઈન્દ્રાદિથી વન્દ્ય-એવું મોટું પદ-તેમાં જે રહે છે તે સ્થાનશીલ...**' જોયું! એમાં રહે છે એટલે એ સ્થાનમાં પૂર્ણ પર્યાયમાં રહેવું એવો જ એનો સ્વભાવ છે. આહાહા..! એમ ભગવાન આત્મા પૂર્ણ સ્વભાવમાં સ્થિર રહેલો છે. કોઈ દિ' અપૂર્ણ પર્યાયમાં એ આવ્યો જ નથી. સમજાણું કાંઈ? સ્થાનશીલ. જોયું! જેમ સિદ્ધ ભગવાનનું વ્યવહાર સ્થાન શીલ ને ઈ છે. પણ નિશ્ચય સ્થાનશીલ પોતાના પર્યાયમાં નિર્મળતામાં રહેવું એ એનું મૂળ સ્થાનશીલ છે. આહાહા..! લોકને અગ્રે ભગવાન રહે છે એ બધી વ્યવહારની વાતું છે. એ પોતે એની પૂર્ણ પર્યાયમાં રહેવું એવો જ એનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ ભગવાન આત્માનો પૂર્ણ શક્તિઓમાં વસીને રહેવું એ જ એનો સ્વભાવ છે. અપૂર્ણપણે આવવું, રાગપણે થવું એ તો એનામાં સ્વભાવમાં નથી. આહાહા..! અરે..! એની વાસ્તવિક સ્થિતિ શું છે? એ તત્ત્વનું વાસ્તવિક પૂર્ણ સ્વરૂપ શું છે? એની અંતરમાં અનુભવમાં પ્રતીતિ વિના બધી વાતું સમજવા જેવી છે. આહાહા..! એની વાતની વાત નહિ, બીજી માંડીને કરવી કે, આ વ્યવહાર કહ્યો શાસ્ત્રમાં. એ બધી છે ઈ છે, સાંભળને! વ્યવહાર કહ્યો એ બધો વિષકુંભ છે. વિષકુંભ છે. ભગવાન આત્મા અમૃતનો ઘડો એ વિષકુંભને સ્પર્શ્યો જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**સ્થાનશીલ પરમેષ્ઠી...**'

'**પરાત્મા એટલે સંસારી જીવોથી (પર)- ઉત્કૃષ્ટ આત્મા-**' સંસારની પર્યાયથી ભિન્ન થઈને પર્યાયમાં ઉત્કૃષ્ટ આત્મા થયા એ ઉત્કૃષ્ટ પર આત્મા-પરાત્મા કહેવાય. એમ ભગવાન આત્મા એક સમયની પર્યાયમાં ન આવતા પરાત્મા-મહાઆત્મા છે, કહે છે. આહાહા..! એ...

પ્રવિણભાઈ! આમાં પ્રવિણ થવું પડશે. આહાહા..! '**એવા પ્રકારના જે શબ્દો છે તે પરમાત્માના વાચક છે.**' વાચ્ય છે એ વસ્તુ સ્વરૂપ. વાચક એના શબ્દો. એ શબ્દો તેના વાચ્યને અડતા નથી અને વાચ્ય જે છે તે શબ્દોને કરતા નથી. લોજિકથી તો વાત છે આ. અરેરે..! માણસને એમ થાય. પણ આ શું શાસ્ત્ર કહે છે? આ સોનગઢવાળાએ આવું નવું કાઢ્યું એમ કહે. અરે..! પ્રભુ! તું એમ રહેવા દે, બાપુ! તને ન બેસે એટલે... પરમાત્માના ઘરની વાત છે આ તો. તારું ઘર જ એવું છે. સમજાણું કાંઈ? તારા ઘરમાં માલ આટલો પડ્યો છે. આહાહા..! એ બતાવવું છે, બાપુ! તને પર્યાયના અંશમાં મોટપ દેખાઈ જાય એ ભ્રમ છે. આહાહા..! મોક્ષનો માર્ગ પર્યાય છે એની તને મોટપ દેખાઈ જાય એવી વસ્તુ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ પરાત્મા છે. આહાહા..! એક સમયની પર્યાયનું સામર્થ્ય-શક્તિથી ભગવાન પર-ભિન્ન છે. આહાહા..! પરમાત્માને પર્યાયમાં પર ભિન્ન થઈ ગયું. અહીં વસ્તુમાં એ પર પર્યાયથી પરાત્મા ભિન્ન છે. આહાહા..! આવી વસ્તુની સ્થિતિ જ છે ત્યાં એને મર્યાદામાં લાવી નાખવી એ વસ્તુ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ બધા શબ્દો પરમાત્માના વાચ્ય છે અને શબ્દો બધા વાચક છે.

'**પરમાત્મા ઈત્યાદિથી તેમને જ દર્શાવાય છે.**' પરમાત્મા ઈત્યાદિ જે આ બધા નામ લીધા ને. '**પરમાત્મા એટલે સર્વ પ્રાણીઓમાં ઉત્તમ આત્મા, ઈશ્વર એટલે ઈન્દ્રાદિને અસંભવિત એવા અંતરંગ-...**' વૈભવ. અને તીર્થંકરને નાખ્યા છે. '**બહિરંગ પરમ ઐશ્વર્યથી સદાય સંપન્ન;...**' ઐશ્વર્ય. '**જિન-સર્વ કર્મોનો મૂલમાંથી નાશ કરનાર-**' આહાહા..! એ અપેક્ષિત કથન છે. નાશ કરતો નથી આત્મા. સમજાણું? ૩૫ ગાથામાં ન આવ્યું? સમયસાર. રાગનો પરમાર્થે નાશકર્તા પણ આત્મા નથી. આહાહા..! સ્વભાવમાં ઠરે છે (તો) રાગ ઉત્પન્ન થતો નથી, એને આત્મા રાગનો નાશ કરનાર છે એમ ઉપચારથી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? સમજાવવું હોય ત્યારે ટૂંકા શબ્દોમાં આવી શૈલી આવે. ત્યાં કહ્યું કે આત્મા રાગનો નાશકર્તા છે એમ કહેવું એ પણ બરાબર નથી. આહાહા..! અને અહીં કહેવું કે '**સર્વ કર્મોનો મૂલમાંથી નાશ કરનાર છે.**' આહાહા..!

રાગનો નાશકર્તા કહેવું એ પણ ઉપચારથી કથન છે. આહાહા..! રાગનો હોં! કેમ કે વસ્તુસ્થિતિ અંતરમાં રહેતા, ઠરતા એને રાગની ઉત્પત્તિ થતી નથી. તેથી એને રાગનો નાશ કરે છે એમ ઉપચાર આપવામાં આવ્યો. આહાહા..! એ વ્યવહારના કથન છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! અહીં થોડી થોડી નાની ચીજમાં લોભાઈ જાય, ખેંચાઈ જાય એને આવડી મોટી કેમ બેસે? સમજાણું કાંઈ? દુનિયા વખાણ કરે, મોટપ દે, અભિનંદન પત્રો આપે તો એને ખુશી થઈ જાય કે આહાહા..! મારી કદર કરતા એને આવડી. એને આવડો આત્મા કેમ બેસે? ભાઈ!

સમજાણું કાંઈ? આવી વસ્તુની સ્થિતિ છે. આહાહા..! એમ એને જ્ઞાનમાં અને શ્રદ્ધામાં આવી મોટપ એને બેસવી જોઈએ. સમજાણું કાંઈ? '(**ઈત્યાદિ પરમાત્માના અનંત નામ** છે).'

'**ભાવાર્થ :- નિર્મળ, કેવળ, શુદ્ધ, વિવિક્ત, પ્રભુ, અવ્યય, પરમેષ્ઠી, પરમાત્મા, ઈશ્વર, જિન વગેરે નામો પરમાત્માના વાચક છે.**' ટીકામાં નાખ્યું ને? '**परमात्मेश्वरो जिनः**' છે ને મૂળ પાઠમાં? '**परमात्मेश्वरो जिनः**' ઈશ્વર પોતે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન પરમેશ્વર પર્યાયમાં ઈશ્વર છે. આ વસ્તુ સ્વરૂપે ઈશ્વર છે. આહાહા..! કરવા જેવું હોય તો આ દૃષ્ટિ અને આ જ્ઞાન અને પછી ઠરવું. બસ! આ છે. એય..! આહાહા..! જાત્રા કરી આવ્યા એટલે ન્યાલ થઈ ગયા અમે. સમ્મેદશિખરની જાત્રા કરી આવ્યા. એઈ..! હમણાં ગયો નહોતો? કહ્યું હતું તારા દાદાએ કે એ સમ્મેદશિખરની જાત્રા કરવા જાય છે. જાત્રા કરવા ગયા હતાને હમણાં? તમારો દિલીપ ને... આહાહા..! એ તો કહે છે કે એ જાત્રાનો ભાવ હોય છે. પણ એને મોટપ (મહત્વ) દેવા જાય તો તારી મોટપ ફરી જશે. આહાહા..! આવી વીતરાગની વાણી અને તેનું વાચ્ય ભગવાન આવો! વાણી વાચક છે. અરે..! આવો આત્મા સાંભળ્યો નહિ. પામર થઈને એણે પ્રભુને જાણ્યો નહિ. પામરતામાં આત્માની પ્રભુતાને રોળવી નાખી. આહાહા..!

કહે છે, '**આ નામો પરમાત્માના સ્વરૂપને બતાવે છે. તે સ્વરૂપને ઓળખીને પોતાના આત્માને પણ તેવા સ્વરૂપે ચિંતવવો તે પરમાત્મા થવાનો ઉપાય છે.**' અંદર અંદર ચિંતવવું એટલે એકાગ્ર થવું, હોં! ચિંતવવું એટલે વિકલ્પથી ચિંતવવું એમ નહિ. આવો પૂર્ણ સ્વભાવ તેને જ્ઞાનમાં લક્ષ લઈને નક્કી કરે. ભલે વિકલ્પથી પહેલા કરે. એ નિર્ણય સાચો નહિ પાછો. આહાહા..! અંતરના સ્વરૂપને સ્પર્શીને જે નિર્ણય કરે એ સાચો નિર્ણય છે. આહા..! '**તે સ્વરૂપને ઓળખીને પોતાના આત્માને પણ...**' છે ને? '**તેવા સ્વરૂપે ચિંતવવો** (એકાગ્ર થવું) **તે પરમાત્મા થવાનો ઉપાય છે.**'

'**આત્મામાં શક્તિરૂપે રહેલા ગુણોનું...**' આત્મામાં સ્વભાવના સામર્થ્યરૂપે રહેલા ગુણોનું '**જીવને ભાન થાય તેટલા માટે ભિન્ન ભિન્ન ગુણવાચક નામોથી પરમાત્માની ઓળખાણ કરાવી છે.**' સમજાણું કાંઈ? '**આત્મામાં શક્તિરૂપે રહેલા ગુણોનું...**' એમાં રહ્યા છે. શક્તિનું અસ્તિત્વ છે. આહાહા..! એ સત્‌નું સત્ત્વનું હોવાપણું છે. એ આત્મા સત્‌રૂપ, એના ગુણો તેનું સત્ત્વ તેના ભાવસ્વભાવસ્વરૂપ એ શક્તિથી સંપન્ન છે. આહાહા..! એવા આત્માને આત્મા તરીકે જાણે એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય. અને સાથે સ્વરૂપાચરણ પણ હોય જ તે. આહાહા..! એની દૃષ્ટિ કરીને આમ જ્ઞાન કર્યું એટલો તો ત્યાં ઠરે છે કે નહિ? સમજાણું કાંઈ? ઓલા કહે છે ને? ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ન હોય. એક જણા કહે

કે સિદ્ધમાં ચારિત્ર ન હોય. કૈલાસચંદજીએ એમ લખ્યું છે. પંડિતાઈવાળાને પંડિતાઈનું અભિમાન મૂકવું આકરું પડે. ... લખ્યું, સિદ્ધને ચારિત્ર ન હોય. અરે..! સિદ્ધને સંયમ ન હોય. છ કાય ને મન ને ઇન્દ્રિયો ને .. એ ન મળે. ચારિત્ર તો એનો ગુણ છે. શક્તિરૂપ આખો ચારિત્ર ગુણ છે. કીધું ને? આહાહા..! એ શક્તિરૂપે ચારિત્રરૂપે રહેલા ગુણો, એવા અનંત ગુણો એમાં છે. એની પ્રગટ દશા થઈ તો પર્યાયમાં ચારિત્ર પૂર્ણ આવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? **'ભિન્ન ભિન્ન ગુણવાચક નામોથી પરમાત્માની ઓળખાણ કરાવી છે.'**

**'આત્મા ચૈતન્યાદિ અનંત ગુણોનો પિંડ છે.'** ભગવાન આત્મા જ્ઞાતા જ્ઞાન, દર્શન એવું ચૈતન્ય. એવી અનંત શક્તિઓનો એ પિંડલો છે. એ અનંત શક્તિનો એ લાડવો છે. પિંડ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

એ આઠ વર્ષના રાજકુમારો જ્યારે આત્માનો અનુભવ કરીને દીક્ષિત થતા હશે.. આહાહા..! ધન્ય દશા! ધન્ય કાળ! ધન્ય અનુભવ! આહાહા..! માતા! અમને જે અનુભવ થયો ભગવાન આત્માનો એને અમે પૂર્ણ કરવા સાવધાન થઈને વનમાં જાશું, બા! આહાહા..! અમારો ભગવાન પૂર્ણ શક્તિથી સંપન્ન પૂર્ણ ભરેલો છે. એવો અમને અનુભવ થયો છે, પ્રતીત થઈ છે. એનો નમૂનો પણ સ્વરૂપાચરણની સ્થિરતામાં આવ્યો છે. આહાહા..! એવા સ્વરૂપને સાધે તે સાધુ કહેવાય. સમજાણું કાંઈ? આહાહા..! આઠ વર્ષના બાળક. એક નાની... શું કહેવાય? પીંછી અને એક કમંડળ. આહાહા..! અમારો નાથ પૂર્ણ વસ્તુથી ભરેલો પ્રભુ છે. એની પર્યાયમાં આ અપૂર્ણતા કેમ રહે? એને અમે પ્રભુતાના ગુણને પર્યાયમાં છલકાવશું હવે. આહાહા..! એનું નામ સાધુપણું છે, ભાઈ! સાધુપણું કાંઈ લૂગડા છોડ્યા અને નગ્ન (થઈ ગયા એ નથી). આહાહા..!

આવી શક્તિથી ભરેલો પરમાત્મા અમારી પર્યાયમાં ન આવે, દૃષ્ટિ અને જ્ઞાનમાં આવ્યો કહે છે, પણ સ્થિરતાની પર્યાયમાં ન આવે તે સાધવા માટે, માતા! આહાહા..! જનેતા! આહાહા..! માતા! રોવું હોય એટલું રોઈ લે. પણ કોલકરાર કરીએ છીએ, નવી માતા નહિ કરીએ, બા! આહાહા..! આ મોટપ ભાસી ને એ સાધવાની આ બધી દશા છે. આવી વસ્તુ અમને પ્રતીતમાં, અનુભવમાં, જ્ઞાનમાં જણાઈ ગઈ છે. એ પર્યાયમાં ન આવે પૂર્ણતા ત્યાં સુધી અમને સખ નહિ રહે. સખ નહિ રહે એટલે દુઃખ થશે એમ નહિ. ત્યાં સુધી અમારો પ્રયત્ન પૂર્ણ કરવાને મથીએ છીએ. આહાહા..! એ અમારું આચરણ છે. સમજાણું કાંઈ? આહાહા..! એવા સંતો જ્યારે નજરે પડતા હોય... લોકોના પણ ભાગ્ય, આમ દેખાય, હોં! રાજકુમાર હોય, સ્ફટિકમણિ જેવા સુંદર શરીર હોય. પણ શરીરને અને મારે સંબંધ જ નથી ને. સમજાણું કાંઈ? અમે ભગવાન આત્માને સંબંધ વિનાનો જોયો છે. માતા! એને પર્યાયમાં

પૂર્ણ સંબંધ ... આહાહા..! આવો આત્મા છે. આત્માના જ્ઞાનની ખબર ન મળે, આત્મજ્ઞાન ન મળે. અને આત્માની આવી વસ્તુ છે એવી અંતર જ્ઞેય થઈને પ્રતીતિ ન મળે. ત્યાં આગળ શું સાધન હોય? ભાઈ! સમજાણું કાંઈ? વાત તો અહીંથી શરૂ થાય છે.

કહે છે કે, પરમાત્માને ગુણ અપેક્ષાએ.. **'અનંત ગુણોનો પિંડ છે. આ ગુણો ભગવાનમાં પૂર્ણપણે વિકસિત થઈ ગયા છે,...'** પ્રગટેલા છે **'તેથી તે ગુણોની અપેક્ષાએ તેઓ અનેક નામોથી ઓળખાય છે.' 'પરમાત્માને ગુણ અપેક્ષાએ જેટલા નામ લાગુ પડે છે તે બધાંય નામો આ આત્માને પણ સ્વભાવ અપેક્ષાએ લાગુ પડે છે,...'** અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત વીતરાગતા, અનંત આનંદતા, સ્વચ્છતા, પ્રભુતા એ બધા નામો આત્માને લાગુ પડે છે. **'કારણ કે શક્તિ અપેક્ષાએ બંને આત્માઓ સમાન છે;...'** જેવા સર્વજ્ઞ પરમેશ્વર પર્યાયમાં પૂર્ણ થયા એવો જ આ ભગવાન આત્મા ગુણે પૂર્ણ છે. પણ એ પ્રતીત અને શ્રદ્ધા કરે ત્યારે. નહિતર આવા અનંતા ગુણો છે એ ખ્યાલમાં આવ્યા વિના પ્રતીત શી રીતે કરે? સમજાણું કાંઈ? આહાહા..! સ્વસન્મુખ થઈ અને જ્યારે એની દશામાં આ આત્મા.. આ અનંત ગુણનો એકરૂપ એવો આત્મા (એમ) એની પર્યાયમાં શ્રદ્ધામાં ભાસે ત્યારે તે અનંત ગુણવાળો છે એમ નક્કી કહેવાય. પણ એ આવી છતી વસ્તુને.. છે એને છેપણે ભાસે નહિ ત્યાં સુધી એને છે ક્યાં છે? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧૦, મંગળવાર તા. ૨૪-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૬-૭, પ્રવચન - ૧૪**

ભાવાર્થ. છઠ્ઠી ગાથાનો છેલ્લો. '**પરમાત્માને ગુણ અપેક્ષાએ...**' બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્માની વ્યાખ્યા છે ને? એમાં પરમાત્મા...

અરિહંત કે સિદ્ધ એ પરમાત્મદશા છે-અવસ્થા. એને જેટલા નામ લાગુ પડે છે તે બધાય નામો આ આત્માને પણ સ્વભાવ અપેક્ષાએ લાગુ પડે છે. શું કીધું એ? પરમેશ્વર સિદ્ધ ભગવાન અરિહંત પરમાત્માને ગુણની અપેક્ષાએ એટલે વર્તમાન ગુણ પર્યાયમાં પ્રગટ (થયા તે). ગુણ એટલે એના ગુણ પ્રગટ્યા પર્યાયે એમ. એની પર્યાય ગુણની પર્યાયની અપેક્ષાએ જેટલા નામો એને લાગુ પડે તેટલા નામો આ આત્માના સ્વભાવની અપેક્ષાએ લાગુ પડે. બેમાં શું ફેર પડ્યો?

ભગવાન પરમેશ્વર તીર્થંકરદેવ.. એક હજાર (આઠ) નામ આપ્યા છેને ઇન્દ્રોએ કેવળજ્ઞાન થાય (ત્યારે)? કહે છે કે એ પરમેશ્વર પરમાત્મા અરિહંત, એની નિર્મળ ગુણની પર્યાયની અપેક્ષાએ, ગુણની પૂર્ણ પ્રગટ અપેક્ષાએ જેટલા નામો એને લાગુ પડે, તેટલા નામો આત્માના સ્વભાવની અપેક્ષાએ લાગુ પડે.

મુમુક્ષુ :- પર્યાયની અપેક્ષાએ.

સમાધાન :- આ પર્યાય અપેક્ષા, આ શક્તિની અપેક્ષા.

...જેને પ્રગટ થઈ એવી જે દશા પૂર્ણ, એને જેટલા નામો કહો એ બધા લાગુ પડે એ આત્માના સ્વભાવની અપેક્ષાએ લાગુ પડે. એની શક્તિની અપેક્ષાએ, ગુણની અપેક્ષાએ, સત્‌ના સત્ત્વની અપેક્ષાએ પ્રગટ પર્યાયના જેટલા નામો લાગુ પડે, એટલા એને ગુણને-શક્તિને લાગુ પડે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**કારણ કે શક્તિ અપેક્ષાએ બંને આત્માઓ સમાન છે;...**' સ્વભાવ અપેક્ષાએ કહ્યું હતું ને? પછી એનો ખુલાસો કરી નાખ્યો. સ્વભાવ એટલે શું? કે શક્તિ. વસ્તુ છે એની જે શક્તિ છે, એનું સત્ત્વ છે, એનો જે ગુણ છે, એનો સ્વભાવ. સ્વ-ભાવ. સ્વભાવીનો સ્વભાવ. એ જેટલી શક્તિઓ અને સ્વભાવ છે એ બધાને પર્યાયની અપેક્ષાએ આત્માને લાગુ પડે. સિદ્ધની પર્યાયની અપેક્ષાએ, અરિહંતની પર્યાય અપેક્ષાએ જેટલી લાગુ પડે એટલી આ ભગવાન આત્માને સ્વભાવ અને શક્તિની અપેક્ષાએ લાગુ પડે. આહાહા..! સમજાણું કાંઈ?

'**કારણ કે શક્તિ અપેક્ષાએ બંને આત્માઓ સમાન છે;...**' કેમ લાગુ પડે છે?

કે શક્તિની અપેક્ષાએ બેય આત્મા-પ્રગટ થયેલા અને આ (સંસારી)- બેય શક્તિએ તો સરખા છે. એને પ્રગટ થઈ છે, અહીં પ્રગટ થવાની તાકાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જે પરમાત્માના ગુણને બરાબર ઓળખે છે.**' એ નાખ્યું. જે જાણતો... છે ને? જે અરિહંતના ગુણોને એટલે એની પર્યાયને,... અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે. એને જે બરાબર ઓળખે છે '**તે પોતાના આત્માના સ્વરૂપને જાણ્યા વગર રહે નહિ.**' જોયું! આહાહા..! અરે..! હું પણ આત્મા એની જાતનો, એની નાતનો (છું). એની જાતની પંક્તિમાં રહેલો. એને પર્યાય અપેક્ષાએ જેટલું કહેવાય એટલો હું પણ એવો છું, એ આત્માને જાણે. આહાહા..! પોતાના આત્માના સ્વરૂપને જાણ્યા વગર રહે નહિ. અહીં તો એ સિદ્ધ કરવું છેને. અરિહંતનું છેને પહેલું જાણે અરિહંત. એમાં પણ તર્ક ઉઠે કે પરદ્રવ્યના ગુણ-પર્યાય જાણ્યા માટે આત્મા જણાય, એ તો નિમિત્તની વાર્તા થઈ. એ તો એ અપેક્ષા... નિહાલભાઈએ નાખ્યું છે. બીજે બધે ના પાડો કે નિમિત્તથી ન થાય અને અહીં અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવાથી આત્મા ઓળખાય એ તો નિમિત્તની વાત છે. સમજાણું કાંઈ? કોણ સવારમાં કો'ક કહેતું હતું ને? નિહાલભાઈનું છે? એનામાં એ છે એ અહીં બધું નીકળે છે પ્રવચનસારમાં.

જે અરિહંતની દશાના પ્રગટ પર્યાયને જાણે તો એના ગુણો-શક્તિ અને એનો આત્મા એ ત્રણેને જાણે. અને એને જાણતા હું પણ એવો જ આત્મા એની જાતનો છું. તો એને એ પરનું જાણવાનું લક્ષ છોડી દઈને... છોડી દઈ. વાત તો એમ છે કે

**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.**

એનો અર્થ છે કે એવો જ અહીંયાં આત્મા લીધો (કે) જેણે પરમાત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણ્યા એને આત્મા જણાયા વિના રહેવાનો નથી એવો આત્મા લીધો છે. સમજાણું કાંઈ? છે ને? '**સ્વરૂપને જાણ્યા વગર રહે નહિ...**' આહાહા..! એને પૂર્ણ પર્યાયમાં પૂર્ણતા છે. મારા સ્વભાવમાં પરિપૂર્ણતા છે અને સ્વભાવવાનપણે પરિપૂર્ણ છે. અને એને પરિપૂર્ણ પર્યાય છે. તો એ પરિપૂર્ણ પર્યાય મારે નથી તો પ્રગટે કેમ? કે પૂર્ણ દ્રવ્ય અને પૂર્ણ સ્વભાવને આશ્રયે પ્રગટે. એટલે એનો આશ્રય લે. આહાહા..! એ જ્ઞાનની ક્રિયા અને દર્શનનો વિષય, એની મહત્તા જગતને ન આવે. બાહ્ય ત્યાગ કર્યા ને આ કર્યા ને આ કર્યા. આહાહા..! એ આત્માને જાણ્યા વગર રહે નહિ. એમ કીધું, જોયું! પાઠ એવો ખરો ને? '**તે જીવ જાણે આત્મને,...**' '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' પાઠ છેને એવો? '**सो जाणदि अप्पाणं**' એમ લીધું છે ને? '**सो जाणदि अप्पाणं**'. ત્યારે (કોઈ) કહે, એવા દ્રવ્ય-ગુણ-

પર્યાયનું જ્ઞાન અગિયાર અંગ અને નવ પૂર્વમાં નથી આવ્યું?

મુમુક્ષુ :- ...પોતાના આત્માને તો જાણ્યો નહિ.

ઉત્તર :- એને આવો જ તે પ્રગટ છે, એવો જ હું શક્તિમાં છું એવી એણે દ્રવ્યસ્વભાવની સ્પર્શના કરી નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

નિમિત્તને ઉપાદાન કહે છેને કે તું તો રોકનારો છો. એઈ..! ચંદુભાઈ! શેમાં? ઉપાદાન-નિમિત્ત (દોહામાં). .. એમાંથી પાછું ઈ કાઢ્યું, જુઓ! .. રોકે છે કે નહિ? પરવસ્તુ અહીં રોકે છે કે નહિ? ઉપાદાનનું બધું ઘણું લખ્યું છે. બે-ત્રણ શ્લોક નાખ્યા. એમ તો ઈ કહ્યું કે નિમિત્તનું લક્ષ કરશે, આશ્રય કરશે એને રાગ થશે. અને ઉપાદાનનો આશ્રય કરશે એને વીતરાગતા પ્રગટ થશે. સમજાણું કાંઈ? એમ બતાવવા એમ કહ્યું છે. ત્યારે કહે, જુઓ! દેહ પિંજરો જીવને રોકે છે. આવ્યું કે નહિ? એમાં લખ્યું છે કે નથી લખ્યું? નિમિત્ત રોકે છે એને. નિમિત્તની બળવત્તા છે કે નહિ? જેમાંથી તમે એકલું ઉપાદાન-ઉપાદાન કહો છો. એય..! એમાં નિમિત્તનું નીકળે છે કે નહિ? કઈ અપેક્ષાએ, ભાઈ!

ભાઈએ-નિહાલચંદભાઈએ નાખ્યું છે. તમે બીજે બધે કહો કે પરનું જાણવાનું થાય તો પોતાને લઈને થાય, એને લઈને ન થાય. અહીં તો આમ કહ્યું છે. '**जो जाणदि अरहंतं**'. એ તો નિમિત્તથી કથન કર્યું છે. સમજાણું કાંઈ? એથી અહીં કહ્યું ને? જે જાણે અને જાણ્યા વગર રહે નહિ. આહાહા..! આવો જ આત્મા હું છું પરિપૂર્ણ શક્તિ સ્વભાવ સત્ત્વથી, એવું જાણ્યા વિના રહે નહિ, એને અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણ્યા એમ નિમિત્તપણે કહેવામાં આ વાત છે. આહાહા..! મૂળ સ્વતંત્રતાની જેને ખબર નથી ને. પર્યાયે પર્યાયનો ઉત્પાદ સ્વતંત્ર છે. એમ તો કીધું, નહિ? એને લઈને થાય એ આવ્યું ક્યાં એમાં? સમજાણું કાંઈ?

'**જેટલા ગુણો પરમાત્મામાં છે તેટલા જ ગુણો દરેક આત્મામાં છે.**' દરેક આત્મામાં તો અભવિ ને બધા આવી ગયા. અભવિમાં એટલા જ ગુણો છે. સમજાણું કાંઈ? પાઠમાં આવી ગયું છે પહેલું. એ વાત તો અમારે ત્યાં... કીધું ને? (સંવત) ૧૯૮૫માં થઈ. મણિલાલજી સાથે. એ મોહનલાલજી એમ કહે કે... મોહનલાલજી હતા, ઓળખતા હતા? ... ચોમાસું હતું રાજકોટ. ૧૯૮૦માં. મોહનલાલ... છે ક્યાં ઈ? બીજાએ વાત કરી. સમજાણું કાંઈ આમાં? કે એને કેવળજ્ઞાન છે, કેવળજ્ઞાનાવરણીય છે. ભાઈ! એ તો બીજાએ વાત કરી. નવરંગભાઈ! એને ક્યારે થાય? કહેતા હતા ને? વર્ણીજી એમ કહેતા કે શુદ્ધ તો બધા આત્મા છે. શુદ્ધ તો છે પણ અશુદ્ધતા ટાળવી કઈ રીતે? એમ નથી. શુદ્ધ છે એવી શ્રદ્ધા જ્ઞાનમાં પ્રતીતિ આવે ત્યારે શુદ્ધ એને માટે છે. એઈ..! નવરંગભાઈ! આહાહા..! સમજાણું?

આત્મા શુદ્ધ છે. છે. એ સાંભળીને માને એવું છે? કીધું. ... એમ આવ્યું છે? આ

પરિપૂર્ણ વસ્તુ અનંત ગુણ સંપન્ન છે એવી જે પ્રતીતિ એને જ્ઞાનની પર્યાયને એ અસ્તિત્વનો ભાસ થયો ત્યારે એને માટે શક્તિ છે. ભઈ, આ તો એવો ફેર છે કે થોડા ફેરમાં બહુ ફેર પડી જાય. સમજાણું કાંઈ? એમ કે શક્તિએ શુદ્ધ તો છે. હવે આપણે અશુદ્ધ ટાળવું શી રીતે? માટે શુદ્ધ છે એ તો બધા જાણે છે. અરે.. બાપુ! એમ નથી, ભાઈ!

આ પ્રભુ શુદ્ધ છે એ તો પરદ્રવ્યના લક્ષને છોડી.. એ આવે છે ને? (સમયસાર) છઠ્ઠી ગાથામાં. સ્વની ઉપાસના કરતા.. આહાહા..! ગજબ ટીકા છે! સ્વવસ્તુ તરફ ઢળેલો. એની સેવા કરી એટલે કે એણે કબુલ્યું બધું અંદર શ્રદ્ધામાં. ઓહોહો..! એવી જે શ્રદ્ધાની પર્યાય શુદ્ધમાં એની પ્રતીતિ આવી એને એ શુદ્ધ છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, સમજાય છે? આ તો ભાષા સાદી છે. આહાહા..!

એમ અરિહંતની દશા પૂર્ણ પ્રગટ થઈ એવો હું છું. કોણ માને? કોણ જાણે? કે એ શક્તિનું તત્ત્વ જે આખું છે એનો જેણે સન્મુખ થઈને સ્વીકાર કર્યો છે કે આ છે. સમજાણું કાંઈ? એને '**मोहो खलु जादि तस्स लयं**'. એનો મોહ નાશ થઈ જ જાય છે. દર્શનમોહનો નાશ થઈ જાય છે અને તેને સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..! કેવી શૈલી છે આ!

'**જેટલા ગુણો પરમાત્મામાં છે તેટલા જ ગુણો દરેક આત્મામાં છે.**' પણ એ છે ઈ કોને? સમજાણું કાંઈ? છે એનો જેને અંતરમાં જ્ઞાનની પર્યાયમાં તે છે એનું જ્ઞેય થઈને, જ્ઞાનની પર્યાયમાં તે છે એનું જ્ઞેય થઈને જ્ઞાન થયું એને છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! 'છે'માં આટલું જોર છે, કહે છે. સમ્યગ્દર્શન-શ્રદ્ધા એમાં આટલું જોર (છે). ઈ શ્રદ્ધામાં એ વસ્તુ ખ્યાલમાં આવી છે. જ્ઞાનની પર્યાયમાં (અનુભવ થઈ ગયો છે). શ્રદ્ધાને તો કાંઈ ખ્યાલ આવતો નથી એમાં. જ્ઞાનની પર્યાયની અનુભૂતિમાં આ વસ્તુ પૂર્ણ શક્તિવાળી છે એવું એને પ્રગટ શુદ્ધ પર્યાયમાં પૂર્ણ શુદ્ધની પ્રતીતિ થઈ ગઈ છે. છે એની પ્રતીતિ થઈ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેટલા જ ગુણો દરેક આત્મામાં છે. પોતાના ત્રિકાલી આત્માની સન્મુખ થઈને...**' જુઓ! એ છે, એ આત્માની સન્મુખ થઈને 'આ છે' એમ સ્વીકાર થયો. '**તેમનો પૂર્ણપણે વિકાસ કરીને...**' એ પૂર્ણ વસ્તુ શક્તિએ પૂર્ણ છે એવું પર્યાયમાં જ્ઞાનમાં ભાસ્યું ત્યારે એની પ્રતીતિ થઈ કે આ તો પૂર્ણ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? ૧૭-૧૮માં એ આવે છે ને? ગાથા-૧૭-૧૮. જે ચીજ જાણી.. ટોડરમલજી. ભાવભાસન થવું એમ ભાષા વાપરી છે. એનો હેતુ આ છે. સમજાણું કાંઈ? લ્યો, ક્યાંનું ક્યાં આવ્યું, ક્યાંનું ક્યાં આવ્યું! એને ભાવભાસન થયું છે. ભાવભાસન એટલે? તે તે શક્તિઓનો ભાવ આવો છે એવું જ્ઞાનમાં

એને આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પોતાના ત્રિકાલી આત્માની સન્મુખ થઈને...**' એટલે કે આમ જે હતો રાગની સન્મુખતામાં પર તરફ, ત્યારે તેનો અનાદર હતો. હોવા છતાં, શક્તિ, સત્ત્વ, સ્વભાવરૂપ હોવા છતાં એ નહોતું. સમજાણું કાંઈ? કેમ કે વસ્તુ જે છે, એના જ્ઞાનમાં 'આ છે' એ આવ્યું નહોતું. એની સન્મુખ થાય ત્યારે એનો અર્થ થયો કે એનો સ્વીકાર કર્યો. સમજાણું કાંઈ? એ '**ત્રિકાલી આત્માની સન્મુખ થઈને તેમનો પૂર્ણપણે વિકાસ કરીને...**' એ તો પછી પર્યાય વિકાસ થઈ. પણ આ તો સન્મુખ થઈને એનો કેમ એને ખ્યાલમાં આવ્યું? કે સન્મુખ થયો. સત્ વસ્તુની (તરફ) આમ મુખ એનું થયું, એમ કહે છે. આ વસ્તુ આ છે. આહાહા..! જેને જ્ઞાનની પર્યાયમાં આવું જ્ઞેય જણાય છે.

બહેન બરાબર ટાઈમે આવ્યા છે. .. ભાગ્યશાળી છે. આવી વ્યાખ્યા કોઈ વખતે બહાર આવે, હોં! આહાહા..! સવારે પણ જે હતું ને, એ વ્યાખ્યા પહેલીવહેલી એવી આવી છે. બહાર ક્રિયાકાંડમાં સલવાઈ ગયા બિચારા, કાંઈ ખબર ન મળે ... બાપા! દૃષ્ટિમાં દૃષ્ટિવાન આખો નજરમાં, શ્રદ્ધામાં ન આવે ત્યાં સુધી એનું બધું ફોગટ છે. એ વ્રત ને નિયમ ને ત્યાગ બધા એકડા વિનાના મીંડા છે. એની કિંમત નથી.

એટલે કે આવો આત્મા પરિપૂર્ણ છે એની શ્રદ્ધા શું અને એ શ્રદ્ધામાં ભાવનું ભાસન થયું એ કોઈ મહા કિંમતી ચીજ છે. ચંદુભાઈ! આહાહા..! આ કોઈ સંપ્રદાયની વાત નથી. આ તો વસ્તુ છે એના ભાવની વાત છે. 'એ છે' એનું ભાવભાસન ન થાય ત્યાં સુધી એને સમ્યગ્દર્શન અને જ્ઞાન હોઈ શકે નહિ. આહાહા..! અને એ ભાવભાસન માટે તો અંતર સન્મુખ થવું જોઈએ, કહે છે. આહાહા..! આણે ઈ શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ? એનો આશ્રય લેવો જોઈએ.

મહાન વસ્તુ આ છે. જેના એક એક ગુણનો પાર નથી, એક એક ગુણની શક્તિના સામર્થ્યનો પાર નથી. એવી અનંતી શક્તિનું અસ્તિત્વ આ શક્તિવાનમાં છે. સમજાણું કાંઈ? એવી પ્રતીતિ થતાં એને આ પૂર્ણ છે એમ શ્રદ્ધા-જ્ઞાનમાં આવી ગયું. આહાહા..! હવે એના તરફ વળીને તેમનો પૂર્ણપણે વિકાસ કરીને... આહાહા..! '**આ આત્મા પણ પરમાત્મા થઈ શકે છે.**' આહા..! જૈનદર્શનની બીજા કરતા વિશેષતા ઈ છે કે, એક એક આત્મા પરમાત્મારૂપે અને પરમાત્મા થઈ શકે એવો આત્મા છે. સમજાણું કાંઈ? એ વસ્તુનું સ્વરૂપ એ છે. સમજાણું કાંઈ? આ ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવા, બ્રહ્મચર્ય પાળવું છપરબી, એ કાંઈ જૈનદર્શનની વિશેષતા નથી. સમજાણું કાંઈ? એવી વાતો અન્યમાં પણ હોય છે. એ નાખ્યું નથી? મોક્ષમાર્ગ પ્રકાશકમાં નાખ્યું છે. એમ કે આમ છે, તેમ છે, ફલાણું છે.

એવું તો અન્યમાં પણ છે. અન્યમાં છે એ આ છે એવું અન્યમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આ વસ્તુની.. પૂર્ણ શક્તિવાન એની જે શ્રદ્ધા ને જ્ઞાન, પૂર્ણ શક્તિવાન (અર્થાત્) ભગવાન અનંત લક્ષ્મીનું વાન-એનું રૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! એમ આ શક્તિવાન (છે). જેમ ભગવાન. ભગ એટલે અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ જેની લક્ષ્મી, એનો એ વાન. એનું વાન એને છે. એનું એને રૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! માણસ નથી કહેતા કે આ ફલાણા કેવા વાને છે? નવરંગભાઈ! કહે છે ને ત્યાં? કે ઘઉં વર્ણે છે કે ગોરા વર્ણે છે કે કાળા... શું કહે કાળાને? ભીનેવાને. ભીનેવાને. કાળા વાને નહિ, ભીનેવાને. એમ આત્મા કેવો છે? કે ભગવાન છે એ. ભગ-લક્ષ્મીના વાનવાળો છે. ઈ એનું વાન છે. આહાહા..! સમજાણું કાંઈ?

શ્વેતાંબરમાં પણ કેવળજ્ઞાન એક સમયે અને બીજે સમયે કેવળદર્શન. શક્તિ પૂર્ણ છે તો પર્યાયમાં પૂર્ણ પ્રગટે તો એને ભંગ અને ખંડ ન હોય. સમજાણું કાંઈ આમાં? જે વસ્તુ છે એમાં જ્ઞાન-દર્શનની શક્તિ પૂર્ણ છે, એવી જેને પ્રતીતિ બેસે, એને તો કેવળજ્ઞાન અને કેવળદર્શન એક સમયે સાથે હોય છે. (કેમ કે) અંદર શક્તિ સાથે છે ને? તો એક સમયમાં એના બેય ઉપયોગ એક સમયે સાથે હોય છે. આહાહા..! એ.. ચેતનજી! આ મોટો વાંધો. એક સમયે કેવળજ્ઞાન, બીજે સમયે કેવળદર્શન. એ વાત ન બેઠી તો પેલા કહે, એ તો અન્યમતિને માટે કથન છે, એમ કરીને (કાઢી નાખ્યું). કારણ કે વાત બેઠી નહિ આ. આમ વસ્તુ તૂટી જાય છે.

વસ્તુ જે છે એ જ્ઞાન અને દર્શન સાથે પૂર્ણ છે. જ્ઞાન પૂર્ણ છે અને દર્શને અધૂરો છે એમ છે? અને તે એક સાથે શક્તિ છે કે પહેલી આ અને પછી આ એમ છે? આહાહા..! જેને આ જ્ઞાન ને દર્શન એકસાથે શક્તિ છે એને વિકાસમાં જ્યારે લાવ્યા, ત્યારે એકસાથે બેય પર્યાય છે. આહાહા..! એને એમ કહેવું કે પહેલે સમયે જ્ઞાનનો વેપાર અને બીજે સમયે દર્શનનો (હોય). (તો) વસ્તુ જાણી નથી, શક્તિ માની નથી. પર્યાયની પ્રગટતા એને થતી નથી. નવનીતભાઈ! આવો માર્ગ છે. લોકો અત્યારે ૨૫૦૦ વર્ષ છે માટે સંપ કરો, સંપ કરો, સમન્વય કરો. બાપુ! કોઈ સાથે વિરોધ નહિ. એ આત્મા છે. એ પણ પૂર્ણ શક્તિવાન છે. ભૂલ હોય તો પર્યાયમાં છે. દ્રવ્ય-ગુણમાં ભૂલ નથી. આહાહા..! વ્યક્તિ એ ભગવાન છે. પણ એ ગુણરૂપે ભગવાન છે. એમ જેને પોતાની શ્રદ્ધા થઈ છે, એને બધા ભગવાન ગુણરૂપે પૂર્ણ છે, એ સાધર્મી છે એ અપેક્ષાએ. પણ પર્યાયની અપેક્ષાએ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'તેમનો પૂર્ણપણે વિકાસ કરીને આ આત્મા પણ પરમાત્મા થઈ શકે છે.'** જુઓ! આ વિશેષ વાત. એક એક તત્ત્વ અને જે તત્ત્વ છે તે પોતામાં પરિપૂર્ણ છે. તો એની

શક્તિઓ પણ પરિપૂર્ણ છે. વસ્તુ પરિપૂર્ણ છે તો એની શક્તિઓ અનંત છે તે પણ પરિપૂર્ણ છે. એ પરિપૂર્ણ છે અનંત શક્તિવાળું રૂપ, એવી જેને જ્ઞાનમાં ભાસ થઈને પ્રતીતિ થઈ, એનો ઉપયોગ વર્તમાન છદ્મસ્થમાં ભલે જ્ઞાનોપયોગ વખતે દર્શન (ઉપયોગ) ન હોય. કારણ કે વચ્ચે ઓલી આડ છે ને રાગની. પણ પૂર્ણ શક્તિની જેને પ્રગટ દશા થઈ, એને પહેલે સમયે કેવળજ્ઞાન અને બીજે સમયે કેવળદર્શન, ત્રીજે સમયે કેવળજ્ઞાન અને ચોથે સમયે કેવળદર્શન એમ છે એમાં, એ વસ્તુનું સ્વરૂપ જ નથી. ગુણને અંદર સાથે માન્યા હોય તો એ પર્યાય પણ એકસાથે બે ભેગી હોય. એટલે ખરેખર તો એણે દ્રવ્યને અને ગુણને જાણ્યા નથી. આ તો વસ્તુની સ્થિતિ છે, હોં! તે કોઈ વ્યક્તિ માટેની વાત નથી. આ તો આંતરો કેમ પડી ગયો? (એ કહ્યું). મૂળ ચીજની જે વસ્તુ છે, એકસાથે અનંત ગુણ છે એવી જો એને ખ્યાલમાં અને પ્રતીતિમાં આવે તો આ આમ ખંડ-ભંગ એના કાર્યમાં ન કહે. સમજાણું કાંઈ? એથી કહે છે કે પૂર્ણ વિકાસ કરીને આત્મા પણ પરમાત્મા એક સમયે પૂર્ણ થઈ શકે છે.

---

इदानीं बहिरात्मनो देहस्यात्मत्वेनाध्यवसाये कारणमुपदर्शयन्नाह–

*बहिरात्मेन्द्रियद्वारैरात्मज्ञानपराङ्मुखः।
स्फुरितः स्वात्मनो देहमात्मत्वेनाध्यवस्यति।।७।।

टीका :– इन्द्रियद्वारैरिन्द्रियमुखैः कृत्वा स्फुरितो बहिरर्थग्रहणे व्यापृतः सन् बहिरात्मा मूढात्मा। आत्मज्ञानपराङ्मुखो जीवस्वरूपज्ञानाद्बहिर्भूतो भवति। तथाभूतश्च सन्नसौ किं करोति? स्वात्मनो देहमात्मत्वेनाध्यवस्यति आत्मीयशरीरमेवाहमिति प्रतिपद्यते।।७।।

---

હવે બહિરાત્માને દેહમાં આત્મબુદ્ધિરૂપ મિથ્યા માન્યતા ક્યા કારણે થાય છે તે બતાવતાં કહે છે–

શ્લોક - ૭

અન્વયાર્થ :- (बहिरात्मा) બહિરાત્મા (इन्द्रियद्वारैः) ઇન્દ્રિય દ્વારોથી (स्फुरित) બાહ્ય પદાર્થોને જ ગ્રહણ કરવામાં પ્રવૃત્ત હોવાથી (आत्मज्ञानपराङ्मुखः) આત્મજ્ઞાનથી પરાઙ્ગમુખ-વંચિત હોય છે; તેથી તે (आत्मनः देहं) પોતાના શરીરને (आत्मत्वेन अध्यवस्यति) મિથ્યા અભિપ્રાયપૂર્વક આત્મારૂપ સમજે છે.

---

* बहित्थे फुरियमणो इंद्रियदारेण णियसरुवचओ।
णियदेहं अप्पाणं अज्झवसदि मूढदिट्ठिओ।।८।। –मोक्षप्राभृते, कुन्दकुन्दाचार्यः।

ટીકા :- ઇન્દ્રિયોરૂપ દ્વારોથી અર્થાત્ ઇન્દ્રિયોરૂપ મુખથી બહારના પદાર્થોના ગ્રહણમાં રોકાયેલો હોવાથી તે બહિરાત્મા-મૂઢાત્મા છે. તે આત્મજ્ઞાનથી પરાઙ્મુખ અર્થાત્ જીવસ્વરૂપના જ્ઞાનથી બહિર્ભૂત છે. તેવો થયેલો તે (બહિરાત્મા) શું કરે છે? પોતાના દેહને આત્મારૂપે માને છે અર્થાત્ પોતાનું શરીર જે 'હું છું' એવી મિથ્યા માન્યતા કરે છે.

ભાવાર્થ :- બહિરાત્મા ઇન્દ્રિયોદ્વારા જે બાહ્ય મૂર્તિક પદાર્થો ગ્રહણ કરે છે તેને મોહવશાત્ પોતાના માને છે. તેને અંદરના આત્મતત્ત્વનું કંઈ પણ જ્ઞાન નથી; તેથી તે પોતાના શરીરને જ આત્મા સમજે છે-અર્થાત્ શરીર, મન અને વાણીની ક્રિયા જે જડની ક્રિયા છે તેને પોતે કરી શકે છે અને તેનો પોતે સ્વામી છે એમ માને છે.

જીવ ત્રિકાલી જ્ઞાનસ્વરૂપ છે. તેને બહિરાત્મા અજ્ઞાનવશ જાણતો નથી અને બાહ્ય ઇન્દ્રિયગોચર પદાર્થો જે માત્ર જ્ઞેયરૂપ છે તેમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરી પોતાને સુખી-દુઃખી, ધનવાન-નિર્ધન, બલવાન-નિર્બલ, સુરૂપ-કુરૂપ, રાજા-રંક, વગેરે હોવાનું માને છે.

## વિશેષ

મિથ્યા અભિપ્રાયવશ અજ્ઞાની માને છે કે, 'શરીર ઉત્પન્ન થવાથી મારો જન્મ થયો, શરીરનો નાશ થવાથી હું મરી જઈશ, શરીરની ઉષ્ણ અવસ્થા થતાં મને તાવ આવ્યો, શરીરની ભૂખ, તરસ, આદિરૂપ અવસ્થા થતાં મને ભૂખ-તરસ લાગી, શરીર કપાઈ જતાં હું કપાઈ ગયો, વગેરે.' એ રીતે અજીવની અવસ્થાને તે પોતાના આત્માની અવસ્થા માને છે.

''...આપને આપરૂપ જાણી તેમાં પરનો અંશ પણ ન મેળવવો તથા પોતાનો અંશ પણ પરમાં ન મેળવવો-એનું સાચું શ્રદ્ધાન કરતો નથી. જેમઅન્ય મિથ્યાદષ્ટિ નિર્ધાર વિના પર્યાયબુદ્ધિથી જાણપણામાં વા વર્ણાદિમાં અહંબુદ્ધિ ધારે છે, તેમ આ પણ આત્માશ્રિત જ્ઞાનાદિમાં તથા શરીરાશ્રિત ઉપદેશ-ઉપવાસાદિ ક્રિયાઓમાં પોતાપણું માને છે... વળી પર્યાયમાં જીવ-પુદ્‌ગલના પરસ્પર નિમિત્તથી અનેક ક્રિયાઓ થાય છે તે સર્વને બે દ્રવ્યોના મેળાપથી નીપજી માને છે, પણ આ જીવની ક્રિયા છે તેમાં પુદ્‌ગલ નિમિત્ત છે તથા આ પુદ્‌ગલની ક્રિયા છે તેમાં જીવ નિમિત્ત છે-એમ ભિન્ન

૧. મોક્ષમાર્ગપ્રકાશક-ગુ. આવૃત્તિ પૃ.૨૨૯.

૨. અજ્ઞાનથી મોહિતમતિ, બહુ ભાવસંયુત જીવ જે,
''આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્‌ગલ દ્રવ્ય મારું'' તે કહે. (શ્રી સમયસાર, ગુ. આવૃત્તિ-ગાથા ૨૩)

ભિન્ન ભાવ ભાસતો નથી...''[૧]

'જેની મતિ અજ્ઞાનથી મોહિત છે અને જે મોહ, રાગ, દ્વેષ આદિ ઘણા ભાવોથી સહિત છે એવા જીવ એમ કહે છે કે આ શરીરાદિ બદ્ધ તેમજ ધન-ધાન્યાદિ અબદ્ધ પુદ્‌ગલ દ્રવ્ય મારું છે.'[૨]

વળી શરીરાદિ બાહ્ય પદાર્થોમાં એક્તાબુદ્ધિ કરવાની અજ્ઞાનીને ભ્રમ થાય છે કે રસ, રૂપ, ગંધ, સ્પર્શ અને શબ્દનું જે જ્ઞાન થાય છે તે ઇન્દ્રિયોથી થાય છે તથા ઘટપટાદિનું જે જ્ઞાન થાય છે તે બાહ્ય પદાર્થોથી થાય છે, પણ તેને ખબર નથી કે જીવને જે જ્ઞાન થાય છે તે પોતાના જ્ઞાનગુણરૂપ ઉપાદાન શક્તિથી થાય છે. ઇન્દ્રિયો અને ઘટ-પટાદિ પદાર્થો તો જડ છે. તેનાથી જ્ઞાન થાય નહિ. તે તો જ્ઞાન થવામાં નિમિત્તમાત્તર છે.

એ રીતે બહિરાત્મા પોતાના જ્ઞાનાત્મક સ્વભાવને ભૂલી શરીરાદિ પર પદાર્થોથી પોતાનું અસ્તિત્વ માને છે અર્થાત્ શરીરાદિ પદાર્થોમાં તે આત્મબુદ્ધિ કરે છે. ૭.

## શ્લોક-૭ ઉપર પ્રવચન

'હવે બહિરાત્માને દેહમાં આત્મબુદ્ધિરૂપ...' વિસ્તાર હવે પોતે પાઠમાં કરે છે. અર્થમાં તો કર્યો છે. બહિરાત્મા એટલે કે 'દેહમાં આત્મબુદ્ધિરૂપ મિથ્યા માન્યતા...' સ્થૂળ ... આ આમ આત્મદ્રવ્ય છે એની પ્રતીતિ અને અનુભવ અને તેની શ્રદ્ધા જ્યાં નથી, એને રાગ અને પ્રગટ અલ્પજ્ઞતા, એટલા અંશમાં જ આત્મા છે. એટલે એ અલ્પજ્ઞતા અને રાગ એ વસ્તુના પૂર્ણ સ્વભાવમાં નથી. તેથી તે એટલા માનનારને બહિરાત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? 'બહિરાત્માને દેહમાં...' એ રાગને પણ એ બધી સ્થિતિ છે. આહાહા..! એક સમયનો પ્રગટ અંશ પણ એ વ્યવહાર છે. સમજાણું? એને જ્યાં આત્મા માને છે, એ વસ્તુના દ્રવ્ય અને ગુણના પરિપૂર્ણમાં એ અલ્પજ્ઞનો વિકાસ છે એ એમાં નથી. સમજાણું કાંઈ? તેથી તે અલ્પજ્ઞ અને રાગ ઉપર રુચિવાળો હોવાથી તે આત્મામાં એવું અલ્પજ્ઞપણું અને રાગ નથી, એ બહિર્ છે, એને માનનારો તેને બહિરાત્મા કહે છે. આહાહા..! શાંતિભાઈ! આહાહા..! એ 'આત્મબુદ્ધિરૂપ મિથ્યા માન્યતા ક્યા કારણે થાય છે તે બતાવતાં કહે છે-'

*बहिरात्मेन्द्रियद्वारैरात्मज्ञानपराङ्‌मुखः।
स्फुरितः स्वात्मनो देहमात्मत्वेनाध्यवस्यति।।७।।

'**અન્વયાર્થ :- બહિરાત્મા ઈન્દ્રિય દ્વારોથી બાહ્ય પદાર્થોને જ ગ્રહણ કરવામાં પ્રવૃત્ત હોવાથી...**' કારણ કે એને અતીન્દ્રિય જે વસ્તુ છે એનું તો જ્ઞાન નથી. એથી એનું ઈન્દ્રિય તરફના લક્ષવાળું, ઈન્દ્રિય તરફના લક્ષવાળું જ્ઞાન... છે? '**ઈન્દ્રિય દ્વારોથી બાહ્ય પદાર્થોને...**' ઈન્દ્રિયજ્ઞાન દ્વારા તો બાહ્ય પદાર્થ જાણવામાં આવે કે ઈન્દ્રિય દ્વારા અણીન્દ્રિય આત્મા જાણવામાં આવે? આહાહા..! આ પર્યાયે લક્ષ કર્યું છે ને? પર્યાયમાં જે ક્ષયોપશમભાવ છે એ ભાવઈન્દ્રિય છે.

'**ઈન્દ્રિય દ્વારોથી બાહ્ય પદાર્થોને જ ગ્રહણ કરવામાં પ્રવૃત્ત હોવાથી...**' આહાહા..! એટલે? કે જ્ઞાનનો જે વર્તમાન ક્ષયોપશમ અંશ છે એ ભાવેન્દ્રિય છે અને એ ભાવેન્દ્રિય દ્વારા પરવસ્તુને લક્ષમાં લે છે. એ ભાવેન્દ્રિય દ્વારા સ્વનું લક્ષ ન આવી શકે. આહાહા..! સમજાણું કાંઈ? ઈન્દ્રિય દ્વારે શબ્દ છે ને? ભાવેન્દ્રિય દ્વારે દ્રવ્ય નિમિત્તમાં ગયું-દ્રવ્યેન્દ્રિયમાં અને એનાથી બાહ્ય પદાર્થ જાણવામાં આવે છે. આહાહા..! એમાં બાહ્ય પદાર્થોને જાણવામાં. ગ્રહણ કરવું એટલે જાણવું. પકડે છે ક્યાં ન્યાં? આહાહા..!

'**ઈન્દ્રિયદ્વારોથી...**' '**स्फुरितः**' ઈન્દ્રિય દ્વારે એને પરની સ્ફુરતા જાણવામાં આવી, એમ કહે છે. સમજાણું કાંઈ? '**આત્મજ્ઞાનથી પરાઙ્મુખ...**' આમ જે ઈન્દ્રિય દ્વારે જ્યાં જાણવાનો પ્રયત્ન છે, એને આત્મજ્ઞાન પરાઙ્મુખ છે. આત્માનું જે જ્ઞાન એનાથી ઊલટું કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આચાર્યોએ સમાધિશતકમાં પણ... સમાધિશતકના બધા શ્લોકો છે એમાં, હોં! શબ્દકોષમાં. જુદાં-જુદાં કો'ક કો'ક કહ્યા છે.

અહીં કહે છે કે એને અહીંયાં આત્માને... અહીંયાં ગ્રંથનું નામ સમાધિશતક છે ને? સમાધિતંત્ર છે ને? ઈ શું કામ નામ રાખ્યું? સમાધિતંત્ર. શતક. શતક તો આ શ્લોકની (સંખ્યા) કારણે. તંત્ર. આત્મા પોતાની ચીજને અવલંબીને થાય એમાં ઈન્દ્રિય દ્વાર કામ ન કરે ત્યાં. સમજાણું કાંઈ? અને ઈન્દ્રિય દ્વારા જ્યાં કામ લે છે તો એમાંથી બાહ્ય પદાર્થ જણાય, સ્વ તો રહી જાય. આહાહા..!

'**બાહ્ય પદાર્થોને...**' જાણવામાં. ગ્રહણ શબ્દે જાણવું, હોં! પાછું કહેશે, ત્યાં કેમ ...? જાણવામાં. જાણવું '**કરવામાં પ્રવૃત્ત હોવાથી...**' '**ઈન્દ્રિય દ્વારોથી...**' '**स्फुरितः**' '**બાહ્ય પદાર્થોને જ ગ્રહણ કરવામાં પ્રવૃત્ત હોવાથી આત્મજ્ઞાનથી પરાઙ્મુખ-**' આહાહા..! જે આત્મા અંતર અતીન્દ્રિય જ્ઞાન દ્વારા આમ જવાય અને જાણે, એ વાત રહી ગઈ. આહાહા..! સમજાણું કાંઈ? '**આત્મજ્ઞાનથી પરાઙ્મુખ-**' આત્મજ્ઞાન... શું કીધું? ઈન્દ્રિય દ્વારા બાહ્ય પદાર્થનું જ્ઞાન અને આત્મજ્ઞાનથી પરાઙ્મુખ. સમજાય છે કાંઈ? ઘરે એક જ (પુસ્તક) હશે, નહિ? તમારે એકેય નથી? તમે લીધું નહિ તે દિ'? તમારા દાદાએ લીધું નહિ હોય.

મુમુક્ષુ :- દાદા છે નહિ, ઈ ગયા છે વડોદરા.

ઉત્તર :- એમ! અહીં રહે છે તો (પુસ્તક) નહિ લીધું હોય.

મુમુક્ષુ :- એમની પાસે છે.

ઉત્તર :- છે? ત્યાં રાખ્યું હશે. સમજાણું કાંઈ? છપાણા છે, થોડા છપાણા છે. પંદરસો છપાણા. પણ અત્યારે હવે પંદરસો લોકોને.. માણસ વધી ગયું. આહાહા..!

**'ઇન્દ્રિય દ્વારોથી...'** એમ શબ્દ છેને મૂળ પાઠમાં? બાહ્ય લક્ષવાળો ઇન્દ્રિય દ્વારા જાણવામાં રોકાય છે. અને ઇન્દ્રિય દ્વારા તો બાહ્ય પદાર્થ જણાય. સમજાણું કાંઈ? અને તેથી તે આત્મનું જ્ઞાન જે જોઈએ, આમ થઈને (-સ્વરૂપ સન્મુખ થઈને થવું) જોઈએ, એ આત્મજ્ઞાનથી પરાઙ્મુખ છે. આહા..! ગજબ વાત છે ને! આસ્રવને ઇન્દ્રિય દ્વારા જાણે, કહે છે. એઈ..! આસ્રવને, વાણીને ઇન્દ્રિય દ્વારા જાણે.

મુમુક્ષુ :- ભગવાનને ઇન્દ્રિય દ્વારા જાણે...

ઉત્તર :- ભગવાનને... તેથી જ કીધું ને? **'जो इंदिये जिणित्ता'** ૩૧ (ગાથા). એટલે કે ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને ભગવાનની વાણી, એનું શરીર અને ભગવાન એ બધા ઇન્દ્રિય છે. કેમ કે આ ઇન્દ્રિય દ્વારા એ જણાય છે. માટે બધા ઇન્દ્રિય છે. આહાહા..! વાત .. ભગવાન તો અણીન્દ્રિય સ્વરૂપ છે. પણ એને જાણનારો ઇન્દ્રિય દ્વારા જાણે માટે એનો વિષય તે ઇન્દ્રિય થઈ ગઈ. એ દ્વારા બાહ્ય પદાર્થ જાણે. આહાહા..! તો પછી કહ્યું કે **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** એ પણ ઇન્દ્રિય દ્વારા છે. અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવા. માટે એનાથી આત્માનું જ્ઞાન થાય એમ નથી. આહાહા..!

**'આત્મજ્ઞાનથી પરાઙ્મુખ...'** છે. ઇન્દ્રિય દ્વારા એ સન્મુખ છે, એની સન્મુખ છે. ઇન્દ્રિય દ્વારા તો બાહ્ય પદાર્થ જાણવામાં આવે. ભગવાન હો કે ગુરુ હો કે શાસ્ત્ર હો કે સમ્મેદશિખર હો કે શેત્રુંજય હો, ઇન્દ્રિય દ્વારા જાણવામાં આવે. ત્યારે અણીન્દ્રિય એવો જે ભગવાન આત્મા એ આત્મજ્ઞાનથી પરાઙ્મુખ થઈ ગયો. એવી વાતું છે, પ્રવિણભાઈ! ઝીણી વાતું બહુ. ઓહોહો..! એના માહાત્મ્ય શું કરવા! એને પોતાની ચીજ શું છે એને જાણવાનું જ્ઞાન કર્યું હોય... એવું જે આત્મજ્ઞાન, આત્મજ્ઞાન કીધું ને? આત્મજ્ઞાન. ઓલું ઇન્દ્રિયથી થતું બાહ્ય જ્ઞાન. આહાહા..!

કહે છે, **'આત્મજ્ઞાન પરાઙ્મુખ-વંચિત હોય છે;...'** ઇન્દ્રિયથી જ્ઞાન કરનારો બાહ્ય પદાર્થને જાણતા સ્વ પદાર્થના જ્ઞાનથી વંચિત રહે છે. .. પછી આવ્યું કે નહિ આમાં? ભગવાનની વાણી અને ભગવાન ઇન્દ્રિયનો વિષય છે, આવ્યું નહિ? ભાષા ટૂંકી કરવા જાયને તો લોકો ભડકે છે. આ શું કહે છે? ઇન્દ્રિય દ્વારા ભાવેન્દ્રિયનો જે ક્ષયોપશમ છે, એ દ્વારા દ્રવ્યેન્દ્રિયને

નિમિત્ત બનાવી, નિમિત્ત હોય છે વચમાં છે અને બાહ્ય પદાર્થ સમજ્યા? આહાહા..! સમજાણું કાંઈ? એય..! નવરંગભાઈ! આહાહા..! એ આત્મજ્ઞાન પરાઙ્મુખ થઈ ગયો.

ઇન્દ્રિય દ્વારા સાંભળે, ઇન્દ્રિય દ્વારા જોવે ભગવાનને, ઇન્દ્રિય દ્વારા સમવસરણને જોવે, એ તો બાહ્ય પદાર્થનું જાણવું થયું. સમજાણું કાંઈ? બાહ્ય પદાર્થના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તો ઇન્દ્રિય દ્વારા જાણે એમ થયું. એઈ..! અને તે આત્માને જાણે એમ પાછું આવ્યું. બાહ્ય ઇન્દ્રિય દ્વારા જાણે એ આત્માને જાણે. આત્માને જાણે. આહાહા..! સમજાણું કાંઈ? એ બધા નિમિત્તના કથનો છે. આમ અંતરમાં આત્મજ્ઞાન કરે તો પછી આ બાહ્ય નિમિત્ત હતું એ જ્ઞાન, એનું જ્ઞાન હોં! એ તરફનું જ્ઞાન. પરલક્ષી જ્ઞાન છે. એને છોડીને જ્યારે સ્વનો આશ્રય કરે ત્યારે પરલક્ષી જ્ઞાનને નિમિત્ત કહેવામાં આવે. આહાહા..! તો નિમિત્તે કાંઈ કર્યું નથી પાછું એનું. આ વાંધા બધા. આહાહા..!

આ ચશ્મા અને આંખ ન હોય જડ તો આત્માને જ્ઞાનની પર્યાય થાય? ખીલે ક્યાંથી? જણાય ક્યાંથી? અરે..! ભાઈ! તને તો હજી પરલક્ષી જ્ઞાનની સ્વતંત્રતાની પણ ખબર નથી. ભગવાનની વાણી અને ભગવાન દીઠા ને શાસ્ત્ર સાંભળ્યા એથી એ જ્ઞાન થયું. પરલક્ષી જ્ઞાન પણ સ્વતંત્ર પોતાથી થયું છે. ઇન્દ્રિય દ્વારા થયું છે. સમજાણું કાંઈ? આહાહા..! દિગંબર આચાર્યોના ગહન શાસ્ત્ર, ગંભીર શાસ્ત્ર ઊંડે ઊંડે લઈ જાય છે. આહાહા..!

કોઈ એમ કહે કે તું ભગવાનની વાણી સાંભળ, ભગવાનના દર્શન કર, તને આત્મા જણાશે. એ ખોટી વાત થઈ. એઈ..! આ છ કર્તવ્ય છેને શ્રાવકના? એ સમકિતીના છે. છ બોલ. ગુરુસેવા.. છે ને? સેવા, સંયમ, તપ, દાન. આહાહા..! એ વિકલ્પ છે એ પરને લક્ષે ઉત્પન્ન થયેલો છે, પોતાનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? અને એને લક્ષે ઇન્દ્રિય દ્વારા જે થયું, એ જ્ઞાનવાળાને પરપદાર્થનું (જ્ઞાન) થયું. ભગવાન રહી ગયો. સ્વપદાર્થ જે ત્રિલોકનાથ ચૈતન્ય પરમાત્મા... આહાહા..! અરે..! આ પરલક્ષી જે બહિર્જ્ઞાન ઇન્દ્રિય દ્વારા જ્ઞાન (થાય), એ દ્વારા આત્મજ્ઞાન ન થાય. અને ઇન્દ્રિય દ્વારા જે જ્ઞાન થયું એ વાણીથી પણ થયું નથી. એ વખતનો તે પ્રકારનો ઇન્દ્રિય દ્વારનો ક્ષયોપશનો અંશ છે તેથી થયું છે. આહાહા..! સમજાણું કાંઈ? તો એના દ્વારા આત્મજ્ઞાન થાય એમ નથી. એમ કહે છે, એ તો આત્મજ્ઞાનથી પરાઙ્મુખ છે. એય..! કારણ કે આમ (સ્વ) સન્મુખ નથી એટલે આમ (પર) સન્મુખ છે. આમ સન્મુખ છે તે આત્મજ્ઞાનથી વિમુખ છે. આહાહા..! એ '**વંચિત હોય છે.**' પરાઙ્મુખની વ્યાખ્યા કરી.

ઇન્દ્રિય દ્વારા પરપદાર્થનું જ્ઞાન કરનાર આતમ પદાર્થના જ્ઞાનથી એ વંચિત રહે છે. આહાહા..! પરાઙ્મુખનો એ અર્થ કર્યો. સમજાણું કાંઈ? શ્રવણ (થાય) એમાં કાનનું નિમિત્ત છે. ક્ષયોપશમ

અને એમાં એક વિકલ્પ છે. અને ક્ષયોપશમનો અંશ છે. પણ એ ક્ષયોપશમના અંશમાં તો બાહ્ય પદાર્થનો ખ્યાલ આવતા બાહ્ય પદાર્થના જાણવામાં રોકાતા આત્મજ્ઞાનથી વંચિત રહે છે. છે? આહાહા..! કઈ શૈલી! કઈ વાત! વાત બહુ (સૂક્ષ્મ). પૂજ્યપાદ સ્વામીએ ઘણું જ અનુભવમાંથી એણે સ્વ અને પરની વહેંચણી કરીને વાત કરી છે. સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! ભાગ્યશાળીઓ ભેગા થયા છે. આવી વાતું, બાપા! આહાહા..! સાંભળવાની અપેક્ષાએ તો ભાગ્યશાળી છે. અંતરમાં ભાગ્યશાળી થાય તો... આ તો પરસન્મુખમાં જવાની જે ઇન્દ્રિય દ્વારની ક્રિયા (થાય છે) ત્યાં તો આત્મજ્ઞાન, દ્રવ્યનું જ્ઞાન, આત્મવસ્તુનું જ્ઞાન એનાથી પરાઙ્મુખ છે. ઓહોહો..! હવે એ ભગવાનના દર્શન કરે અરિહંતના કે પ્રતિમાના કે મંદિરના.. એ ઇન્દ્રિય દ્વારા ત્યાં રોકાણો એ આત્માથી, આત્માના જ્ઞાનથી, આત્મદ્રવ્યના સ્વદ્રવ્યના જ્ઞાનથી, પરદ્રવ્યના ઇન્દ્રિય દ્વારા જ્ઞાન(ને કારણે), સ્વ દ્વારા થતાં જ્ઞાનથી વંચિત રહી ગયો. આહાહા..! એઈ..! સમજાણું કાંઈ?

**'તેથી તે...' 'आत्मनः देह' 'પોતાના શરીરને...' 'आत्मत्वेन अध्यवस्यति'** કેમ કે ઇન્દ્રિય દ્વારા પરપદાર્થને જાણવાનો ભાવ, એમાં એને ઈ જ વસ્તુ હું છું. એ જ્ઞાન થયુંને પરનું? એ બધું ખરેખર તો એ શરીર જ છે ઈ પર. એ અચેતન જ્ઞાન છે. એ અચેતન એવા જે દેહને જ એણે આત્મા માન્યો. આહાહા..! **'પોતાના શરીરને મિથ્યા અભિપ્રાયપૂર્વક આત્મારૂપ સમજે છે.'** આહાહા..! ગજબ વાત છે! આ તો શાંતિથી સમજવા જેવી વાત છે.

જેને ઇન્દ્રિય દ્વારા... ઇન્દ્રિય દ્વારા તો પરપદાર્થ છે ત્યાં. ભગવાન આત્મા ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી. અલિંગગ્રહણમાં, અલિંગગ્રહણમાં આવે છે. આત્મા ઇન્દ્રિય દ્વારા જણાય કે ઇન્દ્રિય દ્વારા જાણે એ આત્મા જ નહિ, એમ કહે છે. આહાહા..! ભાઈ! અહીં તો ત્યાં ગયું. શું કીધું? આત્મા ઇન્દ્રિયથી જાણે નહિ અને ઇન્દ્રિયથી જણાય નહિ. બે શબ્દ છે ને? અલિંગગ્રહણનો પહેલો બોલ. હવે અહીં એમ કહેવું છે કે ઇન્દ્રિયથી જણાય નહિ. તો એનો અર્થ એ થયો કે ઇન્દ્રિય દ્વારા બાહ્ય પદાર્થ જણાય એમાં સ્વઆત્મા ન જણાય. બાહ્ય પદાર્થ જણાય એ ચૈતન્યના અભાવસ્વભાવરૂપ ભાવ થયો. એથી એને શરીર જ કહી દીધું, પર. સમજાણું કાંઈ?

પરને જાણવા ઇન્દ્રિય દ્વારા જાણ્યું એ ચૈતન્ય સ્વરૂપ જ નથી, કહે છે. આહાહા..! એથી એ અચેતનસ્વરૂપ છે ખરેખર તો. આ ચૈતન્યનું જ્ઞાન નથી. એથી એના સિવાયના બધા પદાર્થો આ ચેતન નથી. સમજાણું કાંઈ? એટલે એ બધું અચેતન થઈ ગયું. ઉપયોગ પણ અચેતન થયો. આહાહા..! ઇન્દ્રિય દ્વારા જણાય તે આત્મા. એણે શરીરને અને પરને જ પોતાનું માન્યું છે. અથવા ઇન્દ્રિય દ્વારા થતું જે જ્ઞાન તે જ્ઞાન મારું છે, એ તો અચેતનને

જ માને છે. આહાહા..! સમજાણું કાંઈ?

પોતાના 'आत्मनः देहं' 'आत्मनः देहं' આ આત્મા-દેહ, એને ન (જુદા) માનતા આ આત્મા (એ) દેહ. સમજાણું કાંઈ? આ સોનગઢમાં ચાલે. મુંબઈમાં આવું કરવા જાય તો ભાગે. શું માંડી આ? બાપુ! વસ્તુ તો ભગવાન એના પડખાં પિંખતા તો આવું નીકળે છે. ઈન્દ્રિયને પડખે, પરને પડખેથી જે જાણ્યું એ આત્માનું જ્ઞાન નહિ, એ તો અજીવનું જ્ઞાન થયું. આહાહા..! આ જીવ એમાં નથી. એનું એને જ્ઞાન થયું. સમજાણું કાંઈ? આહાહા..! એ અર્થ કર્યો. એની ટીકા કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગસર સુદ ૧૧, બુધવાર તા. ૨૫-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૭, પ્રવચન - ૧૫**

બહિરાત્મા શું માને છે અને એને બહિરાત્મા કેમ કહેવો? એ વ્યાખ્યા ચાલે છે.

'**ટીકા :- ઈન્દ્રિયોરૂપ દ્વારોથી અર્થાત્ ઈન્દ્રિયોરૂપ મુખથી...**' એની .. છે. ઈન્દ્રિયોના મુખથી એટલે તે દ્વારાથી. આહાહા..! '**બહારના પદાર્થોના ગ્રહણમાં રોકાયેલો હોવાથી...**' ગ્રહણ એટલે જાણવું. સમજાણું કાંઈ? ગુજરાતી છે. હિન્દી ન ચાલે અત્યારે. આ ગુજરાતી છે ને. સવારમાં હિન્દી ચાલે. આ તો ગુજરાતી પાઠ છે ને. એ સમજાય નહિ એવું છે. અત્યારે ગુજરાતી છે. પુસ્તક ગુજરાતી છે. અને સવારમાં હિન્દી છે. થોડું થોડું ધ્યાન રાખવું. ગુજરાતીમાં છે અને ગુજરાતીમાં આવે તો હિન્દીમાં એવું ન આવે. રોકાવું પડે.

આ આત્મા એને કહે છે કે જે બાહ્ય ઈન્દ્રિય દ્વારા... એક તો ભાવેન્દ્રિય જે છે એ ક્ષયોપશમની એક પર્યાય છે-જ્ઞાનની એક પર્યાય છે. એને નિમિત્ત દ્રવ્યેન્દ્રિય છે. અને એને જાણવાની ચીજ એ નિમિત્ત છે. એટલે અહીં તો ભાવેન્દ્રિય દ્વારા અને એના દ્રવ્યેન્દ્રિયના મુખથી એટલે એના તરફથી જે બાહ્ય પદાર્થનું ગ્રહણ-રોકાયેલો હોય. ત્યાં બહારના જાણવામાં એ જ્ઞાન રોકાયું. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો એમ સિદ્ધ કરવું છે કે જે પર્યાય ઉપર જેની બુદ્ધિ છે, પર્યાય ઉપર, એ ભાવેન્દ્રિય દ્વારા, દ્રવ્યઈન્દ્રિય એમાં ભલે નિમિત્ત હોય, પણ દ્રવ્યેન્દ્રિયની પર્યાય અને ભાવેન્દ્રિયની પર્યાય વચ્ચે પણ અત્યંત અભાવ છે. છતાં એ ઈન્દ્રિય દ્વારા આમ જે જાય છે જાણવા, ત્યારે એને બાહ્ય પદાર્થનું જ્ઞાન થાય છે. તો બાહ્ય પદાર્થના જ્ઞાનમાં એ રોકાણો છે. '**તે બહિરાત્મા-મૂઢાત્મા છે.**' જે આ આત્મા પોતાના જ્ઞાનની પર્યાયથી અંતર્મુખ થઈને જાણવું જોઈએ.. સમજાણું કાંઈ? એને ઠેકાણે એ બાહ્ય ઈન્દ્રિયોનો (ઉઘાડરૂપ) પર્યાય જે ભાવેન્દ્રિય છે એ ખરેખર આત્મા નથી. ભાવેન્દ્રિયનો પર્યાય એ ખરેખર આત્મા નથી. કારણ કે એને તો એમ કહ્યું છે કે એને જીતે તે જિતેન્દ્રિય કહેવાય. એનાથી જાણે તો જિતેન્દ્રિય કહેવાય એમ નથી કહ્યું. ૩૧મી ગાથા. એટલે એ ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને એનાથી જણાતા પદાર્થ એ ત્રણેયને ખરેખર તો ઈન્દ્રિય કીધી છે. ત્રણને ઈન્દ્રિય કીધી. ૩૧ ગાથા. આહાહા..! એટલે કે ઈન્દ્રિયનું જે જ્ઞાન, ઈન્દ્રિય દ્વારા જે થતું જ્ઞાન એ ઈન્દ્રિય (જ્ઞાન છે). દ્રવ્યઈન્દ્રિય તો જડની પર્યાય, ભાવેન્દ્રિય ચૈતન્ય ક્ષયોપશમનો વિકાસ, બે વચ્ચે પણ અત્યંત અભાવ (છે). અને એનાથી જે જાણવાની ચીજ છે વર્તમાન પર્યાય બાહ્ય, એ દ્રવ્ય.. તો (બેની)

વચ્ચે પણ, જાણવાની પર્યાયને અને જણાય છે એવી ચીજને અત્યંત અભાવ છે. મૂળચંદભાઈ! આ બધું આમાં ઊંડું ઉતરવું પડશે. આહાહા..! એને જાણવામાં રોકાયેલું જ્ઞાન... આહાહા..! તે આત્મજ્ઞાનથી પરાઙમુખ છે. આહાહા..! ભાષા તો જુઓ! આચાર્યએ કેવી શૈલી મૂકી છે! આહાહા..!

ભગવાન આત્મા પોતાની જ્ઞાનની પર્યાય દ્વારા જેની એ પર્યાય છે તેને જાણવું જોઈએ. જ્ઞાન એનું લક્ષણ છે. તો લક્ષણ દ્વારા લક્ષ્યને જાણવું જોઈએ. સમજાણું કાંઈ? આ ચૈતન્ય સ્વરૂપ છું, એ જ્ઞાન દ્વારા જાણવું જોઈએ. એમ ન જાણતાં તે પર્યાયના મુખથી બાહ્ય ચીજ, બાહ્ય પદાર્થને જે જાણે છે, ચૈતન્યનો જેમાં અભાવ છે. ખરેખર તો વર્તમાન ભાવેન્દ્રિયની પર્યાયમાં પણ ચૈતન્ય સ્વભાવનો અભાવ છે. દ્રવ્યેન્દ્રિયની પર્યાયમાં ચૈતન્ય સ્વભાવનો અભાવ છે. અને સામે જાણવાયોગ્ય જે પદાર્થ છે એની પર્યાયમાં કે એના દ્રવ્ય-ગુણમાં આ ચૈતન્યનો તો અભાવ છે. આહાહા..! છતાં એને એ માનીને કે આ મારું છે, આ જ્ઞાન મને થયું મારામાં અને તે હું છું. આહાહા..! સમજાણું કાંઈ? એ બહિરાત્મા છે.

આ ચૈતન્ય જે વસ્તુ છે દેહથી ભિન્ન, રાગથી ભિન્ન, આ વસ્તુ જે આત્મા છે-આતમપદાર્થ, એનું હોવાપણું એનું અસ્તિત્વ એની સત્તાનું હોવાપણું, ખરેખર તો શરીરના અસ્તિત્વથી પણ એનું અસ્તિત્વ ભિન્ન છે. આ જડ છે આ માટી. આ ઇન્દ્રિયો માટી જડ અજીવ છે. એની પર્યાયથી પણ એનું ભિન્નપણું છે. અને ખરેખર રાગ થાય કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો એ રાગથી પણ એનું અસ્તિત્વ ભિન્ન છે. અને એક સમયની જે ભાવઇન્દ્રિયનો ક્ષયોપશમ છે (તેનાથી પણ એનું અસ્તિત્વ ભિન્ન છે). આહાહા..! ઝીણી વાતું, બાપુ! તત્ત્વની એવી વાતું છે. દુનિયાને કાંઈ પડી નથી. મારું શું થાશે? આ બધું કરીએ અને આ કરવું એમાં ગૂંચાઈને મરી જાય. આહાહા..!

આવું તત્ત્વ જે છે એને રાગથી, પરના જાણવાના લક્ષથી અથવા પરથી (ખસી)... આહાહા..! અંતર્લક્ષ કરીને જે પોતાને જાણવું જોઈએ એનું નામ સમ્યગ્જ્ઞાન, સમ્યક્ પ્રતીતિ અને સમ્યક્ આચરણ કહેવામાં આવે છે. આહાહા..! એ સમ્યક્ પ્રતીતિ, જ્ઞાન અને આચરણને છોડીને... આહાહા..! વર્તમાન વિકાસ છે જે જ્ઞાનની દશાનો એમાં કાંઈ આખો આત્મા નથી. આખું તત્ત્વ તો એક સમયની દશાથી-હાલતથી ભિન્ન તત્ત્વ છે. આહાહા..! એ પર્યાયબુદ્ધિવાળાને અહીં શરીરબુદ્ધિવાળો કહે છે. સમજાણું કાંઈ? કે જેમાં એ ચૈતન્ય વસ્તુ ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ નિત્યાનંદ ધ્રુવ, એ ધ્રુવનું જેમાં લક્ષ રહ્યું નહિ અને એની વર્તમાન દશાના મુખે બહારમાં જોતાં બાહ્ય પદાર્થને જાણે, તેને જાણે, તેને માને કે આ હું છું. આહાહા..! સમજાણું કાંઈ? કેમ કે જે અસ્તિત્વ એનું પોતાનું આખું છે-મહાપ્રભુ ચૈતન્ય સચ્ચિદાનંદ

પ્રભુ, સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો પુંજ પ્રભુ આત્મા, ક્યાં જોવો? કોને જોવો? કોને પડી છે અંદર? આહાહા..! અનંત કાળથી કેમ રખડે છે એ બહિરાત્માની વ્યાખ્યા કરે છે.

ભગવાન આત્મા ચૈતન્યદળ છે. વસ્તુ છે ને? પદાર્થ છે ને? અસ્તિત્વ ચીજ છે. તો એ અસ્તિત્વ નામ હોવાવાળી ચીજ, એ તો આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલો પ્રભુ આત્મા છે. આહાહા..! એવા અસ્તિત્વને એની સન્મુખ જોયા વિના.. બહિર્મુખ કીધું હતું ને અહીં? ઇન્દ્રિય દ્વારને મુખ્ય કીધી. એણે નાખ્યું છે, ટીકામાં જ નાખ્યું છે. '**ઇન્દ્રિયોરૂપ દ્વારોથી અર્થાત્ ઇન્દ્રિયોરૂપ મુખથી...**' એને ઇન્દ્રિયમુખ થઈ ગયું ... ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદના રસથી ભરેલું એ તત્ત્વ આત્મા છે. આહાહા..! એવા આત્માને અસ્તિ તરીકે તેને જોવાને ન જતાં, તેની અસ્તિત્વતાનો સ્વીકાર ન કરતાં વર્તમાન વિકાસનો અંશ છે, એ અંશ દ્વારા દ્રવ્યઇન્દ્રિયને નિમિત્ત બનાવી... આહાહા..! અને પરને જાણે એ તો બાહ્ય પદાર્થને જાણે છે. એમાં ચૈતન્ય ન આવ્યો. બસ! ભારે આકરું કામ, ભાઈ! આવી કોને નવરાશ છે? આ બધા પાંચ-પચાસ લાખ મળે પૈસા. એઈ.. શેઠ! પોપટભાઈ! આ કરોડ, બે કરોડ મળ્યા. શું છે?

મુમુક્ષુ :- ધૂળ છે.

ઉત્તર :- ધૂળ છે? આહાહા..! કોને મળ્યા? ભાઈ! તને ખબર નથી. પૈસો એ જડ ચીજ છે. લક્ષ્મી, પૈસો એ જડ અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વ અજીવમાં રહેલું છે. એ અજીવતત્ત્વ જીવમાં આવ્યું અને જીવમાં રહેલું છે એમ નથી. આહાહા..! છતાં એ અજીવતત્ત્વને જોવા જાય છે ઇન્દ્રિય દ્વારા એમ કહે છે. આહાહા..! જાણવા જાય એટલી વાત અહીં છેને. આમ ઇન્દ્રિયો દ્વારા પર ઉપર લક્ષ કરી અને આ પદાર્થ છે.. આ પદાર્થ છે... એમ જાણવા જાય છે. એવા બહિર્મુખ ભાવને અજ્ઞાની પોતાનો માને છે. એ મૂઢ છે, એ મિથ્યાદૃષ્ટિ છે, એ જૂઠી અસત્યદૃષ્ટિનો સેવનાર છે, એ જૂઠાને સેવનાર છે. એ સાચાને સેવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

.. ભગવાન આત્મા સચ્ચિદાનંદ-સત્ ચિદ્ આનંદકંદ છે. આ આત્મા.. ક્યાં કોને પડી છે? એ ક્યાં છે? કોણ છે? એય..! નૌતમભાઈ! આ પૈસા પેદા થાય પાંચ-પચાસ લાખ, દસ લાખ, ધૂળ લાખ, કરોડ, બે કરોડ, પાંચ કરોડ. થઈ ગયા. વધી ગયા અમે. બીજા કરતા વધ્યા. બાહુબળે, બાપા પાસે નહોતું અને અમે રળ્યા છીએ જાતે. શું રળ્યા? ધૂળ? એ તો પરચીજ છે. એ રળવાનું તો નથી પણ પરચીજને જોવા જતી જે જ્ઞાનની દશા.. આહાહા..! એ પરપદાર્થને જાણે છે. એમાં ભગવાન આત્મા રહી ગયો. એ કહે છે, જુઓ! ઝીણી વાત છે, ભગવાન! આ તો અનંત કાળની ભૂલ કેમ રહી છે અને એ ભૂલ ભાંગ્યા

વિના એના જન્મ-મરણ ટળે એવા નથી. આહાહા..! એ આ ભૂલ રહી કે જે મહાપ્રભુ અનંત આનંદ અને અનંત જ્ઞાનના હોવાપણે બિરાજમાન વસ્તુ આત્મા છે. એનો અંતરનો જે સ્વભાવ છે જ્ઞાન આનંદ, એ જ્ઞાન દ્વારા એને ન જાણ્યો. એના અસ્તિત્વને ન જાણ્યું અને એ જ્ઞાનની વર્તમાન પર્યાય દ્વારા જે બીજું અસ્તિત્વ એનાથી ભિન્ન છે (એને જાણવા રોકાણો). એમ કહ્યુંને? જુઓને! 'બહારના **પદાર્થોના ગ્રહણમાં રોકાયેલો**...' એનાથી ભિન્ન પદાર્થ એને જાણવા રોકાયો. આહાહા..! એય..! કાંતિભાઈ! આ તો અવલદોમની વાતું છે. ભાઈ! જગતની સાથે મેળ નહિ ખાય. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે જે વસ્તુ છે-સત્ અસ્તિ તત્ત્વ અનાદિ છે. એની કોઈ ઉત્પત્તિ નથી, એનો કોઈ નાશ નથી. સત્ છે એની ઉત્પત્તિ શી? અને સત્ છે એનો અભાવ-નાશ શું? આહાહા..! એવું જે સત્ સ્વરૂપ ભગવાન, એની દશાથી-જેની એ પર્યાય છે અને એ લક્ષણ છે જ્ઞાન, એ જ્ઞાનના લક્ષણ દ્વારા લક્ષ્ય નામ પ્રભુ આત્મા એને જાણવો જોઈએ. તો તે આત્મજ્ઞાન થયું. આ જ્ઞાનની પર્યાય દ્વારા બાહ્ય પદાર્થમાં જાણવામાં રોકાયેલો આત્મજ્ઞાનથી વંચિત છે. આહાહા..! એ '**આત્મજ્ઞાનથી પરાઙ્મુખ**...' છે. એમ ભાષા છે ને?

ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન છે, એના જ્ઞાનથી પર દ્વારા (થતા) જ્ઞાનમાં રોકાયેલો આત્માના જ્ઞાનથી ઠગાઈ ગયો છે, વંચિત છે. આહાહા..! એય..! ગીરધરભાઈ! આવી વાત છે, બાપા! આહાહા..! ઓલા કહે દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો... શું કરે? સાંભળને હવે. એ તો બધા વિકલ્પો છે. સમજાણું કાંઈ? આહાહા..! એ રાગ અને આત્મસ્વભાવ વચ્ચે તો અત્યંત અભાવ છે. એ તો આવે છે ને. એ રાગ જે થાય છે દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો, ભગવાનનું સ્મરણ કરીએ એ બધો રાગ છે. વૃત્તિનું ઉત્થાન છે. વૃત્તિ ઉઠે છે એ રાગ છે. એ રાગમાં અને કર્મના ઉદયમાં, જડનો જે ઉદય છે એની પર્યાયમાં અને આ રાગની પર્યાય વચ્ચે અત્યંત અભાવ છે. છતાં એના સદ્ભાવને જાણવા રોકાઈ ગયેલો. આહાહા..! એય..! અને એ રાગને અને ભગવાન આત્માનું જે જ્ઞાન થાય, સ્વરૂપ ચૈતન્યનું જ્ઞાન થાય, અનુભવ થાય એવી દશાને અને રાગને બે વચ્ચે પણ અત્યંત અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? એને, અંતર અભાવસ્વભાવરૂપ મારો ભાવ છે એને જાણવા નહિ આવતા... આહાહા..! એ જ્ઞાનની દશા બાહ્ય પદાર્થને એના મુખ દ્વારા જાણવા રોકાયેલો... આહાહા..! એને અહીંયાં બહિરાત્મા મૂઢ મિથ્યાદૃષ્ટિ કહે છે. આહાહા..! ચાહે તો નવ પૂર્વનું ભણેલો હો, અગિયાર અંગના જાણપણાવાળો હો. આહાહા..! પણ એ પદાર્થ દ્વારા તો બાહ્ય પદાર્થ જાણ્યો. સમજાણું કાંઈ? જ્યારે આને ચૈતન્ય કહીએ, તો આ રીતે પરપદાર્થનું જાણવું એ બધું અચેતન અને શરીર છે એમ કહીએ. આહાહા..!

સમજાણું કાંઈ?

કહે છે, **'આત્મજ્ઞાનથી પરાઙ્મુખ જીવસ્વરૂપના જ્ઞાનથી બહિર્ભૂત છે.'** આહાહા..! કેવી શૈલી મૂકી છે! જે વર્તમાન જ્ઞાનના વિકાસના ક્ષયોપશમના અંશ દ્વારા એટલે ઇન્દ્રિય દ્વારા. ભાવઇન્દ્રિય છે ને? પરને જોવામાં રોકાયેલો, પરને પકડવામાં નહિ, ભાઈ! .. અહીંથી લીધું. ફક્ત જ્ઞાન પરને જાણવા રોકાયેલું. એટલું કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો તત્ત્વની વાતું છે, બાપુ! એણે અનંત કાળથી એ જાણ્યું નથી. બાકી બધા ડહાપણ કર્યા અને મરી ગયો બધું કરી કરીને. આહાહા..! અબજોપતિ અનંત વાર થયો મનુષ્ય થઈને. શું કર્યું? પાખંડ સેવ્યો-મિથ્યાત્વભાવ સેવ્યો. આહાહા..!

અહીં તો બહારને જાણવામાં રોકાયેલ પર્યાયવાળાને બહિરાત્મા કહે છે. ગજબ વાત છે. આહાહા..! ભગવાન! તારી ચીજ જે અંદર છે, ભગ એટલે આનંદ અને જ્ઞાનની લક્ષ્મીવાન એ તારું સ્વરૂપ છે. એવા જ્ઞાન અને આનંદના સ્વરૂપને જોવાની પર્યાયે જોઈ નહિ અને એ પર્યાય-જોવાની પર્યાય પરને જોવા રોકાઈ ગઈ. આહાહા..! સમજાણું કાંઈ? એ આત્મજ્ઞાનથી વંચિત થઈ ગયો. આહાહા..! એ ભગવાન પોતાના જ્ઞાનથી પરાઙ્મુખ થઈ ગયો. આહાહા..! બાપુ! આ તો પરમસત્યની વાતું છે. એટલે એ જરી ગ્રાહ્ય થવું કઠણ છે. એણે અનંત કાળમાં એ કર્યું નથી. એણે સત્ય સાંભળ્યું નથી. સત્ય સુણ્યું નથી. એમ આવે છે ને? ભાઈ! શ્રીમદ્‌માં આવે છે. .. એનો અર્થ કે આ વસ્તુ છે.. આહાહા..! પૂર્ણ વસ્તુ છે એનો શક્તિ અને સ્વભાવ તો પૂર્ણ છે. વસ્તુ છે ને આત્મતત્ત્વ! આહાહા..! એ પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો પ્રભુ, એને જ્ઞાન દ્વારા એને જોવો જાણવો જોઈએ એમ મૂકી દઈને, આત્મજ્ઞાનથી પરાઙ્મુખ થઈને... આહાહા..! એકલા શાસ્ત્રને જાણવા ગયો ઇન્દ્રિય દ્વારા એ બાહ્ય પદાર્થને જાણ્યા. આહાહા..! સુજાનમલજી! આ તો વાતું એવી છે, બાપુ! જન્મ-મરણથી છૂટવાની રીત કોઈ અલૌકિક છે. અને જન્મ-મરણ કરવાની રીતનો ભાવ કોઈ સાધારણ નથી, અજ્ઞાન મોટું છે.

કહે છે, **'તેવો થયેલો...'** ભાષા એમ છે ને? શું કહે છે? કે ઇન્દ્રિયો રૂપી આ જડ અને અંદર ભાવઇન્દ્રિય.. એ મુખથી બહારના પદાર્થોને શરીરને, વાણીને, કર્મને, આ સ્ત્રીને, કુટુંબને, પૈસાને, આબરૂને, ધૂળ ને ધમાહા... પોપટભાઈ! એને જાણવા રોકાણો, કહે છે. નવનીતભાઈ! આહાહા..! એનો અર્થ થયો કે એને જાણવામાં રોકાણો એટલે એ હું છું એમ એને થઈ ગયું. કારણ કે ઓલું જે અસ્તિત્વ છે મહાપ્રભુ, મહા ચૈતન્ય ગંજ આત્મા આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ, એના અસ્તિત્વને અસ્તિ તરીકે સ્વીકારવામાં ન આવ્યો, ત્યારે ક્યાંક છું એવા સ્વીકાર વિના રહેશે શી રીતે ઈ? સમજાણું કાંઈ? એય..! ટોળિયા! સમજાય છે

કે નહિ આ? ભારે ભાઈ! આવી વાત ક્યાંથી કાઢી? કહે છે. કોઈ તો કહે, આ નવી કાઢી. અરે..! ભગવાન! તને ખબર નથી, બાપુ! આ તો ભગવાનની અનાદિની વાત છે. આહાહા..!

ઓહોહો..! ગાથાની શરૂઆત કરતાં ઇન્દ્રિય દ્વારા... આહાહા..! અતીન્દ્રિય સ્વરૂપ ભગવાન આત્મા. પોતે તો અતીન્દ્રિય સ્વરૂપ છે. ઇન્દ્રિયથી જણાય એવો એ છે નહિ. આ ઇન્દ્રિય આ જડ માટી કે ભાવઇન્દ્રિય એનાથી જણાય એવો છે નહિ. આહાહા..! એવા ભગવાનનું જ્ઞાન ન કરતા... ભગવાન એટલે આત્મા હોં! પાછા બીજા ભગવાન એના ઘરે રહ્યા. એ ભગવાન કાંઈ દેતા નથી અને લેતા નથી. આહાહા..!

પોતાનો સ્વભાવ પૂર્ણ છે, એકરૂપ છે, સત્ત્વ છે, મહાપૂર્ણ સ્વભાવથી અસ્તિરૂપે-સત્તારૂપે-હોવાપણે રહેલો છે. આહાહા..! એવા મહા અસ્તિત્વના સત્તાને ન જાણતા એ આત્મજ્ઞાનથી વિમુખ થતાં પરાઙ્મુખ (થયો). જોયું! ભાષા જુઓ! ચંદુભાઈ ગયા, નહિ? ગયા. સમજાણું કાંઈ? એ આતમજ્ઞાન જે આત્મા વસ્તુ છે. કોનું જ્ઞાન? તે દશામાં તેનું જ્ઞાન. તેની પર્યાયમાં-અવસ્થામાં તેનું જ્ઞાન, એનું જ્ઞાન ન થતાં એમાં નથી એવી જે બાહ્ય ચીજો એમાં ઇન્દ્રિય દ્વારા બાહ્ય પદાર્થને જાણતાં ત્યાં જ્ઞાન રોકાણું. તે રોકાણું એ બહિરાત્મા છે કહે છે. આહાહા..! એણે શરીરને અને બાહ્ય પદાર્થને મારા માન્યા. આહાહા..! સમજાણું કાંઈ? જેને જોવાની ગરજ થઈ એને પોતાના માન્યા. પોતાને જોવાની ગરજ થાય તો પોતાને માને. આહાહા..! અરે..! માર્ગ તે માર્ગ!

તે બહિર્ભૂત... '**જીવસ્વરૂપના જ્ઞાનથી બહિર્ભૂત છે.**' એ પરને જાણવાનો ભાવ જ બહિર્મુખ છે. આમ ચૈતન્ય ભગવાન.. મૂળની વાતું વિના પછી વ્રત કરો ને તપ કરો ને, ફલાણું (કરો). આજે ઉપાદાન-(નિમિત્ત)નું બહુ મોટું લખાણ આવ્યું છે. મોટું લખાણ આજ આવ્યું છે. જૈનશાસનમાં. કાલે આવ્યું હતું. વખત મળે ત્યારે થાય ને. એવા ગોટા માર્યા છે, અહીંના વિરૂદ્ધના. કો'ક આર્જિકાએ લખ્યું છે, બેથી કામ થાય. ઉપાદાન અને નિમિત્તથી. કોઈ કહે કે એકલા ઉપાદાનથી થાય. અરે..! સાંભળને! ઉપાદાન શું, એની પર્યાયથી થાય. એની વર્તમાન પર્યાય દ્રવ્યથી ન થાય. આહાહા..! અરે..! શું થાય? લુંટાણું છે જગત અને લુંટાવે છે હોંશથી. હોંશથી લુંટાવે છે. નિમિત્ત ચીજ છે બીજી. નિમિત્ત બીજી ચીજ છે પણ એની પર્યાયનું અસ્તિત્વ અને આની પર્યાયના અસ્તિત્વ—બે વચ્ચે તો અત્યંત અભાવ છે. અત્યંત અભાવ જેમાં છે એ ચીજ અહીં કામ કરે? બહુ આકરી વાત છે. પંડિતો ભણી ભણીને ભાણ્યા, કાશીના ભણતર કર્યા પણ આત્માને ભાણ્યો નહિ એ. સમજાણું કાંઈ?

અરે..! જન્મ-જરા મરણના દુઃખો બાપુ! ચોર્યાશીના અવતાર.. આહાહા..! અહીં કરોડોપતિ હોય અને જ્યાં આંખ મીંચાય ત્યાં જાય ઢેઢગરોળીને કુંખે. પોપટભાઈ! અહીં અબજોપતિ

હોય. અબજોપતિ હમણા મરી ન ગયો? શાંતિલાલ ખુશાલ. ગોવા-ગોવા. દશાશ્રીમાળી વાણિયા નહિ? બે અબજ ને ચાલીસ કરોડ. બસ્સો ચાલીસ કરોડ. ધૂળના ઢગલા જડના. એ જડની પર્યાય ને આત્માની દશામાં અત્યંત અભાવ છે.

અહીં તો એમ કહેવું છે કે અત્યંત જેનો અભાવ (છે), એને જાણવામાં રોકાણું જ્ઞાન. એમ કહેવું છે. એમ કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? જેની વચ્ચે અત્યંત અભાવ છે. આ બે આંગળીયું છે કે નહિ? જુઓ! આમાં આનો અભાવ છે, આનો આમાં અભાવ છે. નહિતર બે સ્વતંત્ર રહી શકશે નહિ. પોતે પોતાથી રહેલ છે અને આ આંગળીથી રહેલ નથી. જો એનાથી રહેલ હોય તો આંગળી તૂટતા આ પણ તૂટી જવી જોઈએ.

એમ આત્મા પોતાના સ્વભાવના અસ્તિત્વથી રહેલ છે. એ પરના અસ્તિત્વથી અને રાગના અસ્તિત્વથી રહ્યો છે એમ એ નથી. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, આ બધા બાયડી, છોકરા, કુટુંબ, નિર્વાહ કરનારા છોકરાઓ. પોપટભાઈ! તમારે છ-છ છોકરા. ખમ્મા-ખમ્મા કરે. ઓલું .. ત્યારે કોઈ નહોતું આવ્યું. આહાહા..! અરે..! દુનિયા! જેને જોવો તેને જોતો નથી. જે ચીજ તારામાં છે તેને તું જોતો નથી અને જે તારામાં નથી તેને જોવા રોકાયેલો. ભાષા વાપરી જુઓને! આહાહા..! ઈ બહિરાત્મા છે. સમજાણું કાંઈ? બહિર્ વસ્તુને તે જાણવા રોકાણો તેને બહિરાત્મા કહે છે. મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મૂઢ છે. આહાહા..! આ બધા એલ.એલ.બી.ના પૂંછડા વળગાડ્યા હોય ને. એમ.એ.ના ને આ વકીલો બધા મોટા... આહાહા..!

કહે છે, પ્રભુ! એકવાર સાંભળ શાંતિથી, ભગવાન! તારી ચીજની અંદર હયાતીવાળો પદાર્થ અને જેમાં એ ચીજ નથી અને એ ચીજમાં તું નથી. બરાબર છે? આ શરીર માટી છે, આ તો માટી-ધૂળ છે. આમાં આત્મા છે? અને આત્મામાં શરીર છે? આત્મા ચૈતન્યમૂર્તિ અને આ તો જડરૂપ છે. એમ બાયડી, છોકરા, કુટુંબ, દેશ એમાં આ આત્મા છે ત્યાં? અને આત્માના છે એ? અને એને લઈને આત્મા રહેલો છે? આહાહા..! એવો જે આત્મા. અહીં તો પહેલી ભાષામાં એવું નાખ્યું ને. આત્મજ્ઞાનથી પરાઙ્મુખ છે. આ શું કહે છે? પરને જાણવાના જ્ઞાનમાં રોકાયેલો આત્મજ્ઞાનથી પરાઙ્મુખ છે. આહાહા..! આ સમાધિશતક ચાલે છે, ભાઈ! સમાધિશતક છે. પૂજ્યપાદસ્વામીનું છે. .. આવ્યા છે બધા વિનંતી કરવા. આ શ્રદ્ધાવાળા છે. જિજ્ઞાસુ છે. એના પંડિત .. તમે. માર્ગ આ છે, બાપુ! આમાં પંડિતો શું કરે? ભણી ભણીને પંડિત (થઈ ગયા). પંડ્યા પંડ્યા ફોતરા ખંડ્યા. આહાહા..!

ભગવાન ચિદાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ જેની પૂર્ણ શક્તિઓ એક એક, એવું પૂર્ણ રૂપ જેનું એના જ્ઞાનથી પરાઙ્મુખ થઈને... આહાહા..! જે એમાં નથી તેના જ્ઞાનમાં જાણવામાં રોકાયેલો. આહાહા..! એને બહિરાત્મા (કહે છે). અંતરાત્મા છે એ પડ્યો રહ્યો એને. એ

બહિરાત્મા મૂઢ અજ્ઞાની ચાર ગતિમાં રખડનારો. ચાહે તો રાજા હોય અને ચાહે તો મહંત હોય અને ચાહે તો કાશીના ભણેલા મોટા પંડિત હોય. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! સંતો દિગંબર મુનિઓની શું વાત! આહાહા..! એક એક શબ્દમાં કેટલું ગંભીરપણું! કેટલું રહસ્ય ભર્યું છે!! વાત કરે છે સાધારણ આમ જાણે. બહિરાત્મા ઇન્દ્રિય દ્વારા પરપદાર્થને જાણે છે એટલું. એ આત્મજ્ઞાનથી પરાઙ્મુખ છે. આ તો મંત્રો છે, ભગવાન! આ તો સંતોના મંત્રો છે. સમજાણું કાંઈ? આહાહા..!

તે જ્ઞાનથી બહિર્ભૂત... **'જીવસ્વરૂપના જ્ઞાનથી બહિર્ભૂત છે.'** ઓલું પરાઙ્મુખ કહ્યું હતું. ઓલામાં વંચિત કર્યું છે, ભાઈ! અર્થમાં. પરાઙ્મુખ (નો અર્થ) વંચિત કર્યું, અહીં બહિર્ભૂત કહ્યું. એટલે કે આ ઇન્દ્રિય દ્વારા.. અરે..! ત્રણ લોકના નાથને જાણવા રોકાય એ જ્ઞાન પણ બહિર્મુખ બહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાતું આકરી. આ કાંઈ વાદવિવાદે પાર પડે એવું નથી કાંઈ. અંતરનો વિષય જ્યાં.. આહાહા..! અરે..! એને સાંભળવા મળે નહિ. અને આ જગતની ચીજો ઊંધી, એને બધું સાંભળવાનું અને જાણપણાનો ડાહ્યાનો દીકરો થઈને બેસે. નરોતમભાઈ! ધંધાની વાતું કરવા બેસે તો કેવો હુશિયાર!

નહોતું કહ્યું એક ફેરી? કોલાબા-કોલાબા. કોલાબા ને ઈ? મુંબઈ. આહાહા..! ધડાધડ. એ (સંવત) ૧૯૬૪ની સાલની વાત છે. ૬૪ની સાલમાં દુકાનથી માલ લેવા ગયેલા પાલેજથી. ૬૪માં. વર્ષ, ૧૮ વર્ષની ઉંમર હતી તે દિ'. ત્યાં કોલાબા જોવા ગયા. મેં કીધું, ચાલોને શું કરે છે આ બધા સટોડિયા? એક મારવાડી કહે કે લીધા.. દીધા.. લીધા.. દીધા... એમ કરે. ત્યાં કોલાબા આવે છેને ઓલા શું કહેવાય? અમેરિકાનો ભાવ આવે છે ત્યાં. ગયા હતા ૬૪ની સાલમાં. આ શું કરે છે? દ્યો... ને લ્યો... મગજ ફાટી ગયેલા. મૂર્ખા મોટા પણ, હોં! એય..! એમ હશે? તમારા છોકરાઓ .... દૂધ પીધું નહોતું? એમને ત્યાં દૂધ પીધું હતું. પછી નવી જમીન લીધી હતીને પાંચસો વારની? પાંચસો રૂપિયાનો એક વાર. પંદરસો વાર શું કીધું? પંદરસો વાર લીધી હતી. અહીં બંગલો બનાવવો છે. પાંચ કરોડ રૂપિયા. અહીં નાખવા હશે કાંઈક લાખ-બે લાખ. મહારાજ! પગલા કરો. શું છે કીધું આ? એટલે આ બંગલો સારો થાય તો હું સુખી થાવ.

બાપુ! તારું તત્ત્વ રાખવું છે ઠીક કે બહારનું રાખવું છે ઠીક? આહાહા..! બહારનું ઠીક રાખવા મથે છે તે મૂઢ બહિરાત્મા છે. અંદરનું ઠીક રાખવું ત્યાં ટળી જાય છે, વંચિત થઈ જાય છે, ઠગાઈ જાય છે. નૌતમભાઈ! આવી વાતું છે. એ તો કહે કે દયા પાળવી, દાન દેવા, ભૂખ્યાને આહાર દેવા, તરસ્યાને પાણી દેવા, રોગીને ઔષધ દેવા, સ્થાન ન હોય એને ઓટલા બંધાવીને કે ધર્મશાળા બનાવીને કરવું, કપડા દેવા. અરે..! ભગવાન સાંભળ

તો ખરો. એ બાહ્ય પદાર્થો દેવા-લેવાનો તો તારો અધિકાર છે નહિ. આહાહા..! એ તો સ્વતંત્ર તત્ત્વ છે.

પણ અહીં તો એટલું કહે છે, પ્રભુ! આહાહા..! બાહ્ય પદાર્થને જ્ઞાન એ બાજુ ઢળીને એને જોવા રોકાય ત્યારે ભગવાન આત્માને જોવાનું બંધ થઈ ગયું. આહાહા..! એય..! કાંતિભાઈ! આવું શું હશે? પકડાય એવું હશે? સમજાય એવું હશે? અરે..! ભગવાન! બધા કેવળજ્ઞાન પામીને અનંતા મોક્ષ ગયા. આહાહા..! ભાઈ! તને તારી ચીજ ન જણાય એમ કેમ હોય? કારણ કે એમાં એક પ્રમેયત્વ નામનો ગુણ છે. જ્ઞેય થવાનો ગુણ છે. જ્ઞાનમાં જ્ઞેય જણાય. એને જાણવું મૂકી દઈને પર પ્રમેય જે છે (એને જાણવા રોકાણો). આહાહા..! સમજાણું કાંઈ? પોતામાં એક પ્રમેયત્વગુણ અને શક્તિ છે કે નહિ? એ જ્ઞાન દ્વારા સ્વને પ્રમેય કરવો જોઈએ એટલે આત્મજ્ઞાન (કરવું જોઈએ), એને મૂકી દઈને તે જ જ્ઞાન દ્વારા બાહ્યનું જાણપણું કર્યું એ બહિર્ભૂત તત્ત્વ છે. આહાહા..! બહારનું જાણવું એ બહિર્ભૂત તત્ત્વ છે. અંતર્ભૂત તત્ત્વ નથી.

મુમુક્ષુ :- જાણવું ...

ઉત્તર :- અહીં તો જાણવાની માંડી છે.

ભગવાન! આકરું પડે એવું છે, હોં! સાંભળ્યું ન હોય અને ૫૦-૫૦, ૬૦ વર્ષ કાઢ્યા હોય મૂઢપણામાં અને એને આવી વાત આવે તો (એમ લાગે), આ શું છે? આ તે ગાંડા લાગે છે? વાત તો સાચી છે.

જગતડા કહે છે રે, ભગતડા કાલા છે, જગતડા કહે છે અરે ભગતડા ઘેલા છે,
પણ ઘેલા ન જાણશો રે, વસ્તુમાં એ પહેલા છે.

સમજાણું કાંઈ? આહાહા..! એય..! પોપટભાઈ! પાણી ઉતરી જાય એવું છે આ તો બધું. વાત સાચી. આહાહા..!

આ ચૈતન્ય વસ્તુ છે ને? આત્મતત્ત્વ. એને જાણવાથી વંચિત થયેલો, એના જાણવાથી પરાઙ્મુખ. આમ પરાઙમુખ એટલે આત્માને જાણવો જોઈએ એ મૂકીને પરાઙ્મુખ. એનાથી ઉલટી ચીજો જે બહારની છે. આહાહા..! એમાં જાણવા જ્ઞાનની પર્યાય રોકાણી અને જેને જાણવામાં રોકાણી તેના અસ્તિત્વને પોતાનું છે એમ એણે માન્યું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'તેવો થયેલો તે (બહિરાત્મા) શું કરે છે? પોતાના દેહને આત્મારૂપે માને છે...'** એનો અર્થ એ કે ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ ધ્રુવ અનાદિઅનંત શાશ્વત વસ્તુ, એનું જ્ઞાન ભૂલી જઈને, એના તરફનું વલણ છોડી દઈને આનું જ્ઞાન કરવું જોઈએ કે હું કોણ છું એનું

જ્ઞાન ન કરતા.. આહાહા..! પરના જાણપણામાં રોકાણો એ બહિર્ભૂત દેહને જ આત્મા માને છે. એટલે કે આ ચૈતન્ય જેમાં નથી... આહાહા..! આ ચૈતન્ય ત્રિલોકનાથ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ ઈદં આત્મા, એ જેમાં નથી તેને પોતાનો માને છે. એનો અર્થ કે દેહને જ એ આત્મા માને છે. આહાહા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ તો વિસામાનું વાક્ય છે. આહા..!

**'અર્થાત્ પોતાનું શરીર જે હું છું...'** એનો અર્થ પછી આ અસ્તિત્વ જે જાણપણું થાય છે પરનું એ બધું તે હું છું. આહાહા..! **'એવી મિથ્યા માન્યતા કરે છે.'** એવી જૂઠી શ્રદ્ધા, અસત્ય શ્રદ્ધા, જૂઠાણને એ સેવે છે. સત્યનું સેવન એણે છોડી દીધું. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ટીકા થઈ.

**'ભાવાર્થ :- બહિરાત્મા ઇન્દ્રિયો દ્વારા જે બાહ્ય મૂર્તિક પદાર્થો ગ્રહણ કરે છે...'** ઇન્દ્રિય દ્વારમાં તો મૂર્તિક જણાય છે ને? ઇન્દ્રિયો દ્વારા એટલે અહીંયાં એને જ દેહ કહી દીધો. **'બાહ્ય મૂર્તિક પદાર્થો ગ્રહણ કરે છે...'** આહાહા..! આંખ દ્વારા એમ જાણે કે આ મૂર્તિક પદાર્થ છે એ જણાય. કાંઈ આંખ અને કાન દ્વારા આત્મા જણાય? આહાહા..! ઇન્દ્રિયાતીત, મનાતીત, વિકલ્પાતીત પ્રભુ આત્મા અંદર છે. આહાહા..! એને જોવા જાણવા કોઈ દિ' એણે પ્રયત્ન કર્યો નથી. અને બાહ્યના પદાર્થમાં રોકાઈ ગયો જોવા. આહાહા..! આ બધા જુઓને, નથી મોટા ફરવા નીકળે છે ને? ભાઈ! શું કીધું એ? દેશાટન. તમારો મનોજ નહોતો આવ્યો અહીં સુરતથી? કે દેશાટન કરવા જાઉં છું. ૨૫-૩૦ લાખ રૂપિયા છે. એને તો એના બાપને સાત પેઢીમાં ક્યાંય નહોતા. પણ એલા..! તને નિવૃત્તિ મળી નહિ સાંભળવાની? કીધું. અને આ રખડવાનું? પણ પૈસા ભરી દીધા હશે ક્યાંક. ૯૦ જણા નીકળ્યા છે સુરતથી. શું કહેવાય એ? .. કીધું. રખડવાના દેશદેશાંતર. દેશદેશાંતર જોવે છે.

મુમુક્ષુ :- ધંધા માટે જાવું પડે.

ઉત્તર :- ધંધાની વાત નથી આ. આ તો જોવા (ગયો). ધંધો તો ત્યાં ચાલે છે. સુરતમાં દુકાન બહુ મોટી. બે છોકરાઓ. બુદ્ધિ સમજવા જેવી છે. લાખ, લાખ, બબ્બે લાખ, ત્રણ લાખ પેદાશ છે. એય..! તમારી વાત નથી, હોં! તમારા છોકરાને બે-ત્રણ લાખે પાર ન આવે. એને પાંચ કરોડ રૂપિયા .... પેદાશ વધારે થાતી હશે, પાપની. આહાહા..!

કહે છે, **'ઇન્દ્રિયો દ્વારા જે બાહ્ય મૂર્તિક પદાર્થો ગ્રહણ કરે છે...'** ગ્રહણ કરવાનો અર્થ જાણે છે. પકડે ક્યાં? પકડે શું, જડ પકડાય આત્મામાં? શરીર પકડાય છે જડ? એ સંબંધીનું જ્ઞાન જાણે છે. આ શરીરનું જાણવું, પૈસાનું, બાયડીનું, છોકરાનું, કુટુંબનું. જે ચીજ પર છે, જે ચીજમાં પોતે નથી અને જે ચીજ પોતે છે તેમાં એ ચીજ નથી. લોજીકથી તો વાત ચાલે છે, ભાઈ! અને સાદી ભાષા છે. ભાવ ભલે ઊંચા હોય. પણ ભાષામાં

કાંઈ મોટપ નથી. બહુ ઝીણું આ સંસ્કૃત ને વ્યાકરણ ને ફલાણું ને ઢીંકણું. આહાહા..! ભગવાન! તું તો સરળ સીધો છો. પણ હવે એણે મૂકી દીધું, ખબર ન મળે. આહાહા..!

'**બાહ્ય મૂર્તિક પદાર્થો ગ્રહણ કરે છે તેને મોહવશાત્ પોતાના માને છે.**' જે જ્ઞાનમાં ચીજ જણાણીને એ મારા છે એમ માને છે. આહાહા..! સો માણસો હોય ને આમ. એનો એક દીકરો હોયને ૯૯ બીજાના આમ હારબંધ ઊભા હોય. આમ ખરેખર તો એ જોવે છે, જાણે છે. એમાં 'આ મારો' એ ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- એના ઘરે જન્મ્યો છે એટલે.

ઉત્તર :- ક્યાં ઘર એને હતું? એ સોની આમ લાઈન ઉભી હોય તો એમાંથી.. ખરેખર તો જેમ બીજાને ૯૯ને જાણે છે, એમ એને જાણે છે બાહ્ય તરીકે. પણ એમ જાણતાં એને આ મારો દીકરો. એ કેમ? બાપુ? ક્યાંથી આવ્યું? આવું ક્યાંથી કાઢ્યું? જાણવામાં તો સોએ જ્ઞેય તરીકે જાણતો હતો. આત્માનો સ્વભાવ જાણવાનો છે, જ્ઞેય તરીકે જાણતો હતો. એમાં વળી આ મારું એ ક્યાંથી આવ્યું? મિથ્યા ભ્રમ અજ્ઞાનીનો મૂઢતાના ભાવમાં આ મારો છે એમ એણે માન્યું છે. એ.. પોપટભાઈ! એના દીકરા તો આ લઈ આવ્યો છે. આ બધા અક્ષરોને મશીન હસમુખ. હસમુખ ગયો હતો ને ઇટાલી. ત્યાંથી સંચો લાવ્યા. હિન્દુસ્તાનમાં પહેલોવહેલો. આ સંચાથી અક્ષર થયા હતા. ઈ લાવ્યો હતો. એનો દીકરો મોટો. છ છોકરા છે ને. વીસ હજારનો ખર્ચ થયો હતો. પંદર હજારના ... ૨૯ હજારનું મશીન, ૬૯ હજારમાં પડ્યું છે અહીં. એના છોકરા... આપણી માટે લાવ્યો,..

મુમુક્ષુ :- હમણાં ના પાડતા હતા.

ઉત્તર :- એ વખતે બાહ્ય પદાર્થને જાણવાનું જ્ઞાન. આ છે એમ. આવશે સોનગઢ આવશે. પણ એના બહારના જ્ઞાનમાં રોકાતા સ્વનું જ્ઞાન તો વંચિત થઈ ગયું. આહાહા..! ગજબ વાત છે, બાપા! આ તો એક દાખલો. બીજા બધાને એમ છે ને. આહાહા..!

'**તેને મોહવશાત્ પોતાના માને છે. તેને અંદર આત્મતત્ત્વનું કંઈ પણ જ્ઞાન નથી;...**' આહાહા..! આ બહિર્ અને અંતર વસ્તુ શું છે, એની એને કાંઈ ખબર નથી. '**તેથી તે પોતાના શરીરને જ આત્મા સમજે છે–**' એટલે બાહ્ય ચીજને જ પોતાની માને છે. '**શરીર, મન અને વાણીની ક્રિયા...**' જુઓ! હવે થોડું લાંબુ કર્યું. આ શરીરની ક્રિયાથી આમ આમ થાય એ મારી. કારણ કે એના જ્ઞાનમાં એ આવ્યું છે. પોતે છે એનું જાણવાનું જ્ઞાન નથી. અને આ ચાલવાની ક્રિયા થાય, ખાવાની ક્રિયા થાય, બોલવાની ક્રિયા થાય એ બધી મારી. જડની ક્રિયા મારી. આહાહા..! નામું લખવામાં હુશિયાર હોય. એ તો જડની ક્રિયા છે. કલમ જડ છે, અક્ષર જડ છે, એ અક્ષરના વળાંક પડે છે એ જડના છે.

અહીં તો એટલું કહેવું છે કે એ બાહ્ય પદાર્થનું જ્યાં વલણ છે જોવાનું, એને એ જાણવામાં આવતા આ જે મને જાણવામાં આવ્યા એ ચીજ મારી ન હોય તો જાણવામાં કેમ આવે? આહાહા..! એ મારી ચીજ છે એમ એણે માન્યું. અક્ષરો મેં લખ્યા, નામા મોતીના દાણા જેવા નથી કહેતા બધા? હુશિયાર માણસ હોય ને? કહે કે મોતીના દાણા જેવા અક્ષર લખ્યા. ગોળમરોડ. ગોળમરોડ. સાંભળને હવે. ગોળમરોડ તો જડની ક્રિયા છે. એને જાણવા રોકાયેલો ત્યાં માને કે આ મારા છે. મારા અક્ષર છે. આ કાગળમાં નથી (હોતું)? સૌના અક્ષરો જુદી જુદી જાતના હોય છે. નામ ન લખ્યું હોય તો એ અક્ષરો દ્વારા ઓળખાય. આ અક્ષર આના છે, આ અક્ષર આના છે. છોકરાના અક્ષર હોય, બાયડીના અક્ષર હોય, ધણીના અક્ષર હોય, એમાં ધણી હુશિયાર હોય, ઘણા ધણી ઢ પણ હોય. પણ એ તો જડ શબ્દો છે. એને જાણતા પોતે મૂર્તને પોતાનું માને છે.

અરે..! ખરેખર તો બાહ્ય પદાર્થને જાણવાનું જ્ઞાન જ મૂર્ત છે. મૂર્તનું નિમિત્ત છે તેનું જ્ઞાન તે મૂર્ત છે. આહાહા..! પ્રવચનસારમાં આવે છે ને? સમજાણું કાંઈ? કહો, આવી વાત છે. બાપુ! માર્ગ તો આવો છે, ભાઈ! તને ન બેસે તો તે વિપરીત છે એમ ન માનીશ. માર્ગનું સ્વરૂપ જ આવું છે. તારી પરીક્ષા જ્યારે દેવી હોય તો આ રીતે પરીક્ષા દેવાશે. સમજાણું કાંઈ? આહાહા..!

'**આત્મતત્ત્વનું...**' અંદરના આત્મતત્ત્વનું. આ બાહ્યનું જાણવામાં આમ રોકાણો છે. આહાહા..! એમાં અત્યારે તો થાય છે ને? તમારા કારખાના બહુ વધ્યા. ૨૫ હજાર થયા ત્યાં કારખાનું કરીએ છીએ, કહે. બહુ સાંભળ્યું છે. વડોદરામાં કારખાના, મુંબઈમાં કારખાના. તમારે થયું છે ક્યાંક અમદાવાદમાં નહિ? કોઈક કહેતું હતું, હેં મુંબઈમાં! અમદાવાદ આવ્યા છે ને છોકરાઓ. જોવા આવ્યા હતા. અહીં કારખાનું કર્યું છે. પૈસા થયા હોય તો નાખવા ક્યાં? પચાસ હજાર અહીં નાખો, લાખ-બે લાખ અહીં નાખો. મનુભાઈ! એને કાંઈક કારખાનું છે કે નહિ?

મુમુક્ષુ :- ચશ્માની ફ્રેમ.

ઉત્તર :- ચશ્માની ફ્રેમનું કારખાનું છે, લ્યો. એવું તો બહુ સાંભળીએ મુંબઈમાં. આ અમારે ભૂપેન્દ્ર. એનું કારખાનું છે ને આ? .. ભૂપેન્દ્ર.. આવ્યા ત્યારે લઈ ગયો હતો. કિશોર લઈ ગયો હતો ત્યાં. એ રંગની ધમાલ.. ધમાલ.. હતી. ભૂપેન્દ્ર ડાઈંગ. કિશોર જોવા લઈ ગયો હતો. અરે..! ધૂળ છે આ બધી. પૈસા પેદા થાય ખુબ માને કે આપણે કાંઈક કમાઈએ છીએ અને આપણે કાંઈક વધ્યા છીએ. પરના જાણવામાં રોકાયેલા જ્ઞાનમાં વધ્યો એ મૂઢ છે. પર મારા માન્યા, ત્યાં રોકાણો એ મૂઢ છે એમ કહે છે. અરે..! વર છોડીને જાન જોડી

દીધી. એ જાનને જાન ન કહેવાય. એ તો માણસના ટોળા કહેવાય. વર હોય તો માણસના ટોળાને જાન કહેવાય. એમ આત્માનું જ્ઞાન જો હોય તો પરનું જ્ઞાન વ્યવહારે છે એમ કહેવામાં આવે. પણ જ્યાં આત્માનું જ્ઞાન નથી અને એકલું પરનું જ્ઞાન (છે) એ વર વિનાની જાન જોડી. એને જાન ન કહેવાય. એ ટોળા માણસના ભેગા થયા એમ કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ એવી છે, ભાઈ! એને ગુલાંટ ખાધા વિના તત્ત્વ હાથ આવે એવું નથી. એવી વાત છે. જે દશા બાહ્યમાં વળેલી છે. એમ હોય છે અંદર... એ દશાને અંદર વાળ્યા વિના તત્ત્વજ્ઞાન નહિ થાય એને. આહાહા..! આ તો બીજી રીતે વાત કરી છે. આમ વળેલો છે. સ્વસન્મુખથી વિમુખ થઈ ગયેલો છે. અને પરથી સન્મુખતા છે એનાથી મુખ (ફેરવીને) સ્વસન્મુખ કરવું એનું નામ સમ્યગ્જ્ઞાન અને ધર્મની દશા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એને પોતાના .. સમજે છે.

'**અર્થાત્ શરીર,...**' આ જડ-માટી-ધૂળ '**મન,...**' અહીં મન વિચારવામાં એક મન છે. '**અને વાણી...**' આ જડ. અવાજ ઉઠે છે એ જડનો છે. એ આત્માનો નહિ, આત્મામાં નહિ, આત્માથી નહિ. આહાહા..! એ '**વાણીની ક્રિયા...**' ક્રિયા એટલે બદલવું, પરિણતિ થવી. ભાષા છે ને. '**જે જડની ક્રિયા છે તેને પોતે કરી શકે છે...**' તેને પોતે કરી શકે છે એમ માનનાર '**તેનો સ્વામી છે એમ માને છે.**' આહાહા..! એ જાણવામાં રોકાયેલા જ્ઞાનને .. આહાહા..! આ વાણી જડ છે, આ તો અવાજ ધૂળ છે. આહાહા..! આમાં (ટેપમાં) ઉતરે છે એ જડ ઉતરે છે કે ચૈતન્ય છે? આ ઉતરતું નથી. આ તો નિમિત્ત છે. અને આ ભિન્ન થાય છે. આહાહા..! એ વાણીની, મનની ક્રિયા જડની ક્રિયા, તેને પોતે કરી શકે છે અને તેનો પોતે ધણી છે એમ માને છો એ આત્મતત્ત્વના ભાનથી ભૂલી ગયેલા છે. પોતાની જાતને ભૂલી અને પર જાતની ક્રિયાને પોતાના માનીને રખડી રહ્યો છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જીવ ત્રિકાલી જ્ઞાનસ્વરૂપ છે.**' ભગવાન તો ચૈતન્ય સ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ, પ્રજ્ઞાબ્રહ્મ. પ્રજ્ઞા અને બ્રહ્મ નામ આનંદ. એ જ્ઞાન અને આનંદનો કંદ આત્મા છે. એ બહારની ચીજને જાણતા તેને હરખ આવે છે, એ બહારમાં એણે આનંદ માન્યો છે. ઓલો આનંદ રહી ગયો અંદર. સમજાણું કાંઈ? કહે છે, '**ત્રિકાલી...**' અહીં તો એમ લેવું છે ને. એક સમયની પર્યાયવાળું નથી લેવું. અહીં તો આખું લેવું છે. ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ છે. વસ્તુ ત્રિકાળ છે, નિત્ય છે, અવિનાશી પ્રભુ આત્મા છે. આત્મા નવો થતો નથી, આત્મા નાશ પામતો નથી. અને અવિનાશી ભગવાન આત્મા છે એ ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે. એનું સ્વરૂપ જ્ઞાન છે એમ કહેવું છે. ત્રિકાળી છે પણ એનું સ્વરૂપ જ્ઞાન છે. જાણવું... જાણવું... જાણવું... પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ છે. આહાહા..!

**‘તેને બહિરાત્મા અજ્ઞાનવશ જાણતો નથી...’** જોયું! આહાહા..! ત્રિકાળી શાશ્વત જ્ઞાનસ્વરૂપ છે એને જાણતો નથી. એના પરિચયમાં તેનામાં આવતો નથી અંદર વસ્તુમાં. આહાહા..! **‘અજ્ઞાનવશ જાણતો નથી અને બાહ્ય ઈન્દ્રિયગોચર પદાર્થો...’** ઈન્દ્રિયગમ્ય જાણવા લાયક પદાર્થો આ માટી, જડ, ધૂળ, શરીર, વાણી, પૈસા, આબરૂ બધું. આહાહા..! **‘જે માત્ર જ્ઞેયરૂપ છે...’** જે માત્ર પરજ્ઞેયરૂપ છે. **‘તેમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરી...’** આ મને ઠીક છે, આ મને અઠીક છે. જાણવાલાયક એ તો છે. જ્ઞેયો છે. જ્ઞાનમાં જાણવા (લાયક જ્ઞેય છે) એના બે ભાગ કેમ પાડ્યા? એ પદાર્થ તો જાણવા લાયક છે. આ જ્ઞાન જાણે પોતામાં રહીને. એને ઠેકાણે જાણવા લાયક પદાર્થના બે ભાગ પાડ્યા તેં કે આ ઈષ્ટ છે અને અનિષ્ટ છે. એ બુદ્ધિ મિથ્યાત્વ અને પાખંડ છે. એ તારા તત્ત્વની તને ખબર નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Vitragvani

www.vitragvani.com